






# સમ્યગ્દર્શન

## ભાગ-૬




ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને
આસરવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે.

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ–૪૧

ૐ

માનવજીવનનું મહાકર્તવ્ય

# સમ્યગ્દર્શન

## [ભાગ–૬]

(પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં પ્રવચનોમાંથી સંકલિત અંશો તથા સમ્યગ્દર્શન સંબંધી વિવિધ મુમુક્ષુઓના લેખોનો સંગ્રહ)

卐

સહજ ચિદાનંદ.

: સંકલન :

બ્ર. હરિલાલ જૈન

સોનગઢ

卐

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦**

| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | પ્રત ૨૦૦૦ | વીર સં. ૨૫૦૧ |
| દ્વિતીય આવૃત્તિ | પ્રત ૧૫૦૦ | વીર સં. ૨૫૩૫ |

સમ્યગ્દર્શન (ભાગ–૬) ના

**❀ સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ❀**

**શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,**
**પાર્લા–સાંતાક્રુઝ (મુંબઈ)**

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૨૬=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા ૨૪=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા ૧૨=૦૦ રાખવામાં આવી છે.


**કિંમત રૂા. ૧૨=૦૦**

મુદ્રક

**કહાન મુદ્રણાલય**
જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
PH (02846) 244081

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

॥ नमः श्री वर्धमानाय ॥

# નિવેદન

ભગવાન મહાવીરના અઢીહજારવર્ષીય નિર્વાણમહોત્સવના આ મંગલવર્ષમાં, સમ્યગ્દર્શન સંબંધી પુસ્તકોની શ્રેણીમાંથી આજે છઠ્ઠું પુસ્તક સાધર્મીઓના હાથમાં આપતાં આનંદ થાય છે.

અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન મહાવીર મોક્ષ પધાર્યા, અને આપણને પણ મોક્ષનો સંદેશ આપી ગયા કે હે ભવ્યો! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે; તે માર્ગે અમે મોક્ષ પામ્યા છીએ, ને તમે પણ મુક્ત થવા માટે એ માર્ગનું સેવન કરો.

અહા, ભગવાને બતાવેલો માર્ગ તે મહા આનંદનો માર્ગ છે. આજે પણ શ્રીગુરુઓના પ્રતાપે એ માર્ગ ચાલી રહ્યો છે. એ માર્ગનું મૂળ સમ્યગ્દર્શન...અહો! સાચું સુખી જીવન આપીને મોક્ષનો રસ્તો ખોલનારું સમ્યગ્દર્શન—એના મહિમાની શી વાત! એનો જેટલો મહિમા કરીએ તેટલો ઓછો છે. આવા સમ્યક્ત્વનો માર્ગ આ કાળે ખુલ્લો કરીને પૂ. ગુરુદેવશ્રીએ મુમુક્ષુ જીવોને ન્યાલ કર્યા છે. આત્માનું સાચું સ્વરૂપ પ્રતિબોધીને નિરંતર તેઓ ભવ્યજીવોને સમ્યક્ત્વના માર્ગે દોરી રહ્યા છે. આજે સમ્યગ્દૃષ્ટિજીવોનું દર્શન અને સમ્યક્ત્વની આરાધના તેઓશ્રીના જ પ્રતાપે સાંપડ્યા છે, તે તેઓશ્રીનો મહાન ઉપકાર છે.

મહાવીર ભગવાને અને બધાય તીર્થંકર ભગવંતોએ આપણને જે ઈષ્ટ ઉપદેશ આપ્યો છે તેનું મંથન કરતાં-કરતાં તેમાંથી સમ્યગ્દર્શનનું અમૃત નીકળે છે. સર્વ સિદ્ધાંતના સારરૂપ સમ્યગ્દર્શન તે આત્માનું સાચું જીવન છે. મિથ્યાત્વમાં તો નિજ સ્વરૂપની સાચી સત્તા જ દેખાતી ન હતી તેથી તેમાં ભાવમરણથી જીવ દુઃખી હતો. અને સમ્યક્ત્વમાં પોતાના સ્વરૂપનું

સ્વાધીન-ઉપયોગમય આનંદભરેલું અસ્તિત્વ સ્પષ્ટ વેદાય છે તેથી સમ્યક્ત્વમય જીવન પરમ સુખમય છે આવું સુંદર નિજવૈભવસમ્પન્ન સુખી જીવન પ્રાપ્ત કરવા માટે હે મુમુક્ષુ જીવો! શ્રી ગુરુઓએ બતાવેલા આત્માના પરમ મહિમાવંત સ્વરૂપને લક્ષગત કરી, ફરીફરી ઊંડી ભાવનાથી તેનું ચિન્તન કરી, આત્મરસ ચાખીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરો—એ જ મુમુક્ષુજીવનની સાચી શોભા છે. (આ પુસ્તકમાં છેલ્લે આપેલા સમ્યક્ત્વજીવન સંબંધી આઠ લેખો આપને એવા સુંદર જીવનની પ્રેરણા આપશે.)

જિજ્ઞાસુ જીવોને સમ્યગ્દર્શનનો અપાર-અપાર મહિમા ખ્યાલમાં આવે, તેની આવશ્યકતા સમજીને તેની પ્રાપ્તિની તમન્ના જાગે, અને તેની પ્રાપ્તિનો સ્પષ્ટ માર્ગ સમજીને સમ્યક્ત્વ પામે–એવી મંગલભાવનાપૂર્વક, આ સમ્યગ્દર્શન પુસ્તક જગતમાં સમ્યક્ત્વમાર્ગને સદા પ્રકાશ્યા કરો...ને સાધર્મીજનો તે માર્ગમાં શીઘ્ર આવો, એ જ ભાવના!

જય મહાવીર

વીર સંવત ૨૫૦૧ —બ્ર. હરિલાલ જૈન
ચૈત્ર સુદ ૧૩, સોનગઢ

❁

## પ્રકાશકીય નિવેદન (દ્વિતીય આવૃત્તિ)

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ખપી જવાથી તથા આ પુસ્તક મુમુક્ષુઓને લાભદાયક જણાવાથી તેની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવે છે.

આ પુસ્તકનાં પઠન-પાઠનથી મુમુક્ષુ જીવ આત્મલક્ષી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માર્થને વિશેષ પુષ્ટ કરે એજ ભાવના.

પૂજ્ય બહેનશ્રીની
૭૭મો સમયક્ત્વજયંતી
મહોત્સવ ફાગણ વદ ૧૦
તા. ?-?-૨૦૦૯

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

❁

# ❀ અનુક્રમણિકા ❀


શ્રી વીરનાથને વંદના ---------- ૧
સમ્યગ્દર્શન ---------- ૨
આજે જ અનુભવ કર ---------- ૩
સુખી થવાના આશીર્વાદ ---------- ૫
ઈષ્ટની પ્રાપ્તિનો ઉપદેશ ---------- ૭
સમ્યગ્દર્શનની આરાધનાનો ઉપદેશ ---------- ૧૦
કેવળીભગવાનની ક્ષાયિકી–ક્રિયા ---------- ૨૦
સમ્યક્ત્વ–મહિમા ---------- ૨૧
આત્મસાધના માટે ઉપયોગી વાત ---------- ૨૬
સિદ્ધત્વના હેતુભૂત ભાવના ---------- ૨૭
ભાઈ–બહેનની ચર્ચા ---------- ૩૩
સ્વભાવ-અવલંબી જ્ઞાનની અગાધ તાકાત ---------- ૩૬
તત્ત્વચર્ચા ---------- ૪૧
ધર્મીને સમ્યક્ત્વધારા નિરંતર ચાલુ છે ---------- ૪૩
ધન્ય છે તેમને....જેઓ સ્વાનુભવની ચર્ચા કરે છે ---------- ૪૬
સમ્યગ્દષ્ટિનું બધુંય જ્ઞાન સમ્યક્ છે ---------- ૫૦
‘કેવળજ્ઞાનનો કટકો’ આત્મજ્ઞાનનો અચિંત્ય મહિમા ---------- ૫૪
નિર્વિકલ્પ–સ્વાનુભૂતિ થવાનું સુંદર વર્ણન ---------- ૫૬
નિર્વિકલ્પ અનુભવ વખતની સ્થિતિનું વર્ણન ---------- ૬૧
સ્વાનુભૂતિનો રંગ ચડી જાય–એવી વાત ---------- ૬૬
સ્વાનુભવજ્ઞાનનું અને તે વખતના વિશિષ્ટ આનંદનું વર્ણન ---------- ૬૯
કેવળજ્ઞાનનો નિર્ણય કોણ કરી શકે? ---------- ૮૨
સમ્યક્ત્વ તે વીતરાગભાવ છે ---------- ૮૪

સ્વભાવના અનુભવનશીલ અને વિભાવના
ક્ષય–કરણશીલ એવા શુદ્ધાત્માને અનુભવો -------------------------- ૮૬
આત્મામાં ઊંડે–ઊંડે...સંસારથી દૂર–દૂર ---------------------------------- ૯૪
પંચમકાળ પણ ધર્મકાળ છે ---------------------------------------------- ૯૫
સમકિત સાવન આયો ---------------------------------------------------- ૯૭
સર્વજ્ઞસ્વભાવી આત્મા ---------------------------------------------------- ૧૦૦
શ્રાવકના ૨૧ ગુણો ------------------------------------------------------- ૧૦૪
મૂંઝવણ અને શાંતિ -------------------------------------------------------- ૧૧૦
દાન ----------------------------------------------------------------------- ૧૧૧
પુણ્ય-પાપના સાચા ન્યાય અનુસાર
કર્તા-કર્મના સ્વરૂપની સાચી સમજણ----------------------------- ૧૧૨
આત્માના સર્વજ્ઞસ્વભાવની અદ્ભુતતા ----------------------------------- ૧૧૭


## [સમ્યક્ત્વ સંબંધી–લેખમાળા]


સમ્યક્ત્વ–જીવન (લેખાંક–૯) ------------------------------------------- ૧૨૦
આત્માને જાણ્યા વગર બધું નકામું છે (લેખાંક–૧૦) ---------------- ૧૨૫
સમ્યક્ત્વ–જીવન (લેખાંક–૧૧) ---------------------------------------- ૧૨૯
જિજ્ઞાસુનું પ્રથમ કર્તવ્ય–આત્મતત્ત્વનો નિર્ણય (લેખાંક–૧૨) ---------- ૧૩૭
દુ:ખથી ત્રાસીને શાંતિ માટે ઘા નાખતો
જિજ્ઞાસુ વેગપૂર્વક આનંદધામ તરફ દોડે છે. (લેખાંક–૧૩) ---- ૧૪૧
આત્મસન્મુખ જીવ (લેખાંક–૧૪) ---------------------------------------- ૧૪૭
સમ્યક્ત્વની અપૂર્વ ક્ષણ (લેખાંક–૧૫) --------------------------------- ૧૫૧
અફર મુમુક્ષુ દશા તે પ્રગટ કરો ને
મહાવીરના માર્ગમાં આવી જાઓ' (લેખાંક–૧૬) ---------------- ૧૫૪
આનંદમય સ્વાનુભૂતિ–પ્રકાશ ------------------------------------------- ૧૫૬



# શ્રી વીરનાથને વંદના

જે જાણતો મહાવીરને ચેતનમયી શુદ્ધભાવથી;
તે જાણતો નિજાત્મને સમકિત લ્યે આનંદથી.

અહો, સર્વજ્ઞ મહાવીર દેવ! શુદ્ધ ચેતનારૂપ થયેલા આપ સર્વપ્રકારે શુદ્ધ છો, રાગાદિનો કોઈ અંશ આપનામાં નથી. આપના આવા સ્વરૂપને ઓળખતાં, ચૈતન્ય અને રાગની અત્યંત જુદાઈ જાણીને આત્માના સત્ય સ્વરૂપનું ભાન થયું, આનંદમય સમ્યક્ત્વ થયું, તે આપનો પરમ ઉપકાર છે. ભવ્ય જીવોને સમ્યક્ત્વ દેનારું આપનું શાસન જયવંત છે. સમ્યગ્દષ્ટિ જીવોથી આપ વંદનીય છો. મોક્ષના હેતુભૂત એવા હે મહાવીર ભગવાન! આપને અમારી વંદના છે.

મહાવીર સન્દેશ

## સમ્યગ્દર્શન

મહાવીર ભગવાને બતાવેલો જે મોક્ષનો માર્ગ, તેના મંગલ દરવાજા સમ્યગ્દર્શન વડે ખુલે છે, મહાવીર ભગવાનના સન્દેશ–અનુસાર તત્ત્વનું સ્વરૂપ જાણીને આત્માની લગનીથી તેનો અભ્યાસ કરતાં-કરતાં એક એવી અપૂર્વ ક્ષણ આવે છે કે આત્મા મિથ્યાત્વથી છૂટીને ચૈતન્યના પરમ ગંભીર શાંતરસમાં ઠરી જાય છે. પોતાનું અત્યંત સુંદર મહાન અસ્તિત્વ આખે-આખું સ્વસંવેદનપૂર્વક પ્રતીતમાં આવી જાય છે.–એ જ છે સમ્યગ્દર્શન! એ જ છે સાધ્યની સિદ્ધિ! એ જ છે મંગલ ચૈતન્ય પ્રભાત! ને એ જ છે પ્રભુ મહાવીરનો સન્દેશ!

વહાલા સાધર્મીઓ! તમે પણ એ મંગલ સન્દેશ ઝીલીને આનંદથી પ્રભુના માર્ગમાં આવો.

# આજે જ અનુભવ કર

આત્માનું અતીન્દ્રિયસુખ તે મુમુક્ષુનું ઈષ્ટ છે;
તેની પ્રાપ્તિનો ઉપદેશ તે જ ઈષ્ટ ઉપદેશ છે.
બીજો કોઈ ઉપદેશ અમને ઈષ્ટ લાગતો નથી.

અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયસુખ તે આત્માનો સ્વભાવ છે, તે સ્વભાવનું પૂર્ણ પરિણમન થાય–તે મુમુક્ષુનો મનોરથ છે. શુદ્ધોપયોગ વડે તે મનોરથની સિદ્ધિ થાય છે.

ઈષ્ટ-સુખની પ્રાપ્તિમાં વિઘ્ન કરનાર મોહદૃષ્ટિ હતી; આત્મા શુદ્ધોપયોગ-ધર્મરૂપે પરિણમ્યો ત્યાં તે વિઘ્નનો નાશ થયો, ને ઈષ્ટની પ્રાપ્તિ થઈ. માટે ઈષ્ટના સ્થાનરૂપ એવો શુદ્ધોપયોગ સર્વથા પ્રશંસનીય છે.

તે શુદ્ધોપયોગ ક્યારે થાય? કે આત્માનો જેવો જ્ઞાનાનંદ સ્વભાવ છે તેવો જાણીને સ્વસંવેદનમાં લ્યે (–એટલે કે જ્ઞાતા–જ્ઞેયની એકરૂપતા થાય) ત્યારે શુદ્ધોપયોગ થાય. આત્માનો સ્વભાવ સમજાવવા માટે આચાર્યદેવે સિદ્ધભગવાનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપ્યું છે. (પ્રવચનસાર ગા. ૬૮)

'રે ગ્રહણ કર સમ્યક્ત્વને તત્પ્રાપ્તિનો છે કાળ આ!'

तत् गृहाण आद्य सम्यक्त्वं तत्लब्धये काल एष ते!

જેમ સિદ્ધભગવંતો, કોઈના આલંબન વગર સ્વયમેવ પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન-આનંદરૂપે પરિણમનારા, દિવ્ય સામર્થ્યવાળા દેવ છે, તેમ બધાય આત્માનો સ્વભાવ પણ એવો જ છે.–અહા, આવો નિરાલંબી જ્ઞાન ને સુખસ્વભાવરૂપ હું છું–એમ લક્ષમાં લેતાં જ જીવનો ઉપયોગ અતીન્દ્રિય થઈને તેની પર્યાયમાં જ્ઞાન ને આનંદનાં ફૂલડાં ખીલી જાય છે, તેને કોઈ અપૂર્વ...પૂર્વે કદી નહિ અનુભવાયેલી ચૈતન્યશાંતિ વેદનમાં આવે છે.—

મારામાંથી જ આ શાંતિ આવી, હું આવી શાંતિરૂપ થયો, મારો આત્મા જ આવી પૂર્ણ શાંતિરૂપ છે,–આમ આનંદનો અગાધસમુદ્ર તેને પ્રતીતમાં-જ્ઞાનમાં–અનુભૂતિમાં આવી જાય છે; પોતાનું પરમ ઈષ્ટ એવું સુખ તેને પ્રાપ્ત થાય છે, ને અનિષ્ટ એવું દુઃખ દૂર થાય છે.

**❀ અહો વર્દ્ધમાન દેવ! ❀**

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મંગલ માર્ગનો ઈષ્ટ-ઉપદેશ આપીને આપશ્રીએ પરમ ઉપકાર કર્યો છે; તેને યાદ કરીને અમે આપના નિર્વાણનો અઢીહજારવર્ષીય મહાન ઉત્સવ ઊજવી રહ્યા છીએ, ને આપના મંગલ માર્ગે આવી રહ્યા છીએ.

તારા હિત માટે સંતોના તને અપૂર્વ આશીર્વાદ છે.

# સુખી થવાના આશીર્વાદ

જેમ સૂર્યને આકાશમાં રહેવા કોઈ થાંભલાના ટેકાની જરૂર પડતી નથી, તેને ઉષ્ણતા માટે કે પ્રકાશ માટે કોઈ કોલસા કે તેલ વગેરે બળતણની જરૂર પડતી નથી. પોતાના તેવા સ્વભાવથી જ તે આકાશમાં નીરાલંબી, ઉષ્ણતા ને પ્રકાશવાળો છે, તેમ સુખ ને જ્ઞાન જેનો સ્વભાવ છે એવી દિવ્યશક્તિવાળા આત્માને, અતીન્દ્રિય જ્ઞાન-આનંદરૂપ પરિણમવા માટે કોઈ રાગ-પુણ્ય કે ઈન્દ્રિયવિષયોની પરાધીનતા નથી, તે બધાયની અપેક્ષા વગર સ્વભાવથી જ પોતે સ્વયમેવ દિવ્ય જ્ઞાન-સુખની શક્તિવાળો દેવ છે; સુખ ને જ્ઞાન આત્માનો સ્વભાવ જ છે, તે સ્વભાવની પ્રાપ્તિ તે ઈષ્ટ છે. ધર્મીને પોતાનો આવો જ્ઞાન-આનંદમય સહજસ્વભાવ તે જ ઈષ્ટ વહાલામાં વહાલો છે. જેને ચૈતન્યપદ ઈષ્ટ લાગ્યું તેને જગતમાં બીજું કંઈ ઈષ્ટ લાગતું નથી

અહા! કુંદકુંદસ્વામીએ અને સર્વે સંતોએ દિલ ખોલી ખોલીને જે સુખનાં ગાણાં ગાયાં છે તે સુખના અનુભવની શી વાત? ભગવાન મહાવીરના માર્ગ સિવાય એવું સુખ બીજું કોણ બતાવે? શ્રી ગુરુ આશીર્વાદ આપે છે કે હે ભવ્ય જીવો! મહાવીરના માર્ગને સેવો ને આત્માના સુખને પામો.

સુખ-સ્વભાવને ઓળખીને તું સુખી થા. એવો સુખી થા કે ફરીને અનંતકાળમાં કદી દુઃખ આવે નહિ.

આત્માનું અતીન્દ્રિયજ્ઞાન તે એકાંત સુખ છે. જ્ઞાનસ્વભાવ જ્યાં છે ત્યાં સુખસ્વભાવ પણ છે જ; એટલે ગુણભેદ ન પાડો તો જે જ્ઞાન છે તે જ સુખ છે. જે અતીન્દ્રિયજ્ઞાનરૂપે પરિણમેલો આત્મા તે પોતે જ અતીન્દ્રિયસુખરૂપ છે. આત્મામાં જ્ઞાનપરિણમનની સાથે સુખપરિણમન પણ ભેગું જ છે. સુખ વગરનું જ્ઞાન કે જ્ઞાન વગરનું સુખ હોતું નથી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કોઈ કહે કે અમને આત્માનું જ્ઞાન નથી પણ અમે સુખી છીએ, તો અતીન્દ્રિયજ્ઞાન વગરનું તેનું સુખ તે સાચું સુખ નથી, તેણે માત્ર બાહ્ય-વિષયોમાં સુખની કલ્પના કરી છે, ને તે કલ્પના ખોટી છે.–વિષયોની આકુળતામાં સુખ કેવું? સુખ તો અતીન્દ્રિયજ્ઞાનમાં છે; જ્ઞાન વગર સુખ હોય નહિ.

તેમ જ કોઈ કહે કે અમને જ્ઞાન ઘણું છે પણ સુખ નથી,—તો તેણે પણ માત્ર ઇન્દ્રિયજ્ઞાનને જ જ્ઞાન માન્યું છે, તે સાચું જ્ઞાન નથી. જ્ઞાન તો આકુળતા વગરનું સુખસ્વરૂપ હોય. સુખના વેદન વગરનું જ્ઞાન કેવું?—એ જ્ઞાન નથી પણ અજ્ઞાન છે.

આ રીતે જ્ઞાન ને સુખ–એ બંને આત્માનો સ્વભાવ છે. પ્રભો! તારું જ્ઞાન ને તારું સુખ બંને અચિંત્ય, ઇન્દ્રિયાતીત, અદ્ભુત છે; તેને ઓળખનારું જ્ઞાન ઇન્દ્રિયોથી પાર થઈને અતીન્દ્રિય–મહાન જ્ઞાનસામાન્યમાં ઝૂકીને તન્મય થાય છે, અને ત્યારે પોતામાં જ તેને મહાન સુખનો અનુભવ થાય છે. અહો, આવાં અતીન્દ્રિય જ્ઞાન ને સુખ તો મારો સ્વભાવ જ છે. હું મારા સ્વભાવથી જ આવા મહાન જ્ઞાન ને સુખરૂપે થાઉં છું; તેમાં જગતના બીજા કોઈની અપેક્ષા મને નથી. અરે, સુખમાં તન્મય થયેલી મારી જ્ઞાનચેતનાને જ્યાં રાગ સાથેય સંબંધ નથી ત્યાં બહારમાં બીજા કોઈ સાથે સંબંધ કેવો?–આ રીતે ધર્મીજીવ પોતાની જ્ઞાનચેતનામાં કોઈપણ પરભાવને ભેળવતો નથી; શુદ્ધજ્ઞાનઉપયોગરૂપે પરિણમતો–પરિણમતો તે મોક્ષના મહાન આનંદને સાધે છે.

—આ છે મોક્ષનો મંગલ ઉત્સવ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ઇષ્ટની પ્રાપ્તિનો ઉપદેશ

## સંતોના તને આશીર્વાદ છે.

અંતરમાં પરમ સર્વોત્કૃષ્ટ પ્રેમ લાવીને આત્માને જાણતાં આનંદ સહિત તે અનુભવમાં આવે છે. શ્રીગુરુઓ કહે છે કે—અરે મુમુક્ષુ જીવો! તમારું હિત કરવા માટે, આનંદનો અનુભવ કરવા માટે, ધીમે ધીમે નહિ પણ શીઘ્ર–હમણાં જ આત્માનો ઉત્કૃષ્ટ પ્રેમ કરો...અંતરમાં આત્માની ધૂન જગાડીને આજે જ એને અનુભવમાં લ્યો...આમાં વિલંબ ન કરો. 'અત્યારે બીજું ને આત્મા પછી'–એમ વિલંબ ન કરો. બધાયનો પ્રેમ છોડીને આત્માનો પ્રેમ આજે જ કરો. આત્માના હિતના કાર્યને ગૌણ ન કરો. અત્યારે જ હિતનો અવસર છે, હિતને માટે અત્યારે જ ઉત્તમ ચોઘડીયું છે. ૠષભદેવ ભગવાનના જીવને સમ્યક્ત્વનો ઉપદેશ આપતાં મુનિરાજે કહ્યું હતું કે—

જ્યમ આભમાં સ્વયમેવ ભાસ્કર ઉષ્ણ-દેવ–પ્રકાશ છે;
ત્યમ સિદ્ધ પણ સ્વયમેવ લોકે જ્ઞાન–સુખ ને દેવ છે.

અને તરત જ તે જીવે સમ્યક્ત્વને ગ્રહણ કર્યું...તેમ હે જીવ! શ્રીગુરુનો ઉપદેશ પામીને તું પણ આજે જ સમ્યક્ત્વને ગ્રહણ કર.

**મહાવીરના માર્ગને સેવો ને મહાન સુખને પામો.**

—બસ, આ છે મહાવીર પ્રભુનો ઈષ્ટ-ઉપદેશ મહાવીર ભગવાને કહેલું વસ્તુસ્વરૂપ જે સમજે તેને આવા ઈષ્ટની પ્રાપ્તિ થાય જ.

અતીન્દ્રિય સુખ તે આત્માનો પોતાનો સ્વભાવ છે. તે સુખને માટે બીજી કોઈ સામગ્રીની તેને જરૂર પડતી નથી. અહા, આત્માનું આવું સ્વાધીન અતીન્દ્રિયસુખ કોને ન ગમે? રાગ વગરના એ મહાન આનંદની વાર્તા સાંભળતાં ક્યા મુમુક્ષુના હૈયામાં આનંદ ન થાય? મુમુક્ષુજીવ કોઈપણ

બાહ્ય પદાર્થ વગરના આત્માના સુખનો હોંશથી સ્વીકાર કરે છે કે વાહ! આ તો મને પરમ ઈષ્ટ છે, આત્માનું સુખ મને અત્યંત વહાલું છે–આમ ભવદુઃખથી થાકેલો જીવ આત્માના સ્વભાવ–સુખનો હોંશથી સ્વીકાર કરે છે.—આ પ્રમાણે હોંશથી પોતાના સ્વભાવસુખનો સ્વીકાર કરતો તે મુમુક્ષુ, તે સ્વભાવમાં ઊતરીને સમ્યગ્દર્શન પામે છે ને અતીન્દ્રિયસુખનો સ્વાદ ચાખી લ્યે છે.

➢ અહો! મારો અતીન્દ્રિયસ્વભાવ જ મને અનુકૂળ ને ઈષ્ટ છે તેના અવલંબને જ મને સુખ છે.

➢ મારા જ્ઞાન-સુખ માટે મારે ઈન્દ્રિયો વગેરે બીજાનું આલંબન લેવું પડે તો તે પરાધીન હોવાથી મને પ્રતિકૂળ છે, તે ઈષ્ટ નથી, પણ અનિષ્ટ છે, દુઃખરૂપ છે.

અત્યારે ભગવાનના મોક્ષના અઢીહજાર વર્ષનો મંગલ ઉત્સવ ચાલે છે. જેમ વડીલો મંગલ પ્રસંગે આશીર્વાદ આપે છે કે તમે સુખી થાઓ! તેમ આનંદરસને પીનારા વીતરાગી વડીલો મોક્ષને સાધવાના મંગલ પ્રસંગે આશીર્વાદ આપે છે કે હે ભવ્ય! તું જ્ઞાન-ચેતનારૂપ થઈને સાદિ અનંતકાળ તારા ચૈતન્યસુખને ભોગવ!

અહો, વહાલા વીરનાથ! વીતરાગ ઉપદેશ વડે આવો સુંદર અમારો ઈષ્ટસ્વભાવ દર્શાવીને આપે જે અચિંત્ય ઉપકાર કર્યો છે તે યાદ કરતાં પણ અમારું હૃદય આપના પ્રત્યે અર્પાઈ જાય છે.

અહો, સર્વજ્ઞ અરિહંતોને પ્રગટેલું આત્માનું રાગ વગરનું સ્વાધીન અતીન્દ્રિય મહાનસુખ, તે કોને ન ગમે? આવું સુખ ક્યો મુમુક્ષુ આનંદથી સંમત ન કરે? સર્વજ્ઞનું આવું ઈન્દ્રિયાતીત સુખ, તે આત્માનો સ્વભાવ જ છે–એમ જાણતાં મુમુક્ષુ ભવ્ય આત્મા પ્રસન્નતાથી તેનો સ્વીકાર કરે છે, એટલે ઈન્દ્રિયવિષયોમાંથી (–ને તેના કારણરૂપ પુણ્ય તથા શુભ રાગમાંથી) તેને સુખબુદ્ધિ છૂટી જાય છે.–આવા સુખને શ્રદ્ધામાં લેતાં સ્વભાવના આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન થાય છે.

અહો, વીરનાથ પરમ સર્વજ્ઞદેવ! આવા અતીન્દ્રિય જ્ઞાન-સુખરૂપે આપ પરિણમ્યા છો, ને આપના આવા પરમ ઈષ્ટ આત્માને ઓળખીને તેનો સ્વીકાર કરતાં, અમારો પૂર્ણ જ્ઞાનાનંદથી ભરેલો આત્મસ્વભાવ અમને પ્રતીતિમાં આવી જાય છે, મોક્ષસુખનો નમૂનો સ્વાદમાં આવી જાય છે....કે જે અમને પરમ ઈષ્ટ છે. આ રીતે ઈષ્ટપ્રાપ્તિના મહા આનંદપૂર્વક અમે આપને નમસ્કાર કરીને આપના મંગલમાર્ગમાં ચાલીએ છીએ.

જય મહાવીર

સહજ ચિદાનંદ.

# સમ્યગ્દર્શનની આરાધનાનો ઉપદેશ

શ્રી આચાર્યદેવે દર્શનપ્રાભૃતમાં સમ્યગ્દર્શનનો પરમ મહિમા સમજાવીને તેની આરાધનાનો ઉપદેશ આપ્યો છે; અને તેવી આરાધના કરનારને આરાધક જીવો પ્રત્યે કેટલાં વિનય-બહુમાન હોય છે, તે પણ બહુ સરસ સમજાવ્યું છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવ—શાંતરસમાં ઝૂલતા સંત જૈનશાસનના થાંભલા, જેમને આ પંચમકાળમાં વિદેહક્ષેત્રના સાક્ષાત્ તીર્થંકર સીમંધર પરમાત્માનો ભેટો થયો, તેમણે આ અષ્ટપ્રાભૃત શાસ્ત્રની રચના કરી છે. તેમાં પહેલા 'દર્શનપ્રાભૃત'માં સમ્યગ્દર્શનની પ્રધાનતાનું સરસ વર્ણન કર્યું છે.

સમ્યગ્દર્શન વગર અનંતકાળથી જીવ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. અરે, બાહ્યભાવોથી સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં તીર્થંકરોનો આત્મા પણ થાક્યો...એટલે આવ્યો અંતરમાં! અહા, તીર્થંકરો જે ભવભ્રમણથી ડરીને અંતરમાં આવ્યા ને સમ્યગ્દર્શન કરીને ભવભ્રમણથી છૂટ્યા, તે સંસારદુ:ખથી હે જીવ! જો તને ભય હોય ને તેનાથી તું છૂટવા ચાહતો હો તો આત્માને ઓળખીને સમ્યગ્દર્શન કર. બીજા ગમે તેટલા ઉપાય જીવ કરે પણ સમ્યગ્દર્શન વગર ભવભ્રમણ ટળે નહિ.

દર્શનપ્રાભૃતની પહેલી ગાથામાં મંગલાચરણ તરીકે આચાર્યદેવે શ્રી જિનવરવૃષભને તથા વર્દ્ધમાન તીર્થંકરને નમસ્કાર કર્યા છે....અને દર્શનનો માર્ગ કહેવાની પ્રતિજ્ઞા કરી છે.

દર્શન કહેતાં સમ્યગ્દર્શન, તે ધર્મનું મૂળ છે. અથવા દર્શન કહેતાં જિનમાર્ગ; તે જિનમાર્ગમાં સર્વજ્ઞદેવ કેવા હોય? મુનિદશા કેવી હોય? સૂત્ર કેવાં હોય? તે બધું આચાર્યદેવે સમજાવ્યું છે.

જિનમાર્ગમાં રત્નત્રયરૂપ ભાવશુદ્ધિ સહિત દિગંબર જિનમુદ્રા હોય–

એવી મુનિદશા છે. એનાથી વિરુદ્ધ બીજી કોઈ મુદ્રાને જિનમાર્ગમાં મુનિદશા તરીકે સમ્યગ્દર્શન સ્વીકારતું નથી. રત્નત્રય માર્ગરૂપે પરિણમેલો આત્મા તે પોતે 'માર્ગ' છે તે પોતે જિનદર્શન છે.

❀ મોહ આત્માનો શત્રુ છે, તેને સમ્યક્ત્વાદિ વડે જે જીતે છે તે જિન છે.

❀ અવ્રતી સમ્યગ્દષ્ટિએ પણ સમ્યગ્દર્શન વડે મિથ્યાત્વાદિને જીત્યા છે તેથી તે પણ 'જિન' છે.

❀ એવા સમ્યગ્દષ્ટિ-જિનોમાં શ્રેષ્ઠ શ્રી ગણધરદેવ વગેરે મુનિઓ છે તેથી તેઓ 'જિનવર' છે.

❀ અને એવા જિનવર-મુનિવરોમાં પણ પ્રધાન શ્રી તીર્થંકરદેવ છે, તેઓ 'જિનવરવૃષભ' છે. આ રીતે 'જિનવરવૃષભ' વિશેષણ બધાય તીર્થંકરોને લાગુ પડે છે.

એવા જિનવરવૃષભ તીર્થંકરો અનંત થયા...ભરતક્ષેત્રની આ ચોવીસીમાં પહેલા ઋષભ તીર્થંકર થયા, ને છેલ્લા વર્દ્ધમાન તીર્થંકર થયા...એ રીતે પહેલા–છેલ્લા અને વચ્ચેના સમસ્ત તીર્થંકરોને નમસ્કાર કરીને, તેઓએ કહેલો જે માર્ગ તે આચાર્યદેવે પ્રસિદ્ધ કર્યો છે, એનું જ નામ 'દર્શન' છે.

અહા, સારા કાળમાં તો કેટલાય મુનિઓ આ ભરતક્ષેત્રમાં વિચરતા હતા. અત્યારે તો મુનિના દર્શન પણ દુર્લભ થઈ ગયા છે. મુનિદશા કેવી અદ્ભુત છે તેને ઓળખનારા પણ વિરલા છે.

સર્વજ્ઞ ભગવાને ગણધરાદિ શિષ્યજનોને મોક્ષના કારણરૂપ જે ધર્મ ઉપદેશ્યો તે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. ધર્મની વ્યાખ્યા ચાર પ્રકારે છે—

(૧) વસ્તુસ્વભાવરૂપ ધર્મ,
(૨) ઉત્તમક્ષમાદિ દશવિધ ધર્મ,
(૩) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ અને
(૪) જીવરક્ષારૂપ ધર્મ (અહિંસારૂપ ધર્મ)

આમ અનેક પ્રકારે ધર્મની પ્રરૂપણા છે, તે બધાયમાં સમ્યગ્દર્શનની પ્રધાનતા છે, સમ્યગ્દર્શનપૂર્વક જ તે ધર્મ હોય છે. સમ્યગ્દર્શન વગર તે ચારમાંથી એકેય પ્રકાર હોતો નથી. જ્યાં ચારમાંથી એક પ્રકાર હોય ત્યાં બાકીના ત્રણ પણ તેમાં જ ગર્ભિત હોય છે. એટલે નિશ્ચયથી સાધતાં તે ચારેમાં એક જ પ્રકાર છે. તેનું વિવેચન :–

**(૧) વસ્તુસ્વભાવરૂપ ધર્મ :** જીવવસ્તુ જ્ઞાનદર્શનમય ચેતનાસ્વરૂપ છે, તે ચેતના શુદ્ધતારૂપે પરિણમે તે તેનો સ્વભાવ છે. તે શુદ્ધચેતનારૂપ ધર્મમાં ક્રોધાદિના અભાવરૂપ ઉત્તમક્ષમાદિ ધર્મો આવી જાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ પણ તેમાં જ આવી જાય છે. સંક્લેશ પરિણામના અભાવથી વીતરાગભાવરૂપ જીવરક્ષા પણ તેમાં આવી ગઈ. આમ નિશ્ચયથી જુદા જુદા ચાર પ્રકારના ધર્મ નથી, એક જ પ્રકાર છે. મોહ–ક્ષોભ વગરનો શુદ્ધ ચેતનાપરિણામ તે જ જિનેશ્વરદેવે કહેલો ધર્મ છે.

**(૨) ઉત્તમક્ષમાદિરૂપ ધર્મ :** આત્મા ક્રોધાદિ કષાયરૂપ ન થાય ને પોતાના અકષાય સ્વભાવમાં સ્થિત રહે–એવા ઉત્તમ ક્ષમારૂપ ધર્મમાં શુદ્ધચેતના આવી ગઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ આવી ગયાં, અને સંક્લેશ-પરિણામના અભાવરૂપ જીવરક્ષા પણ આવી ગઈ.

**(૩) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ :** તે નિર્મળ પરિણતિમાં પણ શુદ્ધચેતના વગેરે ત્રણે પ્રકાર સમાઈ જાય છે, કેમ કે સમ્યગ્દર્શનાદિ ત્રણેય રાગ વગરનાં છે.

**(૪) જીવરક્ષારૂપ ધર્મ :** ક્રોધાદિ સંક્લેશ પરિણામ વડે પોતાના કે પરના આત્માને નુકશાન–દુઃખ–ક્લેશ ન થાય ને કષાય રહિત નિર્મળ પરિણામ રહે, તેનું નામ જીવરક્ષા, તેમાં બાકીના ત્રણે પ્રકાર આવી જાય છે. પરમાર્થ જીવરક્ષામાં પોતાના જીવની ચેતનાને મોહભાવોથી ન હણવી તે પણ આવી જાય છે :–કેમ કે મોહભાવ તે જીવની હિંસા છે.

આ રીતે ધર્મની પ્રરૂપણાના અનેક પ્રકાર હોવા છતાં, નિશ્ચયથી સાધવામાં આવે તો ધર્મનો એક જ પ્રકાર છે; અને તે ધર્મ, શુદ્ધઆત્માના અનુભવરૂપ સમ્યગ્દર્શનપૂર્વક જ હોય છે.

વ્યવહારનય ભેદથી તથા અન્યના સંયોગથી કથન કરે છે, તેથી તેના અનેક ભેદ છે : એટલે વ્યવહારે ધર્મનું વર્ણન પણ અનેક પ્રકારથી કર્યું છે. કોઈવાર પ્રયોજનવશ એકદેશને સર્વદેશ કહેવારૂપ વ્યવહાર છે; તથા કોઈવાર અન્યનો સંયોગ દેખીને એક વસ્તુમાં અન્યવસ્તુનું આરોપણ કરવારૂપ વ્યવહાર છે.

જેમ કે જીવના નિર્વિકાર સ્વભાવરૂપ જે શુદ્ધચેતના પરિણામ તે નિશ્ચય ધર્મ છે. અને તેની સાથે વર્તતા મંદકષાયરૂપ શુભપરિણામ કે દેહાદિની બાહ્યક્રિયા તેમાં પણ ધર્મનો આરોપ કરવો તે વ્યવહાર છે. ખરેખર તો તે ધર્મ નથી, પણ ત્યાં નિશ્ચય ધર્મ પ્રગટ્યો છે તેના ઉપચારથી તેની સાથેના શુભરાગને કે દેહની ક્રિયાને પણ ધર્મ કહેવામાં આવે છે, એવો વ્યવહાર છે. એ જ રીતે રત્નત્રય વગેરેમાં પણ નિશ્ચય-વ્યવહાર સમજવા. અને તેમાં પૃથક્કરણ કરીને જે નિશ્ચયધર્મ છે તે જ સત્ય ધર્મ છે એમ જાણવું; અને એ સિવાય બીજાને ધર્મ કહેવો તે ઉપચારમાત્ર છે. સત્ય નથી–એમ જાણીને તેનો આશ્રય છોડવો.

પહેલાં જેને ધર્મના સાચા સ્વરૂપની ખબર પણ ન હોય તે તેનું આચરણ તો ક્યાંથી કરે? માટે શ્રદ્ધા તે ધર્મનું મૂળ છે. જેમ મૂળિયા વગરના ઝાડને ડાળ–પાન ક્યાંથી હોય? તેમ દર્શન એટલે શ્રદ્ધા–તેના વગર જીવને સમ્યક્‌જ્ઞાન–ચારિત્ર કે ક્ષમા વગેરે કોઈ ધર્મ સાચા હોતા નથી. આ રીતે 'દર્શન' જેનું મૂળ છે–એવો ધર્મ ભગવાન જિનવરે ગણધર આદિ શિષ્યોને ઉપદેશ્યો છે.–આવો ધર્મ સાંભળીને સત્પુરુષો પોતાના હિત માટે આદરપૂર્વક તેની ઉપાસના કરો; ને તેનાથી વિરુદ્ધ માર્ગને છોડો.

### ❀ ધર્મનું મૂળ જે સમ્યગ્દર્શન તે–શું છે? ❀

સમ્યગ્દર્શન તે જીવનો અંતરંગભાવ છે; **ઉપાધિરહિત શુદ્ધ જીવને સાક્ષાત્‌ અનુભવમાં લઈને તેમાં આત્મબુદ્ધિરૂપ પ્રતીત તે સમ્યગ્દર્શન છે, તે નિશ્ચયથી એક જ પ્રકારનું છે.**

સમ્યક્‌ત્વ તે આત્માભિમુખ પરિણામ છે. શુદ્ધનય દ્વારા થયેલી

આત્માની અનુભૂતિ તે સમ્યગ્દર્શનનું મુખ્ય ચિહ્ન છે. આવી શુદ્ધાત્માની અનુભૂતિ સમ્યગ્દષ્ટિને જ હોય છે, મિથ્યાદષ્ટિને હોતી નથી. સમ્યગ્દર્શન થતી વખતે દરેક સમ્યગ્દષ્ટિને શુદ્ધનય દ્વારા આત્માનું નિર્વિકલ્પ સ્વસંવેદન થાય છે, તેમાં અપૂર્વ શાંતિના વેદન સહિત પોતાનો આત્મા સાચા સ્વરૂપે જણાય છે; પછી તેની ચેતનાપરિણતિ વિકલ્પ વખતે પણ તેનાથી જુદી જ વર્તે છે, તે પોતાના સ્વરૂપને છોડતી નથી.

સમ્યગ્દર્શનના નિમિત્તોમાં અંતરંગ તો મિથ્યાત્વાદિ પ્રકૃતિઓનો ઉપશમ વગેરે છે અને બાહ્યનિમિત્તોમાં સાક્ષાત્ તીર્થંકરદેવનાં દર્શન, જ્ઞાની ધર્માત્મા ગુરુઓનો સત્સંગ, શ્રી જિનેન્દ્રદેવનાં કલ્યાણક વગેરે મહિમાનું દેખવું, જાતિસ્મરણ થવું, તીવ્ર વેદનાનો અનુભવ, દેવોની ઋદ્ધિનું દર્શન, ધર્મનું શ્રવણ વગેરે અનેક છે. આવા નિમિત્તના પ્રસંગ વખતે જો પોતાના પરિણામને અંતરમાં આત્માની સન્મુખ કરે તો સમ્યગ્દર્શન થાય.

## ❀ સમ્યગ્દર્શન થતાં આત્મામાં શું થાય? ❀

સમ્યગ્દર્શન આત્માનો જે આનંદરસ છે તેનો સ્વાદ આવે છે; અનંત ગુણના સ્વાદથી ગંભીર એવી અપૂર્વ ચૈતન્યશાંતિ સ્વસંવેદનમાં આવી જાય છે. અનુભૂતિમાં જ્ઞાન ઇન્દ્રિયાતીત એટલે અતીન્દ્રિય હોવાથી તે સ્વસંવેદન–પ્રત્યક્ષ છે; અનંત કાળમાં નહિ અનુભવેલો એવો, રાગ વગરનો અપૂર્વ આત્મિક આનંદ તેમાં વેદાય છે. આત્મા પોતે પોતામાં શાંતરસના દરિયામાં એવો ઠરે કે જ્યાં દુઃખનું કે આકુળતાનું નામનિશાન ન રહે. આવા અનુભવવાળું જે સમ્યગ્દર્શન છે તે ધર્મનું મૂળ છે. અહો, એનો અપાર મહિમા છે.

'શુદ્ધાત્માની અનુભૂતિ તે સમ્યક્ત્વનું મુખ્ય ચિહ્ન છે'–એમાં જ્ઞાનની પર્યાયને સમ્યક્ત્વનું લક્ષણ કહ્યું. તે અનુભૂતિને જ સમ્યક્ત્વ કહેવું તે વ્યવહાર છે. વ્યવહાર કેમ?—કેમ કે એક ગુણની પર્યાયનો આરોપ બીજા ગુણની પર્યાયમાં કર્યો માટે તે વ્યવહાર છે. સમ્યગ્દર્શન પરિણામને સીધા ઓળખવા તે નિશ્ચય, ને અનુભૂતિના પરિણામ ઉપરથી સમ્યગ્દર્શન પરિણામનું અનુમાન કરવું તે વ્યવહાર.

આવી અનુભૂતિની પરીક્ષા સર્વજ્ઞના આગમથી, પ્રત્યક્ષપૂર્વકના અનુમાનથી તથા સ્વાનુભવ-પ્રત્યક્ષથી કરી શકાય છે; ઈન્દ્રિયજ્ઞાન વડે તેને ઓળખી શકાય નહીં, કેમ કે તે અતીન્દ્રિયભાવ છે. ત્યાં પોતાને પોતાની અનુભૂતિનો નિર્ણય તો પોતાના સ્વસંવેદન-પ્રત્યક્ષની પ્રધાનતાથી ચોક્કસ થઈ જાય છે. અને સામાની પરીક્ષા તે જાતના અનુભવનું વર્ણન આવે તેવી વાણી વગેરે ઉપરથી થઈ શકે છે; ધારાવાહી સ્વરૂપ એનું કેમ ચાલે છે તે ઉપરથી ધર્મીને ધર્મનું અનુમાન થઈ જાય છે. જેને પોતાનો અનુભવ થયો હોય તે જ બીજાના અનુભવનું ખરૂં અનુમાન કરી શકે.

છદ્મસ્થ ધર્માત્માને પોતાનો નિર્ણય તો સ્વસંવેદન–પ્રત્યક્ષથી થાય. પણ સામાનું પ્રત્યક્ષ ન થાય. અનુમાનથી નક્કી થાય કે આને આવો અનુભવ થયો છે. એ રીતે પ્રત્યક્ષ વડે પોતાની અને અનુમાન વડે બીજાની પરીક્ષા કરીને નિર્ણય થઈ શકે છે. સમ્યગ્દર્શન થવાનો નિશ્ચય ન થઈ શકે–એમ એકાંત કહેવું તે મિથ્યાત્વ છે.

અહા, સમ્યગ્દર્શન થતાં આખો આત્મા પલટી ગયો. એકલા દુઃખમાંથી છૂટીને અતીન્દ્રિય સુખ થયું; અશાંતિ અને આકુળતા મટીને પરમ શાંતિનું વેદન થયું; સંસારદશા તરફનું પરિણમન છૂટીને મોક્ષપરિણમન શરૂ થયું; અજ્ઞાન મટીને અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ્યું,–આવા તો અનંતગુણનું નિર્મળકાર્ય અનુભૂતિમાં એક સાથે સમાય છે. અહો, જે અપૂર્વ અનુભવ અનંતકાળમાં નહોતો થયો તે થતાં આત્માની આખી દશા પલટી ગઈ;–જાણે આખો આત્મા જ નવો થઈ ગયો! અનંત સંસારને કટ કરીને મોક્ષના પંથે વળ્યો, સિદ્ધપદનો સાધક થયો, અને એની પોતાને ખબર ન પડે–એમ કહેવું તે તો સમ્યક્ત્વના માર્ગનો લોપ કરવા જેવું છે. અરે, જો પોતાને ખબર ન પડે તો એણે સાધ્યું શું? જેનાથી અલ્પકાળે મુક્તિ થાય એવી પ્રતિત થાય અને જેના આત્મામાંથી કર્મો જઉં–જઉં થઈ રહ્યા હોય, જેની પરિણતિનું પરિણમન મુક્તસ્વભાવ પ્રત્યે ઢળી રહ્યું હોય, ક્ષણે ક્ષણે જેને સાધકદશા વધતી જતી હોય,–તેને પોતાની દશાની પ્રતિત ન થાય એમ બને કેમ? સ્વસંવેદનમાં કોઈ અગાધ તાકાત છે–તેની કલ્પના પણ અજ્ઞાનીને થઈ શકે તેવી નથી.

ચિદાનંદ તત્ત્વનું ભાન થતાં સમ્યગ્દષ્ટિ ધર્માત્માને પોતાના સ્વરૂપ–રૂપ ધર્મની પરમ પ્રીતિ થઈ–તેમાં જ તન્મયતા થઈ, અને બીજા બધાયમાં આત્મબુદ્ધિ છૂટી ગઈ–એટલે સર્વ પરદ્રવ્યો પ્રત્યે તેને સહેજે વૈરાગ્ય થયો. પરમસુખરૂપ રત્નત્રય પ્રત્યે ઉત્સાહનો વેગ વળ્યો તે સંવેગ, અને દુઃખમય પરભાવો પ્રત્યે વૈરાગ્ય થયો–તે નિર્વેદ; સમ્યગ્દષ્ટિને આવા સંવેગ–નિર્વેદ હોય છે.

ધર્મીને ધર્મનો એવો પ્રેમ હોય કે અહો, જેમના પ્રતાપે આવું અપૂર્વ સમ્યક્ત્વસુખ મળ્યું–તે દેવ-ગુરુના તો અમે દાસ છીએ. તેમનો ઉપકાર કદી ન ભુલાય. ધર્મની અત્યંત પ્રીતિ હોવાથી તેના હેતુરૂપ દેવ-ગુરુ-શાસ્ત્ર, ચતુર્વિધ સંઘ, વગેરેની સેવાના કાર્યમાં પણ તે પોતાની શક્તિ છુપાવ્યા વગર ઉત્સાહથી, ભક્તિથી દાસપણે પ્રવર્તે છે.

નિઃશંકતા, વાત્સલ્ય, પ્રભાવના વગેરે આઠ અંગો જેવા સમ્યગ્દષ્ટિને હોય છે તેવા મિથ્યાદૃષ્ટિને હોતાં નથી. અપરીક્ષકને ઉપલકદૃષ્ટિમાં સમાનતા લાગે, પણ પરીક્ષા કરે તો ધર્મીના અંતરના ઊંડાણની ખબર પડે. અને ખરી પરીક્ષા પોતાના સ્વાનુભવની પ્રધાનતાથી થાય છે. સર્વજ્ઞના માર્ગઅનુસાર પોતાને આત્માનુભવ થાય તે છાનો રહે નહીં. તેનું તો બધું જીવન જ જુદી જાતનું થઈ જાય.

અહા, જેને સમ્યગ્દર્શન થયું તે જીવને શાસ્ત્રનું જ્ઞાન થોડું હોય, કે ત્યાગ ઓછો હોય તોપણ તે માર્ગનો આરાધક છે. ક્ષણે ક્ષણે તે કર્મની નિર્જરા કરે છે; સર્વે શાસ્ત્રના ભણતરનો મૂળસાર તેણે ભણી લીધો છે અને જેને સમ્યગ્દર્શન નથી, સમ્યગ્દર્શન શું ચીજ છે તેના મહિમાની પણ ખબર નથી, તે ભલે ગમે તેટલા શાસ્ત્રો ભણે કે ગમે તેવો ત્યાગી થાય તોપણ ક્ષણે ક્ષણે તે કર્મને બાંધે છે તેને ધર્મની આરાધના હોતી નથી. શાસ્ત્રભણતર કે બાહ્યત્યાગ વડે પોતાથી અધિકતા માનીને આત્માને જે અનુભવી–જ્ઞાની–ધર્માત્માને જે પોતાથી તુચ્છ સમજે છે તે સમ્યક્ત્વની મોટી વિરાધના કરે છે. મુમુક્ષુને તો એમ થાય કે અરે, ધર્માત્માના અતીન્દ્રિય અનુભવ પાસે મારા આ ભણતરની કે ત્યાગની શી કિંમત છે? જેનામાં સમ્યગ્દર્શન-જ્ઞાન

-ચારિત્ર વગેરે ગુણો છે એવા ગુણવંત ધર્માત્મા જ સદા વંદનીય છે. જુઓ, આ ભગવાનનો માર્ગ! તેનું મૂળ સમ્યગ્દર્શન છે.

અહો, ધર્માત્માનો સ્વભાવ તો પોતાના આત્માને સાધવાનો છે; એને જગતની કાંઈ સ્પૃહા નથી, એ તો પોતે પોતાના સ્વભાવરૂપ ધર્મને સાધે છે. પરંતુ જેઓ માર્ગથી ભ્રષ્ટ છે ને પાપાચારી છે એવા જીવો ધર્માત્મા ઉપર પણ દોષારોપણ કરીને પોતાને તેનાથી અધિક સમજે છે. અરે, પોતાનું અભિમાન પોષવા માટે બીજા ધર્માત્માઓ ઉપર ખોટા આળ નાખે છે, તે તો મહાપાપ છે; એવા જીવોની સંગતિ કરવા જેવી નથી.

અહા, સમ્યગ્દર્શનની કિંમત શું છે, તેના મહિમાની જગતને ખબર નથી. ચારિત્રદશા તો દૂર, પણ સાચી શ્રદ્ધાયે અત્યારે તો દુર્લભ થઈ ગઈ છે. અત્યારે ભલે ચારિત્ર પાળી ન શકે પણ તેની ઓળખાણ સહિત શ્રદ્ધા કરે તોય અલ્પકાળે ભવથી નિવેડા આવશે. શ્રદ્ધા જ ઊંધી કરશે તો–તો માર્ગથી ભ્રષ્ટ થઈને સંસારમાં જ રખડશે. માટે હે ભાઈ, આ કળિકાળમાં ચારિત્ર માટે તારી વિશેષ શક્તિ ન હોય, તેની ભાવના રાખીને પણ સાચા માર્ગની શ્રદ્ધા તો તું જરૂર કરજે. શ્રદ્ધા–માત્રથી પણ તારું આરાધકપણું ટકી રહેશે ને અલ્પકાળે ભવથી નિવેડા આવશે. પણ જો સર્વજ્ઞના માર્ગનો વિરોધ કરીશ તો અનંતભવમાં રખડતાં તારો ક્યાંય આરો નહિ આવે.

અરે જીવ! સર્વજ્ઞ પરમાત્માએ કહેલો જે વીતરાગમાર્ગ, તેનું સાક્ષાત્ આચરણ તારાથી ન થઈ શકે તો ઓછામાં ઓછું આટલું તો જરૂર કરજે કે યથાર્થ માર્ગ જેમ છે તેમ તેની શ્રદ્ધા રાખજે. માર્ગને વિપરીત માનીશ નહીં–આમ કહીને આચાર્યદેવે સમ્યક્શ્રદ્ધા ઉપર ભાર મૂક્યો છે. સમ્યક્શ્રદ્ધાવાળો જીવ કદાચિત્ ચાંડાળદેહમાં હોય કે પશુદેહમાં હોય–તોપણ તે ભગવાનના માર્ગમાં છે. અને સમ્યક્ શ્રદ્ધા વગરનો જીવ સ્વર્ગમાં દેવ હોય કે મોટો રાજા હોય, કે રાજપાટ છોડીને વ્રતાદિ પાળતો હોય, તોપણ રાગને ધર્મ માનનારો તે જીવ વીતરાગ ભગવાનના માર્ગથી બહાર છે. માટે હે જીવ! તારું હિત ચાહતો હો તો તું વીતરાગી જિનમાર્ગને ઓળખીને તેની શ્રદ્ધા તો બરાબર જાળવજે; શ્રદ્ધામાં ઢીલાશ કરીશ નહીં.

આ રીતે આચાર્ય ભગવાને ધર્મના મૂળરૂપ સમ્યગ્દર્શનની આરાધનાનો ખાસ ઉપદેશ આપ્યો છે.

''न धर्मो धार्मिकैः बिना'' એટલે ધર્માત્મા વગર ધર્મ હોતો નથી— એ સમન્તભદ્રસ્વામીનું સૂત્ર છે. જેને ધર્મનો પ્રેમ હોય તેને ધર્માત્મા પ્રત્યે પ્રેમ હોય જ. ધર્માત્માનો અનાદર કરનાર ધર્મનો પણ અનાદર કરે છે. કોઈ કહે કે ધર્મનો પ્રેમ છે પણ ધર્માત્મા પ્રત્યે પ્રેમ-ઉત્સાહ-આદર આવતો નથી,–તો તે જીવને ખરેખર ધર્મની ખબર નથી; ધર્મ અને ધર્મીને તેણે અત્યંત જુદા માન્યા છે, એટલે તે ગુણ-ગુણીને સર્વથા ભિન્ન માનનાર જેવો એકાંતી–મિથ્યાદૃષ્ટિ છે. અરે, રત્નત્રયના આરાધક મુનિરાજ પણ બીજા મુનિરાજને દેખતાં પ્રમોદથી તેનો સત્કાર કરે છે...અહો, આ પણ રત્નત્રયના આરાધક છે–એમ રત્નત્રયધારક પ્રત્યે પ્રમોદ આવે છે. એ જ રીતે જે સમ્યગ્દૃષ્ટિ હોય તેને બીજા સમ્યગ્દૃષ્ટિને જોતાં અંતરમાં મહા–પ્રમોદ આવે છે–કે વાહ! આ પણ સ્વાનુભૂતિવાળા મોક્ષના સાધક–મારા સાધર્મી છે; તેણે પણ અપૂર્વ કામ કર્યું છે. જો ધર્માત્માને દેખીને પ્રમોદ ન આવે ને ઈર્ષાભાવ થાય તો સમજવું કે તે જીવને ધર્મનો પ્રેમ છે જ નહીં.

ધર્મદૃષ્ટિમાં ધર્મે જે મોટો હોય તે જ મોટો અને પૂજ્ય છે. લૌકિકદૃષ્ટિમાં પુણ્યથી મોટો તે મોટો કહેવાય, પણ મોક્ષમાર્ગમાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ગુણો જેનામાં હોય તે જ પૂજ્ય–વંદનીય છે. સમ્યગ્દર્શન રહિત ભલે ગમે તેવો મોટો હોય તોપણ ધર્મમાં તેની મોટપની કાંઈ કિંમત નથી. બહારના પુણ્યના ઠાઠ તે કાંઈ જીવને મોક્ષનું કારણ થતા નથી. મોક્ષનું કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ થાય છે, તેથી તે ગુણના ધારક સંતો જ વંદવા યોગ્ય છે.

આચાર્યદેવ કહે છે કે અહો, સિદ્ધિને સાધનારા એવા રત્નત્રયગુણોના ધારક શીલવંત શ્રમણોને હું સમ્યક્ત્વસહિત શુદ્ધભાવથી વંદું છું—એટલે કે મારા આત્માને પણ એવા રત્નત્રયના શુદ્ધભાવરૂપે પરિણમાવીને હું મુક્તિને સાધું છું. વાહ! જુઓ તો ખરા, રત્નત્રય પ્રત્યે આચાર્યદેવનો

પ્રમોદ! રત્નત્રયસંયુક્ત મુનિરાજને દેખતાં ધર્મીને પ્રમોદ આવે છે કે વાહ! ધન્ય તારું જીવન! તેં જન્મીને અવતાર સફળ કર્યો!

જિનશાસનમાં સમ્યગ્દર્શનાદિ ગુણો વડે મહાનપણું છે, બાહ્ય વૈભવથી નહિ. તીર્થંકરોને પણ ચામર–છત્ર વગેરે જે બાહ્ય વિભૂતિ છે તે કાંઈ વંદનીય નથી, તેમ જ તે વિભૂતિને કારણે કાંઈ તીર્થંકર વંદનીય છે— એમ પણ નથી; ભગવાન પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ગુણોના વૈભવ વડે જ વંદનીય છે. વળી, એમ શંકા ન કરવી કે આટલો બધો બાહ્ય વૈભવ હોવા છતાં ભગવાન વંદનીય કેમ? ભાઈ, એ તો ઈન્દ્રો મહિમા વડે તેની રચના કરે છે, ને ભગવાનના પુણ્યનો તેવો ઠાઠ છે; પણ તે વિભૂતિનો સંયોગ હોવા છતાં ભગવાનને કાંઈ તેના ઉપર મોહ કે રાગ નથી, એટલે તે વિભૂતિના કારણે ભગવાનની સર્વજ્ઞતાને કે વીતરાગતા વગેરે ગુણોને કાંઈ બાધા આવતી નથી; માટે અનંત–ચતુષ્ટય વગેરે ગુણોના ધારક તીર્થંકર ભગવંતો વંદનીય છે. એવા પૂજ્ય તીર્થંકર ભગવંતોએ કેવો ઉપદેશ આપ્યો? કે જેના વડે કર્મનો ક્ષય થાય એવા શુદ્ધોપયોગનો ઉપદેશ ભગવાને આપ્યો; પણ રાગના પોષણનો ઉપદેશ ભગવાને આપ્યો નથી. રાગથી જે લાભ મનાવે તે ઉપદેશ ભગવાનનો નહિ. ભગવાનના શાસનમાં તો જેનાથી કર્મનો ક્ષય થઈને મોક્ષ થાય એનો જ ઉપદેશ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપરૂપ ચતુર્વિધ આરાધના તે મોક્ષનું કારણ છે, તે ચારેય વીતરાગભાવરૂપ છે ને જિનશાસનમાં ભગવાને તેનો જ ઉપદેશ આપ્યો છે. આવો માર્ગ જે સમજ્યો તે જ ભગવાનના ઉપદેશને સમજ્યો છે. આવો ઉપદેશ સાંભળીને હે જીવો! સૌથી પ્રથમ તમે સમ્યગ્દર્શનને આરાધો, કેમ કે મોક્ષાર્થી જીવને સારમાં સાર એવાં જે રત્નત્રય, તેનું મૂળ સમ્યગ્દર્શન છે. તેથી જિનશાસનમાં તેની આરાધના સૌથી પહેલાં કરવી જોઈએ, એવો સંતોનો ઉપદેશ છે.

❀

# કેવળીભગવાનની ક્ષાયિકી-ક્રિયા

સર્વજ્ઞનો નિર્ણય કરનારનું જ્ઞાન પણ ઉદયથી છૂટું પડીને ક્ષાયિકભાવ તરફ પરિણમવા લાગ્યું.

અહો, સર્વજ્ઞ–તીર્થંકરદેવ! આપની દિવ્યતા ખરેખર આશ્ચર્યકારી છે....કર્મનો ઉદય પણ આપને મોક્ષનું કારણ થાય છે, બંધનું કારણ નથી થતો. આપના કેવળજ્ઞાનના કોઈ અચિંત્ય પ્રભાવને લીધે, ઉદયની ક્રિયાઓ પણ આપને તો મોક્ષનું જ કાર્ય કરી રહી છે, કેમ કે ઉદયના કાળે આપને કર્મનું બંધન જરા પણ નથી થતું પણ ઉલટો કર્મનો ક્ષય જ થતો જાય છે, એટલે તે ઉદયક્રિયાઓ પણ આપને માટે તો ક્ષાયિકી–ક્રિયા જ છે.

–તો હે ભગવાન! આપના અચિંત્ય કેવળજ્ઞાનનો સ્વીકાર કરનારું અમારું સમ્યગ્જ્ઞાન, તે પણ મોહનો ક્ષય કરતું–કરતું મોક્ષ તરફ જાય–એમાં શું આશ્ચર્ય છે? પ્રભો! મોક્ષના માર્ગે ચડેલા અમારા જેવા સાધકો જ આપની ક્રિયાઓને ક્ષાયકીક્રિયારૂપે સ્વીકારી શકે છે. હે સર્વજ્ઞદેવ! ઉદય વખતે પણ આપને ક્ષાયિકભાવોથી જેણે ઓળખી લીધા તેનું જ્ઞાન ઉદયભાવોથી છૂટું પડીને ક્ષાયિકભાવ તરફ ચાલ્યું.

*[પ્રવચનસાર ગાથા–૪૫]*

# સમ્યક્ત્વ–મહિમા

## હે વત્સ! તું પરમભક્તિથી સમ્યક્ત્વને ભજ

શ્રી સકલકીર્તિ–શ્રાવકાચારના ૧૧ મા અધ્યાયમાં અષ્ટગુણસહિત અને સર્વદોષરહિત એવા શુદ્ધસમ્યક્ત્વનો પરમ મહિમા બતાવીને તેની આરાધનાનો ઉપદેશ આપ્યો છે; તેમાં ૧૦૮ શ્લોક છે; તેનું દોહન અહીં આપ્યું છે.

- વીતરાગ–જિનધર્મનું સેવન છોડીને મિથ્યાધર્મના સેવન વડે જે મૂઢ જીવ આત્મકલ્યાણ ઈચ્છે છે તે જીવવા માટે ઝેર ખાનાર જેવો મૂર્ખ છે.
- બુધજનો અલ્પજ્ઞાન પામીને તેનો મદ નથી કરતા; અરે, પૂર્વના મહાન શ્રુતધરો પાસે મારું આ અલ્પજ્ઞાન શું હિસાબમાં છે?
- અરે, ક્ષણભરમાં નષ્ટ થઈ જનાર એવા આ શરીરબળનું અભિમાન શું?
- વિચિત્ર–અદ્ભુત સમ્યગ્દર્શન–કળાની પાસે લૌકિક સુંદર લેખનાદિ કળાનું અભિમાન કરવું તે પણ અશુભ છે.
- જેમ મલિનદર્પણમાં મુખ દેખાતું નથી તેમ મોહથી મલિન એવી મિથ્યાશ્રદ્ધામાં આત્માનું સાચું રૂપ દેખાતું નથી, મુક્તિનું મુખ તેમાં દેખાતું નથી.
- જેમ નિર્મળદર્પણમાં મનુષ્યો પોતાના રૂપને અવલોકે છે એમ સમ્યક્ત્વરૂપી નિર્મળદર્પણમાં ધર્મી જીવ મુક્તિનું મુખ દેખે છે, એટલે પોતાનું સાચું રૂપ દેખે છે.
- સમ્યગ્દર્શન સહિત જીવ વિશેષ જ્ઞાન-વ્રતાદિ વગર પણ ઈન્દ્ર–તીર્થંકર વગેરે વિભૂતિ પામે છે.

- જ્ઞાન-ચારિત્રાદિનું મૂળ ભગવાને સમ્યગ્દર્શન કહ્યું છે, તેના વગરના જ્ઞાન ને ચારિત્ર તે અજ્ઞાન અને કુચારિત્ર છે, એટલે મોક્ષ માટે નિરર્થક છે.
- વ્રત-ચારિત્ર વગરનું તેમ જ વિશેષ જ્ઞાન વગરનું એકલું સમ્યક્ત્વ પણ સારું છે–પ્રશંસનીય છે; પરંતુ મિથ્યાત્વરૂપી ઝેરથી બગડેલાં એવાં વ્રત–જ્ઞાનાદિ તે સારાં નથી.
- સમ્યક્ત્વ વગરનો જીવ ખરેખર પશુસમાન છે; જન્માંધની જેમ તે ધર્મ-અધર્મને જાણતો નથી.
- દુઃખથી ભરેલા નરકમાં પણ સમ્યક્ત્વ સહિત જીવ શોભે છે; તેના વગરનો જીવ દેવલોકમાં પણ શોભતો નથી. કેમ કે તે નરકનો જીવ તો સારભૂત એવા સમ્યક્ત્વના માહાત્મ્યને લીધે ત્યાંથી નીકળીને લોકાલોકપ્રકાશક તીર્થનાથ થશે; અને મિથ્યાત્વને લીધે ભોગમાં તત્પર એવો તે દેવનો જીવ આર્તધ્યાન વડે મરીને સ્થાવરયોનીમાં જશે.
- ત્રણકાળમાં કે ત્રણલોકમાં સમ્યક્ત્વસમાન ધર્મ બીજો કોઈ નથી; જગતમાં તે જીવને પરમહિતકર છે.
- સમ્યક્ત્વ સિવાય બીજો કોઈ જીવનો મિત્ર નથી, બીજો કોઈ ધર્મ નથી, બીજું કાંઈ સાર નથી, બીજું કોઈ હિત નથી, બીજા કોઈ પિતા-માતાદિ સ્વજન નથી, કે કોઈ સુખ નથી. મિત્ર–ધર્મ–સાર–હિત–સ્વજન–સુખ એ બધુંય સમ્યક્ત્વમાં સમાય છે.
- સમ્યક્ત્વથી અલંકૃત શુદ્ર પણ દેવો વડે પૂજાય છે; પરંતુ સમ્યક્ત્વ વગરનો ત્યાગી પણ પદે–પદે નિંદનીય છે.
- એક વખત સમ્યક્ત્વને અંતર્મુહૂર્તમાત્ર ગ્રહણ કરીને જીવ કદાચિત્ તેને છોડી દે તોપણ, ચોક્કસ તે અલ્પકાળમાં (પુનઃ સમ્યક્ત્વાદિ ગ્રહણ કરીને) મુક્તિ પામશે.
- જે ભવ્યજીવને સમ્યક્ત્વ છે તેના હાથમાં ચિંતામણિ છે, તેના ઘરે કલ્પવૃક્ષ અને કામધેનુ છે.

❁ આ લોકમાં નિધાનની જેમ સમ્યક્ત્વ ભવ્ય જીવોને સુખદાતા છે; તે સમ્યક્ત્વ જેણે પ્રાપ્ત કર્યું તેનો જન્મ સફળ છે.

❁ જે જીવ હિંસા છોડીને, વનમાં જઈ એકલો વસે છે ને ઠંડી–ગરમી સહન કરે છે–પણ જો તે સમ્યગ્દર્શન વગરનો છે–તો તે વનના ઝાડ જેવો છે.

❁ સમ્યક્ત્વ વગરનો જીવ દાન-પૂજા-વ્રતાદિક જે કિંચિત્ પુણ્ય કરે છે તે સર્વે વિફળ છે....વિરુદ્ધ ફળવાળું છે.

❁ દૃષ્ટિહીન જીવ કંઈક વ્રત–દાનાદિ પુણ્ય કરીને, તેના ફળમાં ઈન્દ્રિયભોગો પામીને પાછો ભવઅરણ્યમાં ભમે છે.

❁ સમ્યક્ત્વના બળથી જે કર્મો સહજમાં હણાય છે તે કર્મો સમ્યક્ત્વ વગર ઘોર તપ વડે પણ હણાતા નથી.

❁ સમ્યક્ત્વાદિ વિભૂષિત ગૃહસ્થપણું પણ શ્રેષ્ઠ છે—કેમ કે તે વ્રત–દાનાદિથી સંયુક્ત છે ને ભાવિનિર્વાણનું કારણ છે.

❁ મુનિનાં વ્રતસહિત, સર્વસંગરહિત, દેવોથી પૂજ્ય એવું નિર્ગ્રંથ જિનરૂપ, તે પણ સમ્યગ્દર્શન વગર શોભતું નથી. ( એ તો પ્રાણ વગરના સુંદર શરીર જેવું છે.)

❁ દર્શનરહિત જીવ કદી નિર્વાણ પામતો નથી. સમ્યક્ત્વથી અલંકૃત જીવ કદાચિત્ ચારિત્રાદિથી ચ્યુત થઈ ગયો હોય તોપણ ફરીને ચારિત્ર પામીને મોક્ષ પામશે.

❁ જેમ નેત્રહીન જીવ રૂપને જાણતો નથી તેમ સમ્યક્-ચક્ષુ વગરનો અંધ જીવ દેવ-ગુરુને કે ગુણ-દોષને જાણતો નથી.

❁ જેમ પ્રાણ વગર શરીરને મૃતક કહેવાય છે, તેમ દૃષ્ટિહીન જીવને ચાલતું–મૃતક કહેવાય છે.

❁ સમ્યક્ત્વસહિત જીવ ભલે માત્ર નમસ્કારમંત્રને જ જાણતો હોય તોપણ ગૌતમાદિ ભગવંતો તેને સમ્યગ્જ્ઞાની કહે છે. અને સમ્યક્ત્વ

વગરનો જીવ ૧૧ અંગને જાણતો હોય તોપણ તેને અજ્ઞાની કહ્યો છે.

❀ અહો, આ સમ્યગ્દર્શન છે તે જ્ઞાન-ચારિત્રનું બીજ છે, મુક્તિસુખનું દાતાર છે, ઉપમારહિત અમૂલ્ય છે; તેને હે જીવ! તું સુખને માટે ગ્રહણ કર.

❀ જેણે પોતાના સમ્યક્ત્વરત્નને સ્વપ્નમાં પણ મલિન કર્યું નથી તે જીવ જગતમાં ધન્ય છે–પૂજ્ય છે–વંદ્ય છે અને ઉત્તમ બુધજનો વડે પ્રશંસનીય છે.

❀ દૃષ્ટિરત્નસહિત તે જીવ જ્યાં જાય ત્યાં અનેક મહિમાયુક્ત, અને સર્વે ઇન્દ્રિયસુખોની મધ્યમાં રહેવા છતાં ધર્મસહિત રહે છે. તથા કલ્યાણપરંપરા સહિત ત્રણલોકને આશ્ચર્ય કરનાર એવા ધર્મચક્ર વડે શોભે છે; અનંત મહિમાયુક્ત દર્શનીય અને સુખની ખાણ એવી તીર્થંકરવિભૂતિને પણ તે ઉત્તમ ધર્માત્મા પામે છે.

❀ અધિક શું કહેવું? જગતમાં જેટલાં સુખ છે તે બધાં સર્વોત્કૃષ્ટપણે સમ્યગ્દૃષ્ટિને પ્રાપ્ત થાય છે.

❀ **एतत् समयसर्वस्वम् एतत् सिद्धान्तजीवितम्।**
**एतत् मोक्षगतेः बीजं सम्यक्त्वं विद्धि तत्त्वतः॥**

વિધિપૂર્વક ઉપાસવામાં આવેલું આ સમ્યક્ત્વ તે સમયનું સર્વસ્વ છે–સર્વશાસ્ત્રનો તે સાર છે, તે સિદ્ધાન્તનું જીવન છે–પ્રાણ અને તે જ મોક્ષગતિનું બીજ છે.

સમ્યક્ત્વ છે તે સાર છે, તે સમયનું સર્વસ્વ છે.
સિદ્ધાંતનું તે જીવન છે ને મોક્ષનું તે બીજ છે.
વિધિ જાણીને બહુમાનથી આરાધજો સમ્યક્ત્વને,
સહુ સુખ એવા પામશો, આશ્ચર્ય થાશે જગતને.

❀ શુદ્ધસમ્યક્ત્વના આરાધક–ધર્માત્માને મોક્ષસુખ પ્રાપ્ત થાય છે ત્યાં સ્વર્ગની શી વાત?

❁ નિરતિચાર સમ્યક્ત્વના ધારકને ત્રણલોકમાં અલભ્ય શું છે? જગતમાં કાંઈ તેને અલભ્ય નથી.

❁ સમ્યગ્દર્શનના પ્રતાપથી મુનિઓને એવું મોક્ષસુખ થાય છે કે જે સ્વયંભૂ છે.–અસારભૂત એવા ઈન્દ્રિયવિષયોથી જે પાર છે, દેહાદિભારથી જે રહિત છે, ઉપમારહિત છે, અત્યંત સાર છે ને સંસારથી પાર છે; રોગ–જન્મ–શંકા–બાધા રહિત છે.

❁ અહો, આ સમ્યગ્દર્શન સકલસુખનું નિધાન છે, સ્વર્ગ–મોક્ષનું દ્વાર છે, નરકગૃહને બંધ કરનારું કમાડ છે, કર્મરૂપી હાથીનો નાશ કરવા માટે સિંહ જેવું છે, દુરિતવનને છેદનાર કુહાડો છે ને સમસ્ત સુખની ખાણ છે. સમસ્ત પ્રકારના સંદેહરહિત આવા સમ્યક્ત્વને હે ભવ્ય! તું ભજ!

❁ અહો, આ સમ્યગ્દર્શન છે તે મોક્ષફળ દેનારું સાચું કલ્પવૃક્ષ છે. જિનવર–વચનની શ્રદ્ધા તેનું મૂળ છે; તત્ત્વશ્રદ્ધા તે તેનું થડ છે. સમસ્તગુણની ઉજ્જ્વળતારૂપ જળસીંચન વડે જે વર્દ્ધમાન છે, ચારિત્ર જેની શાખાઓ છે; સર્વે સમિતિ તે તેનાં પત્ર-પુષ્પ છે, અને મોક્ષસુખરૂપી ફળ વડે જે લચી રહ્યું છે;–આવું સમ્યગ્દર્શન તે સર્વોત્તમ કલ્પવૃક્ષ છે. અહો જીવો! તેનું સેવન કરો. (એની મધુરી છાયા લેનાર પણ મહાભાગ્યવાન છે.)

❁ તે ઉત્તમપુરુષો ધન્ય છે, કૃતકૃત્ય છે, ત્રણલોકમાં પૂજ્ય છે, તેઓ જ સાર-અસારનો વિચાર કરવામાં ચતુર છે, પાપ–શત્રુનો વિધ્વંસ કરનારા છે, અને સર્વ સુખને ભોગવીને મુક્તિમહેલમાં પધારે છે,—કે જેઓ સારભૂત સર્વગુણોના ઘર અને અજોડ એવા સમ્યગ્દર્શનને ધારણ કરે છે.

**[ इति सम्यक्त्व–महिमा ]**

❁

# આત્મસાધના માટે ઉપયોગી વાત

પ્રશ્ન :–અમે શુદ્ધાત્માને વિકલ્પમાં તો લઈએ છીએ, પણ તેનું ફળ કેમ નથી આવતું?

ઉત્તર :–કોણ કહે છે–વિકલ્પનું ફળ નથી આવતું? વિકલ્પનું ફળ પુણ્ય છે, અને તે ફળ તો આવે જ છે; પણ વિકલ્પના ફળમાં નિર્વિકલ્પ અનુભવ માંગો તો તે ક્યાંથી આવે? એનાથી તો ઊલટું વિકલ્પમાં જ અટકી રહેવાનું થાય.

વળી, બીજી મૂળ વાત એ છે કે શુદ્ધઆત્મા ખરેખર વિકલ્પમાં આવતો જ નથી, શુદ્ધઆત્મા તો સ્વસન્મુખ જ્ઞાનમાં જ આવે છે. વિકલ્પનું અને જ્ઞાનનું કાર્ય એક નથી પણ જુદું છે.

અનુભવ તે તો જ્ઞાનના નિર્ણયનું ફળ છે, વિકલ્પનું નહીં. જ્ઞાનને સ્વભાવસન્મુખ કરીને જે નિર્ણય કર્યો તેનું ફળ નિર્વિકલ્પ–અનુભવ છે.

પ્રશ્ન :–આત્માની ધારણા કર્યા પછી ક્યાં સુધી રાહ જોવી?

ઉત્તર :–જરાય રાહ ન જોવી. ક્ષણમાત્રમાં અનુભવ કરી લેવો. એકલી પરસન્મુખ ધારણા તે ખરી ધારણા નથી; આત્માનો સાચો નિર્ણય અને સાચી ધારણાનું બળ અલ્પકાળમાં આત્માનો અનુભવ કરાવે જ.

❑

# સિદ્ધત્વના હેતુભૂત ભાવના

ભગવાનશ્રી યતિવૃષભઆચાર્યરચિત 'ત્રિલોકપ્રજ્ઞપ્તિ' નામના પ્રાચીન ગ્રંથમાં 'सिद्ध-लोकप्रज्ञप्ति' નામના અધિકારમાં 'સિદ્ધત્વના હેતુભૂત ભાવના'નું આનંદકારી વર્ણન ગાથા ૧૮ થી ૬૫ સુધી ૪૮ ગાથા દ્વારા કર્યું છે. સિદ્ધત્વના હેતુભૂત આ ઉત્તમ ભાવના વાંચીને ગુરુદેવને ઘણો પ્રમોદ થયો હતો, ને પ્રવચનમાં શ્રોતાજનો સમક્ષ તેનું વર્ણન કર્યું હતું,–જે સાંભળીને સૌને હર્ષોલ્લાસ થયો હતો. અહા!–સિદ્ધત્વના હેતુભૂત ભાવનાથી કોને આનંદ ન થાય!–તેથી તે આનંદકારી ભાવના અહીં આપીએ છીએ.

આ શાસ્ત્રકર્તા શ્રી યતિવૃષભઆચાર્ય ધવલા–જયધવલાના ટીકાકારથી પણ પ્રાચીન છે, અને આ ભાવના-અધિકારમાં આવેલી ઘણી ખરી ગાથાઓ ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવના સમયસાર–પ્રવચનસાર વગેરે શાસ્ત્રોની ગાથાઓને લગભગ મળતી આવે છે,—જાણે કે તેમના શાસ્ત્રોનું દોહન કરીને જ આ ભાવના–અધિકાર રચાયો હોય! એવું જ લાગે છે. પ્રો. હીરાલાલજી જૈન આ સંબંધમાં લખે છે કે–'આ અન્તિમ અધિકારમાં વર્ણવેલ સિદ્ધોનું વર્ણન અને આત્મચિંતનનો ઉપાય (–શુદ્ધાત્મભાવના) તે જૈનવિચાર-ધારાની પ્રાચીન સંપત્તિ છે.' ચાલો, આપણે પણ આપણા આત્માને સિદ્ધત્વના હેતુભૂત આ ભાવનામાં જોડીએ :—

૧૮. જેમ ચિરસંચિત ઈંધનને પવનથી પ્રજ્વલિત અગ્નિ શીઘ્ર જ જલાવી દે છે, તેમ ઘણા કર્મરૂપી ઈંધનને શુદ્ધાત્માના ધ્યાનરૂપી અગ્નિ ક્ષણમાત્રમાં જલાવી દે છે.

૧૯. જે જીવ દર્શનમોહ અને ચારિત્રમોહને નષ્ટ કરીને, વિષયોથી વિરક્ત થયો થકો, મનને રોકીને આત્મસ્વભાવમાં સ્થિર થાય છે તે મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

૨૦. જેને રાગ-દ્વેષ-મોહ તથા યોગપરિકર્મ નથી તેને શુભાશુભને ભસ્મ કરનાર ધ્યાનમય અગ્નિ ઉત્પન્ન થાય છે.

૨૧. શુદ્ધસ્વભાવથી સહિત સાધુને જે દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણ ધ્યાન છે તે નિર્જરાનું કારણ થાય છે; અન્ય દ્રવ્યોથી સંસક્ત ધ્યાન નિર્જરાનું કારણ થતું નથી.

૨૨. અંતરંગ અને બહિરંગ સર્વસંગથી રહિત, તથા અનન્યમન (અર્થાત્–એકાગ્રચિત્ત) થઈને જે પોતાના ચૈતન્યસ્વભાવી આત્માને જાણે–દેખે છે તે જીવ આત્મિક ચારિત્રનું આચરણ કરનાર છે.

૨૩. જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં ભાવના કરવી જોઈએ; અને તે (જ્ઞાન-દર્શન-ચારિત્ર) ત્રણે આત્મસ્વરૂપ છે, તેથી હે ભવ્ય! તું આત્મામાં ભાવના કર.

૨૪. હું નિશ્ચયથી સદા એક, શુદ્ધ, દર્શન-જ્ઞાનાત્મક અને અરૂપી છું; અન્ય કંઈ પરમાણુમાત્ર પણ મારું નથી.

૨૫. મોહ મારો જરા પણ નથી; હું એક જ્ઞાનદર્શન–ઉપયોગરૂપ જ છું–એમ જાણું છું;–આવી ભાવનાથી યુક્ત જીવ અષ્ટદુષ્ટ કર્મોને નષ્ટ કરે છે.

૨૬. હું પરપદાર્થોનો નથી અને પરપદાર્થો મારાં નથી, હું તો એકલો જ્ઞાનસ્વરૂપ જ છું;–આ પ્રમાણે જે ધ્યાનમાં ચિન્તવે છે તે આઠ કર્મોથી મુક્ત થાય છે.

૨૭. ચિત્ત શાંત થતાં ઈન્દ્રિયો શાંત થાય છે, અને ઈન્દ્રિયો શાંત થતાં

આત્મસ્વભાવમાં રતિ થાય છે, અને તેથી તે જીવ સ્પષ્ટપણે– ચોક્કસપણે નિર્વાણને પામે છે.

૨૮. હું દેહ નથી, મન નથી, વાણી નથી, અને તેમનું કારણ પણ હું નથી.–આ પ્રકારનો જે ભાવ છે તે શાશ્વતસ્થાનને પ્રાપ્ત કરે છે. (અર્થાત્ આવી ભાવના જે ભાવે છે તે મોક્ષને પામે છે.)

૨૯. દેહની જેમ મન અને વાણી પુદ્‌ગલદ્રવ્યાત્મક પરવસ્તુ છે. એમ ઉપદેશવામાં આવ્યું છે; અને પુદ્‌ગલદ્રવ્ય તે પણ પરમાણુદ્રવ્યોનો પિંડ છે.

૩૦. હું, નથી તો પુદ્‌ગલમય કે નથી મેં તે પુદ્‌ગલોને પિંડરૂપ કર્યાં, તેથી હું દેહ નથી, કે તે દેહનો કર્તા નથી.

૩૧. આ પ્રમાણે જ્ઞાનાત્મક, દર્શનભૂત, અતીન્દ્રિય, મહાઅર્થ, નિત્ય, નિર્મળ અને નિરાલંબ શુદ્ધઆત્માનું ચિંતન કરવું જોઈએ.

૩૨. હું પરપદાર્થોનો નથી; તે પરપદાર્થો મારા નથી; જ્ઞાનમય એકલો છું;– આ પ્રમાણે જે ધ્યાનમાં ધ્યાવે છે તે જીવ આત્માનો ધ્યાતા છે.

૩૩. આ પ્રમાણે જાણીને જે વિશુદ્ધ આત્મા ઉત્કૃષ્ટ આત્માને ધ્યાવે છે તે અનુપમ અપાર અતીન્દ્રિય (અનંતચતુષ્ટયાત્મક) સુખને પામે છે.

**જુઓ, આ સિદ્ધપદના હેતુભૂત ભાવના ચાલે છે.**
**આ ભાવનાથી મોક્ષસુખ પમાય છે.**

૩૪. હું પરપદાર્થોનો નથી અને પરપદાર્થો મારાં નથી, આ જગતમાં મારું કોઈ પણ નથી,–આ પ્રમાણે જે ભાવના ભાવે છે તે સંપૂર્ણ કલ્યાણને પામે છે.

૩૫. આ ઊર્ધ્વ–અધો કે મધ્ય ત્રણલોકમાં કોઈપણ પરપદાર્થ મારો નથી, આ જગતમાં કંઈપણ મારું નથી–આવી ભાવનાથી યુક્તજીવ અક્ષયસુખને પામે છે.

૩૬. જે જીવ મદ–મન–માયાથી રહિત તેમ જ લોભથી રહિત અને નિર્મળ સ્વભાવથી યુક્ત થાય છે તે અક્ષયસ્થાનને પામે છે.

૩૭. દેહાદિકમાં જેને પરમાણુમાત્ર પણ મૂર્છા છે તે જીવ, ભલે સર્વ આગમનો ધારી હોય તોપણ સ્વકીય–સમયને તે જાણતો નથી.

૩૮. માટે મોક્ષના અભિલાષી જીવોએ દેહમાં જરાપણ રાગ ન કરવો; દેહથી ભિન્ન ઇન્દ્રિયાતીત આત્માનું ધ્યાન કરવું.

૩૯. દેહમાં સ્થિત, દેહથી જરાક ન્યૂન, દેહથી રહિત, શુદ્ધ, દેહાકાર અને ઇન્દ્રિયાતીત આત્મા ધ્યાતવ્ય છે.

૪૦. જેના ધ્યાનમાં જ્ઞાન વડે નિજાત્મા જો નથી ભાસતો તો તેને ધ્યાન નથી, પરંતુ પ્રમાદ અથવા મોહમૂર્છા જ છે–એમ જાણવું.

૪૧. મીણથી રહિત બીબાના અંદરના આકાશ જેવા આકારવાળા, રત્નત્રયાદિ ગુણોથી યુક્ત, અવિનશ્વર અને જીવઘનદેશરૂપ એવા નિજાત્માનું ધ્યાન કરવું જોઈએ.

૪૨. જે સાધુ નિત્ય ઉદ્યોગશીલ (ઉપયુક્ત) થઈને આ આત્મભાવનાનું આચરણ કરે છે તે અલ્પકાળમાં જ સર્વદુઃખથી મુક્ત થાય છે.

૪૩. કર્મ–નોકર્મમાં 'આ હું છું' અને હું–આત્મા કર્મ–નોકર્મરૂપ છું–આ પ્રકારની બુદ્ધિ વડે પ્રાણી ઘોર સંસારમાં ઘૂમે છે.

૪૪. જે મોહકર્મનો ક્ષય કરીને, તથા વિષયોથી વિરક્ત થઈને અને મનને રોકીને સ્વભાવમાં સમવસ્થિત થાય છે તે જીવ કર્મબંધનરૂપ સાંકળથી છૂટી જાય છે.

૪૫. જે પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ અને પ્રદેશબંધથી રહિત આત્મા છે તે જ હું છું–એમ ચિન્તન કરવું જોઈએ તથા તેમાં જ સ્થિરભાવ કરવો જોઈએ.

૪૬. જે કેવળજ્ઞાનસ્વભાવી છે, કેવળદર્શનસ્વભાવી છે, સુખમય છે અને કેવળવીર્યસ્વભાવી છે–તે હું છું–એમ જ્ઞાની ચિન્તવે છે.

૪૭. જે જીવ સર્વસંગથી રહિત થઈને પોતાના આત્માને આત્મા દ્વારા ધ્યાવે છે તે અલ્પકાળમાં સર્વદુઃખથી છૂટકારો પામે છે.

૪૮. જે ભયાનક સંસારરૂપી મહાસમુદ્રમાંથી નીકળવા ઈચ્છે તે આ પ્રમાણે જાણીને શુદ્ધઆત્માનું ધ્યાન કરે છે.

૪૯. પ્રતિક્રમણ, પ્રતિસરણ, પ્રતિહરણ, ધારણા, નિવૃત્તિ, નિન્દન, ગર્હણ અને શુદ્ધિ–એ બધાયની પ્રાપ્તિ નિજઆત્મભાવના વડે થાય છે.

૫૦. દર્શનમોહગ્રંથિને નષ્ટ કરીને જો શ્રમણ રાગ-દ્વેષનો ક્ષય કરતો થકો સુખ–દુઃખમાં સમભાવી થાય છે તો અક્ષય સુખને પ્રાપ્ત કરે છે.

૫૧. દેહ અને ધનમાં આ 'હું' અને 'આ મારું' એવા મમત્વને જે છોડતો નથી તે મૂર્ખ–અજ્ઞાની જીવ દુષ્ટ–અષ્ટકર્મોથી બંધાય છે.

૫૨. પુણ્યથી વિભવ, વિભવથી મદ, મદથી મતિમોહ અને મતિમોહથી પાપ થાય છે,–માટે પુણ્યને પણ છોડવાં જોઈએ.

૫૩. જે પરમાર્થથી બાહ્ય છે તે જીવ સંસારગમનના અને મોક્ષના હેતુને નહિ જાણતો થકો અજ્ઞાનથી પુણ્યની ઈચ્છા કરે છે.

૫૪. પુણ્ય અને પાપમાં કોઈ ભેદ નથી–આમ જે નથી માનતો તે મોહથી યુક્ત થયો થકો ઘોર અને અપાર સંસારમાં ભમે છે.

૫૫. મિથ્યાત્વ, અજ્ઞાન, પાપ અને પુણ્ય,–તેમનો ત્રણે પ્રકારે ત્યાગ કરીને યોગીઓએ નિશ્ચયથી શુદ્ધઆત્માનું ધ્યાન કરવું જોઈએ.

૫૬. જીવ પરિણામસ્વભાવરૂપ છે, તે જ્યારે શુભ અથવા અશુભ પરિણામરૂપે પરિણમે છે ત્યારે શુભ અથવા અશુભ થાય છે, અને જ્યારે શુદ્ધપરિણામરૂપે પરિણમે છે ત્યારે શુદ્ધ થાય છે.

૫૭. ધર્મરૂપે પરિણમેલો આત્મા જો શુદ્ધ ઉપયોગયુક્ત હોય તો નિર્વાણસુખને પામે છે. અને જો શુભોપયોગથી યુક્ત હોય તો સ્વર્ગસુખને પામે છે.

૫૮. અશુભોદયથી આત્મા કુમનુષ્ય, તિર્યંચ અથવા નારકી થઈને સદા હજારો દુ:ખોથી પીડિત થયો થકો સંસારમાં અત્યંત ભમે છે.

૫૯. શુદ્ધોપયોગથી પ્રસિદ્ધ એવા અરિહંતો તથા સિદ્ધોને અતિશય, આત્માથી જ સમુત્પન્ન, વિષયાતીત, અનુપમ, અનંત અને વિચ્છેદ-રહિત સુખ હોય છે.

૬૦. રાગાદિ સંગથી મુક્ત એવા મુનિ, અનેક ભવોમાં સંચિત કરેલા કર્મોરૂપી ઈંધનસમૂહને શુક્લધ્યાન નામના ધ્યાન વડે શીઘ્ર ભસ્મ કરે છે.

૬૧. હૃદયમાં જ્યાં સુધી આત્મસ્વભાવલબ્ધિ પ્રકાશમાન નથી થતી ત્યાં સુધી જ જીવ શુભ–અશુભજનક એવા સંકલ્પ-વિકલ્પરૂપ કર્મને કરે છે.

૬૨. બંધોના સ્વભાવને તેમ જ આત્માના સ્વભાવને જાણીને, જે બંધોમાં અનુરક્ત નથી થતો તે જીવ કર્મોથી છૂટકારો કરે છે.

૬૩. જ્યાં સુધી આત્મા અને આસ્રવ એ બંનેના વિશેષ–અંતરને નથી જાણતો ત્યાં સુધી તે અજ્ઞાની જીવ વિષયાદિમાં પ્રવૃત્ત રહે છે.

૬૪. જ્ઞાની જીવ અનેક પ્રકારના પુદ્ગલદ્રવ્યને જાણતો હોવા છતાં પરદ્રવ્યપર્યાયપણે તે પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી, અને તે–રૂપે ઊપજતો નથી.

૬૫. જે વિમૂઢમતિ પરદ્રવ્યને શુભ અથવા અશુભ માને છે તે મૂઢ અજ્ઞાની જીવ દુષ્ટ-અષ્ટકર્મોથી બંધાય છે.

—આ પ્રમાણે ભાવના સમાપ્ત થઈ.

સિદ્ધપદના હેતુભૂત એવી આ ઉત્તમ શુદ્ધાત્મભાવના
ભાવવાથી મુમુક્ષુજીવ સિદ્ધપદને પામે છે.

**णमो सिद्धाणं** ॥

# ભાઈ–બહેનની ચર્ચા

એક જૈન સદ્‌ગૃહસ્થના ઘરમાં સૌ ઉત્તમ સંસ્કારી હતા; તેમાં આનંદકુમાર–ભાઈ અને ધર્મવતી–બેન, તેઓ બહારની વિકથા કે સિનેમા વગેરેમાં રસ લેવાને બદલે, દરરોજ રાત્રે તત્ત્વચર્ચા કરતાં, તેમ જ મહાપુરુષોની ધર્મકથા કરીને આનંદ મેળવતા. તે ભાઈ–બહેન કેવી મજાની ચર્ચા કરતાં હતાં તેનો નમૂનો અહીં આપ્યો છે. તમે પણ તમારા ભાઈ–બહેન સાથે ધર્મચર્ચા કરતા જ હશો! ન કરતા હો તો હવે જરૂર કરજો, તેથી તમારા જીવનમાં ઘણા ઉત્તમ સંસ્કાર પડશે.

ધર્મવતીબેન કહે : ભાઈ, અનંતકાળે આપણને આ મનુષ્ય અવતાર મળ્યો; તો હવે આ જીવનમાં શું કરવા જેવું છે?

આનંદકુમારભાઈ : બહેન, મનુષ્યજીવનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરવા જેવી છે.

બેન : હેં ભાઈ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની આરાધના કેવી રીતે થાય?

ભાઈ : બેન! એ રત્નત્રયના આરાધક તો મુનિવરો છે; તેઓ ચૈતન્યસ્વરૂપમાં લીનતા વડે રત્નત્રયને આરાધે છે.

બેન : ભાઈ! રત્નત્રયના 'મુખ્ય' આરાધક મુનિવરો છે, તો શું ગૃહસ્થોને પણ રત્નત્રયની આરાધના હોઈ શકે?

ભાઈ : હા બેન! એક અંશરૂપે રત્નત્રયની આરાધના ગૃહસ્થોને પણ હોઈ શકે છે.

બેન : આપણા જેવા નાના બાળક પણ શું રત્નત્રયની આરાધના કરી શકે?

ભાઈ : હા જરૂર કરી શકે; પણ તે રત્નત્રયનું મૂળ બીજ સમ્યગ્દર્શન છે; પહેલાં તેની આરાધના કરવી જોઈએ.

બેન : અહા! સમ્યગ્દર્શનનો તો અપાર મહિમા સાંભળ્યો છે. ભાઈ, તે સમ્યગ્દર્શનની આરાધના કેવી રીતે થાય?

ભાઈ : આત્માની ખરેખરી લગનીપૂર્વક, જ્ઞાની–સંતો પાસે તેની સમજણ કરવી જોઈએ, અને પછી અંતર્મુખ થઈને તેનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

બેન : આવું સમ્યગ્દર્શન થતાં આત્માનો કેવો અનુભવ થાય?

ભાઈ : અહા, એનું શું વર્ણન કરવું! સિદ્ધ ભગવાન જેવો વચનાતીત આનંદ ત્યાં અનુભવાય છે.

બેન : હેં ભાઈ! મોક્ષશાસ્ત્રમાં કહ્યું છે કે **'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्'** તે વ્યવહારશ્રદ્ધા છે કે નિશ્ચય?

ભાઈ : તે નિશ્ચયશ્રદ્ધા છે; કેમ કે ત્યાં મોક્ષમાર્ગ બતાવવો છે; અને ખરો મોક્ષમાર્ગ તો નિશ્ચય રત્નત્રય જ છે.

બેન : તત્ત્વો કેટલાં છે?

ભાઈ : તત્ત્વો નવ છે; અને તે નવ તત્ત્વોની શ્રદ્ધા થવી તે સમ્યગ્દર્શન છે.

બેન : તે નવ તત્ત્વોનાં નામ કહો જોઈએ!

ભાઈ : જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ–એ નવ તત્ત્વો છે.

બેન : આ નવ તત્ત્વોમાં ઉપાદેય તત્ત્વો ક્યાં ક્યાં છે?

ભાઈ : નવ તત્ત્વોમાંથી શુદ્ધ જીવતત્ત્વ ઉપાદેય છે; તથા સંવર નિર્જરા એક અંશે ઉપાદેય છે, ને મોક્ષતત્ત્વ ઉપાદેય છે.

બેન : બાકી ક્યાં ક્યાં તત્ત્વો રહ્યાં?

ભાઈ : બાકી અજીવ તે જ્ઞેય છે. પુણ્ય, પાપ, આસ્રવ ને બંધ, એ ચાર તત્ત્વો હેય છે.

બેન : વાહ! આજે સમ્યગ્દર્શનની હેય-જ્ઞેય-ઉપાદેય તત્ત્વની ઘણી સરસ ચર્ચા થઈ; આના ઉપર ઊંડો વિચાર કરીને આપણે સમ્યગ્દર્શનનો પ્રયત્ન કરવા જેવો છે.

ભાઈ : હા. બેન! સૌએ એ જ કરવા જેવું છે. જીવનમાં તું એ જ પ્રયત્ન કરજે; એનાથી જ જીવનની સફળતા છે.

સહજ ચિદાનંદ.

અહો મોક્ષપુરીમાં બિરાજમાન અતીન્દ્રિયજ્ઞાન-આનંદસ્વરૂપ સિદ્ધ ભગવંતો, તેમને જ્ઞાનદૃષ્ટિ વડે દેખીને મોક્ષના સાધક જીવો નમસ્કાર કરે છે. પોતાના આત્મામાં એવો સ્વભાવ છે તેને તો સ્વાનુભૂતિ વડે દેખે છે; અને અનુભૂતિ સહિતના જ્ઞાન વડે સિદ્ધભગવાનનું સ્વરૂપ પણ ઓળખે છે.

# સ્વભાવ-અવલંબી જ્ઞાનની અગાધ તાકાત

મારો આત્મા સર્વજ્ઞસ્વભાવી વસ્તુ છે–એવો નિર્ણય કરીને જેણે અંતર્મુખ જ્ઞાનમાં પોતાના આત્માને સ્વજ્ઞેય બનાવ્યો તે સાધકજીવની રાગથી જુદી પડેલી જ્ઞાનપર્યાયમાં કેટલું અગાધ સામર્થ્ય છે! કેટલી અગાધ શાંતિ છે! તેને ઓળખતાં પણ આત્મામાં સાધકભાવની ધારા ઉલ્લસી જાય!—એવું સુંદર વર્ણન આપ આ લેખમાં વાંચશો.

સાધકની વર્તમાન પર્યાયમાં ત્રણકાળના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાની તાકાત છે. ધર્મીને જેમ પોતાની વર્તમાન–પર્યાયની તાકાતનો વિશ્વાસ છે, તેમ ભવિષ્યની પર્યાયની તાકાતનો પણ વિશ્વાસ છે...એટલે ભવિષ્યને માટે અત્યારે ધારણા કરી લઉં–એમ ધારણા ઉપર તેનું જોર જાતું નથી. ભવિષ્યમાં મારી જે પર્યાય થશે ત્યારે તે પર્યાય પોતાના તે વખતના વિકાસના બળે ભૂત-ભવિષ્યને જાણી જ લેશે. એટલે ભવિષ્યની પર્યાય માટે અત્યારે ધારણા કરી લઉં કે બહારનો ક્ષયોપશમ વધારી લઉં, એમ ધર્મીનું લક્ષ નથી; તે–તે વખતની ભવિષ્યની પર્યાય મારા અતીન્દ્રિયસ્વભાવના અવલંબનના બળે જાણવાનું કાર્ય કરશે. અહો, આત્માની અનુભૂતિમાં જ્ઞાન એકાગ્ર થયું ત્યાં ધર્મીને બીજું કાંઈ જાણવાની આકુળતા નથી. જ્યાં જ્ઞાયકસ્વભાવ આખોય અનુભૂતિમાં સાક્ષાત્ વર્તે છે ત્યાં થોડા થોડા પરજ્ઞેયોને જાણવાની આકુળતા કોણ કરે? એ વાત પ્રવચનસારની ૩૩મી ગાથામાં કરી છે.–“વિશેષ આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ; સ્વરૂપ–નિશ્ચળ જ રહીએ છીએ.”

સ્વભાવને અવલંબીને જે જ્ઞાન કામ કરે તેની મહત્તા પાસે શાસ્ત્રના અવલંબનરૂપ ધારણાની મહત્તા રહેતી નથી. જેને બીજા

જાણપણામાં મહત્તા ભાસે છે તે જીવ નિજસ્વભાવને જાણવા તરફનું જોર ક્યાંથી લાવશે? એને મહત્તા તો બહારના જાણપણામાં વર્તે છે. ભાઈ! વર્તમાન જ્ઞાન અંદર જ્ઞાનસ્વભાવમાં ઊતરી જાય તેની ખરી કિંમત છે; તે પર્યાયમાં અનંત ચમત્કારિક તાકાત છે...તે રાગથી સર્વથા જુદી પડીને ચૈતન્યના અનંતગુણની ગૂફામાં ઘૂસી ગઈ છે. તે પર્યાય વર્તમાન પોતાની અગાધ તાકાતને જાણે છે, તેમ જ ભવિષ્યની તે–તે પર્યાયમાં સ્વભાવના અવલંબને જે અગાધ તાકાત છે તેનો પણ વિશ્વાસ અત્યારે તેને આવી ગયો છે. ભલે અમુક ક્ષેત્રમાં ને અમુક સમયમાં કેવળજ્ઞાનાદિ થશે–એમ જુદું પાડીને તે ન જાણે, પણ સ્વભાવના અવલંબને તેને પ્રતીત થઈ ગઈ છે કે જેમ અત્યારે મારી સ્વસન્મુખ પર્યાય રાગથી જુદી રહીને અતીન્દ્રિયસ્વભાવના અવલંબને મહાન આનંદમય કામ કરી રહી છે તેમ ભવિષ્યમાં પણ મારી પર્યાયો મારા અતીન્દ્રિયસ્વભાવને જ અવલંબીને અચિંત્ય–ચમત્કારિક તાકાતથી કેવળજ્ઞાનાદિ કાર્ય કરશે, આવા સ્વભાવનું અવલંબન મને વર્તે જ છે પછી ‘વધારે જાણું’ એવી આકુળતાનું શું કામ છે? સર્વને જાણવાના સામર્થ્યવાળો જે સર્વજ્ઞસ્વભાવ, તેનું જ અવલંબન લઈને પર્યાય જ્ઞાનરૂપે પરિણમી રહી છે, ત્યાં લોકાલોકને જાણવાની આકુળતા રહેતી નથી; સ્વસન્મુખી જ્ઞાનમાં પરમ ધીરજ છે, આનંદની લીલાલહેર છે.

ઘણા અંગ–પૂર્વ જાણી લઉં તો મને આનંદ વધારે થાય એમ વિશેષ જાણવા ઉપર જ્ઞાનીનું જોર નથી, પરંતુ મારો જે જ્ઞાનસ્વભાવ છે–તેમાં ઠરું તેટલી મને શાંતિ છે. અહો, જ્ઞાન તે કાંઈ આકુળતા કરે?–ના; જ્ઞાન તો નિર્વિકલ્પ થઈને અંદર ઠરે.

અંતરમાં સ્વસંવેદન જ્ઞાન ખીલ્યું ત્યાં પોતાને તેનું વેદન થયું. પછી તેને બીજા જાણે કે ન જાણે–તેની કાંઈ જ્ઞાનીને અપેક્ષા નથી. જેમ સુગંધી–ફૂલ ખીલે છે તેની સુગંધ બીજા કોઈ લ્યે કે ન લ્યે તેની અપેક્ષા ફૂલને નથી, તે તો પોતે પોતામાં જ સુગંધથી ખીલ્યું છે; તેમ ધર્માત્માને પોતાનું આનંદમય સ્વસંવેદન થયું છે તે કોઈ બીજાને દેખાડવા માટે નથી;

બીજા જાણે તો પોતાને શાંતિ થાય–એવું કાંઈ ધર્મીને નથી; એ તો અંદર એકલો–એકલો પોતાના એકત્વમાં આનંદરૂપે પરિણમી જ રહ્યો છે.

બૌદ્ધો આત્માને સર્વથા ક્ષણિક (વર્તમાન પર્યાય જેટલો જ) માનનારા ક્ષણિકવાદી કહેવાય છે, પરંતુ ખરેખર તો, દ્રવ્યસ્વભાવની તાકાતને જાણ્યા વગર તેની એક પર્યાયનું પણ સાચું જ્ઞાન થતું નથી, કેમ કે એક શુદ્ધ પર્યાયમાં પણ એટલી તાકાત છે કે અનાદિ અનંત દ્રવ્યને, તેના અનંતગુણોને તેમ જ ત્રણેકાળની પર્યાયને જાણી લ્યે. હવે એક પર્યાયની આટલી તાકાતનો સ્વીકાર કરવા જાય તેમાં તો ત્રિકાળી દ્રવ્ય-ગુણ-પર્યાયનો પણ સ્વીકાર આવી જ જાય છે. એના વગર શુદ્ધ પર્યાયની તાકાતનો પણ સ્વીકાર થતો નથી.

અરે, જ્ઞાનીની જ્ઞાનપર્યાયમાં પણ કેટલી અગાધ તાકાત છે! તેની જગતને ખબર નથી. પર્યાયની અગાધ તાકાતનો નિર્ણય કરવા જાય તો ત્યાં પણ જ્ઞાન રાગથી છૂટું પડીને અંદર સ્વભાવમાં ઘૂસી જાય. પર્યાયે–પર્યાયે જ્ઞાનીનું જ્ઞાન રાગથી છૂટું જ કાર્ય કરે છે.

અહા, ત્રણકાળને વર્તમાનમાં જાણી લ્યે–આવી જ્ઞાનપર્યાયની તાકાત જેના વિશ્વાસમાં આવી ગઈ, તેને બહારનું જાણપણું વધારવાની આકુળતા રહેતી નથી; તેની જ્ઞાનપર્યાય રાગથી છૂટી પડીને, અખંડ જ્ઞાનસ્વભાવના આશ્રયે કામ કરે છે, ને એ જ રીતે ભવિષ્યમાં પણ તે–તે કાળની પર્યાયમાં સ્વભાવના આશ્રયે ત્રણકાળને જાણવાની તાકાત ખીલશે, તેનો ભરોસો અત્યારે સ્વસન્મુખ થયેલી વર્તમાન પર્યાયમાં આવી ગયો છે, તેથી ઘણી જ નિરાકુળતા થઈ ગઈ છે.

ત્રિકાળી દ્રવ્ય-ગુણ તથા ત્રણકાળની પર્યાયો–તે બધા જ્ઞેયોને સ્વીકાર્યા વગર, તે જ્ઞેયોને જાણવાના સામર્થ્યવાળી જ્ઞાનપર્યાયનો પણ સ્વીકાર થઈ શકે નહિ; એટલે જ્ઞાનની એક શુદ્ધ પર્યાયનો પણ જો ખરો સ્વીકાર કરવા જાય તો તે પર્યાયના જ્ઞેયરૂપ સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયનો પણ સ્વીકાર થઈ જાય છે. દ્રવ્યના અસ્વીકારપૂર્વક અનિત્યપર્યાયનું પણ સાચું જ્ઞાન થઈ શકતું નથી.

અરે ભાઈ, તારી એક પર્યાયની પૂરી તાકાતનો સ્વીકાર કર તો તેના અપાર સામર્થ્યમાં ત્રણકાળની સમસ્ત પર્યાયો અને દ્રવ્યગુણો જ્ઞેયપણે સમાયેલા છે,–તેનો સ્વીકાર કરનારું જ્ઞાન રાગથી છૂટું પડીને કામ કરે છે. પછી પરસન્મુખી જ્ઞાનના જાણપણાને વધારવાનો મહિમા તેને રહેતો નથી. એનું જ્ઞાન તો સ્વસન્મુખ એકાગ્ર થઈને પોતાનું કામ કરે છે, ને આનંદનું વેદન કરતું–કરતું મોક્ષને સાધે છે.

એક વર્તમાન પર્યાય ત્રણકાળને જાણે તેથી કાંઈ તેને ઉપાધિ લાગી જતી નથી, કે તેમાં અશુદ્ધતા થઈ જતી નથી. તેમ જ આત્મા ત્રિકાળ ટકે તેથી કાંઈ તેને કાળની ઉપાધિ કે અશુદ્ધતા થઈ જતી નથી, નિત્યપણું તો સહજ સ્વભાવ છે. જેમ અનિત્યપણું છે તેમ નિત્યપણું પણ છે–એ બંને સ્વભાવવાળો આત્મા છે.

વર્તમાનમાં જે આત્મા છે તે ભૂતકાળમાં હતો ને તે ભવિષ્યકાળમાં રહેશે–એમ વસ્તુસ્વરૂપ છે. ત્રણેકાળને સ્પર્શનારી વસ્તુ છે તેને કાંઈ ત્રિકાળી ટકવામાં બોજો કે અશુદ્ધતા નથી. આવા દ્રવ્યસ્વભાવના સ્વીકારપૂર્વક તેમાં એકાગ્ર થઈને અતીન્દ્રિયભાવરૂપે પરિણમેલી પર્યાય રાગથી જુદું કાર્ય કરે છે; અને તે જ સ્વભાવના આશ્રયે કેવળજ્ઞાન થાય ત્યારે તે પર્યાય એકેક સમયને જુદો પાડીને પકડી શકે. એક સમયને પકડવાનું કામ છદ્મસ્થનો સ્થૂળ ઉપયોગ કરી શકે નહીં, તેનો ઉપયોગ અસંખ્યસમયે કાર્ય કરે એવો સ્થૂળ છે. બૌદ્ધ જેવા ભાવે આત્માને સર્વથા ક્ષણિક એક સમયનો જ માને, પરંતુ તેનું જ્ઞાન કાંઈ એકેક સમયની પર્યાયને પકડી શકતું નથી, તે પણ અસંખ્યસમયની સ્થૂળ પર્યાયને જ જાણી શકે છે.

દ્રવ્ય શું? પર્યાય શું? પર્યાયની તાકાત કેટલી?—તે એક્કેય વાતનો નિર્ણય અજ્ઞાનીને હોતો નથી. તે ગમે તે પ્રકારે અંધાધુંધ આંધળાની જેમ માની લ્યે છે. અરે, દ્રવ્ય-ગુણ-પર્યાય એમાંથી એકપણ વસ્તુનો સાચો નિર્ણય કરવા જાય તો તે જ્ઞાનમાં સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયનો, ત્રણકાળ-ત્રણલોકનો નિર્ણય સમાઈ જાય, ને તે જ્ઞાન રાગથી જુદું પડીને અંદરના સ્વભાવ તરફ વળી જાય; તેમાં તો અનંતગુણોના સુખનો રસ ભર્યો છે. અહા, ધર્મીની

એક જ્ઞાનપર્યાયમાં કેવી અચિંત્ય તાકાત ભરી છે ને તેમાં કેવો અદ્‌ભુત આત્મવૈભવ પ્રગટ્યો છે, તેની જગતને ખબર નથી. જગતને તો ખબર પડે કે ન પડે પણ તે જ્ઞાની પોતે પોતામાં તો પોતાના ચમત્કારિક વૈભવને અનુભવી જ રહ્યા છે.

હે ભાઈ! તારી વર્તમાનપર્યાયમાં આનંદ તો છે નહિ; ને જો તું આ પર્યાય જેટલો જ ક્ષણિક આત્મા માનીશ તો આનંદ લાવીશ ક્યાંથી? આત્માને સર્વથા ક્ષણિક માનતાં તને કદી આનંદ થશે નહિ. નિત્યસ્વભાવ જે આનંદથી સદા ભરેલો છે, તેની સન્મુખ થઈને પરિણમતાં અનિત્ય એવી પર્યાયમાં પણ તને આનંદરૂપી અમૃતના ધોધ વહેશે. નિત્ય–અનિત્યરૂપ સંપૂર્ણ વસ્તુના સ્વીકાર વગર આનંદનો અનુભવ થઈ શકે નહિ. નિત્યઅંશ અને અનિત્યઅંશ–બંને સ્વભાવની એકતારૂપ અખંડ વસ્તુસ્વભાવ છે, તે અનેકાન્તમય વસ્તુસ્વરૂપને પ્રકાશનાર જૈનશાસન જયવંત છે.

સહજ ચિદાનંદ.

ચૈતન્યરત્ન જ સાર છે શ્રુત-સમુદ્ર મોઝાર,
આરાધન એનું કરી શીઘ્ર લહો ભવપાર.

# તત્ત્વચર્ચા

૧. પ્ર :–આત્માને જાણવાનું તત્કાળ ફળ શું?

ઉ :–આત્માના અતીન્દ્રિય આનંદનું વેદન થાય તે.

૨. પ્ર :–ખરું જ્ઞાન કોને કહેવાય?

ઉ :–જ્ઞાનસ્વરૂપ આત્માને જ્ઞેય બનાવે તે જ સાચું જ્ઞાન છે.

૩. પ્ર :–એક જીવની સાધકપર્યાયો કેટલી? ને સિદ્ધપર્યાયો કેટલી?

ઉ :–એક જીવની સાધકપર્યાયો બધી થઈને અસંખ્ય હોય છે, સિદ્ધપર્યાયો અનંત હોય છે. (સાધકપર્યાયો સાદિ–સાંત છે; સિદ્ધપર્યાયો સાદિ–અનંત છે.)

૪. પ્ર :–સાધક જીવો કેટલા? સિદ્ધ જીવો કેટલા?

ઉ :–સાધકજીવો જગતમાં એક સાથે અસંખ્યાતા હોય છે; સિદ્ધજીવો અનંતા છે.

૫. પ્ર : મોક્ષને સાધવા માટે ઉલ્લસીત વીર્ય ક્યારે થાય?

ઉ :–સ્વતત્ત્વનો પરમ અગાધ ગંભીર મહિમા જાણે ત્યારે તે તરફ વીર્ય ઉલ્લસે; સ્વભાવનો મહિમા ઓળખતાં ઉપયોગ તે સ્વભાવસન્મુખ વળે એટલે વીરતા પ્રગટે ને મોક્ષને સાધવા માટે વીર્ય ઉલ્લસે.

૬. પ્ર :–આત્માનો અનુભવ કરનાર શું ગ્રહે છે? શું છોડે છે?

ઉ :–આત્માને અનુભવ કરનાર ચૈતન્યથી ભિન્ન સમસ્ત પરભાવોને છોડે છે ને ચૈતન્યમાત્ર નિજ સ્વભાવને ગ્રહણ કરે છે.

૭. પ્ર :–ધન્ય કોણ છે?

ઉ :–સર્વજ્ઞસ્વભાવી આત્માને જેણે જાણ્યો છે એવા જ્ઞાનીભગવંતો ધન્ય છે. કુંદકુંદસ્વામી પણ એવા જીવોને ધન્યવાદ આપતાં કહે છે કે–

તે ધન્ય છે કૃતકૃત્ય છે શૂર–વીર ને પંડિત છે;
–સમ્યક્ત્વ–સિદ્ધિકર અહો! સ્વપ્નેય નહિ દુષિત છે.

૮. પ્ર :–કેવળી ભગવાનના ગુણોની સ્તુતિ કઈ રીતે થાય?

ઉ :–આત્માના જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા વડે મોહને જીતવાથી કેવળી ભગવાનની સાચી સ્તુતિ થાય છે. અતીન્દ્રિયજ્ઞાનરૂપ થયેલા સર્વજ્ઞની સ્તુતિ અતીન્દ્રિય જ્ઞાન વડે જ થઈ શકે, ઈન્દ્રિયો વડે કે રાગ વડે થઈ શકે નહિ.

૯. પ્ર :–ગૃહસ્થ સમ્યગ્દ્રષ્ટિનો આત્મા ખરેખર શેમાં વસે છે?

ઉ :–સ્વઘર એવું જે પોતાનું શુદ્ધચૈતન્યતત્ત્વ તેના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ ખરેખર ધર્મી વસે છે; રાગમાં કે પરમાં પોતાનો વાસ તે માનતા નથી, તેને તે પરઘર સમજે છે.

૧૦. પ્ર :–ગૃહસ્થાશ્રમમાં રહેલા જીવને આત્માનો અનુભવ ને ધ્યાન હોય?

ઉ :–હાં; ધર્મીને ગૃહસ્થપણામાં પણ આત્માનો અનુભવ અને ધ્યાન હોય છે, એના વગર સમ્યગ્દર્શન જ સંભવે નહિ. ગૃહસ્થને પાંચ ગુણસ્થાન કહ્યાં છે, તેમાં ચોથા ગુણસ્થાનથી જ આત્મઅનુભવ થાય છે; ત્યારથી જીવ સાચો જૈનધર્મી થાય છે; ને પછી વ્રતી થઈને પંચમ ગુણસ્થાનની શુદ્ધતા પ્રગટ કરતાં તેને શ્રાવકધર્મી કહેવાય છે. મુનિદશા તો તેનાથી પણ ઉંચી છે. સમ્યગ્દર્શન તથા આત્મઅનુભવ વગર આવી કોઈ દશા હોતી નથી.

# ધર્મીને સમ્યક્ત્વધારા નિરંતર ચાલુ છે

સૌથી પહેલાં જ્યારે આત્માનુભવ સહિત સમ્યગ્દર્શન પ્રગટે ત્યારે તો નિર્વિકલ્પદશા જ હોય છે, જ્ઞાનનો ઉપયોગ અંતરમાં થંભી ગયો હોય છે. પણ એવી નિર્વિકલ્પદશા લાંબોકાળ ટકતી નથી, એટલે સવિકલ્પદશા આવે છે. આ રીતે સમ્યગ્દષ્ટિના પરિણામ નિર્વિકલ્પ અને સવિકલ્પ એમ બંને દશારૂપ થઈને પ્રવર્તે છે. ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ અનુભવ ન થાય–એવું નથી; તેમ જ સમ્યગ્દર્શન પછી વિકલ્પ અને રાગ ન જ હોય–એમ પણ નથી. સમ્યગ્દષ્ટિ-ગૃહસ્થને પણ કોઈ કોઈવાર નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે. તેમ જ ચોથા-પાંચમા ગુણસ્થાને તેને ભૂમિકાઅનુસાર વિષય-કષાયાદિના અશુભ તથા પૂજા–દાન–શાસ્ત્રસ્વાધ્યાય–ધર્માત્માની સેવા–સાધર્મીનો પ્રેમ, તીર્થયાત્રા વગેરેના ઊંચા શુભપરિણામ આવે છે. એના અશુભપરિણામ ઘણા મંદ પડી ગયા હોય છે, વિષયકષાયોનો પ્રેમ અંતરમાંથી ઊડી ગયો હોય છે, અશુભ વખતેય નરકાદિ હલકી ગતિનાં આયુષનું બંધન તો તેને થતું જ નથી. દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઉત્સાહ–ભક્તિ, શાસ્ત્ર પ્રત્યે ભક્તિ, તેનો અભ્યાસ વગેરે શુભપરિણામ વિશેષપણે હોય છે, પરંતુ એનું અંતર તો એ શુભથીયે ઉદાસ છે. એના અંતરમાં તો એક શુદ્ધ આત્મા જ વસ્યો છે.

જ્ઞાનની સાથે વિકલ્પ વર્તે છે એટલે એમ કહ્યું કે જ્ઞાન સવિકલ્પરૂપ થઈને વર્તે છે; પરંતુ ખરેખર કાંઈ જ્ઞાન પોતે વિકલ્પરૂપ થતું નથી. જ્ઞાન તો જ્ઞાનરૂપે જ વર્તે છે, વિકલ્પથી જુદું જ વર્તે છે. જ્ઞાન અને વિકલ્પ એ બંનેનું ભેદજ્ઞાન ધર્મીને સવિકલ્પદશા વખતેય વર્તી રહ્યું છે. પણ એ ભૂમિકામાં પરિણામની સ્થિતિ કેવી હોય તે અહીં બતાવવું છે. વિષયકષાયના જરા પણ ભાવ હોય ત્યાં સમ્યગ્જ્ઞાન હોય જ નહીં, અથવા વિષયકષાયના પરિણામ સર્વથા છૂટીને વીતરાગ થાય ત્યારે જ સમ્યગ્જ્ઞાન થાય—એમ કોઈ કહે તો તે વાત બરાબર નથી. હા, એટલું ખરું કે એને વિષયકષાયનો રસ અંતરમાંથી સર્વથા છૂટી જાય, એમાં ક્યાંય અંશમાત્ર પણ આત્માનું હિત કે સુખ ન લાગે; એટલે એમાં

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સ્વચ્છંદે તો ન જ વર્તે. એ 'સદનનિવાસી તદપિ ઉદાસી' હોય છે.

આ રીતે ધર્મીને સમ્યગ્જ્ઞાન સાથે શુભ–અશુભ પરિણામ પણ વર્તતાં હોય છે પણ તેથી કાંઈ તેના સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન દૂષિત થઈ જતાં નથી; જ્ઞાનપરિણામ જુદાં છે ને શુભાશુભપરિણામ જુદાં છે, બંનેની ધારા જુદી છે. વિકલ્પ અને જ્ઞાનની ભિન્નતાનું ભાન વિકલ્પ વખતેય ખસતું નથી ઉપયોગ ભલે પરને જાણવામાં રોકાયો હોય તેથી કાંઈ શ્રદ્ધા કે જ્ઞાન મિથ્યા થઈ જતા નથી. આ રીતે ધર્મીને સવિકલ્પદશા વખતે પણ સમ્યક્ત્વની ધારા તો એવી ને એવી વર્તે જ છે, ને તેથી તેને મોક્ષને સાધવાનું કામ ચાલી જ રહ્યું છે.

જુઓ, આ સમ્યગ્દષ્ટિની અંદરની દશા! એ દશા તો અદ્ભુત છે. અહા, ધન્ય છે તે સાધર્મીઓને કે જેઓ આવા સ્વાનુભવની ચર્ચા પણ કરે છે. આત્માનો પ્રેમ જગાડીને પ્રીતિપૂર્વક આવા સમ્યક્ત્વાદિની વાત ઉત્સાહથી સાંભળે તે પણ મહાભાગ્યશાળી છે; અને આ વાત સમજીને અંદર સ્વાનુભૂતિ કરે તે તો અપૂર્વ કલ્યાણને પામીને અલ્પકાળમાં મોક્ષ પામે છે. આવા અધ્યાત્મરસિલા જીવો હંમેશાં વિરલા જ હોય છે. સમ્યગ્દષ્ટિના ભાવોની ઓળખાણ જગતને બહુ દુર્લભ છે.

અહીં, એ વાત સમજાવે છે કે શુભ–અશુભમાં ઉપયોગ વર્તતો હોય ત્યારે સમ્યક્ત્વનું અસ્તિત્વ કઈ રીતે હોય?–હે ભાઈ! સમકિત એ કાંઈ ઉપયોગ નથી, સમકિત એ તો પ્રતીતિ છે. શુભાશુભમાં ઉપયોગ વર્તતો હોય ત્યારે પણ શુદ્ધાત્માનું અંતરંગશ્રદ્ધાન તો ધર્મીને એવું ને એવું વર્તે છે; સ્વ-પરનું જે ભેદવિજ્ઞાન થયું છે તે તો તે વખતે પણ વર્તી જ રહ્યું છે. આ શુભ-અશુભ મારો સ્વભાવ નથી, હું તો શુદ્ધ ચૈતન્યભાવ જ છું–એવી નિશ્ચય અંતરંગશ્રદ્ધા ધર્મીને શુભ-અશુભ વખતેય ખસતી નથી. જેમ ગુમાસ્તો શેઠના કાર્યોમાં પ્રવર્તે છે, નફો–નુકશાન થતાં હર્ષ-વિષાદ પણ પામે છે, છતાં અંતરમાં ભાન છે કે નફા-નુકશાનનો સ્વામી હું નથી. જો શેઠની મિલકતને ખરેખર પોતાની માની લ્યે તો તે ચોર કહેવાય. તેમ ધર્માત્માનો ઉપયોગ શુભ-અશુભમાંય જાય છે, શુભ-અશુભરૂપે પરિણમે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

છે, તોપણ અંતરમાં તે જ વખતે તેને શ્રદ્ધાન છે કે આ કાર્ય મારાં નથી, તેનો સ્વામી હું નથી; શુદ્ધ ઉપયોગ વખતે જેવી પ્રતીત વર્તતી હતી, શુભ-અશુભ ઉપયોગ વખતે પણ એવી જ પ્રતીત શુદ્ધાત્માની વર્તે છે. એટલે તેને શુભ-અશુભ વખતેય સમ્યક્ત્વમાં બાધા આવતી નથી. જો પરભાવોને પોતાના ચેતનભાવ સાથે ભેળવે, કે દેહાદિ પરદ્રવ્યની ક્રિયાને પોતાની માને–તો તત્ત્વશ્રદ્ધાનમાં વિપરીતતા થાય એટલે મિથ્યાત્વ થાય.

વળી, નિર્વિકલ્પતા વખતે નિશ્ચયસમ્યક્ત્વ, ને સવિકલ્પતા વખતે વ્યવહારસમ્યક્ત્વ–એમ પણ નથી. ચોથા ગુણસ્થાને મિથ્યાત્વને નષ્ટ કરીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિપૂર્વક શુદ્ધાત્મપ્રતીતરૂપ જે સમ્યગ્દર્શન પ્રગટ્યું છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે; અને આ નિશ્ચય સમ્યગ્દર્શન સવિકલ્પ કે નિર્વિકલ્પ બંને દશા વખતે એકસરખું જ છે. સમ્યગ્દષ્ટિને જ્યારે સમ્યગ્દર્શન પ્રગટ્યું ત્યારે તો સ્વાનુભવ અને નિર્વિકલ્પતા થઈ પણ તે નિર્વિકલ્પ સ્વાનુભવમાં સદાકાળ રહી શકે નહિ; નિર્વિકલ્પદશા લાંબો કાળ ટકે નહિ; પછી સવિકલ્પદશામાં આવતાં શુભ કે અશુભમાં ઉપયોગ જોડાય. અને શુદ્ધાત્મ-પ્રતીત તો તે વખતેય ચાલુ જ રહે. આવી સમકિતી મહાત્માની સ્થિતિ છે.

ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ અનુભૂતિ તો ક્યારેક જ થાય છે, એટલે નિર્વિકલ્પતા કે સવિકલ્પતા ઉપરથી સમ્યક્ત્વનું માપ નીકળતું નથી. સમ્યગ્દષ્ટિની વિશેષતા એ છે કે સ્વાનુભૂતિમાં જે ચૈતન્યરસનું વેદન થયું, તે ચૈતન્યસ્વરૂપે જ પોતાના આત્મસ્વરૂપને પ્રતીતમાં લીધું છે; સવિકલ્પદશા વખતે પણ તે ચૈતન્યસ્વરૂપમાં શુભાશુભરાગને તેઓ ભેળવતા નથી, બંનેના સ્વાદ સર્વથા જુદા જ જાણે છે; અને સ્વાનુભૂતિના બળે અનંતાનુબંધી કષાયના અભાવથી જે અપૂર્વ શાંતિ પ્રગટી છે તે શાંતિ તેને નિરંતર ચાલુ રહે છે. એ શાંતિ વડે જ તેની સાચી ઓળખાણ થાય છે–

“શાંતદશા તિનકી પહિચાની,
કરે કરજોડ બનારસી વંદન.”

❁

# ધન્ય છે તેમને.... જેઓ સ્વાનુભવની ચર્ચા કરે છે

[મુમુક્ષુને ચૈતન્યસ્વભાવનો ઉલ્લાસ]

૨૦૦ વર્ષ પહેલાં પં. શ્રી ટોડરમલજી લખે છે કે અધ્યાત્મરસના રસિક જીવો બહુ જ થોડા હોય છે. જેઓ સ્વાનુભવની ચર્ચા કરે છે તેમને પણ ધન્ય છે! વાહ! જુઓ આ સ્વાનુભવના રસનો મહિમા! જેને વિકારનો રસ છૂટીને અધ્યાત્મનો રસ રુચ્યો તે જીવો ભાગ્યશાળી છે; **सिद्धसमान सदा पद मेरो** એવી અંતરદૃષ્ટિ અને એના સ્વાનુભવની ભાવના કરનારા જીવો ખરેખર ધન્ય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

**ચૈતન્યની પ્રીતિ થકી એની કથા જે સૂણતા,**
**તે ભવ્ય જીવ ચોક્કસ અહો, નિર્વાણ શીઘ્ર જ પામતા.**

અધ્યાત્મરસની પ્રીતિ કહો કે ચૈતન્યસ્વભાવની પ્રીતિ કહો, તેનો મહિમા અને ફળ બતાવતાં વનવાસી દિગંબર સંત શ્રી પદ્મનંદીસ્વામી પદ્મનંદી પચ્ચીસીમાં કહે છે, કે આ ચૈતન્યસ્વરૂપ આત્મા પ્રત્યે પ્રીતિચિત્તપૂર્વક–ઉત્સાહથી તેની વાર્તા પણ જેણે સાંભળી છે તે ભવ્ય જીવ ચોક્કસ ભાવિનિર્વાણનું ભાજન થાય છે, એટલે કે અલ્પકાળમાં તે અવશ્ય મોક્ષને પામશે. ચૈતન્યના સાક્ષાત્ સ્વાનુભવની તો વાત જ શી! પણ અંતરમાં તેના તરફનો પ્રેમ જાગ્યો એટલે રાગાદિનો પ્રેમ તૂટ્યો, તે જીવ પણ જરૂર મોક્ષ પામશે. શાસ્ત્રકારે એક ખાસ શરત મૂકી છે કે "ચૈતન્ય પ્રત્યેના પ્રેમથી" તેની વાત સાંભળે; એટલે જેના અંતરમાં ઊંડે ઊંડે પણ રાગનો પ્રેમ હોય, રાગથી લાભ થશે–એવી બુદ્ધિ હોય તેને ચૈતન્યનો ખરો પ્રેમ નથી પણ રાગનો પ્રેમ છે, તેને ચૈતન્યસ્વભાવ પ્રત્યે ઊંડેથી ખરો ઉલ્લાસ ન આવે. અહીં તો સવળાની વાત છે. રાગનો પ્રેમ ને શરીર–કુંટુંબનો પ્રેમ તો અનાદિથી જીવ કરતો જ આવ્યો છે, પણ હવે તે પ્રેમ

તોડીને ચૈતન્યનો પ્રેમ જેણે જગાડ્યો, વીતરાગી સ્વભાવરસનો રંગ જેણે લગાડ્યો તે જીવ ધન્ય છે...તે નિકટ મોક્ષગામી છે. ચૈતન્યની વાત સાંભળતાં અંદરથી રોમરોમ ઉલ્લસી જાય....અસંખ્યપ્રદેશ ચમકી ઊઠે કે વાહ! મારા આત્માની આ કોઈ અપૂર્વ નવી વાત મને સાંભળવા મળી...કદી નહોતું સાંભળ્યું એવું ચૈતન્યતત્ત્વ આજ મારા સાંભળવામાં આવ્યું; પુણ્ય અને પાપથી જુદી જ કોઈ આ વાત છે.—આમ અંતર્ સ્વભાવનો ઉત્સાહ લાવીને અને બહિર્ભાવોનો (પુણ્ય-પાપ વગેરે પરભાવોનો) ઉત્સાહ છોડીને એક વાર જેણે સ્વભાવનું શ્રવણ કર્યું તેનો બેડો પાર! શ્રવણ તો નિમિત્ત છે પણ તેના ભાવમાં આંતરો પડી ગયો, સ્વભાવ અને પરભાવ વચ્ચે જરાક તિરાડ પડી ગઈ–તે હવે બંનેને જુદા અનુભવ્યે છૂટકો.

‘હું જ્ઞાયક ચિદાનંદઘન છું, એક સમયમાં પરિપૂર્ણ શક્તિથી ભરેલો જ્ઞાન ને આનંદનો સાગર છું’ આવી અધ્યાત્મની વાત સંભળાવનારા સંત–ગુરુ પણ મહાભાગ્યથી મળે છે, ને એવી વાત સાંભળવા મળી ત્યારે પ્રસન્નચિત્તથી, એટલે કે એના સિવાય બીજા બધાયની પ્રીતિ એકવાર છોડીને અને એની જ પ્રીતિ કરીને, ‘મારે તો આ જ સમજવું છે, આનો જ અનુભવ કરવો છે’ એવી ઊંડી ઉત્કંઠા જગાડીને, ઉપયોગને જરાક તે તરફ થંભાવીને, જે જીવે સાંભળ્યું તે જીવ જરૂર તેની પ્રીતિ આગળ વધારીને સ્વાનુભવ કરશે, અને મુક્તિ પામશે. માટે કહ્યું કે ધન્ય છે તેમને કે જેઓ અધ્યાત્મરસના રસિક થઈને આવી સ્વાનુભવની ચર્ચા કરે છે.

પ્રશ્ન :—જીવ અનંતવાર ત્યાગી થયો ને ભગવાનના સમવસરણમાં ગયો, તો શું તેણે શુદ્ધાત્માની વાત નહિ સાંભળી હોય?

ઉત્તર :–જુઓ, અહીં ‘તેના પ્રત્યેની પ્રીતિથી’ સાંભળવાનું કહ્યું છે એટલે એમ ને એમ સાંભલી લ્યે તેની વાત નથી, અંતરમાં ચૈતન્યનો ઉલ્લાસ લાવીને સાંભળે તેની વાત છે. શું સાંભળે?—કે ચૈતન્યસ્વરૂપ આત્માની વાર્તા સાંભળે. કેવી રીતે સાંભળે? કે ચિત્તમાં તેનો પ્રેમ લાવીને ઉલ્લાસથી સાંભળે; રાગના ઉલ્લાસથી નહિ પણ

ચૈતન્યના ઉલ્લાસથી સાંભળે, તેને જ અહીં શ્રવણ કહ્યું છે. આવા શ્રવણ વડે શુદ્ધાત્મા લક્ષગત કર્યો,–તે અપૂર્વ છે.

જીવને શુદ્ધનયનો પક્ષ પણ પૂર્વે કદી આવ્યો નથી—એમ સમયસારમાં કહ્યું છે. શુદ્ધનયનો પક્ષ કહો કે ચૈતન્યની પ્રીતિ કહો, શુદ્ધાત્માનો ઉલ્લાસ કહો, તે એક જ અર્થમાં છે. દ્રવ્યલિંગી જૈન સાધુ થઈને પણ જે મિથ્યાદૃષ્ટિ રહી ગયો તેનું કારણ એ કે તેને અંતરમાંથી ચૈતન્યનો ઉલ્લાસ ન આવ્યો પણ ઊંડે ઊંડે સૂક્ષ્મ વિકારનો જ ઉલ્લાસ રહી ગયો. રાગથી ધર્મ થશે–એમ સીધું તો તે ન કહે, પણ અંતરના અભિપ્રાયના ઊંડાણમાં તેને વિકારનો રસ રહી જાય છે. શુદ્ધ ચૈતન્યનું લક્ષ કરે તો જ તેનો સાચો પક્ષ કર્યો કહેવાય. સમયસારની ચોથી ગાથામાં કહે છે કે–

કામ ભોગ અને બંધની કથા તો સર્વે જીવોએ પૂર્વે અજ્ઞાનીપણે અનંતવાર સાંભળી છે, પરિચયમાં લીધી છે ને તેનો અનુભવ પણ કર્યો છે; પરંતુ પરથી વિભક્ત જ્ઞાનાનંદસ્વરૂપ એકાકાર આત્માની વાત પૂર્વે કદી સાંભળી નથી, પરિચયમાં લીધી નથી ને તેનો અનુભવ પણ કર્યો નથી. જુઓ, માત્ર શબ્દ કાને પડવા કે ન પડવા તેને અહીં શ્રવણ નથી લીધું, પણ જેને જેની રુચિ–ભાવના–અનુભવ છે તેને તેનું જ શ્રવણ છે. ભલે શુદ્ધાત્માના શબ્દો કાને પડતા હોય પણ જો અંતરમાં રાગની મીઠાશ–ભાવના ને અનુભવ વર્તે છે, તો તે જીવ ખરેખર શુદ્ધાત્માની કથાનું શ્રવણ નથી કરતો પણ રાગકથાનું જ શ્રવણ કરી રહ્યો છે. શુદ્ધાત્માને લક્ષમાં લ્યે તો જ શુદ્ધાત્માનું શ્રવણ કર્યું કહેવાય.

પ્રશ્ન :–ઘણા જીવો એવા છે કે હજી સુધી ત્રસ પર્યાય જ કદી પામ્યા નથી, એટલે તેમને કાન જ મળ્યા નથી, છતાં તે જીવોએ પણ કામ-ભોગ-બંધનની કથા અનંતવાર સાંભળી–એમ કઈ રીતે કહેવાય?

ઉત્તર :–એમાં પણ ઉપરનો જ ન્યાય લાગુ પડે છે. જેમ શુદ્ધાત્માની જેને રુચિ નથી તેને શુદ્ધાત્માના શબ્દો કાને પડવા છતાં તેને શુદ્ધાત્માનું શ્રવણ કહેતા નથી, પણ બંધકથાનું જ શ્રવણ કહીએ છીએ–કેમ કે તે વખતે પણ તેના ભાવશ્રુતમાં તો બંધભાવ જ પોષાઈ રહ્યો છે; એ જ રીતે નિગોદ

વગેરેના જીવોને બંધકથાના શબ્દો ભલે કાને નથી પડતા, પણ તેના ભાવમાં તો ક્ષણે ક્ષણે બંધભાવનું સેવન ચાલી જ રહ્યું છે, માટે તે જીવો બંધકથા જ સાંભળી રહ્યા છે–એમ કહેવામાં આવે છે. એટલે કે તેના ઉપાદાનમાં જે ભાવનું પોષણ છે તેનું જ તે શ્રવણ કરી રહ્યા છે, એમ કહેવામાં આવે છે.

અહીં તો કહે છે કે અહો, એક વાર પણ અંતર્લક્ષ કરીને ચૈતન્યના ઉલ્લાસથી તેની વાત જેણે સાંભળી તેના ભવબંધન તૂટવા માંડ્યાં; તેણે જ સાચું સાંભળ્યું કહેવાય. આ અપેક્ષાએ કહે છે કે ધન્ય છે તેમને કે જેઓ સ્વાનુભવની ચર્ચા કરે છે. અહા, હું તો ચૈતન્યસ્વરૂપ! વીતરાગી સંતોની વાણી મારા ચૈતન્યસ્વરૂપનો જ પ્રકાશ કરે છે, એમ અંતરમાં ચૈતન્યના ભણકાર લાવીને ઉત્સાહથી–વીર્યોલ્લાસથી જેણે સાંભળ્યું તે અલ્પકાળમાં સ્વભાવના ઉલ્લાસના બળથી આત્માને અનુભવશે ને મોક્ષને સાધશે. આવો ચૈતન્યનો મહિમા આવવો તે માંગળિક છે.

### ❀ અપૂર્વ ભાવના ❀

**મિથ્યાત્વ–આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે,**
**સમ્યક્ત્વ–આદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વે જીવે.**

નિરંજન નિજ પરમાત્મતત્ત્વના શ્રદ્ધાનરહિત અનાસન્નભવ્ય જીવે મિથ્યાત્વાદિ ભાવોને પૂર્વે સુચિરકાળ ભાવ્યા છે; પરંતુ સ્વરૂપશૂન્ય એવા તે બહિરાત્મ–જીવે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને પૂર્વે કદી ભાવ્યાં નથી. આ મિથ્યાદ્રષ્ટિ જીવથી વિપરીત ગુણસમુદાયવાળો અતિ-આસન્ન ભવ્ય જીવ હોય છે એટલે કે ભવના અભાવ માટે પૂર્વે કદી નહિ ભાવેલી એવી અપૂર્વ આત્મભાવના તે નિરંતર ભાવે છે.

# સમ્યગ્દષ્ટિનું બધુંય જ્ઞાન સમ્યક્ છે

[તે મોક્ષમાર્ગરૂપ નિજપ્રયોજનને સાધે છે]

આત્મઅનુભવી સમ્યગ્દષ્ટિ જે કાંઈ જાણે તે સર્વ જાણવું સમ્યગ્જ્ઞાનરૂપ છે. જ્યાં શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચયસમ્યક્ત્વ થયું ત્યાં બધું જ્ઞાન પણ સ્વ-પરની ભિન્નતાને યથાર્થ સાધતું થકું સમ્યક્રૂપ પરિણમ્યું, એટલે જ્ઞાનીનું બધુંય જ્ઞાન સમ્યગ્જ્ઞાન થયું. કદાચિત્ ક્ષયોપશમદોષથી બહારના અપ્રયોજનભૂત કોઈ પદાર્થો (ઘટ-પટ, દોરી વગેરે) અયથાર્થ જણાઈ જાય તોપણ તેથી કરીને મોક્ષમાર્ગરૂપ પ્રયોજન સાધવામાં કાંઈ વિપરીતતા તેને થતી નથી; કેમ કે અંદરની પ્રયોજનરૂપ વસ્તુ જાણવામાં કાંઈ વિપરીતતા તેને થતી નથી; અંદરમાં રાગને જ્ઞાનરૂપ જાણે કે શુભરાગને મોક્ષમાર્ગરૂપ જાણે–એવી પ્રયોજનભૂત તત્ત્વોમાં વિપરીતતા જ્ઞાનીને થતી નથી, પ્રયોજનભૂત તત્ત્વો સ્વભાવ વિભાવની ભિન્નતા, સ્વ-પરની ભિન્નતા વગેરેને તો તેનું જ્ઞાન યથાર્થ જ સાધે છે, તેનું બધુંય જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ છે. અને અજ્ઞાની કદાચ દોરીને દોરી, સર્પને સર્પ, દાક્તરપણું, વકીલાત, જ્યોતિષ વગેરે અપ્રયોજનરૂપ તત્ત્વોને જાણે તોપણ સ્વપ્રયોજનને તેનું જ્ઞાન સાધતું નહિ હોવાથી તેનું બધુંય જાણપણું મિથ્યાજ્ઞાન છે, સ્વ-પરની ભિન્નતા કે કારણ-કાર્ય વગેરેમાં તેની ભૂલ હોય છે. અહા! અહીં તો કહે છે કે મોક્ષમાર્ગને સાધવામાં જે જ્ઞાન કામ આવે, તેમાં વિપરીતતા ન હોય, તે જ સમ્યગ્જ્ઞાન છે; અને ભલે બહારનું ગમે તેટલું જાણપણું હોય પણ મોક્ષમાર્ગને સાધવામાં જે જ્ઞાન કામ ન આવે, તેમાં જેને વિપરીતતા હોય, તે મિથ્યાજ્ઞાન છે. જગતમાં સૌથી મૂળ પ્રયોજનરૂપ મુખ્ય વસ્તુ શુદ્ધાત્મા, એને જાણતાં સ્વ-પર બધાનું સમ્યગ્જ્ઞાન થયું. આથી શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે 'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.' અને 'અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ

સમ્યગ્દર્શનને નમસ્કાર.' આવા સમ્યગ્દર્શન વગરનું બધુંય જ્ઞાન ને બધુંય આચરણ થોથાં છે. અંતર્મુખ નિર્વિકલ્પ ઉપયોગપૂર્વક સમ્યગ્જ્ઞાન થયા પછી જ્ઞાનનો ઉપયોગ સમકિતીને સ્વમાં હો કે પરમાં હો ત્યારે પણ સમ્યક્ત્વ એવું ને એવું વર્તે છે.

અહીં, તો કહે છે કે સમકિતી કદાચિત્ દોરડીને સર્પ સમજી જાય ઈત્યાદિ પ્રકારે બહારના અપ્રયોજનરૂપ પદાર્થમાં અન્યથા જણાઈ જાય, તોપણ તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ છે, કેમ કે એમાં કાંઈ આત્માના સ્વરૂપ સંબંધી ભૂલ નથી, પરંતુ એ તો તે પ્રકારના બહારના ક્ષયોપશમનો અભાવ છે; જ્ઞાનાવરણના ઉદયજન્ય અજ્ઞાનભાવ જે બારમા ગુણસ્થાન સુધી હોય છે તે અપેક્ષાએ તેને 'અજ્ઞાન' ભલે કહેવાય. પરંતુ મોક્ષમાર્ગ સાધવા કે ન સાધવાની અપેક્ષાએ (એટલે કે આત્માનું સાચું સ્વરૂપ જાણવા કે ન જાણવાની અપેક્ષાએ) જે સમ્યગ્જ્ઞાન કે મિથ્યાજ્ઞાન કહેવાય છે, તેમાં તો સમકિતીને બધું સમ્યગ્જ્ઞાન જ છે, તેને મિથ્યાજ્ઞાન નથી. તેણે દોરડીને દોરડી ન જાણતાં સર્પની કલ્પના થઈ ગઈ તો તેથી કરીને કાંઈ તેના જ્ઞાનમાં સ્વ-પરની એકત્વબુદ્ધિ કે રાગાદિ પરભાવમાં તન્મયબુદ્ધિ થઈ જતી નથી, એટલે તેનું જ્ઞાન મિથ્યા થતું નથી; તે વખતેય ભેદજ્ઞાન તો યથાર્થપણે વર્તી જ રહ્યું છે, તેથી તેનું બધુંય જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ છે. લોકોને બહારના જાણપણાનો જેટલો મહિમા છે એટલો અંદરના ભેદવિજ્ઞાનનો મહિમા નથી. સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન ક્ષણે ક્ષણે અંદરમાં શું કામ કરે છે તેની લોકોને ખબર નથી. પ્રતિક્ષણે અંદરમાં સ્વભાવ ને પરભાવની વહેંચણીનું અપૂર્વ કાર્ય એના જ્ઞાનમાં થઈ જ રહ્યું છે. એ જ્ઞાન પોતે રાગથી જુદું પડીને સ્વભાવની જાતનું થઈ ગયું છે, એ તો કેવળજ્ઞાનનો કટકો છે. એ જ્ઞાન ઈન્દ્રિય–મન દ્વારા નથી થયું પણ આત્મા દ્વારા થયું છે. મારું જ્ઞાન તો સદાય જ્ઞાનરૂપ જ રહે છે, રાગરૂપ મારું જ્ઞાન થતું નથી, એમ જ્ઞાનને જ્ઞાનપણે જ રાખતો તે સદાય ભેદજ્ઞાનરૂપે, સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમે છે; આ રીતે તેનું બધુંય જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ છે–એમ જાણવું.

એક જીવ ઘણાં શાસ્ત્રો ભણેલો હોય ને મોટો ત્યાગી થઈને હજારો

જીવોથી પૂજાતો હોય, પણ જો શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ન હોય તો એનું બધુંય જાણપણું મિથ્યા છે; બીજો જીવ નાનું દેડકું, માછલું, સર્પ, સિંહ કે બાળક દશામાં હોય, શાસ્ત્રના શબ્દો વાંચતાં કે બોલતાં આવડતું ન હોય છતાં જો શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વથી સહિત છે તો એનું બધુંય જ્ઞાન સમ્યક્ છે, ને એ મોક્ષના પંથે છે; બધાંય શાસ્ત્રોના રહસ્યરૂપ અંદરનું સ્વભાવ-પરભાવનું ભેદજ્ઞાન તેણે સ્વાનુભવથી જાણી લીધું છે. અંદરમાં જે બાહ્ય તરફની શુભ કે અશુભ લાગણીઓ ઊઠે છે તે હું નથી, તેના વેદનમાં મારી શાંતિ નથી, હું તો જ્ઞાનાનંદ છું–કે જેના વેદનમાં મને શાંતિ અનુભવાય છે,–આમ અંતરના વેદનમાં તે સમકિતીને ભેદજ્ઞાન તથા શુદ્ધાત્મપ્રતીતિ વર્તે છે. શુદ્ધાત્માથી વિરુદ્ધ કોઈ ભાવમાં તેને કદી આત્મબુદ્ધિ થતી નથી. જ્યારથી સમ્યગ્દર્શન થયું ત્યારથી જ્ઞાન આ રાગથી જુદું કામ કરવા માંડ્યું, માટે સમ્યગ્દષ્ટિ જે કાંઈ જાણે તે બધું સમ્યગ્જ્ઞાન છે.

કોઈ કહે–‘ધર્મી થયો ને આત્માને જાણ્યો એટલે પરનું પણ બધુંય જાણપણું તેને થઈ જાય.’ તો કહે છે કે ના, પરને બધાયને જાણી જ લ્યે એવો નિયમ નથી. ઉઘાડ હોય તે–અનુસાર જાણે; તે કદાચિત્ તે પ્રકારનો ઉઘાડ ન હોવાને કારણે, દોરીને સર્પ ઈત્યાદિ પ્રકારે અન્યથા જાણે તોપણ દોરી કે સર્પ બંનેથી જુદો હું તો જ્ઞાન છું–એવું સ્વ-પરની ભિન્નતાનું જ્ઞાન તો તેને યથાર્થ જ રહે છે, તે ખસતું નથી. દોરીને દોરી જાણી હોત તોપણ, તેનાથી હું જુદો છું–એમ જાણત, અને દોરીને સર્પ જાણ્યો તોપણ તેનાથી હું જુદો છું–એમ જાણે છે, એટલે સ્વ-પરની ભિન્નતા જાણવારૂપ સમ્યક્પણામાં તો કાંઈ ફેર પડ્યો નથી. આત્માનું જાણપણું થાય એટલે પરનું બધું જાણપણું તરત ઉઘડી જ જાય એવો કાંઈ નિયમ નથી. શુદ્ધાત્માનું શ્રદ્ધાન જ્યાં છે ત્યાં સમ્યગ્જ્ઞાન છે, શુદ્ધાત્માનું શ્રદ્ધાન જ્યાં નથી ત્યાં મિથ્યાજ્ઞાન છે. એટલે બહારનું જાણપણું ઓછું હોય તો એનો જ્ઞાનીને ખેદ નથી, ને બહારનું જાણપણું વિશેષ હોય તો એનો જ્ઞાનીને મહિમા નથી. મહિમાવંત તો આત્મા છે ને એ જેણે જાણી લીધો તે જ્ઞાનનો મહિમા

છે. અહો, જગતથી જુદા મારા આત્માને મેં જાણી લીધો છે તો મારા જ્ઞાનનું પ્રયોજન મેં સાધી લીધું છે, એમ નિજાત્મજ્ઞાનથી જ્ઞાની સંતુષ્ટ છે–તૃપ્ત છે.

અહા, આત્મજ્ઞાનનો મહિમા અચિંત્ય છે. એ જ્ઞાનનો મહિમા ભૂલીને બહારના જાણપણાના મહિમામાં જીવો અટકી રહ્યા છે. સંસારના કોઈ નિષ્પ્રયોજન પદાર્થને જાણવામાં ભૂલ થઈ તો ભલે થઈ, પણ જ્ઞાની કહે છે કે અમારા આત્માને જાણવામાં અમારી ભૂલ થતી નથી....અમારા આતમરામને અમે ભૂલતા નથી. એ જ્ઞાનની મસ્તી અને નિઃશંકતા કોઈ અદ્‌ભુત છે! અનંતગુણોથી પરિપૂર્ણ સ્વભાવની પ્રતીતનું જોર એ જ્ઞાનની સાથે વર્તી રહ્યું છે. તેથી આવું સમ્યગ્જ્ઞાન તે કેવળજ્ઞાનનો કટકો છે, તે મોક્ષસુખનો સ્વાદ ચાખતું–ચાખતું સિદ્ધપદને સાધી રહ્યું છે.

ૐ સહજ ચિદાનંદ.

અહો, આ તો ખરેખરી પ્રયોજનભૂત, સ્વાનુભવની ઉત્તમ વાત છે. સ્વાનુભવની આવી સરસ વાર્તા પણ મહાભાગ્યે જ સાંભળવા મળે છે, ને એ અનુભવદશાની તો શી વાત!

મોક્ષમાર્ગનું ઉદ્‌ઘાટન નિર્વિકલ્પ--સ્વાનુભવ વડે થાય છે.

# ‘કેવળજ્ઞાનનો કટકો’ આત્મજ્ઞાનનો અચિંત્ય મહિમા

અહા, જુઓ આ સમ્યગ્જ્ઞાનની કેવળજ્ઞાન સાથે સંધિ! મતિ–શ્રુતજ્ઞાનને કેવળજ્ઞાનનો અંશ કોણ કહે?—કે જેણે પૂર્ણ જ્ઞાનસ્વભાવને પ્રતીતમાં લીધો હોય ને તે સ્વભાવના આધારે સમ્યક્અંશ પ્રગટ કર્યો હોય તે જ પૂર્ણતા સાથેની સંધિથી (પૂર્ણતાના લક્ષથી) કહી શકે કે મારું આ જ્ઞાન છે તે કેવળજ્ઞાનનો અંશ છે, કેવળજ્ઞાનની જ જાત છે. પણ રાગમાં જ જે લીન વર્તતો હોય તેનું જ્ઞાન તો રાગનું થઈ ગયું છે, તેને તો રાગથી જુદા જ્ઞાનસ્વભાવની જ ખબર નથી, ત્યાં ‘આ જ્ઞાન આ સ્વભાવનો અંશ છે’ એમ તે કઈ રીતે જાણે? જ્ઞાનને જ પરથી ને રાગથી જુદું નથી જાણતો ત્યાં એને સ્વભાવનો અંશ કહેવાનું તો તેને ક્યાં રહ્યું? સ્વભાવ સાથે જે એકતા કરે તે જ પોતાના જ્ઞાનને ‘આ સ્વભાવનો અંશ છે’ એમ જાણી શકે. રાગ સાથે એકતાવાળો એ વાત જાણી શકતો નથી.

અહા, આ તો અલૌકિક વાત છે! મતિશ્રુતજ્ઞાનને સ્વભાવનો અંશ કહેવો અથવા તો કેવળજ્ઞાનનો અંશ કહેવો એ વાત અજ્ઞાનીને સમજાતી નથી, કેમ કે તેને તો રાગ અને જ્ઞાન એકમેક ભાસે છે. જ્ઞાની તો નિ:શંક જાણે છે કે જેટલા રાગાદિ અંશો છે તે બધાય મારા જ્ઞાનથી જુદા પર ભાવો છે, ને જેટલા જ્ઞાનાદિ અંશો છે તે બધાય મારા સ્વભાવો છે, તે મારા સ્વભાવના જ અંશો છે, ને તે અંશો વધી–વધીને કેવળજ્ઞાન થવાનું છે.

પ્રશ્ન :–ચાર જ્ઞાનને તો વિભાવજ્ઞાન કહ્યાં છે, અહીં તેમને સ્વભાવના અંશ કેમ કહ્યા?

ઉત્તર :–તેમને વિભાવ કહ્યાં છે તે તો અપૂર્ણતાની અપેક્ષાએ કહ્યાં છે, કાંઈ વિરુદ્ધ જાતની અપેક્ષાએ (રાગાદિની જેમ) તેમને વિભાવ નથી કહ્યા. એ ચારે જ્ઞાનો છે તો સ્વભાવના જ અંશ.... ને સ્વભાવની જ જાત;

પણ તે હજી અધૂરા છે, ને અધૂરાના આશ્રયે પૂરું જ્ઞાન ખીલતું નથી એટલે પૂર્ણ સ્વભાવનો આશ્રય કરાવવા અપૂર્ણ જ્ઞાનોને વિભાવ કહ્યા છે. પણ જેમ રાગાદિ વિભાવો તો સ્વભાવથી વિરુદ્ધ છે–તેમની જાત જ જુદી છે, તેમ કાંઈ તે જ્ઞાનની જાત જુદી નથી, જ્ઞાન તો સ્વભાવથી અવિરુદ્ધ જાતનું જ છે. જેમ પૂર્ણ પ્રકાશથી ઝળહળતા સૂર્યમાંથી વાદળાંનો વિલય થતાં જે પ્રકાશકિરણોએ ઝળકે છે તે સૂર્યપ્રકાશનો જ અંશ છે, તેમ જ્ઞાનાવરણાદિ વાદળાં તૂટતાં સમ્યક્ મતિશ્રુતરૂપ જે જ્ઞાનકિરણો પ્રગટ્યા તે, કેવળજ્ઞાનના પૂર્ણ પ્રકાશથી ઝળહળતો જે ચૈતન્યસૂર્ય, તેના જ પ્રકાશના અંશો છે. સમ્યક્ મતિશ્રુતરૂપ જે અંશો છે તે બધાય ચૈતન્યસૂર્યનો જ પ્રકાશ છે.

જેમ એક જ પિતાના પાંચ પુત્રોમાં કોઈ મોટો હોય, કોઈ નાનો હોય, પણ છે તો એક જ બાપના દીકરા; તેમ કેવળજ્ઞાનથી માંડીને મતિજ્ઞાન એ પાંચે સમ્યગ્જ્ઞાનો જ્ઞાનસ્વભાવના જ વિશેષો છે, તેમાં કેવળજ્ઞાન એ મોટો મહાન પુત્ર છે ને મતિજ્ઞાનાદિ ભલે નાના છે, તોપણ તે કેવળજ્ઞાનની જ જાત છે. શાસ્ત્રમાં ગણધરને 'સર્વજ્ઞપુત્ર' કહ્યા છે, તેમ અહીં કહે છે કે મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનના પુત્ર છે, સર્વજ્ઞતાના અંશ છે. જેમ સિદ્ધ ભગવાનનો પૂર્ણ અતીન્દ્રિય આનંદ ને સમકિતીનો ભૂમિકા યોગ્ય અતીન્દ્રિય આનંદ–એ બંને આનંદની એક જ જાત છે. માત્ર પૂરા ને અધૂરાનો જ ભેદ છે, પણ જાતમાં તો જરાય ભેદ નથી, એટલે સમકિતીનો આનંદ તે સિદ્ધભગવાનના આનંદનો જ અંશ છે; આનંદની જેમ એનું મતિજ્ઞાન તે પણ કેવળજ્ઞાનનો જ અંશ છે. પૂરા ને અધૂરાનો ભેદ હોવા છતાં બંનેની જાતમાં જરાય ભેદ નથી.

સમ્યક્ મતિશ્રુત તે જો કેવળજ્ઞાનની જાતનું ન હોય ને વિજાતીય હોય તો તે કેવળજ્ઞાનને કઈ રીતે સાધી શકે? કેવળજ્ઞાનની જાત હોય તે જ કેવળજ્ઞાનને સાધી શકે રાગ તે કેવળજ્ઞાનની જાત નથી તેથી તે કેવળજ્ઞાનને સાધી શકતો નથી; મતિ–શ્રુત સમ્યગ્જ્ઞાન તે કેવળજ્ઞાનની જાત છે તેથી અંતરમાં એકાગ્ર થઈને તે કેવળજ્ઞાનને સાધે છે.

❁

# નિર્વિકલ્પ-સ્વાનુભૂતિ થવાનું સુંદર વર્ણન

## સ્વરૂપના ચિંતનમાં આનંદતરંગ ઊઠે છે...રોમાંચ થાય છે

સમ્યગ્દષ્ટિ જ્યારે સ્વરૂપધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે, ત્યારે પ્રથમ સ્વ-પરના સ્વરૂપનું ભેદવિજ્ઞાન ચિંતવે છે. નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ રહિત ચૈતન્ય–ચમત્કારમાત્ર પોતાનું સ્વરૂપ જાણે, પછી પરનો વિચાર પણ છૂટી જાય અને કેવળ સ્વાત્મવિચાર જ રહે છે; ત્યાં નિજસ્વરૂપમાં અનેક પ્રકારથી અહંબુદ્ધિ ધારે છે, 'હું ચિદાનંદ છું, સિદ્ધ છું' ઈત્યાદિ વિચાર થતાં સહજ જ આનંદતરંગ ઊઠે છે, રોમાંચ થાય છે; ત્યાર પછી એવા વિચારો પણ છૂટી જાય અને સ્વરૂપ કેવળ ચિન્માત્રરૂપ ભાસવા લાગે, ત્યાં સર્વ પરિણામ તે રૂપ વિષે એકાગ્ર થઈ પ્રવર્તે; દર્શનજ્ઞાનાદિકના વા નય–પ્રમાણાદિના વિચાર પણ વિલય થઈ જાય. સવિકલ્પ–'ચૈતન્યસ્વરૂપ વડે' જે સ્વરૂપનો નિશ્ચય કર્યો હતો તેમાં જ વ્યાપ્યવ્યાપકરૂપ થઈ એવો પ્રવર્તે કે જ્યાં ધ્યાતા–ધ્યેયના ભેદ દૂર થઈ જાય, અને કેવળ સ્વરૂપનું સ્વસંવેદન રહે. આવી દશાનું નામ નિર્વિકલ્પ અનુભવ છે.''

જુઓ, આ સ્વાનુભવની અલૌકિક ચર્ચા. અહીં તો એકવાર જેને સ્વાનુભવ થયો હોય ને ફરીને તે નિર્વિકલ્પ–સ્વાનુભવ કરે તેની વાત કરી; પરંતુ પહેલીવાર જે નિર્વિકલ્પ–સ્વાનુભવનો ઉદ્યમ કરે છે તે પણ આ જ પ્રકારે ભેદજ્ઞાન અને સ્વરૂપચિંતનના અભ્યાસ દ્વારા પરિણામને નિજસ્વરૂપમાં તલ્લીન કરીને સ્વાનુભવ કરે છે. આ નિર્વિકલ્પ અનુભવ વખતે આત્મા પોતે પોતામાં વ્યાપ્યવ્યાપકપણે એવો તલ્લીન વર્તે છે, એટલે કે દ્રવ્ય-ગુણ-પર્યાયની એવી એકતા થાય છે, કે ધ્યાતા–ધ્યેયના ભેદ પણ તેમાં રહેતા નથી; આત્મા પોતે પોતામાં લીન થઈને પોતાનો સ્વાનુભવ કરે છે. સ્વાનુભવના પરમ આનંદનો ભોગવટો છે પણ તેનો વિકલ્પ નથી. એક વાર આવો નિર્વિકલ્પ–અનુભવ જેને થયો હોય તેને જ નિશ્ચય સમ્યક્ત્વ જાણવું. એ અનુભવની રીત અહીં બતાવે છે.

અહીં, સમ્યગ્દષ્ટિ કઈ રીતે નિર્વિકલ્પ અનુભવ કરે છે તે બતાવ્યું છે. તેમના ઉદાહરણ પ્રમાણે બીજા જીવોને પણ નિર્વિકલ્પ અનુભવ કરવાનો એ જ ઉપાય છે–એમ સમજી લેવું.

'સમ્યગ્દષ્ટિ કદાચિત્ સ્વરૂપધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે'–ચોથા ગુણસ્થાને કાંઈ સમ્યગ્દષ્ટિને વારંવાર સ્વરૂપધ્યાન નથી હોતું, પણ ક્યારેક શુભાશુભ પ્રવૃત્તિથી દૂર થઈ, શાંતપરિણામ વડે સ્વરૂપનું ધ્યાન કરવાનો ઉદ્યમ કરે છે, જે સ્વરૂપનો અપૂર્વ સ્વાદ સ્વાનુભવમાં ચાખ્યો છે તેને ફરી ફરી અનુભવવા માટે તે ઉદ્યમ કરે છે. ત્યારે પ્રથમ તો સ્વ-પરના સ્વરૂપનું ભેદવિજ્ઞાન કરે એટલે કે પહેલાં જે ભેદજ્ઞાન કરેલું છે તેને ફરી ચિંતનમાં લ્યે; આ સ્થૂળ જડ દેહાદિ તો મારાથી સ્પષ્ટ ભિન્ન છે, તેના કારણરૂપ અંદરના સૂક્ષ્મ દ્રવ્યકર્મો તે પણ આત્મસ્વરૂપથી અત્યંત જુદા છે, બંનેની જાત જ જુદી છે; હું ચૈતન્ય ને એ જડ. હું પરમાત્મા ને એ પરમાણુ–એમ બંનેની ભિન્નતા છે, ને ભિન્નતા હોવાથી તે કર્મ મારું કાંઈ કરે નહિ. હવે અંદર આત્માની પર્યાયમાં ઊપજતાં જે રાગ-દ્વેષ-ક્રોધાદિ ભાવકર્મો તેનાથી પણ મારું સ્વરૂપ અત્યંત જુદું છે, મારા જ્ઞાનસ્વરૂપની ને એ રાગાદિ પરભાવોની જાત જુદી છે; રાગનું વેદન તો આકુળતારૂપ છે ને જ્ઞાનનું વેદન તો શાંતિમય છે.–આમ ઘણા પ્રકારે દ્રવ્યકર્મ–નોકર્મ ને ભાવકર્મથી ભિન્ન પોતાના ચૈતન્યસ્વરૂપને ચિંતવે; એ બધાયથી ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર જ હું છું–એમ વિચારે. એ પ્રમાણે સ્વ-પરની ભિન્નતાના વિચારથી પરિણામને જરા સ્થિર કરે, પછી પરના વિચાર છૂટીને કેવળ નિજસ્વરૂપના જ વિચાર રહે, જે સ્વરૂપ પહેલાં અનુભવ્યું છે અથવા જે સ્વરૂપ નિર્ણયમાં લીધું છે તેનો અત્યંત મહિમા લાવી લાવીને તેના વિચારમાં મનને એકાગ્ર કરે છે. પરદ્રવ્યોમાંથી ને પરભાવોમાંથી તો અહંબુદ્ધિ છોડી છે ને નિજસ્વરૂપને જ પોતાનું જાણીને તેમ જ અહંબુદ્ધિ કરી છે. 'હું ચિદાનંદ છું, હું શુદ્ધ છું, હું સિદ્ધ છું, હું સહજસુખસ્વરૂપ છું, અનંત શક્તિનો નિધાન હું છું, સર્વજ્ઞસ્વભાવી હું છું.'—ઈત્યાદિ પ્રકારે પોતાના નિજસ્વરૂપમાં જ અહંબુદ્ધિ કરી કરીને તેને ચિંતવે છે. નિયમસારમાં પ્રભુ કુંદકુંદસ્વામી કહે છે કે—

કેવલદરશ, કેવલવીરજ, કેવલ્યજ્ઞાનસ્વભાવી છે,
વળી સૌખ્યમય છે જેહ તે હું,–એમ જ્ઞાની ચિંતવે. ૯૬

નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,
જાણે–જુએ જે સર્વ તે હું–એમ જ્ઞાની ચિંતવે. ૯૭.

—આવા નિજઆત્માની ભાવના કરવાની મુમુક્ષુને શિખામણ આપી છે ને કહ્યું છે કે આવી ભાવનાના અભ્યાસથી મધ્યસ્થતા થાય છે, એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ આવી નિજાત્મભાવનાથી પ્રગટે છે. સમ્યગ્દર્શન થયા પછી, તેમ જ સમ્યગ્દર્શન કરવા માટે પણ આવી જ ભાવના અને આવું ચિંતન કર્તવ્ય છે. 'સહજ શુદ્ધાત્માની અનુભૂતિ એટલો જ હું છું. મારા સ્વસંવેદનમાં આવું છું એ જ હું છું'—આવા સમ્યક્ ચિંતનમાં સહજ જ આનંદતરંગ ઊઠે છે ને રોમાંચ થાય છે.....

જુઓ તો ખરા, આમાં ચૈતન્યની અનુભૂતિનો કેટલો રસ ઘૂંટાય છે! ઉપર કહ્યું ત્યાં સુધી તો હજી સવિકલ્પદશા છે. આ ચિંતનમાં 'આનંદતરંગ ઊઠે છે' તે હજી નિર્વિકલ્પ અનુભૂતિનો આનંદ નથી, પણ સ્વભાવ તરફના ઉલ્લાસનો આનંદ છે, શાંત પરિણામનો આનંદ છે; અને તેમાં સ્વભાવ તરફના અતિશય પ્રેમને લીધે રોમાંચ થાય છે. રોમાંચ એટલે વિશેષ ઉલ્લાસ સ્વભાવ તરફનો વિશેષ ઉત્સાહ; જેમ સંસારમાં ભયનો કે આનંદનો કોઈ વિશિષ્ટ ખાસ પ્રસંગ બનતાં રોમરોમ ઉલ્લસી જાય છે તેને રોમાંચ થયો કહેવાય, તેમ અહીં સ્વભાવના નિર્વિકલ્પ અનુભવના ખાસ પ્રસંગે ધર્મીને આત્માના અસંખ્યપ્રદેશે સ્વભાવના અપૂર્વ ઉલ્લાસનો રોમાંચ થાય છે. પછી ચૈતન્યસ્વભાવના રસની ઉગ્રતા વડે એ વિચારો (વિકલ્પો) પણ છૂટી જાય ને પરિણામ અંતર્મગ્ન થતાં કેવળ ચિન્માત્રસ્વરૂપ ભાસવા લાગે, એટલે કે બધા પરિણામ સ્વરૂપમાં એકાગ્ર થઈને વર્તે, ઉપયોગ સ્વાનુભવમાં પ્રવર્તે, ત્યારે નિર્વિકલ્પ આનંદદશા અનુભવાય છે. ત્યાં દર્શન-જ્ઞાન-ચારિત્ર સંબંધી કે નયપ્રમાણ વગેરે સંબંધી કોઈ વિચાર હોતો નથી, સર્વે વિકલ્પો વિલય પામે છે. અહીં સ્વરૂપમાં જ વ્યાપ્ય–વ્યાપકતા છે એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે એકમેક–એકાકાર અભેદપણે અનુભવાય છે.

અનુભવ કરનારી પર્યાય સ્વરૂપમાં વ્યાપી ગઈ છે, જુદી રહેતી નથી. પરભાવો અનુભવથી બહાર રહી ગયા પણ નિર્મળ પર્યાય તો અનુભૂતિમાં ભેગી ભળી ગઈ; આત્મા જ અનુભૂતિસ્વરૂપ થઈને પરિણમ્યો.

પહેલાં વિચારદશામાં જ્ઞાને જે સ્વરૂપ લક્ષમાં લીધું હતું, તે સ્વરૂપમાં જ્ઞાનનો ઉપયોગ જોડાઈ ગયો, ને વચ્ચેનો વિકલ્પ નીકળી ગયો, એકલું જ્ઞાન રહી ગયું એટલે અતીન્દ્રિય નિર્વિકલ્પ અનુભૂતિ થઈ, પરમ આનંદ થયો. આવી અનુભૂતિમાં પ્રતિક્રમણ, સામાયિક, પ્રત્યાખ્યાન વગેરે બધા ધર્મો સમાઈ જાય છે. આ અનુભૂતિને જ જૈનશાસન કહ્યું છે; એ જ વીતરાગમાર્ગ છે, એ જ જૈનધર્મ છે, એ જ શ્રુતનો સાર છે, સંતોની ને આગમની એ જ આજ્ઞા છે. શુદ્ધાત્મ-અનુભૂતિનો અપાર મહિમા છે તે ક્યાં સુધી કહીએ? જાતે અનુભૂતિ કરે એને એની ખબર પડે.

આ શુદ્ધ અનુભવ એટલે કે નિર્વિકલ્પ અનુભવ શું ચીજ છે ને કેવી એ અંતરદશા છે! એ જિજ્ઞાસુએ લક્ષગત કરવા જેવું છે. અહા, નિર્વિકલ્પ અનુભવનું પૂરું કથન કરવાની વાણીમાં તાકાત નથી; જ્ઞાનમાં એને જાણવાની તાકાત છે, અંદર વેદનમાં આવે છે, પણ વાણીમાં એ પૂરું આવતું નથી, જ્ઞાનીની વાણીમાં એના માત્ર ઈશારા આવે છે. અરે, જે વિકલ્પને પણ ગમ્ય થતો નથી એવો નિર્વિકલ્પ અનુભવ વાણીથી કઈ રીતે ગમ્ય થાય? એ તો સ્વાનુભવગમ્ય છે.

એક સજ્જન સાકરનો મીઠો સ્વાદ લેતો હોય ત્યાં કોઈ બીજો માણસ જિજ્ઞાસાપૂર્વક એ સાકર ખાનારને જુએ, કે તેની પાસેથી સાકરના મીઠા સ્વાદનું વર્ણન સાંભળે તેથી કાંઈ તેના મોઢામાં સાકરનો સ્વાદ આવી જાય નહિ; જાતે સાકરની કટકી લઈને મોઢામાં મૂકીને ઓગાળે ત્યારે જ તેને સાકરના મીઠા સ્વાદનો અનુભવ થાય છે; તેમ કોઈ સજ્જન એટલે કે સંત ધર્માત્મા–સમ્યગ્દષ્ટિ નિર્વિકલ્પ સ્વાનુભવમાં અતીન્દ્રિય આનંદનો મીઠો સ્વાદ લેતા હોય ત્યાં બીજા જીવો જિજ્ઞાસાપૂર્વક એ અનુભવી ધર્માત્માને દેખે ને તેમની પાસેથી પ્રેમપૂર્વક એ અનુભવનું વર્ણન સાંભળે તેથી કાંઈ નિર્વિકલ્પ અનુભૂતિનો સ્વાદ આવી જાય નહિ. એ જીવ પોતે

શુદ્ધાત્માને લક્ષમાં લઈ એને જ મુખ્ય કરી, જ્યારે અંતર્મુખ ઉપયોગ વડે સ્વાનુભવ કરે ત્યારે જ તેને શુદ્ધાત્માના નિર્વિકલ્પ અનુભવના અતીન્દ્રિય આનંદનો સ્વાદ વેદનમાં આવે છે. આવો સ્વાનુભવ થતાં સમ્યગ્દષ્ટિ જાણે છે કે અહા, મારી વસ્તુ મને પ્રાપ્ત થઈ. મારામાં જ રહેલી મારી અદ્‌ભુત વસ્તુને હું ભૂલી ગયો હતો તે ધર્માત્મા ગુરુઓના અનુગ્રહથી મને પ્રાપ્ત થઈ. પોતાની વસ્તુ પોતામાં જ છે, એ નિજધ્યાન વડે પ્રાપ્ત થાય છે, બહારના કોઈ રાગાદિભાવ વડે તે પ્રાપ્ત થતી નથી એટલે કે અનુભવમાં આવતી નથી. સવિકલ્પદ્વારા નિર્વિકલ્પમાં આવ્યો–એમ ઉપચારથી કહેવાય છે. સ્વરૂપના અનુભવો ઉદ્યમ કરતાં કરતાં પ્રથમ તેના સવિકલ્પ વિચારની ધારા ઊપડે છે, તેમાં સૂક્ષ્મ રાગ અને વિકલ્પો હોય છે, પણ તે રાગને કે વિકલ્પને સાધન બનાવીને કાંઈ સ્વાનુભવમાં પહોંચાતું નથી, રાગને અને વિકલ્પોને ઓળંગીને ઉપયોગ સીધો આત્મસ્વભાવને અવલંબીને તેને જ સાધન બનાવે ત્યારે જ આત્માનો નિર્વિકલ્પ સ્વાનુભવ થાય છે; ને ત્યારે જ જીવ કૃતકૃત્ય થાય છે. શાસ્ત્રોએ એનો અપાર મહિમા ગાયો છે. સ્વાનુભૂતિને આત્માનું સર્વસ્વ કહ્યું છે.

સંસારમાં ગમે તેવા ક્લેશના કે પ્રતિકૂળતાના પ્રસંગો આવે પણ જ્ઞાનીને જ્યાં ચૈતન્યની સ્ફૂરણા થઈ ત્યાં તે બધાય ક્લેશ ક્યાંય ભાગી જાય છે. ગમે તેવા પ્રસંગમાંય એનાં શ્રદ્ધા જ્ઞાન ઘેરાઈ જતાં નથી. જ્યાં ચિદાનંદ–હંસલાનું સ્મરણ કર્યું ત્યાં જ દુનિયાના બધા ક્લેશો દૂર ભાગી જાય છે. સંસારના ઝેરને ઉતારી નાંખનારી આ જડીબુટ્ટી છે. એ જડીબુટ્ટી સૂંઘતાં સંસારના થાક ક્ષણભરમાં ઊતરી જાય છે

# નિર્વિકલ્પ અનુભવ વખતની સ્થિતિનું વર્ણન

સમયસાર ગા. ૧૪૪માં વિકલ્પોથી પાર જ્ઞાનસ્વભાવનો અપૂર્વ નિર્વિકલ્પ અનુભવ થવા વખતનું રોમાંચકારી વર્ણન કર્યું છે. અનુભૂતિનો માર્ગ એકદમ ખોલી નાંખ્યો છે.

જે જ્ઞાન પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા પ્રવર્તતું હતું તે જ્ઞાન સર્વ બાજુથી સમેટાઈ નિર્વિકલ્પ–અનુભવમાં કેવળ સ્વરૂપસન્મુખ થયું; કેમ કે આ જ્ઞાન ક્ષયોપશમરૂપ છે, તે એક કાળમાં એક જ્ઞેયને જ જાણી શકે. હવે તે જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવાનું સહેજે જ બંધ થયું. ત્યાં એવી દશા થઈ કે બાહ્ય અનેક શબ્દાદિક વિકાર હોય તોપણ સ્વરૂપધ્યાનીને તેની કાંઈ ખબર નથી. એ પ્રમાણે મતિજ્ઞાન પણ સ્વરૂપસન્મુખ થયું.

સાધકને નિર્વિકલ્પ અનુભવમાં મતિશ્રુતજ્ઞાન કામ કરે છે. મતિશ્રુતજ્ઞાન તે ક્ષયોપશમભાવે છે, એટલે એક વખતે એક જ્ઞેયને જ જાણવામાં તે પ્રવર્તે છે; કાં સ્વને જાણવામાં ઉપયોગ હોય ને કાં પરને જાણવામાં ઉપયોગ હોય. કેવળજ્ઞાનમાં તો સ્વ–પર બધાને એક સાથે જાણવાનું પૂરું સામર્થ્ય પ્રગટી ગયું છે, પણ આ જ્ઞાનમાં હજી એવું સામર્થ્ય ખુલ્યું નથી; એટલે જ્યારે સ્વને જાણવામાં ઉપયોગ હોય ત્યારે પરને જાણવામાં ઉપયોગ ન હોય, ને જ્યારે પરને જાણવામાં ઉપયોગ હોય ત્યારે સ્વને જાણવામાં ઉપયોગ ન હોય. સ્વને જાણવામાં ઉપયોગ ન હોય તેથી કાંઈ અજ્ઞાન થઈ જતું નથી; કેમ કે સ્વસંવેદન વખતે જે જ્ઞાન થયું છે તે લબ્ધરૂપે તો વર્તે જ છે.

ક્ષયોપશમજ્ઞાનની શક્તિ જ એટલી મંદ છે કે એક વખતે એક તરફ જ તેની પ્રવૃત્તિ હોય છે, એટલે કાં સ્વને જાણવામાં પ્રવર્તે, કાં પરને જાણવામાં પ્રવર્તે. પોતામાં તો જ્ઞાન સાથે આનંદ, પ્રતીતિ, વગેરે બધા ગુણોનું જે નિર્મળ પરિણમન અભેદ વર્તે છે તેને (એટલે કે આખા

આત્માને) તન્મયપણે જાણે છે. સ્વને જાણતી વખતે આનંદધારામાં ઉપયોગ તન્મય થયો છે તેથી વિશિષ્ટ આનંદ એ નિર્વિકલ્પદશામાં વેદાય છે.

ધર્મી બધેથી જુદો ને જુદો જ રહે છે. બહારથી જોનારને બીજા જેવું સરખું લાગે કે અમેય શુભ-અશુભ કરીએ છીએ ને અમારી જેમ આ ધર્મી પણ શુભાશુભ કરી રહ્યા છે.–પણ ભાઈ! એની પરિણતિ અંદરમાં રાગથી કોઈ જુદું જ કામ કરી રહી છે. એની પ્રતીતિમાં, એના જ્ઞાનમાં સ્વજ્ઞેય કદી ભૂલાતું નથી,–ઉપયોગ ભલે બહારમાં કદાચિત્ વિષય-કષાયોમાં કે લડાઈ વગેરેમાં પણ હો, તે જ વખતે તેના અંતરમાં શ્રદ્ધાની ને જ્ઞાનની નિર્મળગંગાનો જે સમ્યક્ પ્રવાહ વહી રહ્યો છે તે અહીં બતાવવો છે. જ્ઞાનગંગાનો એ સમ્યક્ પ્રવાહ બધાય વિકારને ધોઈ નાંખશે ને કેવળજ્ઞાનસમુદ્રમાં જઈને ભળશે.

એવા ધર્મીને જે વખતે સ્વજ્ઞેયમાં ઉપયોગ હોય તે વખતની આ વાત ચાલે છે. અહા, નિર્વિકલ્પ અનુભવમાં ચૈતન્યગોળો જગતથી એવો જુદો અનુભવાય છે કે બહારમાં શું બની રહ્યું છે તેનું લક્ષ નથી; દેહનું શું થાય છે, અરે, દેહ છે કે નથી, એનુંય લક્ષ નથી; આત્મા અતીન્દ્રિય આનંદમાં જ મગ્ન છે. આવી સ્થિતિ ચોથા ગુણસ્થાને ગૃહસ્થશ્રાવકને પણ હોય છે. આવા આત્મસ્વરૂપને સાધવા જે નીકળ્યો તેને જગતનો કોઈ સંયોગ ડગાવી શકે નહિ,–પ્રતિકૂળ કે અનુકૂળ કોઈ સંયોગ તેને હલાવી શકે નહિ. જ્યાં જગતથી જુદો જ ચૈતન્યગોળો સ્વાનુભવમાં લીધો ત્યાં પરની અસર કેવી? ને પરભાવો પણ કેવા? પરભાવો પરભાવોમાં છે, મારા ચૈતન્યગોળામાં પરભાવો નથી. અહા, આવું વેદન સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને હોય છે.

જ્ઞાનસ્વભાવના સમ્યક્નિર્ણયના જોરથી મતિશ્રુતજ્ઞાનને સ્વ તરફ વાળતાં આવો સ્વાનુભવ થાય છે. એ અનુભવમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે. સમયસાર ગા. ૧૪૪માં એનું અલૌકિક વર્ણન કર્યું છે; ત્યાં કહે છે કે : પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને,...(અહીં સુધી હજી સવિકલ્પદશા છે....પણ જ્ઞાનનું વલણ તો

જ્ઞાનસ્વભાવ તરફ ઢળી રહ્યું છે) પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે એટલે કે અનુભવને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઈન્દ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બુદ્ધિને મર્યાદામાં લાવીને મતિજ્ઞાનતત્ત્વને આત્મસન્મુખ કર્યું, તથા અનેક પ્રકારના નયપક્ષના વિકલ્પથી આકુળતા ઉપજાવનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાનતત્ત્વને પણ આત્મસન્મુખ કર્યું, આ રીતે મતિશ્રુતજ્ઞાનને પર તરફથી પાછાં ખેંચીને આત્મસ્વભાવમાં વાળતાં તુરત જ અત્યંત વિકલ્પરહિત થઈને આત્મા પોતાના શુદ્ધસ્વરૂપને અનુભવે છે, તેમાં આત્મા સમ્યક્‌પણે દેખાય છે ને જણાય છે એટલે તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આ અનુભવને ‘પક્ષાતિક્રાન્ત’ કહ્યો છે, કેમ કે તેમાં નયપક્ષના કોઈ વિકલ્પ નથી. આવો અનુભવ કરે ત્યારે જીવને સમ્યગ્દર્શન થયું કહેવાય.

નિર્વિકલ્પ અનુભૂતિમાં આત્માનું જે સ્વસંવેદન-પ્રત્યક્ષપણું છે તે અતીન્દ્રિય છે. ઈન્દ્રિયોનો ધર્મ તો એ છે કે સ્પર્શ-રસ-ગંધ-વર્ણને જાણે, તે અહીં નથી; અને મનનો ધર્મ એ છે કે અનેક વિકલ્પ કરે, તે પણ અહીં નથી; તેથી જે જ્ઞાન ઈન્દ્રિયો તથા મન દ્વારા પ્રવર્તતું હતું તે જ જ્ઞાન જ્યારે સ્વાનુભવમાં પ્રવર્તે છે ત્યારે તેને અતીન્દ્રિય કહીએ છીએ.’’

જુઓ, સ્વાનુભૂતિમાં મતિ-શ્રુતજ્ઞાનને અતીન્દ્રિય કહ્યા. સ્વાનુભવ વખતે મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન બંને સ્વરૂપસન્મુખ જ થયા છે એટલે ઈન્દ્રિયાતીત થયા છે, ઈન્દ્રિયોનું કે મનનું અવલંબન તેમાં નથી તેથી તે અનુભવને અતીન્દ્રિય કહીએ છીએ. મનનું અવલંબન નથી એટલે રાગનું પણ અવલંબન નથી એ વાત એમાં આવી જ ગઈ; રાગમાં તો મનનું અવલંબન છે. રાગના (વ્યવહારના) અવલંબનથી નિશ્ચય–સ્વાનુભવ પમાશે એમ જે માને છે તેને મનના અવલંબન વગરનો અતીન્દ્રિય સ્વાનુભવ કેવો છે તેની ખબર નથી, એટલે તે તો રાગનું ને મનનું અવલંબન છોડીને આગળ જ વધતો નથી. અતીન્દ્રિયજ્ઞાન કે અતીન્દ્રિયસુખ તેને થતું નથી.

અહા, આ સ્વસન્મુખ મતિ–શ્રુતજ્ઞાનનો મહિમા શું કહેવો? જેણે વિકલ્પથી પાર થઈને આખા આત્માને સીધો સ્વજ્ઞેય બનાવ્યો છે, એ તો

કેવળજ્ઞાનના સાધક છે. સમ્યગ્દષ્ટિના (ચોથા ગુણસ્થાનના પણ) સ્વાનુભવને અતીન્દ્રિય કહીએ છીએ, કેમ કે તેમાં ઈન્દ્રિયોનો કે મનનો વેપાર નથી. ઈન્દ્રિયો તથા મનનો વેપાર તો પર તરફ હોય છે, સ્વરૂપમાં ઉપયોગ વખતે પર તરફનો વેપાર નથી. ઈન્દ્રિયો કે મનનો એવો સ્વભાવ નથી કે સ્વાનુભવમાં મદદરૂપ થાય. સ્વાનુભવ છે તેટલે અંશે ઈન્દ્રિય તથા મનનું અવલંબન છૂટ્યું છે ને જ્ઞાન અતીન્દ્રિય થયું છે. જો એટલું અતીન્દ્રિયપણું ન થાય ને ઈન્દ્રિયનું અવલંબન જ રહે તો તો આત્મા એકલા ઈન્દ્રિયજ્ઞાનનો વિષય થઈ જાય.–પણ એમ બનતું નથી. પ્રવચનસારમાં સ્પષ્ટ કહ્યું છે કે 'આત્મા અલિંગગ્રાહ્ય' છે, લિંગથી એટલે કે ઈન્દ્રિયો દ્વારા તેનું ગ્રહણ થતું નથી, ઈન્દ્રિયો દ્વારા તે જણાતો નથી. એટલે સ્વાનુભવથી આત્માને જાણનારું જ્ઞાન અતીન્દ્રિય છે. અતીન્દ્રિયજ્ઞાન હોય ત્યાં જ અતીન્દ્રિય સુખ હોય.

—મતિ–શ્રુતજ્ઞાન પણ અતીન્દ્રિય!!

—હા ભાઈ! એ મતિ–શ્રુતજ્ઞાનની જ આ વાત છે. આ કાંઈ કેવળજ્ઞાનની વાત નથી. ઠેઠ બારમા ગુણસ્થાન સુધી સ્વાનુભવનું કાર્ય તો મતિ–શ્રુતજ્ઞાનથી જ થાય છે. કોઈને અવધિ–મનઃપર્યાય જ્ઞાન ખીલ્યાં હોય તોપણ નિર્વિકલ્પ ધ્યાન વખતે તે એકકોર રહી જાય છે, તેનો ઉપયોગ હોતો નથી. મતિ–શ્રુતજ્ઞાન સ્વાનુભવ વખતે સ્વમાં એવા એકાકાર પરિણમી જાય છે કે, હું જ્ઞાતા છું ને શુદ્ધાત્મા મારું સ્વજ્ઞેય છે એવા જ્ઞાતાજ્ઞેયના ભેદનો વિચાર પણ ત્યાં રહેતો નથી, ત્યાં તો દ્રવ્ય-પર્યાય (ધ્યેય ને ધ્યાતા અથવા જ્ઞેય ને જ્ઞાન એકરસ થઈને અનુભવાય છે. એ અનુભવનો મહિમા વાણી ને વિકલ્પથી પાર છે. પોતાના સંવેદન વગર એકલી વાણી કે વિકલ્પથી તેનો ખરો ખ્યાલ ન આવે. માટે સમયસારમાં આચાર્યદેવે ખાસ ભલામણ કરી છે કે નિજવૈભવથી હું જે શુદ્ધ આત્મા દર્શાવું છે તે તમે તમારા સ્વાનુભવથી પ્રમાણ કરજો.

અહા, અધ્યાત્મરસની આવી વાત! એની વિચારધારા, એનો નિર્ણય, ને એનો સ્વાનુભવ, એ જ કરવા જેવું છે. સતત એને માટે અભ્યાસ

**જોઈએ. સત્સમાગમે શ્રવણ કરી, મનન કરી, એકાન્તમાં સ્થિર ચિત્તે એનો અભ્યાસ કરવો જોઈએ. આ મનુષ્યભવમાં ખરૂં કરવા જેવું આ જ છે, ને અત્યારે ખરો અવસર છે.—सब अवसर आ चुका है।**

➢ સ્વસત્તાના અવલંબને જ્ઞાની નિજાત્માને અનુભવે છે. અહો! આવા સ્વાનુભવજ્ઞાનથી મોક્ષમાર્ગને સાધનાર જ્ઞાનીના મહિમાની શી વાત! એની દશાને ઓળખનારા જીવો ન્યાલ થઈ ગયા છે.

### ❁ સ્વાનુભવનો રંગ....અને તેની ભૂમિકા ❁

જીવે શુદ્ધાત્માના ચિંતનનો અભ્યાસ કરવો જોઈએ. જેને ચૈતન્યના સ્વાનુભવનો રંગ લાગે એને સંસારનો રંગ ઊતરી જાય. ભાઈ, તું અશુભ ને શુભ બંનેથી દૂર થા ત્યારે શુદ્ધાત્માનું ચિંતન થશે. જેને હજી પાપના તીવ્ર કષાયોથી પણ નિવૃત્તિ નથી, દેવ–ગુરુની ભક્તિ, ધર્માત્માનું બહુમાન, સાધર્મીઓનો પ્રેમ વગેરે અત્યંત મંદકષાયની ભૂમિકામાં પણ જે નથી આવ્યો તે અકષાય ચૈતન્યનું નિર્વિકલ્પધ્યાન ક્યાંથી કરશે? પહેલાં બધાય કષાયનો (શુભ –અશુભનો) રંગ ઊડી જાય...જ્યાં એનો રંગ ઊડી જાય ત્યાં એની અત્યંત મંદતા તો સહેજે થઈ જ જાય, ને પછી ચૈતન્યનો રંગ ચડતાં તેની અનુભૂતિ પ્રગટે. બાકી પરિણામને એકદમ શાન્ત કર્યા વગર એમને એમ અનુભવ કરવા માંગે તો થાય નહિ. અહા, અનુભવી જીવની અંદરની દશા કોઈ ઓર હોય છે!

# સ્વાનુભૂતિનો રંગ ચડી જાય–એવી વાત

## પ્રત્યક્ષ–પરોક્ષપણું જ્ઞાનમાં છે, સમ્યક્ત્વમાં નહિ.

પ્રત્યક્ષ–પરોક્ષપણાસંબંધી ભેદ સમ્યક્ત્વમાં નથી. સમ્યક્ત્વ તો શુદ્ધ આત્માની પ્રતીતિરૂપ છે. એ પ્રતીત સિદ્ધભગવાનને કે તીર્યંચ સમ્યગ્દષ્ટિને સરખી જ છે. સિદ્ધ ભગવાનને સમ્યક્ત્વમાં જેવા શુદ્ધાત્માની પ્રતીત છે તેવા જ શુદ્ધાત્માની પ્રતીત ચોથા ગુણસ્થાનવાળા સમકિતીને પણ છે, તેમાં કાંઈ ફેર નથી. સિદ્ધભગવાનનું સમ્યક્ત્વ પ્રત્યક્ષ ને ચોથાગુણસ્થાનવાળાનું પરોક્ષ એવા ભેદ નથી; અથવા સ્વાનુભવ વખતે સમ્યક્ત્વ પ્રત્યક્ષ અને બહાર શુભાશુભમાં ઉપયોગ હોય ત્યારે સમ્યક્ત્વ પરોક્ષ–એમ પણ નથી. શુભાશુભમાં પ્રવર્તતો હોય ત્યારે કે સ્વાનુભવથી શુદ્ધોપયોગમાં પ્રવર્તતો હોય ત્યારે પણ સમ્યગ્દષ્ટિને સમ્યક્ત્વ તો એવું ને એવું છે, અર્થાત્ સ્વાનુભવ વખતે સમ્યક્ત્વમાં કાંઈ મલિનતા થઈ ગઈ–એમ નથી.

અહો, જુઓ આ સમ્યગ્દર્શનની ને સ્વાનુભવની ચર્ચા! આ મૂળભૂત વસ્તુ છે. સ્વાનુભવ શું ચીજ છે તેની ઓળખાણ પણ જીવોને આનંદ આપનાર છે. પહેલાં વસ્તુસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરે, જીવ શું, અજીવ શું, સ્વભાવ શું, પરભાવ શું, તે બરાબર ઓળખીને પછી મતિશ્રુતજ્ઞાનને અંતરમાં વાળીને સ્વદ્રવ્યમાં પરિણામને એકાગ્ર કરતાં સમ્યગ્દર્શન અને સ્વાનુભવ થાય છે. આવો અનુભવ કરે ત્યારે જ મોહની ગાંઠ તૂટે છે, ને ત્યારે જ જીવ ભગવાનના માર્ગમાં આવે છે...અહા, તેને જે આનંદ ને શાંતિ થાય છે–તેની શી વાત!

ભાઈ! આ તો સર્વજ્ઞનો નિર્ગ્રંથ માર્ગ છે. જો તું સ્વાનુભવ વડે મિથ્યાત્વની ગાંઠ ન તોડી તો નિર્ગ્રંથમાર્ગમાં કઈ રીતે આવ્યો? જન્મ-મરણની ગાંઠને જો ન તોડી તો નિર્ગ્રંથ માર્ગમાં જન્મીને તેં શું કર્યું? ભાઈ, આવો અવસર મળ્યો તો એવો ઉદ્યમ કર કે જેથી તને અપૂર્વ શાંતિ મળે, તારા જન્મ-મરણ ટળે, ને અલ્પકાળમાં મુક્તિ થાય.

આમાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તે પ્રગટ કરવાની રીત પણ ભેગી જ આવી જાય છે. જેણે સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તેણે શું કરવું? સમ્યગ્દર્શન ક્યાં શોધવું?

૧. પરમાં શોધે તો સમ્યગ્દર્શન મળે તેમ નથી.

૨. દેહાદિની ક્રિયામાં કે શુભરાગમાં પણ સમ્યગ્દર્શન મળે તેમ નથી.

૩. સમ્યગ્દર્શન તો આત્માના સ્વભાવનો જ ભાવ છે એટલે આત્મામાંથી જ તે મળે.

૪. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, અંતર્મુખ થઈને તેની નિર્વિકલ્પ પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે.

૫. તે સમ્યગ્દર્શન મન અને ઈન્દ્રિયોથી પાર નિર્વિકલ્પ આત્મપ્રતીતિરૂપ છે.

૬. તે સમ્યગ્દર્શન સ્વમાં ઉપયોગ વખતે કે પરમાં ઉપયોગ વખતે એકસરખું વર્તે છે.

૭. પ્રત્યક્ષ અને પરોક્ષ એવા ભેદ સમ્યગ્દર્શનમાં નથી.

૮. જ્ઞાન અંતર્મુખ થતાં આત્માના નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય તેની સાથે 'આ જ હું છું' એવી સમ્યક્ આત્મપ્રતીતિ થાય તે જ સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શન નિર્વિકલ્પ સ્વાનુભવમાં થયું, પણ પછી વિકલ્પમાં આવતાં તે સમ્યગ્દર્શન ચાલ્યું જતું નથી, ભ્રાંતિરહિત સમ્યક્ આત્મપ્રતીતિ ધર્મીને સદાય રહ્યા કરે છે.

૯. આવું સમ્યગ્દર્શન એ મોક્ષનું દ્વાર છે; તેના વડે જ મોક્ષનો માર્ગ ઉઘડે છે. એનો ઉદ્યમ એ જ દરેક મુમુક્ષુનું પહેલું કામ છે. અને દરેક મુમુક્ષુથી આ થઈ શકે તેવું છે.

❀ અહા, સંતોએ સમ્યગ્દર્શનનું સ્વરૂપ ઘણું સ્પષ્ટ બતાવ્યું છે. આ વાત એવી સરસ છે કે જો સમજે તો અંદર સ્વાનુભૂતિનો રંગ ચડી જાય, ને રાગનો રંગ ઊતરી જાય. આત્માની શુદ્ધઅનુભૂતિ રાગના રંગ

વગરની છે; જેને આવી અનુભૂતિનો રંગ નથી તે રાગથી રંગાઈ જાય છે. હે જીવ! એકવાર આત્મામાં રાગનો રંગ ઊતારીને સ્વાનુભૂતિનો રંગ ચડાવ.

એકવાર પણ સ્વાનુભૂતિથી જેને શુદ્ધાત્માની પ્રતીત થઈ એટલે કે સમ્યગ્દર્શન થયું, પછી તેને સ્વાનુભવમાં હોય ત્યારે પ્રતીતનું જોર વધી જાય ને બહાર શુભાશુભમાં આવે ત્યારે પ્રતીત ઢીલી પડી જાય–એમ નથી. વળી નિર્વિકલ્પદશા વખતે સમ્યક્ત્વ પ્રત્યક્ષ અને સવિકલ્પદશા વખતે સમ્યક્ત્વ પરોક્ષ એવું પ્રત્યક્ષ-પરોક્ષપણું સમ્યક્ત્વમાં નથી. અથવા નિર્વિકલ્પદશા વખતે નિશ્ચયસમ્યક્ત્વ ને સવિકલ્પદશા વખતે એકલું વ્યવહારસમ્યક્ત્વ એમ પણ નથી. ધર્મીને સવિકલ્પદશા હો કે નિર્વિકલ્પદશા હો–બંને વખતે શુદ્ધાત્માની પ્રતીતરૂપ નિશ્ચયસમ્યક્ત્વ તો સળંગપણે વર્તી રહ્યું જ છે. જો નિશ્ચયસમ્યક્ત્વ ન હોય તો સાધકપણું જ ન રહે, મોક્ષમાર્ગ જ ન રહે. પછી નિશ્ચયસમ્યક્ત્વમાં ભલે કોઈને ઔપશમિક હોય, કોઈને ક્ષાયોપશમિક હોય ને કોઈને ક્ષાયિક હોય. શુદ્ધાત્માની પ્રતીત તો ત્રણેમાં સરખી છે. ક્ષાયિક સમ્યક્ત્વ તો સર્વથા નિર્મળ છે; ઔપશમિક સમ્યક્ત્વ પણ વર્તમાનમાં તો ક્ષાયિક જેવું જ નિર્મળ છે, પણ તે જીવને આછરેલા પાણીની માફક તળીયેથી (સત્તામાંથી) હજી મિથ્યાત્વની પ્રકૃતિનો નાશ થયો નથી; અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં સમ્યક્ત્વને બાધા ન પહોંચાડે એવા પ્રકારનો સમ્યક્-મોહનીયપ્રકૃતિ સંબંધી વિકાર છે. ત્રણે પ્રકારના સમકિતમાં શુદ્ધ આત્માની પ્રતીત વર્તે છે. પ્રતીત અપેક્ષાએ તો સમ્યગ્દૃષ્ટિને સિદ્ધસમાન કહ્યો છે.

પ્રશ્ન :–ચોથા ગુણસ્થાનવાળા ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિની પ્રતીત તો સિદ્ધભગવાન જેવી હોય, પણ ઉપશમસમ્યગ્દૃષ્ટિની પ્રતીત પણ શું સિદ્ધભગવાન જેવી છે?

ઉત્તર :–હા; ઉપશમસમકિતીની પ્રતીતમાં જે શુદ્ધાત્મા આવ્યો છે, તે પણ જેવો સિદ્ધની પ્રતીતમાં આવ્યો છે તેવો જ છે. શુદ્ધઆત્માની પ્રતીત તો ત્રણે સમકિતીની સરખી જ છે, એમાં કાંઈ ફેર નથી.

❀

# સ્વાનુભવજ્ઞાનનું અને તે વખતના વિશિષ્ટ આનંદનું વર્ણન

જે જ્ઞાન આત્માને જાણે તે પ્રત્યક્ષ ને પરને જાણે તે પરોક્ષ એવી વ્યાખ્યા નથી; કેમ કે મતિ–શ્રુતજ્ઞાન આત્માને જાણે છે છતાં તેને પરોક્ષ ગણ્યાં છે, ને અવધિ–મનઃપર્યયજ્ઞાન પરને જાણે છે છતાં તેને પ્રત્યક્ષ કહ્યાં છે. જે જ્ઞાન સ્પષ્ટ હોય અને સીધું આત્માથી થાય તે જ્ઞાનને પ્રત્યક્ષ કહે છે; અને જે અસ્પષ્ટ હોય, જેમાં ઈન્દ્રિયાદિ પરનું કાંઈ અવલંબન હોય તેને પરોક્ષ કહે છે. હવે મતિ–શ્રુતજ્ઞાન જ્યારે સ્વસન્મુખ થઈને સ્વાનુભવમાં વર્તે છે, ત્યારે તેમાંથી ઈન્દ્રિય–મનનું જેટલું અવલંબન છૂટ્યું છે તેટલું તો પ્રત્યક્ષપણું છે, તેમાં જે સ્વાનુભવ થયો તે એકલા આત્માથી જ થયો છે, બીજા કોઈનું તેમાં અવલંબન નથી, અને તે સ્વાનુભવ સ્પષ્ટ છે, માટે તે પ્રત્યક્ષ છે. આ પ્રત્યક્ષપણું અધ્યાત્મદૃષ્ટિવાળાને સમજાય તેવું છે. અહા, મતિ–શ્રુતજ્ઞાન ઈન્દ્રિય અને મન વગર જાણે!....ભાઈ, જાણવાનો સ્વભાવ તો આત્માનો છે ને! આત્મા પોતે પોતાને મન અને ઈન્દ્રિય વગર જ જાણે છે. પ્રવચનસારની ૧૭૨મી ગાથામાં 'અલિંગગ્રહણ'ના ૨૦ અર્થો કરતાં આચાર્યદેવે સ્પષ્ટ કહ્યું છે કે આત્મા એકલા અનુમાન વડે કે એકલા ઈન્દ્રિય–મન વડે જણાતો નથી, એટલે એકલા પરોક્ષ જ્ઞાન વડે તે જણાતો નથી. ઈન્દ્રિયજન્ય મતિ–શ્રુતજ્ઞાનને સાંવ્યવહારિકપ્રત્યક્ષ કહ્યું છે તે પરને જાણવાની અપેક્ષાએ, સ્વને જાણવામાં તો તે જ્ઞાન ઈન્દ્રિયાતીત સ્વાનુભવપ્રત્યક્ષ છે. આ સ્વાનુભવ–પ્રત્યક્ષપણું અધ્યાત્મશૈલીમાં છે, એટલે આગમની શૈલીમાં પ્રત્યક્ષ–પરોક્ષના જે ભેદો આવે તેમાં તેનું કથન ન આવે. સમયસારમાં કહે છે કે હું મારા સમસ્ત નિજવૈભવથી શુદ્ધાત્મા દેખાડું છું, તે સ્વાનુભવપ્રત્યક્ષથી પ્રમાણ કરજો. તો ત્યાં શ્રોતાઓ તો મતિ–શ્રુતજ્ઞાનવાળા જ છે ને તેમને જ મતિ–શ્રુતજ્ઞાન વડે સ્વાનુભવ–પ્રત્યક્ષ કરવાનું કહ્યું છે. જો સ્વાનુભવમાં મતિ–શ્રુત પ્રત્યક્ષ ન હોય તો, આમ કેમ કહે?

અહીં કહે છે કે જિજ્ઞાસુએ આવો સ્વાનુભવ કરતાં પહેલાં આગમ દ્વારા તથા અનુમાન વગેરે દ્વારા આત્માનું યથાર્થ સ્વરૂપ નક્કી કર્યું છે. પછી તેમાં પરિણામ લીન કરીને સ્વાનુભવ કરે છે.

આગમમાં, અરિહંતના આત્માનું ઉદાહરણ આપીને આત્માનો શુદ્ધ સ્વભાવ દેખાડ્યો છે. અરિહંતનો આત્મા દ્રવ્યથી–ગુણથી ને પર્યાયથી જેવો ચેતનામય શુદ્ધ છે તેવો જ આત્માનો સ્વભાવ છે, અરિહંત જેવો જ ચેતનસ્વભાવી આ આત્મા છે, અરિહંતના આત્મામાં શુભરાગ વગેરે વિકાર નથી તેમ શુભરાગ આ આત્માનો પણ સ્વભાવ નથી. આગમમાં શુભરાગને આત્માનો સ્વભાવ કહ્યો નથી પણ પરભાવ કહ્યો છે, તેને અનાત્મા અને આસ્રવ કહ્યો છે. એમ અનેક પ્રકારે આગમના જ્ઞાનથી આત્મસ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ.

વળી, અનુમાનના વિચારથી પણ વસ્તુસ્વરૂપ નક્કી કરે. જેમ કે–

હું આત્મા છું....મારામાં જ્ઞાન છે.

જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે; અને જ્યાં જ્યાં આત્મા છે ત્યાં ત્યાં જ્ઞાન પણ છે. જેમ કે સિદ્ધભગવાન.

જ્યાં જ્યાં આત્મા નથી ત્યાં ત્યાં જ્ઞાન પણ નથી; અને જ્યાં જ્યાં જ્ઞાન નથી ત્યાં ત્યાં આત્મા પણ નથી. જેમ કે અચેતન શરીર.

આ રીતે આત્માને અને જ્ઞાનને પરસ્પર વ્યાપ્તિપણું છે, એટલે કે એક હોય ત્યાં બીજું હોય જ, ને એક ન હોય ત્યાં બીજું પણ ન હોય, આવા પરસ્પર અવિનાભાવપણાને 'સમવ્યાપ્તિ' કહેવાય છે.

'શરીર હોય ત્યાં આત્મા હોય'–એમ સાચું અનુમાન થઈ શકતું નથી, કેમ કે સિદ્ધ ભગવાનને શરીર ન હોવા છતાં આત્મા છે અને મૃતક-ક્લેવરમાં શરીર હોવા છતાં આત્મા નથી; એટલે શરીરને અને જીવને વ્યાપ્તિ નથી.

શરીર વગરનો આત્મા હોય પણ જ્ઞાન વગરનો આત્મા કદી ન હોય. માટે જ્ઞાન તે આત્માનું સ્વરૂપ છે, પણ શરીર તો આત્માથી ભિન્ન છે.

એ જ રીતે, શરીરની માફક રાગ-દ્વેષ વગરનો આત્મા પણ હોય છે, માટે રાગ-દ્વેષ પણ ખરેખર આત્માનું સ્વરૂપ નથી. આમ અનેક પ્રકારે યુક્તિથી વિચારીને આત્માનું સ્વરૂપ નક્કી કરવું તેને અનુમાન કહેવાય છે.

હું આત્મા છું; કેમ કે મારામાં જ્ઞાન છે ને હું જ્ઞાનથી જાણું છું.

શરીર તે આત્મા નથી; કેમ કે તેનામાં જ્ઞાન નથી, તે કાંઈ જાણતું નથી.

આત્મા જ્ઞાનસ્વભાવી છે; કેમ કે જ્ઞાન વગરનો આત્મા કદી હોતો નથી.

તેમ જ આત્મા સિવાય બીજે ક્યાંય જ્ઞાન કદી હોતું નથી.

શુદ્ધનયથી હું શુદ્ધ સિદ્ધસમાન છું; અશુદ્ધનયથી મારામાં અશુદ્ધતા પણ છે. શુદ્ધનયનો આશ્રય કરીને શુદ્ધાત્માનો અનુભવ કરતાં પર્યાયમાંથી અશુદ્ધતા ટળીને શુદ્ધતા પ્રગટે છે.

આ પ્રમાણે અનુમાન અને નય–પ્રમાણ વગેરેના વિચારો તત્ત્વનિર્ણયના કાળે હોય છે; પણ એકલા એ વિચારથી જ કાંઈ સ્વાનુભવ નથી થતો, વસ્તુસ્વરૂપ નક્કી કરીને પછી જ્યારે સ્વદ્રવ્યમાં પરિણામને એકાગ્ર કરે ત્યારે જ સ્વાનુભવ થાય છે. અને એ સ્વાનુભવના કાળે નય–પ્રમાણ વગેરેના વિચારો હોતા નથી, નય–પ્રમાણ વગેરેના વિચાર એ તો પરોક્ષજ્ઞાન છે, અને સ્વાનુભવ તો કથંચિત્ પ્રત્યક્ષ છે. આગમ અનુમાન વગેરે પરોક્ષ જ્ઞાનથી જે સ્વરૂપ વિચારમાં લીધું તેમાં પરિણામ એકાગ્ર થતાં તે સ્વાનુભવ–પ્રત્યક્ષ થાય છે. જ્ઞાનીએ આ સ્વાનુભવમાં પહેલાં કરતાં કાંઈ બીજું સ્વરૂપ જાણ્યું—એમ નથી, એટલે કે જ્ઞાનીને સ્વાનુભવમાં જાણપણાની અપેક્ષાએ વિશેષતા નથી પણ પરિણામની મગ્નતા છે–તે વિશેષતા છે.

આત્માના અનુભવનું સ્મરણ કરીને ફરી તેમાં પરિણામ લગાવે છે.—પણ આવું સ્મરણ કોને હોય? કે પહેલાં એકવાર જેણે અનુભવ વડે સ્વરૂપ જાણ્યું હોય, તેની ધારણા ટકાવી રાખી હોય, તે ફરીને તેનું

સ્મરણ કરે. 'પહેલાં આત્માનો અનુભવ થયો ત્યારે આવો આનંદ હતો.....આવી શાંતિ હતી, આવું જ્ઞાન હતું....આવો વૈરાગ્યભાવ હતો....આવી એકાગ્રતા હતી....આવો પ્રયત્ન હતો.....' એમ તેના સ્મરણ વડે ચિત્તને એકાગ્ર કરીને ધર્મી જીવ ફરીને તેમાં પોતાના પરિણામને જોડે છે. સ્વાનુભવ વખતે કાંઈ એવા સ્મરણ વગેરેના વિચારો નથી હોતા, પણ પહેલાં એવા વિચારો વડે ચિત્તને એકાગ્ર કરે છે, એટલે એવા પ્રકારના સ્મૃતિ–અનુમાન–આગમ વગેરે પૂર્વક (પછી તે વિચાર છૂટીને) સ્વાનુભવ થાય છે; વિચાર વખતે જે મતિ–શ્રુતજ્ઞાન હતાં તે જ મતિ–શ્રુતજ્ઞાન વિકલ્પ છૂટીને સ્વાનુભવમાં આવ્યાં, એટલે સ્વાનુભવમાં મતિ–શ્રુતજ્ઞાન છે એમ અહીં બતાવવું છે. મતિ–શ્રુતજ્ઞાને આત્માનું જે સ્વરૂપ જાણ્યું તેમાં જ તે મગ્ન થાય છે; તેમાં જાણપણાની અપેક્ષાએ ફેર નથી પણ પરિણામની મગ્નતાની અપેક્ષાએ ફેર છે.

મતિ–શ્રુતજ્ઞાન જ્યારે અંતરમાં ઉપયોગ મૂકીને સ્વાનુભવ કરે છે ત્યારે તે નિર્વિકલ્પદશામાં કોઈ અપૂર્વ આનંદ અનુભવાય છે. જાણપણા અપેક્ષાએ ભલે ત્યાં વિશેષતા ન હોય પણ આનંદનો અનુભવ વગેરે અપેક્ષાએ તેમાં વિશેષતા છે.

ધર્મીજીવ સવિકલ્પદશા વખતે આત્માનું જે સ્વરૂપ જાણતા હતા તે જ નિર્વિકલ્પદશા વખતે જાણે છે, નિર્વિકલ્પદશામાં કાંઈ વિશેષ પ્રકાર જાણ્યા–એવી વિશેષતા નથી. છતાં સવિકલ્પ કરતાં નિર્વિકલ્પદશાનો ઘણો મહિમા કરો છો તો તેનું શું કારણ? એમાં એવી કઈ વિશેષતા છે કે આટલો બધો સ્વાનુભવનો મહિમા શાસ્ત્રોએ ગાયો છે? તે અહીં બતાવીએ છીએ. ભાઈ, સ્વાનુભવ વખતે જ્ઞાનઉપયોગ પોતાના શુદ્ધઆત્માને જ સ્વજ્ઞેય કરીને તેમાં થંભી ગયો છે, પહેલાં ઉપયોગ બહારના અનેક જ્ઞેયોમાં ને વિકલ્પોમાં ભમતો, તે મટીને ઉપયોગ પોતાના સ્વરૂપને એકને જ જાણવામાં એકાગ્ર થયો. એક તો આ વિશેષતા થઈ. અને બીજી વિશેષતા એ થઈ કે પહેલાં સવિકલ્પદશા વખતે અનેક પ્રકારના રાગદ્વેષ–શુભાશુભ પરિણામ થતાં, સ્વાનુભવ વખતે શુદ્ધોપયોગ

થતાં બુદ્ધિપૂર્વકના સમસ્ત રાગાદિ પરિણામો છૂટી ગયા, કેવળ નિજસ્વરૂપમાં જ તન્મય પરિણામ થયા. આવી વિશેષતાને લીધે સ્વાનુભવકાળમાં સિદ્ધ ભગવાન જેવો અતીન્દ્રિય સ્વાભાવિક આનંદ વિશેષ અનુભવાય છે. સ્વાનુભૂતિનું સુખ વચનાતીત છે. જગતના કોઈ પદાર્થમાં એ સુખનો અંશ પણ નથી. ઇન્દ્રિયજનિત સુખો કરતાં આ સુખની જાત જ જુદી છે; આ તો આત્મજનિત સુખ છે, આત્માના સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલું છે. જેણે એક વખત ઉપયોગને અંતરમાં જોડીને સ્વાનુભૂતિનું આવું અપૂર્વ સુખ ચાખી લીધું છે-એવા ધર્મીને, જેટલી વીતરાગતા થઈ છે તેટલું આત્મિકસુખ તો સવિકલ્પદશા વખતેય વર્તે છે, પરંતુ નિર્વિકલ્પદશા વખતે ઉપયોગ નિજસ્વરૂપમાં તન્મય થઈને જે અતીન્દ્રિય પરમ આનંદ વેદે છે તેની કોઈ ખાસ વિશેષતા છે. અહા, સ્વાનુભવનો આનંદ શું છે તેની કલ્પનાય અજ્ઞાનીને આવતી નથી. જેણે અતીન્દ્રિય ચૈતન્યને કદી જોયો નથી, જેણે ઇન્દ્રિયવિષયોમાં જ આનંદ માન્યો છે તેને સ્વાનુભવના અતીન્દ્રિયઆનંદની ગંધ પણ ક્યાંથી હોય? અરે, આવા સ્વાનુભવની ચર્ચા પણ જીવને દુર્લભ છે. જેણે જ્ઞાનને બાહ્ય-ઇન્દ્રિયવિષયોમાં જ ભમાવ્યું છે, જ્ઞાનને અંદર વાળીને અતીન્દ્રિય વસ્તુને કદી લક્ષગત કરી નથી, તેને એ અતીન્દ્રિયવસ્તુના અતીન્દ્રિયસુખની કલ્પના પણ ક્યાંથી આવે? 'ખાખરાની ખીસકોલી કેરીનો સ્વાદ ક્યાંથી જાણે?' તેમ ઇન્દ્રિયજ્ઞાનમાં જ લુબ્ધ પ્રાણી અતીન્દ્રિયસુખના સ્વાદને ક્યાંથી જાણે? જ્ઞાનીએ ચૈતન્યના અતીન્દ્રિયસુખને જાણ્યું છે; એનો અપૂર્વ સ્વાદ ચાખ્યો છે, એ સુખ એને નિરંતર વર્તે છે; તે ઉપરાંત અહીં તો નિર્વિકલ્પદશામાં તેને આનંદની જે વિશેષતા છે તેની વાત છે.

**શંકા** :-અમે તો ગૃહસ્થ; ગૃહસ્થને આવી સ્વાનુભવની વાત કેમ સમજાય?

**સમાધાન** :-ભાઈ, સ્વાનુભવની આ ચિઠ્ઠી લખનાર (પં. ટોડરમલજી) પોતે પણ ગૃહસ્થ જ હતા; અને જેમના ઉપર ચિઠ્ઠી લખેલી છે તેઓ પણ ગૃહસ્થો જ હતા; એટલે ગૃહસ્થોને સમજાય એવી આ વાત

છે. આત્માનું સત્યજ્ઞાન તો ગૃહસ્થને પણ થઈ શકે છે. મુનિદશા જેવી સ્વરૂપસ્થિરતા ગૃહસ્થને ન હોય પરંતુ આત્માનું જ્ઞાન તો મુનિદશા જેવું જ ગૃહસ્થદશામાંય થઈ શકે છે, તેઆં કાંઈ ફેર પડતો નથી. અને આવું આત્મજ્ઞાન કરે તે જ ગૃહસ્થને ધન્ય કહ્યો છે; શ્રી કુંદકુંદસ્વામી તો કહે છે કે હે શ્રાવક! તું નિર્મળ સમ્યક્ત્વને ગ્રહણ કરીને, નિરંતર એને જ ધ્યાનમાં ધ્યાવ. આવું સમ્યક્ત્વ ગૃહસ્થને થઈ શકે છે–તો જ એમ કહ્યું ને? માટે સાચી જિજ્ઞાસા પ્રગટ કરીને સમજવા માંગે તેને સ્વાનુભવની વાત જરૂર સમજાય. આ તો સૂક્ષ્મ લાગે, પણ આ સમજવાથી જ આત્માનું કલ્યાણ છે, માટે આત્માના સમ્યક્ત્વની ને સ્વાનુભવની વાત બરાબર સમજવા જેવી છે.

**પ્રશ્ન** :–આ સમજીને પછી શું કરવું? ૨૪ કલાકનો કાર્યક્રમ શું?

**ઉત્તર** :–ભાઈ, ધર્માત્માનો ચોવીસે કલાકનો આ જ કાર્યક્રમ છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું સેવન કરવું ને પરભાવનું સેવન છોડવું. ચોવીસે કલાકમાં ક્ષણે ક્ષણે ધર્માત્મા આ સ્વભાવસેવનનું કાર્ય કરી રહ્યા છે. અને અજ્ઞાની ચોવીસે કલાકમાં ક્ષણે ક્ષણે પરભાવના સેવનનું કાર્ય કરી રહ્યો છે. બહારના કામ તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ એક ક્ષણ પણ કરતું નથી.

સમ્યગ્દર્શન થયા પછી ધર્મીને ઉપયોગ ક્યારેક સ્વમાં હોય છે ને ક્યારેક પરમાં હોય છે; એકધારો સ્વમાં ઉપયોગ રહેતો નથી, પરંતુ સમ્યક્ત્વ એકધારું રહે છે. તે સમ્યક્ત્વ સ્વઉપયોગ વખતે પ્રત્યક્ષ ને પરઉપયોગ વખતે પરોક્ષ–એવા ભેદ તેમાં નથી; અથવા સ્વાનુભવ વખતે તે ઉપયોગરૂપ ને પર તરફ લક્ષ વખતે તે લબ્ધરૂપ–એવા ભેદ પણ સમ્યક્ત્વમાં નથી. સમ્યક્ત્વમાં તો ઔપશમિક વગેરે પ્રકારો છે, ને તે ત્રણેય પ્રકાર સવિકલ્પ દશા વખતે પણ હોય છે. સમ્યગ્દર્શન થયું તેટલી શુદ્ધપરિણતિ તો શુભ-અશુભ વખતેય ધર્મીને વર્તે જ છે.

સમ્યગ્દર્શન થાય એટલે તે જીવ સદાય નિર્વિકલ્પ–અનુભૂતિમાં જ રહે–એવું નથી. તેને શુદ્ધાત્મપ્રતીત સદાય રહે તે વિકલ્પ વગરની હોય,

પણ અનુભૂતિ તો ક્યારેક હોય. મુનિનેય નિર્વિકલ્પ અનુભૂતિ સળંગ નથી રહેતી, સળંગ લાંબો કાળ નિર્વિકલ્પતા રહે તો કેવળજ્ઞાન થઈ જાય.

સ્વાનુભૂતિ તે જ્ઞાનની સ્વઉપયોગરૂપ પર્યાય છે; સમ્યગ્દર્શનને તે ઉપયોગરૂપ સ્વાનુભૂતિ સાથે વિષમવ્યાપ્તિ છે. એટલે કે એક પક્ષ તરફની વ્યાપ્તિ છે. જેમ કેવળદર્શન અને કેવળજ્ઞાનને, અથવા તો આત્માને અને જ્ઞાનને, તો સમવ્યાપ્તિ છે—એટલે કે જ્યાં બેમાંથી એક હોય ત્યાં બીજું પણ હોય જ; અને એક ન હોય ત્યાં બીજું પણ ન હોય.—એમ બન્નેને પરસ્પર અવિનાભાવીપણું છે, એને સમવ્યાપ્તિ કહે છે. પણ સમ્યગ્દર્શનને અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિને એવું સમવ્યાપ્તિપણું નથી, પણ વિષમવ્યાપ્તિ (એક પક્ષ તરફનું અવિનાભાવપણું) છે એટલે કે—

☞ જ્યાં નિર્વિકલ્પ અનુભૂતિ હોય ત્યાં સમ્યગ્દર્શન હોય જ. અને જ્યાં સમ્યગ્દર્શન ન હોય ત્યાં અનુભૂતિ ન જ હોય;–આવો નિયમ છે; પરંતુ–

☞ જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં અનુભૂતિ સદા હોય જ, અને જ્યાં અનુભૂતિ ન હોય ત્યાં સમ્યગ્દર્શન ન જ હોય. એવો કોઈ નિયમ નથી.

☞ જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં નિર્વિકલ્પ સ્વાનુભૂતિ વર્તતી હોય કે ન પણ વર્તતી હોય અને જ્યાં નિર્વિકલ્પ સ્વાનુભૂતિ ન હોય ત્યાં સમ્યક્ત્વ ન હોય અથવા હોય પણ ખરું.

☞ સમ્યગ્દર્શન પ્રગટવાના કાળે તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોય જ એ નિયમ છે. ત્યાર પછીના કાળે સમકિતીને તે અનુભૂતિ કોઈ વાર હોય, કોઈ વાર ન પણ હોય, પણ શુદ્ધાત્મપ્રતીત તો સદૈવ હોય જ. જ્યારે ઉપયોગને અંદર થંભાવીને નિર્વિકલ્પ સ્વાનુભવમાં પરિણામને મગ્ન કરે ત્યારે તેને કોઈ વિશિષ્ટ આનંદનું વેદન થાય છે.

ચોથા ગુણસ્થાનની શરૂઆત જ આવા નિર્વિકલ્પ સ્વાનુભવપૂર્વક થાય છે, સમ્યગ્દર્શન કહો, ચોથું ગુણસ્થાન કહો કે ધર્મની શરૂઆત કહો તે

આવા સ્વાનુભવ વગર થતી નથી. સ્વાનુભવને પ્રત્યક્ષ કહ્યો, તેમાં અતીન્દ્રિય વચનાતીત આનંદ કહ્યો, તેમાં કોઈ વિકલ્પ નથી એમ કહ્યું, તેથી કોઈને પ્રશ્ન ઊઠે કે આવો ઊંચો–અતીન્દ્રિય, પ્રત્યક્ષ સ્વાનુભવ કોને થતો હશે?—તો કહે છે કે આવો અનુભવ ચોથા ગુણસ્થાનથી જ થાય છે. આવી નિર્વિકલ્પ આનંદદશા ગૃહસ્થપણામાં રહેલા સમ્યગ્દૃષ્ટિને પણ મતિ-શ્રુતજ્ઞાન વડે થાય છે. ચોથા ગુણસ્થાને વિશેષ-વિશેષકાળના અંતરે કોઈ કોઈ વાર આવો અનુભવ થાય છે. પહેલી વાર જ્યારે ચોથું ગુણસ્થાન પ્રગટ્યું ત્યારે તો નિર્વિકલ્પ અનુભવ થયો જ હતો, પણ પછી ફરીને એવો અનુભવ અમુક વિશેષકાળના અંતરે થાય છે; ને પછી ઉપર-ઉપરના ગુણસ્થાને તેવો અનુભવ વારંવાર થાય છે. પાંચમા ગુણસ્થાને ચોથા કરતાં અલ્પ-અલ્પકાળને અંતરે અનુભવ થાય છે; (ચોથા ગુણસ્થાનવાળા કોઈ જીવને કોઈકવાર તુરત જ એવો અનુભવ થાય તે જુદી વાત છે.) અને છઠ્ઠા–સાતમા ગુણસ્થાનવર્તી મુનિને તો વારંવાર અંતર્મુહૂર્તમાં જ નિયમથી વિકલ્પ તૂટીને સ્વાનુભવ થયા કરે છે. સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાને વધુમાં વધુ કેટલા આંતરે સ્વાનુભવ થાય–એ સંબંધી કોઈ ચોક્કસ માપ જાણવામાં આવતું નથી. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી મુનિને માટે તો નિયમ છે કે અંતર્મુહૂર્તમાં નિર્વિકલ્પ ઉપયોગ થાય જ.

અહો, નિર્વિકલ્પતા તે તો અમૃત છે.

બધા મુનિઓને સવિકલ્પ વખતે છઠ્ઠું ને ક્ષણમાં નિર્વિકલ્પધ્યાન થતાં સાતમું ગુણસ્થાન થાય છે. જેમ સમ્યગ્દર્શન નિર્વિકલ્પ–સ્વાનુભવપૂર્વક પ્રગટે છે તેમ મુનિદશા પણ નિર્વિકલ્પધ્યાનમાં જ પ્રગટે છે,–પહેલાં ધ્યાનમાં સાતમું ગુણસ્થાન પ્રગટે ને પછી વિકલ્પ ઊઠતાં છઠ્ઠે આવે. મુનિને તો વારંવાર નિર્વિકલ્પધ્યાન થાય છે. એ તો કેવળજ્ઞાનના એકદમ નજીકના પાડોશી છે. અહા, વારંવાર શુદ્ધોપયોગના આનંદમાં ઝૂલતા એ મુનિની અંતરદશાની શી વાત! અરે, સમ્યગ્દૃષ્ટિ-શ્રાવકને પણ ધ્યાન વખતે તો મુનિ જેવો ગણ્યો છે. હું શ્રાવક છું કે મુનિ છું–એવો કોઈ વિકલ્પ જ એને નથી, એને તો ધ્યાન વખતે આનંદના વેદનમાં જ લીનતા છે ચોથા ગુણસ્થાને

આવો અનુભવ કોઈકવાર થાય છે, પછી જેમ જેમ ભૂમિકા વધતી જાય છે તેમ તેમ કાળ-અપેક્ષાએ વારંવાર થાય છે ને ભાવઅપેક્ષાએ લીનતા વધતી જાય છે.

આ પ્રકારે સ્વાનુભવની ગુણસ્થાનઅનુસાર વિશેષતા જાણવી. જેમ જેમ ગુણસ્થાન વધતું જાય તેમ તેમ કષાયો ઘટતા જાય ને સ્વરૂપમાં લીનતા વધતી જાય. ધર્મીને ગુણસ્થાનઅનુસાર જેટલી શુદ્ધિ ને જેટલી વીતરાગતા થઈ તેટલી શુદ્ધિ ને વીતરાગતા તો પર તરફના ઉપયોગ વખતે પણ ટકી રહે છે ને તેટલું તો બંધન તેને થતું જ નથી. ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ ધ્યાનમાં હોય તોપણ ત્યાં અનંતાનુબંધી સિવાયના ત્રણે કષાયનું અસ્તિત્વ છે ને છઠ્ઠા ગુણસ્થાને શુભવિકલ્પમાં વર્તતા હોય તોપણ ત્યાં અપ્રત્યાખ્યાનાવરણ કે પ્રત્યાખ્યાનાવરણ કષાય નથી, માત્ર સંજ્વલન કષાય છે, એટલે સ્વાનુભૂતિમાં ન હોય તેથી તેને બીજા કરતાં વધુ કષાયો હોય–એમ નથી. પણ એટલું ખરું કે એક જ ભૂમિકાવાળો જીવ તે સવિકલ્પદશામાં હોય તેના કરતાં નિર્વિકલ્પદશા વખતે તેને કષાયો ઘણા જ મંદ થઈ જાય છે, અને તેટલા જ પ્રમાણમાં શાંતિનું વેદન વધી જાય છે.

ચોથા ગુણસ્થાને સ્ત્રીપુત્રાદિવાળા શ્રાવકને, અરે! આઠ વર્ષની બાલિકાને કે તિર્યંચને પણ એ નિર્વિકલ્પ દશા વખતે બુદ્ધિપૂર્વકના બધા રાગ-દ્વેષ છૂટી ગયા હોય છે, માત્ર ચૈતન્યગોળો–આનંદના સાગરથી ઉલ્લસતો–દેહથી ભિન્ન અનુભવાય છે. એટલે આવા ધ્યાન વખતે તો શ્રાવકને પણ મુનિસમાન ગણ્યો છે. એ ધ્યાનમાં જ્ઞાનાદિની નિર્મળતા પણ વધતી જાય છે, પરિણામની સ્થિરતા પણ વધતી જાય છે, શાંતિ વધતી જાય છે.

જ્ઞાની સંસારમાં ગૃહસ્થપણામાં રહ્યા હોય, રાગ-દ્વેષ-ક્રોધાદિ ક્લેશપરિણામ અમુક થતા હોય, પણ એને એની લાળ લંબાતી નથી; સંસારના ગમે તેવા ક્લેશપ્રસંગો કે પ્રતિકૂળતાના પ્રસંગો આવે, પણ જ્યાં ચૈતન્ય-ધ્યાનની સ્ફૂરણા થઈ ત્યાં તે બધાય ક્લેશ ક્યાંય ભાગી જાય છે; ગમે તેવા પ્રસંગમાંય એના શ્રદ્ધા-જ્ઞાન ઘેરાઈ જતા નથી, જ્યાં ચિદાનંદ-

હંસલાનું સ્મરણ કર્યું ત્યાં જ દુનિયાના બધા ક્લેશો દૂર ભાગી જાય છે, તો એ ચૈતન્યના અનુભવમાં તો ક્લેશ કેવો? એમાં તો એકલો આનંદ છે....એકલી આનંદની જ ધારા વહે છે. માટે કહે છે કે અરે જીવો! આ ચૈતન્યસ્વરૂપના ચિંતનમાં ક્લેશ તો જરા પણ નથી ને તેનું ફળ મહાન છે, મહાન સુખની તેના ચિંતનમાં પ્રાપ્તિ થાય છે, તો એને કેમ ધ્યાનમાં ચિંતવતા નથી? ને કેમ બહાર જ ઉપયોગને ભમાવો છો? જ્ઞાનીને બીજું બધું ભલે દેખાય પણ અંદર ચૈતન્યની જડીબુટ્ટી હાથમાં રાખી છે, સંસારના ઝેરને ઉતારી નાખનારી જડીબુટ્ટી છે; એ જડીબુટ્ટી સૂંઘતાં સંસારના એના થાક ક્ષણભરમાં ઊતરી જાય છે.

જીવે શુદ્ધાત્માના ચિંતનનો અભ્યાસ કરવો જોઈએ. જેને ચૈતન્યના સ્વાનુભવનો રંગ લાગે એને સંસારનો રંગ ઊતરી જાય. ભાઈ, તું અશુભ ને શુભ બંનેથી દૂર થા ત્યારે શુદ્ધાત્માનું ચિંતન થશે. જેને હજી પાપના તીવ્ર કષાયોથી પણ નિવૃત્તિ નથી, દેવ-ગુરુની ભક્તિ, બહુમાન, સાધર્મીઓનો પ્રેમ વગેરે અત્યંત મંદ કષાયની ભૂમિકામાં પણ જે નથી આવ્યો, તે અકષાય ચૈતન્યનું નિર્વિકલ્પ ધ્યાન ક્યાંથી કરશે? પહેલાં બધાય કષાયનો (શુભ-અશુભનો) રંગ અંદરથી ઊડી જાય....જ્યાં એનો રંગ ઊડી જાય ત્યાં એની અંત્યંત મંદતા તો સહેજે થઈ જ જાય, ને પછી ચૈતન્યનો રંગ ચડતાં તેની અનુભૂતિ પ્રગટે. બાકી પરિણામને એકદમ શાન્ત કર્યા વગર એમને એમ અનુભવ કરવા માંગે તો થાય નહીં. અહા, અનુભવી જીવની અંદરની દશા કોઈ ઓર હોય છે!

ઉપયોગ જ્યારે સ્વાનુભવમાં જોડાય ત્યારે નિર્વિકલ્પદશા કહેવામાં આવે છે, કેમ કે તે વખતે ઉપયોગનું જોડાણ વિકલ્પમાં નથી, ઉપયોગ નિજસ્વરૂપમાં જ એકાગ્ર થયેલો છે. જોકે નિર્વિકલ્પ અનુભવ વખતેય સરાગી જીવને અંદર અબુદ્ધિપૂર્વક વિકલ્પો તો છે, રાગનું કાર્ય વિકલ્પ છે તે ત્યાં પડ્યો છે, પણ ઉપયોગ તેમાં નથી, અને તે એવો સૂક્ષ્મ છે કે તે પોતાને કે બીજા સ્થૂળ જ્ઞાનીને ખ્યાલમાં આવી શકતો નથી, સામાન્ય છદ્મસ્થને ખ્યાલમાં આવે તેવા સ્થૂળ વિકલ્પ ત્યાં નથી, તેથી ત્યાં નિર્વિકલ્પતા જ કહેવામાં આવે છે.

આ સમ્યક્ત્વની ને સ્વાનુભવની બહુ સરસ વાત છે...એને લક્ષગત કરતાં જન્મ-મરણ ટળી જાય એવી આ અલૌકિક વાત છે. આ 'સ્વાનુભવ' કળા એ જ સંસારસમુદ્રથી તરવાની કળા છે, બાકી બીજાં ભણતર આવડે તોયે ભલે ને ન આવડે તોયે ભલે. આ સ્વાનુભવ-કળાને જે નથી જાણતો તે ભલે બીજી અનેક કળાઓ જાણતો હોય તોપણ સંસારસમુદ્રને તરી શકતો નથી, મોક્ષને માટે એની એક્કેય કળા કામ આવતી નથી. અને સ્વાનુભવની એક કળાને જે જાણે છે તેને ભલે બીજી કળા કદાચ ન આવડે તોપણ સ્વાનુભવના બળે તે સંસારને તરશે ને મોક્ષને સાધશે. સ્વાનુભવથી એને કેવળજ્ઞાનની એવી મહાવિદ્યા ખીલશે કે તેમાં જગતની બધીયે વિદ્યાનું જ્ઞાન સમાઈ જાય. અરે, આયુષ્ય ઓછું, બુદ્ધિની અલ્પતા ને શ્રુતનો તો પાર નહિ–તેમાં હે જીવ! તારે એ જ શીખવા જેવું છે કે જેનાથી આ ભવસમુદ્રને તરાય. બીજી આડી અવળી વાતમાં પડ્યા વગર મૂળ પ્રયોજનભૂત એ વાતને જાણ કે જે જાણવાથી આત્મા આ સંસારસમુદ્રને તરી જાય. આ સંબંધમાં દૃષ્ટાંત :–

એક વેદીયા વિદ્વાન નૌકામાં બેસીને જતા હતા. વચ્ચે નાવિક સાથે વાત કરતાં કરતાં તેણે પૂછ્યું–કેમ નાવિક! તને સંગીત આવડે છે?

નાવિક કહે–ના ભાઈ!

પછી થોડી વારે પૂછ્યું–વ્યાકરણ આવડે છે? જ્યોતિષ આવડે છે? ગણિત આવડે છે?

નાવિક તો કહે–ના....બાપુ!

છેવટે પૂછ્યું–ભાઈ લખતાં–વાંચતાં તો આવડતું હશે!

નાવિક કહે–ના રે બાપુ! અમારે તો ભલી આ નદી ને ભલી અમારી નૌકા...અમને તો આ પાણીમાં કેમ તરવું તે આવડે છે.

પંડિતજી કહે–બસ, ત્યારે તો નાવિક ભાઈ! તમારી જીંદગી પાણીમાં ગઈ. અમે તો ન્યાય–વ્યાકરણ–સંગીત–કાયદા–જ્યોતિષ વગેરે બધું જાણીએ.

નાવિક કહે–બહુ....સારું...બાપા! અમારે તો અમારા કામથી કામ.

હજી તો આમ વાત કરે છે ત્યાં તો જોરદાર વાવાઝોડું ઉપડ્યું; નૌકા તો હાલકડોલક થતી તણાવા લાગી....ને ડૂબી જશે એવું લાગ્યું; ત્યારે નાવિકે પુછ્યું–શાસ્ત્રીજી મા'રાજ! તમને તરતાં આવડે છે કે નહીં?

શાસ્ત્રીજી તો ગભરાઈ ગયા ને કહ્યું–ના...ભાઈ, બધું આવડે છે પણ એક તરતાં નથી આવડતું.

નાવિક કહે–તમે બધું શીખ્યા પણ તરતાં ન શીખ્યા...આ નૌકા તો હમણાં ડૂબી જશે...મને તો તરતાં આવડે છે એટલે હું તો હમણાં તરીને સામે કાંઠે પહોંચી જઈશ...પરંતુ તમે તો આ નૌકા સાથે હમણાં ડૂબશો, તમે ને ભેગી તમારી બધીયે વિદ્યા પાણીમાં જશે.

આ તો એક દૃષ્ટાંત છે. તેમ જેણે આ ભવસમુદ્રથી તરવું હોય તેણે સ્વાનુભવની વિદ્યા શીખવા જેવી છે. બીજું અપ્રયોજનભૂત જાણપણું ઘણું કરે પણ જો અંતરમાં સ્વભાવભૂત ચૈતન્યવસ્તુ શું છે તેને લક્ષગત ન કરે તો બહારનાં જાણપણાં એને (વેદિયા વિદ્વાનની જેમ) સંસારથી તરવાના કામમાં નહિ આવે. અને જેણે બહારનો મહિમા છોડીને અંદરમાં ચૈતન્યવિદ્યાને સાધી છે તેને બહારની બીજી વિદ્યા કદાચિત્ ઓછી હોય તોપણ (નાવિકની જેમ) સ્વાનુભવની વિદ્યા વડે તે ભવસમુદ્રને તરી જશે ને ત્રણલોકમાં સૌથી શ્રેષ્ઠ એવી કેવળજ્ઞાનવિદ્યાના તે સ્વામી થઈ જશે.

અરે જીવ! સ્વાનુભવની કળા શીખવનારો ને સંસારથી તારનારો જૈનધર્મ, અને વીતરાગી સંત ધર્માત્માઓ તને મળ્યા, તો અત્યારે તારી બહારની કળાના જાણપણાનું ડહાપણ એકકોર મૂક ને સ્વાનુભવકળાની મહત્તાને સમજ. ભાઈ એના વિના સંસારનો ક્યાંય આરો નથી. આ સ્વાનુભવ પાસે બીજાં બધાં ભણતર થોથાં છે. હજારો વર્ષના શાસ્ત્રભણતર કરતાં એક ક્ષણનો સ્વાનુભવ વધી જાય છે. માટે એને તું જાણ. આત્માના જ્ઞાન-ધ્યાન વડે ધર્મીને ઘણી શુદ્ધતા વધતી જાય છે ને અસંખ્યાતગણી નિર્જરા થતી જાય છે. બહારનો ઉઘાડ તો વધે કે ન પણ વધે પણ અંદર

ચૈતન્યને અનુભવવાની જ્ઞાનની શક્તિ તેને વધતી જાય છે, ને આવરણ એકદમ તૂટતું જાય છે, એક ક્ષણભરના સ્વાનુભવથી જ્ઞાનીને જે કર્મો તૂટે છે, અજ્ઞાનીને લાખો ઉપાય કરતાં પણ એટલાં કર્મો તૂટતાં નથી. આમ સમ્યક્ત્વનો અને સ્વાનુભવનો કોઈ અચિંત્ય મહિમા સમજીને હે જીવ! તું તેની આરાધના કર.

**❀ સ્વાધીનતાની હવા ❀**

હે જીવ! તું સ્વસહાયી છો, પરાધીન નથી. પરાધીનતાના ભાવમાં અનંત કાળથી ગૂંગળાઈ રહ્યો છો. સ્વાધીનતાને તો એકવાર જો. એક ક્ષણ તો સ્વાધીનતાની હવા લે! તારી સ્વાધીનતાના અચિંત્ય મહિમાને તેં જાણ્યો નથી, તેથી નિમિત્તાધીનબુદ્ધિથી જ્યાં–ત્યાં તારો ઉપયોગ ભમ્યા કરે છે. એ ભ્રમણ ટાળવાની ને સ્વરૂપમાં ઠરવાની રીત સન્તો બતાવે છે.

# કેવળજ્ઞાનનો નિર્ણય કોણ કરી શકે?

[સાધકના શ્રુતજ્ઞાનમાં પણ અચિંત્ય તાકાત છે]

કેવળજ્ઞાન અને સમ્યક્ મતિશ્રુતજ્ઞાન એક જાતના હોવાથી મતિશ્રુતજ્ઞાન કેવળજ્ઞાનનો પણ નિર્ણય કરી શકે છે. 'મને સ્વાનુભવ થયો કે નહિ, અથવા હું ભવ્ય છું કે નહિ, તે કેવળી જાણે, આપણને એની ખબર ન પડે'—આવા વચન જ્ઞાનીનાં હોય નહીં. પોતાના સ્વસંવેદનપ્રત્યક્ષના બળે જ્ઞાની તો નિઃશંક (કેવળજ્ઞાની જેટલો જ નિઃશંક) જાણે છે કે મને મારા આત્માનો સ્વાનુભવ થયો, ભવકટ્ટી થઈ ગઈ, અને ભવ્ય તો છું જ પણ અત્યંત નિકટ ભવ્ય છું, આત્માનો આરાધક થયો છું ને પ્રભુના માર્ગમાં ભળ્યો છું. હવે અમારે આ ભવભ્રમણમાં રખડવાનું હોય નહિ. આમ અંદરથી આત્મા પોતે જ સ્વાનુભવના પડકાર કરતો જવાબ આપે.

**પ્રશ્ન** :–અજ્ઞાની પણ કેવળજ્ઞાનનો સમ્યક્ નિર્ણય કરી શકે નહીં?

**ઉત્તર** :–ભાઈ, કેવળજ્ઞાનનો સમ્યક્નિર્ણય કરતાં અજ્ઞાન રહે નહિ; કેમ કે કેવળજ્ઞાનનો નિર્ણય તેની જાતના અંશ વડે જ થાય છે, તેનાથી વિરુદ્ધ ભાવ વડે કેવળજ્ઞાનનો નિર્ણય થાય નહિ. રાગ વડે કે અજ્ઞાન વડે કેવળજ્ઞાનનો નિર્ણય થાય નહીં.. સામાન્યપણે તે ભલે કેવળજ્ઞાનીને સ્વીકારતો હોય પણ જો તેનું સાચું સ્વરૂપ ઓળખીને સ્વીકારે તો તે અજ્ઞાની રહે નહીં. એ જ વાત પં. ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ કહી છે : 'અર્હંતદેવના કોઈ વિશેષણો તો પુદ્ગલાશ્રિત છે ને કોઈ વિશેષણ પણ જીવાશ્રિત છે, તેને અજ્ઞાની ભિન્ન ભિન્ન ઓળખતો નથી....જે બાહ્ય વિશેષણો છે તેને જાણી તેનાથી અરહંતદેવનું મહાનપણું માને છે, પણ જીવનાં જે વિશેષણો છે તેને યથાવત્ ન જાણતાં એ વડે અરહંતદેવનું મહાનપણું માત્ર આજ્ઞાનુસાર માને છે, અથવા અન્યથા પણ માને છે; જો જીવનાં યથાવત્ વિશેષણો જાણે તો મિથ્યાદૃષ્ટિ રહે નહિ.'

**શંકા** :–કોઈ જીવ અરહંતાદિનું શ્રદ્ધાન કરે છે, તેના ગુણોને

ઓળખે છે છતાં તેને તત્ત્વશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ હોતું નથી; માટે જેને અરહંતાદિકનું સાચું શ્રદ્ધાન હોય તેને તત્ત્વશ્રદ્ધાન અવશ્ય હોય જ–એવો નિયમ સંભવતો નથી.

**સમાધાન** :–તત્ત્વશ્રદ્ધાન વિના અરહંતાદિકના છેંતાલીસ આદિ ગુણો તે જાણે છે, ત્યાં પર્યાયાશ્રિત (–દેહાશ્રિત) ગુણોનું પણ જાણપણું હોતું નથી, કારણ કે જીવ–અજીવની ભિન્ન જાતિ ઓળખ્યા વગર અરહંતાદિકના આત્માશ્રિત અને શરીરાશ્રિત ગુણોને તે ભિન્ન ભિન્ન જાણતો નથી. જો જાણે તો તે પોતાના આત્માને પરદ્રવ્યથી ભિન્ન કેમ ન જાણે? એ જ પ્રવચનસાર ગા. ૮૦ માં કહ્યું છે કે...જે અરહંતને દ્રવ્યત્વ, ગુણત્વ અને પર્યાયત્વ વડે જાણે છે તે આત્માને જાણે છે અને તેનો મોહ નાશને પ્રાપ્ત થાય છે...અરહંતાદિકનું સ્વરૂપ તો આત્માશ્રિત ભાવો વડે તત્ત્વશ્રદ્ધાન થતાં જ જણાય છે. માટે જેને અરંહંતાદિકનું સાચું શ્રદ્ધાન હોય તેને તત્ત્વશ્રદ્ધાન અવશ્ય હોય જ–એવો નિયમ જાણવો.

*(મો. મા. પ્ર. પાનું. ૨૨૭–૨૨૮, ૩૨૭–૩૨૮)*

જુઓ, આ અરહંતાદિકને ઓળખવાની રીત! 'અરહંતાદિક' કહ્યું એટલે મુનિ કે સમ્યગ્દષ્ટિ વગેરે ધર્માત્માના સ્વરૂપને જો તેમના આત્મિકલક્ષણોથી ખરેખર ઓળખે તો તેને ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન જરૂર થાય જ. પણ એ ઓળખવાની રીત રાગથી પાર છે. રાગમાં ઊભો રહીને એ ઓળખાણ થતી નથી, જ્ઞાનભાવમાં રહીને એ ઓળખાણ થાય છે. આ રીતે કેવળજ્ઞાનના સ્વરૂપનો નિર્ણય કરનારું જ્ઞાન પણ કેવળજ્ઞાનની જાતનું જ થઈ જાય છે. સાધકના શ્રુતજ્ઞાનમાં પણ આવી અચિંત્ય તાકાત છે. કેવળજ્ઞાન મોટો ભાઈ છે, તો શ્રુતજ્ઞાન નાનો ભાઈ છે, બંનેની જાતિ એક જ છે.

મતિ-શ્રુત-અવધિ-મનઃ-કેવળ તેહ પદ એક જ ખરે,
આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે.

❀

# સમ્યક્ત્વ તે વીતરાગભાવ છે

સમ્યગ્દર્શન થયા પછી જીવને બે પ્રકારના ભાવો હોય છે : એક રાગ વગરના ને બીજા રાગવાળા; સમ્યગ્દર્શન થયું તે પોતે રાગ વગરનો ભાવ છે, સમ્યગ્જ્ઞાન થયું તે પણ રાગ વગરનું છે, ચારિત્ર પરિણતિમાં હજી કેટલોક રાગ બાકી છે; પણ તેને જ્ઞાનનો ઉપયોગ જ્યારે સ્વમાં જોડાય ત્યારે બુદ્ધિપૂર્વક રાગનું વેદન તે ઉપયોગમાં હોતું નથી, તે ઉપયોગ તો આનંદના જ વેદનમાં મગ્ન છે. એટલે તે વખતે અબુદ્ધિપૂર્વકનો જ રાગ છે. અને જ્યારે બહારમાં ઉપયોગ હોય ત્યારે સવિકલ્પદશામાં જે રાગ છે તે બુદ્ધિપૂર્વકનો છે, છતાં તે વખતેય સમ્યગ્દર્શન પોતે કાંઈ રાગવાળું થઈ ગયું નથી. ભલે કદાચ તે વખતે 'સરાગ–સમ્યક્ત્વ' નામ અપાય, તોપણ ત્યાં બંનેનું ભિન્નપણું સમજી લેવું કે સમ્યગ્દર્શન જુદા પરિણામ છે ને રાગ જુદા પરિણામ છે; એક જ ભૂમિકામાં 'રાગ' અને 'સમ્યક્ત્વ' બંને સાથે હોવાથી ત્યાં 'સરાગ સમ્યક્ત્વ' કહ્યું છે. કાંઈ રાગ તે સમ્યક્ત્વ નથી ને સમ્યક્ત્વ પોતે રાગ નથી. ચોથા ગુણસ્થાનનું સમ્યગ્દર્શન તે પણ ખરેખર વીતરાગ જ છે; ને વીતરાગભાવ જ મોક્ષનું સાધન થાય છે, રાગભાવ મોક્ષનું સાધન થતો નથી.

સમ્યગ્દષ્ટિને એક સાથે બંને ધારા હોવા છતાં, એક મોક્ષનું કારણ ને બીજું બંધનું કારણ–એ બંનેને ભિન્ન-ભિન્ન સ્વરૂપે ઓળખવા જોઈએ. બંધ-મોક્ષનાં કારણો ભિન્ન-ભિન્ન છે, જો તેમને એકબીજામાં ભેળવી દ્યે તો શ્રદ્ધાનમાં ભૂલ થાય. સમ્યગ્દર્શનની પાસેના રાગને પણ મોક્ષનું કારણ માની લ્યે તો તેણે બંધના કારણને મોક્ષનું કારણ માની લીધું. એવા જીવને શુદ્ધઆત્માનું ધ્યાન કે રાગ વગરની નિર્વિકલ્પદશા હોય નહિ, એટલે કે મોક્ષમાર્ગ તેને હોય નહિ, મોક્ષમાર્ગના નામે તે ભ્રમથી બંધમાર્ગને જ સેવી રહ્યો છે.

અથવા, જીવના પરિણામ ત્રણ પ્રકારના છે : શુદ્ધ, શુભ અને

અશુભ. તેમાં મિથ્યાદષ્ટિને અશુભની મુખ્યતા ઘણી છે, કવચિત્ શુભ પણ તેને હોય છે. શુદ્ધપરિણતિ તેને હોતી નથી. શુદ્ધપરિણામની શરૂઆત સમ્યગ્દર્શનપૂર્વક જ થાય છે. ચતુર્થાદિ ગુણસ્થાને શુભની મુખ્યતા કહી છે, ને સાથે અંશે શુદ્ધપરિણતિ તો સદાય વર્તે છે. જોકે શુદ્ધ ઉપયોગ ક્યારેક ક્યારેક હોય છે, પણ શુદ્ધ પરિણતિ તો સદૈવ વર્તે છે. અને સાતમા ગુણસ્થાનથી માંડીને ઉપરના બધા સ્થાને એકલો શુદ્ધઉપયોગ જ હોય છે. પરિણતિમાં જેટલી શુદ્ધતા છે તેટલો જ ધર્મ છે, તેટલો જ મોક્ષમાર્ગ છે. જીવ જ્યારે અંતર્મુખ થઈને અપૂર્વ ધર્મની શરૂઆત કરે છે–સાધક ભાવની શરૂઆત કરે છે ત્યારે તેને નિર્વિકલ્પ શુદ્ધઉપયોગ હોય છે. એ નિર્વિકલ્પ સ્વાનુભવ વડે જ મોક્ષમાર્ગના દરવાજા ઊઘડે છે.

અહો, આ તો ખરેખરી પ્રયોજનભૂત, સ્વાનુભવની ઉત્તમ વાત છે. સ્વાનુભવની આવી સરસ વાર્તા પણ મહાભાગ્યે જ સાંભળવા મળે છે...ને એ અનુભવદશાની તો શી વાત!

**“ચિદાનંદઘનના અનુભવથી સહજાનંદની વૃદ્ધિ હો.”**

### ❀ જિનમાર્ગ અત્યન્ત સરલ છે ❀

સર્વજ્ઞ જિનેન્દ્રોના માર્ગનું અનુસરણ કરવાથી જીવનો ઉદ્ધાર થાય છે, ને તે જન્મ-મરણ રહિત અમર પદ પામે છે. અને આ કાંઈ ક્લિષ્ટ માર્ગ નથી પરંતુ સ્વાભાવિક હોવાને કારણે વિવેકી પુરુષોને માટે અત્યન્ત સરલ છે. હે જીવ! અંતરાત્મા વડે આ ઉત્તમ આનંદકારી માર્ગનું ગ્રહણ કરીને તું સન્માર્ગી થા.

# સ્વભાવના અનુભવનશીલ અને વિભાવના ક્ષય-કરણશીલ એવા શુદ્ધાત્માને અનુભવો

સમયસારના કળશમાં સ્વાનુભવના અદ્ભુત વર્ણન વડે અધ્યાત્મ-રસના કળશ ભરીભરીને મુમુક્ષુઓને પીવડાવ્યા છે. જેમ દૂધપાકમાં ઝેર ન શોભે, તેમ ચૈતન્યના સ્વાનુભવમાં વિકલ્પ શોભતો નથી. અત્યંત સુંદર ચૈતન્યવસ્તુ..તે તો સ્વાનુભવથી જ શોભે છે.–અહા, જે સ્વાનુભવની વાત સાંભળતાં પણ મુમુક્ષુને તેનો ઉત્સાહ જાગે...ને વીર્યોલ્લાસ વિકલ્પમાંથી ખસીને સ્વાનુભવ તરફ વળે,–એ અનુભવદશા કેવી છે તેનું સુંદર રોમાંચકારી વર્ણન.

શુદ્ધઆત્માના અનુભવકાળે કેવી સ્થિતિ હોય છે? તે કહે છે—

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।
किमपरमभिदध्मो धाम्नि सर्वंकषेस्मि–
न्ननुभवमुपयाते भाति न द्वैतमेव॥९॥

ચૈત્નયધામ જે સ્વયંસિદ્ધિ વસ્તુ તેના અનુભવના પ્રત્યક્ષ સ્વાદમાં કોઈ વિકલ્પો શોભતા નથી. અહા, સ્વાનુભૂતિનો જે અતીન્દ્રિય આનંદ, તેમાં વિકલ્પની આકુળતા શોભતી નથી. મીઠા દૂધપાકમાં શું ઝેરનું ટીપું શોભે? નહિ. તેમ ચૈતન્યની અનુભૂતિના આનંદનો જે મીઠો સ્વાદ, તેમાં વિકલ્પની આકુળતારૂપ ઝેર ભળતું નથી. વિકલ્પ વગરનો આનંદ, રાગ વગરનો આનંદ એટલે શુદ્ધઆત્માનો આનંદ શું ચીજ છે–તેની ખબર સ્વાનુભૂતિમાં પડે છે. સમ્યક્ત્વની સાથે અવિનાભૂત એવા આ પરમ આનંદનો સ્વાદ સમ્યગ્દૃષ્ટિને

જ હોય છે, મિથ્યાદૃષ્ટિને આ આનંદની ગંધ પણ હોતી નથી. એ તો વિકલ્પના જ આનંદમાં રાચી રહ્યો છે. વિકલ્પ એ શોભાવાળી વસ્તુ નથી. શોભાવાળી વસ્તુ તો ચૈતન્યનો અતીન્દ્રિય આનંદ છે. એ આનંદ પાસે વિકલ્પ શોભતો નથી. જેમ અત્યંત સુંદર વસ્તુ પાસે ખરાબ વસ્તુ શોભતી નથી, જેમ ચક્રવર્તીના સિંહાસનમાં જોડે ભીખારી શોભતો નથી, તેમ ચૈતન્યના સ્વાનુભવનો અત્યંત સુંદર આનંદ કે જે આનંદ ચક્રવર્તીના કે ઈન્દ્રના વૈભવમાંય નથી, તે આનંદના ધામની સાથે અશુચિરૂપ વિકલ્પ શોભતો નથી, એટલે કે સ્વાનુભવમાં તે વિકલ્પ હોતો જ નથી. અરે, અનુભવ સાથે જે વિકલ્પ શોભતો નથી તે વિકલ્પનું અવલંબન લઈને અનુભવ કરવા માંગે–તેને તો સ્વાનુભવના સ્વરૂપની જ ખબર નથી. આ અનુભવ પરની સહાયથી રહિત છે, વિકલ્પની પણ સહાય તેમાં નથી. અનુભવદશા વખતે વચન ને વિકલ્પ સહેજે બંધ થઈ જાય છે....ઉપયોગ બહારથી ખેંચાઈને અંતરમાં વળી ગયો છે ને આનંદને અનુભવમાં જ મગ્ન છે.

આનંદસ્વભાવમાં ઉપયોગની એકતા ને વિકલ્પથી ઉપયોગની પૃથક્તા એનું નામ નિર્વિકલ્પતા છે. આવી નિર્વિકલ્પતામાં અતીન્દ્રિય આનંદનો ભોગવટો હોય છે. આવા અનુભવ ટાણે વિકલ્પ હોતા નથી, એટલે કહ્યું કે ત્યાં વિકલ્પ શોભતા જ નથી.

અહા, અત્યંત સુંદર ચૈતન્યવસ્તુ તે તો સ્વાનુભવથી જ શોભે છે, તે કાંઈ વિકલ્પથી નથી શોભતી. ચૈતન્યનો સ્વાનુભવ પરસહાયથી નિરપેક્ષ છે. વિકલ્પની સહાય લેવા જાય તો શુદ્ધ આત્મા સ્વાનુભવમાં ન આવે, શુદ્ધઆત્મા કહે છે કે જ્યાં હું ત્યાં વિકલ્પ નહિ. સ્વાનુભવ તે પ્રત્યક્ષ જ્ઞાનરૂપ છે, ને સમ્યક્ત્વ તેની સાથે અવિનાભાવી છે.

અહા, આવી સ્વાનુભવની વાત સાંભળતાં પણ મુમુક્ષુને પહેલાં તો તેનો ઉત્સાહ જાગે...તેનો મહિમા આવે ને વિકલ્પનો મહિમા ઊડી જાય,—એટલે તેના વીર્યનો ઉલ્લાસ વિકલ્પથી ખસીને સ્વાનુભવ તરફ વળે. પણ પ્રથમ જેને સ્વાનુભવની વાત રુચે પણ નહિ તેનો પુરુષાર્થ સ્વાનુભવ તરફ ક્યારે વળે?

અરે, ભગવાન તીર્થંકરદેવની સભામાં આવી સ્વાનુભવની વાત ઈન્દ્રો પણ ઉત્સાહથી સાંભળે છે ને સાથે સિંહ-વાઘ જેવા કોઈ તિર્યંચો પણ આ વાત સાંભળતાં અંતરમાં ઊતરીને સ્વાનુભવ કરી લ્યે છે. જુઓને, મહાવીર ભગવાનના જીવને સિંહપર્યાયમાં મુનિઓએ સમ્યક્ત્વનો ઉપાય સંભળાવ્યો ને કહ્યું કે "અરે જીવ! તું ભરતક્ષેત્રની આ ચોવીસીનો ચરમ તીર્થંકર થવાનો છે એમ ભગવાનની વાણીમાં અમે સાંભળ્યું છે, ને આ શું? તું આવા ક્રૂરભાવમાં પડ્યો છે? અરે, તારું નિજપદ સંભાળ! ને સમ્યક્ત્વને ગ્રહણ કર!" મુનિનાં વચન સાંભળતાં જ સિંહનો આત્મા જાગી ઊઠ્યો...અરે, મને દેખીને મનુષ્યો તો ભાગે, તેને બદલે આ તો ઉપરથી નીચે ઊતરી મારી સામે ઊભા છે ને મને ઉપદેશ આપીને નિજપદ બતાવે છે. એમ સમજીને ટગટગ મુનિઓ સામે જોઈ રહ્યો. આંખમાંથી આંસુની ધારા સાથે મિથ્યાત્વ પણ બહાર નીકળી ગયું ને તત્ક્ષણ સિંહનો આત્મા સમ્યક્ત્વ પામ્યો. જેવો નિર્વિકલ્પ અનુભવ અહીં સમયસારમાં કહ્યો છે તેવો નિર્વિકલ્પ અનુભવ તે સિંહ પામી ગયો. આવા તો અસંખ્યાતા તિર્યંચો નિર્વિકલ્પ અનુભવને પામેલા, ને તેથી પણ ઊંચે પાંચમી ભૂમિકા પામેલા મધ્યલોકમાં સદાય હોય છે. અસંખ્યાતા તિર્યંચો, અસંખ્યાતા દેવો, અસંખ્યાતા નારકી જીવો ને અઢી દ્વીપમાં અબજો મનુષ્યો પણ શુદ્ધ આત્માનો નિર્વિકલ્પ અનુભવ પામેલા છે.

કેવો છે આ અનુભવ?

પરસહાયથી અત્યંત નિરપેક્ષ છે. પર કહેતાં વિકલ્પ, તેની પણ સહાય સ્વાનુભવમાં નથી. આવો અનુભવ તે મોક્ષમાર્ગ છે, ને રત્નત્રય તેમાં સમાય છે—

અનુભવ ચિંતામણિરતન, અનુભવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોક્ષકા, અનુભવ મોક્ષસ્વરૂપ.

અહો, અનુભવમાં તો અતીન્દ્રિય અમૃતનો દરિયો છે. જેમ ચિંતામણિ જે ચિંતવો તે આપે–શું આપે? –બહારના પદાર્થો; આ ચૈતન્યના અનુભવમાં ચિંતામણિ એવો છે કે તેને જ્ઞાનમાં લઈને ચિંતવતાં

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–કેવળજ્ઞાન–મોક્ષ બધુંય આપે. એ અનુભવ અમૃતરસનો કુપો છે–કે જેનો સ્વાદ ચાખતાં આત્મા અમર થાય છે. –જગતના બધા સ્વાદથી અનુભવના અતીન્દ્રિય આનંદનો સ્વાદ જુદો છે. આવો સ્વાનુભવ તે જ મોક્ષનો માર્ગ છે, ને તે પોતે મોક્ષસ્વરૂપ છે. વિકલ્પો તો બધાય અનુભવથી બાહ્ય છે, પરવસ્તુ જેવા છે. આ સ્વાનુભવમાં વિકલ્પની કે કોઈ બીજાની અપેક્ષા નથી, પરથી ને વિકલ્પથી અત્યંત નિરપેક્ષ–સર્વથા નિરપેક્ષ, પરથી અત્યંત ઉદાસીન આ અનુભવ પ્રત્યક્ષ–જ્ઞાનગમ્ય છે. મતિશ્રુતમાંય સ્વભાવસન્મુખતા વખતે પ્રત્યક્ષપણું–અતીન્દ્રિયપણું છે. આવું વિશેષજ્ઞાન તે અનુભવ છે અને આવા અનુભવ સાથે સમ્યક્ત્વ સદા હોય છે. સમ્યગ્દ્રષ્ટિને જ આવો અનુભવ હોય, મિથ્યાદ્રષ્ટિને આવો અનુભવ હોય નહિ—એ નિયમ છે.

કોઈ કહે કે નિર્વિકલ્પ અનુભવ તો કદી થયો નથી પણ સમ્યક્ત્વ છે,–તો તેમ બને નહિ. આવો નિર્વિકલ્પ અનુભવ થાય ત્યારે જ સમ્યક્ત્વ પ્રગટે છે. આવા અનુભવ વડે જીવવસ્તુ પોતે પોતાના શુદ્ધસ્વરૂપના સ્વાદને પ્રત્યક્ષરૂપે આસ્વાદે છે, ને સ્વરૂપના આવા આસ્વાદપૂર્વક તેની જે પ્રતીત થઈ તે જ સમ્યગ્દર્શન છે.

વળી, કોઈ કહે કે સમ્યક્ત્વ નથી પણ આત્માનો અનુભવ ક્યારેક ક્યારેક થઈ જાય છે,–તો તેની વાત ખોટી છે. અનુભવ કદી સમ્યક્ત્વ વિના હોય નહિ. વિકાર તે જીવવસ્તુથી બાહ્ય છે. સ્વાનુભવમાં જીવવસ્તુ વિકારથી ભિન્ન થઈને પોતાના શુદ્ધસ્વરૂપને જ આસ્વાદે છે. અનુભવ કરનાર પર્યાયને જીવવસ્તુ સાથે અભેદ કરીને કહ્યું કે જીવવસ્તુ પોતે અનુભવરસને આસ્વાદે છે. અનુભવ ટાણે દ્રવ્ય-પર્યાયના ભેદ ક્યાં છે? દ્વૈત જ નથી; દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદ એકરસ આત્મા અદ્વૈતપણે નિર્વિકલ્પ-સ્વાદમાં આવે છે.

જેમ સૂર્યથી અંધારું જુદું, તેમ ચૈતન્યના અનુભવથી વિકલ્પ જુદો છે. ચૈતન્યનો અનુભવ તો સૂર્ય જેવો પ્રકાશમાન છે, ને વિકલ્પ તો અંધકારરૂપ છે. આવો અનુભવ ૮ વર્ષની બાળિકા પણ કરી શકે છે;

દેડકું પણ કરી શકે છે; અસંખ્યાતા તિર્યંચ, નારકી ને દેવોને આવો અનુભવ છે. બાળક કે દેડકું તે તો દેહની દશા છે, અંદર રહેલો ચૈતન્યસ્વરૂપ જીવ આવો અનુભવ કરે છે.

મતિ–શ્રુતજ્ઞાન પરને જાણવામાં પરોક્ષ છે; પણ સ્વસંવેદનના કાળે તો ઈન્દ્રિય તથા મનથી છૂટીને પ્રત્યક્ષ થયાં છે. અનુભવકાળે વચન નથી, વિકલ્પ નથી. આવો અનુભવ છે તે જીવના પ્રત્યક્ષ–અનુભવનશીલ છે, ને સર્વે વિકલ્પોનો ક્ષયકરણશીલ છે. આમ અસ્તિ–નાસ્તિ બંને પડખાં લીધાં. જ્ઞાન જ્યાં અંતરમાં વળ્યું ત્યાં તે જીવ શુદ્ધસ્વરૂપનો અનુભવનશીલ થયો, ને વિકલ્પો બધા બહાર રહી ગયા તેથી વિકલ્પનો ક્ષયકરણશીલ થયો. અનુભવનશીલ એટલે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરવાનો જ જેનો સ્વભાવ છે, ને ક્ષયકરણશીલ એટલે સર્વે વિભાવોનો ક્ષય કરવાનો જેનો સ્વભાવ છે. –આવી શુદ્ધ જીવવસ્તુ છે. એક સૂક્ષ્મ વિકલ્પ માત્રના વ્યવહારને પણ અનુભવમાં રહેવા દે એવો જીવનો સ્વભાવ નથી, પણ આખાય શુદ્ધસ્વભાવને અનુભવમાં લ્યે, ને સર્વે પરભાવોને બહાર કાઢી નાંખે–એવો સ્વભાવ છે.

અરે, વીર થઈને આત્માનો અનુભવ કરવા જે આવ્યો તેનો પુરુષાર્થ છુપે નહિ. સૂરજ તે કાંઈ ઢાંક્યા રહેતા હશે! એમ ચૈતન્યના અનુભવનો ઝગઝગતો સૂરજ જ્યાં ઊગ્યો એમાં તે કાંઈ વિકલ્પના અંધારા રહેતા હશે? વિકલ્પને ઉપજાવે એવો આત્માનો સ્વભાવ નથી, પણ સર્વે વિકલ્પોને ક્ષય કરીને ચૈતન્યને સાક્ષાત્ અનુભવમાં લ્યે એવો સ્વભાવ છે. આવા સ્વભાવને અનુભવમાં લ્યે ત્યારે જીવ ધર્મી થાય.

જેમ સૂર્યનો સ્વભાવ અંધકારને તોડવાનો છે, રાખવાનો નહિ; તેમ ચૈતન્યના અનુભવરૂપ જે સૂર્ય તેનો સ્વભાવ વિકલ્પને તોડવાનો છે, રાખવાનો નહિ. વસ્તુ જ એવા સ્વભાવવાળી છે કે તેની સ્વાનુભૂતિ કરતાં જ સ્વભાવનો અનુભવ કરાવે ને વિકારને ક્ષય કરે. એટલે કોઈ રાગના અવલંબન દ્વારા વસ્તુનો અનુભવ કરવા માંગે તો તે થઈ શકે નહિ. વસ્તુના સ્વભાવમાં જે નથી–તેના દ્વારા વસ્તુનો અનુભવ કેમ થાય? અને

વસ્તુસ્વભાવના અનુભવ વડે જો વિકારનો નાશ ન થાય તો વિકારનો નાશ કરવાનો બીજો કોઈ ઉપાય રહેતો નથી. જેમ સૂર્યમાંથી અંધારું ઉત્પન્ન ન થાય તેમ વસ્તુના અનુભવમાં વિકારની ઉત્પત્તિ થાય નહિ.

વળી, વિશેષતા એ છે કે જેમ સૂર્યમાં અંધારાનો સ્વભાવથી જ અભાવ છે, તેમાં અંધારું છે જ નહિ કે જેને કાઢવું પડે! તેમ સ્વાનુભવરૂપ ચૈતન્યસૂર્યમાં વિકલ્પરૂપ અંધકારનો સ્વભાવથી જ અભાવ છે, તે સ્વાનુભવકાળે વિકલ્પ છે જ નહિ કે જેને નષ્ટ કરવો પડે. અનુભવનો ભાવ અને વિકલ્પનો ભાવ એ બંને જુદા છે; પ્રકાશનો પુંજ સૂરજ ને અંધારું તેને જેમ કદી એકતા નથી. તેમ જ્ઞાનનો પુંજ સ્વાનુભવ અને વિકલ્પની આકુળતા–તે બંનેને કદી એકતા નથી. આવી નિર્વિકલ્પતાનો અનુભવ સમ્યગ્દર્શનમાં ચોથા ગુણસ્થાનથી જ થાય છે.

**પ્રશ્ન** :–સ્વાનુભવમાં અબુદ્ધિપૂર્વક વિકલ્પ તો હોય છે?

**ઉત્તર** :–તે વિકલ્પ વિકલ્પમાં છે, સ્વાનુભવનો જે ભાવ છે તેમાં વિકલ્પ નથી. વિકલ્પ અને સ્વાનુભવ બંને ચીજ જ જુદી છે. સ્વાનુભવના કાળે અબુદ્ધિપૂર્વક વિકલ્પ છે તે ખરું, પણ સ્વાનુભવના ભાવમાં વિકલ્પનો ભાવ નથી. જેમ જગતમાં બીજે ક્યાંય અંધારું હોય, તે કાંઈ સૂર્યમાં નથી. સૂર્યથી તો અંધારું જુદું જ છે, સૂર્યમાં અંધકાર નથી, તેમ સ્વાનુભવમાં વિકલ્પ નથી.

અહીં પ્રશ્નકાર કહે છે કે–અનુભવ થતાં કોઈ વિકલ્પ રહે છે? –કે જેનું નામ વિકલ્પ છે તે બધાય મટી જાય છે? અબુદ્ધિપૂર્વકના વિકલ્પ તો અનુભવમાં છે કે નહિ? કે તે પણ છૂટી ગયા છે?

તેનો ઉત્તર આ પ્રમાણે છે કે–બધા જ વિકલ્પો મટી જાય છે, સ્વાનુભવમાં એક્કેય વિકલ્પ રહેતો નથી.

ભિન્ન વિકલ્પ અબુદ્ધિપૂર્વક છે તેનું પણ અનુભવટાણે લક્ષ નથી, ઉપયોગ અતીન્દ્રિય આનંદના વેદનમાં જ લાગેલો છે, તે વેદનમાં કાંઈ વિકલ્પનો પ્રવેશ નથી. આનંદના વેદનમાં વિકલ્પને દેખે છે જ કોણ? તેથી કહ્યું કે સ્વાનુભવ ટાણે બધા વિકલ્પો ક્યાં ગુમ થઈ ગયા તે પણ અમે

જાણતા નથી. સ્વાનુભવ પ્રગટતાં જ્યાં પ્રમાણ–નય–નિક્ષેપના ભેદો પણ અભૂતાર્થ થઈ જાય છે ત્યાં બીજા રાગાદિ વિકલ્પની તો શી વાત? પ્રમાણ–નય–નિક્ષેપથી જે વસ્તુસ્વરૂપ નક્કી કર્યું હતું તે કાંઈ જુઠું નથી, પણ અનુભવ પહેલાં પ્રમાણ વગેરેના જે વિકલ્પો હતા તે હવે સાક્ષાત્ અનુભવ ટાણે છૂટી ગયા, તે અપેક્ષાએ પ્રમાણ વગેરે ભેદોને જૂઠા એટલે કે અભૂતાર્થ કહ્યા. ટીકાકારે વ્યવહારને 'અભૂતાર્થ' બતાવવા માટે 'જૂઠો' શબ્દ વાપર્યો છે.

પ્રમાણ–નય–નિક્ષેપ કે જે પ્રથમ ભૂમિકામાં સ્વરૂપનો નિર્ણય કરવામાં સાધક હતા, તેના વિકલ્પો પણ અનુભવમાં બાધક છે, ત્યાં રાગની તો શું કથા? નય–પ્રમાણાદિના વિકલ્પમાં રોકાતાં પણ સ્વાનુભવ નથી થતો, તો બીજા સ્થૂળ રાગની શી વાત? એ તો અનુભવમાં 'અસત્' છે જ, શુદ્ધાત્માનું જે સ્વરૂપ નહિ તે બધાય ભાવો સ્વાનુભવથી બહાર છે, એટલે કે અભૂતાર્થ છે, એટલે કે જાૂઠા છે. ववहारो अभूयत्थो અર્થાત્ સઘળોય વ્યવહાર અભૂતાર્થ છે. એ જ વાત અહીં સ્પષ્ટ કરી છે. અનુભવના ભાવમાં સમસ્ત વિકલ્પોનો અભાવ બતાવવા તેને 'જૂઠા' કહ્યા છે. બીજા રાગાદિ ભાવો તો અનુભવમાં નથી, એ તો જીવના સ્વરૂપથી ક્યાંય આઘા છે, ને અંદરના નવતત્ત્વ સંબંધી કે આત્મા સંબંધી જે સૂક્ષ્મ વિકલ્પો તે પણ જીવસ્વરૂપના અનુભવથી બહાર છે. 'પ્રમાણથી આત્મા આવો, શુદ્ધનયથી આવો, તેને દ્રવ્ય-ગુણ-પર્યાય આવા, તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવ આવા'–એમ વિચાર કાળે જે વિકલ્પો હતા ત્યાં સુધી શુદ્ધાત્મા સાક્ષાત્ અનુભવમાં આવ્યો ન હતો, ને જ્યાં ઉપયોગને રાગમાંથી ખસેડીને અંતરસ્વરૂપમાં વાળીને તેનો સાક્ષાત્ અનુભવ કર્યો ત્યાં તે કોઈ વિકલ્પો રહ્યા નહિ, તે વિકલ્પો અભૂતાર્થ હોવાથી શુદ્ધવસ્તુના અનુભવમાં તેનો પ્રવેશ થયો નહિ, શુદ્ધવસ્તુમાં તો વિકલ્પ નથી, ને તેના અનુભવરૂપ પર્યાયમાં પણ વિકલ્પ નથી, આવી અનુભવદશાના જોરે સાધક કેવળજ્ઞાન લેશે. વચ્ચે વિકલ્પ આવશે તેના વડે કાંઈ કેવળજ્ઞાન નહિ થાય; મોક્ષનો માર્ગ તો શૂરવીરોનો છે; વિકલ્પમાં રોકાઈ જાય એવો કાયર જીવો આવા સુંદર માર્ગને સાધી શકતાં નથી.

એકરૂપ જીવવસ્તુને અનેક ભેદ વડે લક્ષમાં લેતાં તો વિકલ્પ થાય

છે; તેમાં વસ્તુનો અનુભવ નથી માટે તે જૂઠા છે. તે સર્વે વિકલ્પોને જૂઠા કરતાં–એટલે કે તેને અભૂતાર્થ સમજીને તેનું લક્ષ છોડતાં, નિર્વિકલ્પ ઉપયોગમાં વસ્તુનો જે સ્વાદ આવે તેનું નામ અનુભવ છે. આ કળશ ઉપરથી પં. બનારસીદાસજી સમયસાર–નાટકમાં કહે છે કે—

**વસ્તુ વિચારત ધ્યાવતે મન પાવે વિશ્રામ,**
**રસસ્વાદત સુખ ઊપજે અનુભવ યાકો નામ.**

વસ્તુને ધ્યાનમાં લઈને અનુભવ કરતાં મનના વિકલ્પો વિરામ પામી જાય છે, ને ચૈતન્યના અતીન્દ્રિયરસના અનુભવથી પરમ સુખ ઊપજે છે, –આવી દશાનું નામ અનુભવ છે. આવો અનુભવ તે મોક્ષનો માર્ગ છે. તે અનુભવની અંદર પ્રમાણના નયના કે નિક્ષેપના વિકલ્પો નથી; તેમાં તો એકલો શાંત ચૈતન્યરસ ગંભીરપણે વેદાય છે.

જીવ અનાદિથી અજ્ઞાની હતો, તે પોતાના શુદ્ધસ્વરૂપને જાણતો ન હતો; તે જ્યારે પોતાના શુદ્ધસ્વરૂપને ઓળખવા તૈયાર થયો ત્યારે ગુણગુણીભેદ દ્વારા વસ્તુસ્વરૂપને સાધે છે, એટલે કે વસ્તુસ્વરૂપનો નિર્ણય કરવા જાય ત્યાં વચ્ચે ગુણગુણીભેદ આવ્યા વગર રહેતો નથી; 'હું જ્ઞાનસ્વરૂપ છું' ઈત્યાદિ વિચારણામાં પણ ગુણગુણીભેદ છે, એ વચ્ચે આવ્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી; પણ સાધકજીવ વિકલ્પ અને ચૈતન્યના સ્વાદને જુદા પાડીને, વિકલ્પની ભૂમિકાને ઓળંગી જાય છે ને ચૈતન્યની સ્વાનુભૂતિ કરીને નિર્વિકલ્પ મોક્ષમાર્ગમાં આવી જાય છે.

અહા, શુદ્ધવસ્તુનો અનુભવ બતાવીને અમૃતચંદ્રાચાર્યે અમૃત રેડ્યાં છે. કલશમાં સ્વાનુભવના અમૃત ભર્યાં છે. જેમ તીર્થંકરદેવના જન્મકલ્યાણકમાં ૧૦૦૮ કલશથી ઈન્દ્રો અભિષેક કરે છે તેમ અમૃતચંદ્રાચાર્યદેવે અહીં ૨૭૮ કલશમાં અમૃત ભરી ભરીને આ ચૈતન્ય ભગવાન આત્માનો અભિષેક કર્યો છે. વાહ! સ્વાનુભવના અમૃતરસથી આત્માને નવરાવ્યો છે. અહો જીવો! મહાભાગ્યે વીરશાસન પામીને, આત્માને શુદ્ધસ્વરૂપે અનુભવમાં લઈને અનુભવરસનું પાન કરો.

❑ ❑ ❑

# આત્મામાં ઊંડે-ઊંડે...સંસારથી દૂર-દૂર

[ભવ્ય મુમુક્ષુજીવની આનંદ તરફ ઢળતી દશા]

હે મુમુક્ષુ ભવ્ય આત્મા! આ સંસારની અશાંતિથી તું થાક્યો છે, ને હવે કોઈ પરમ શાંતિનું વેદન કરવા તું ચાહે છે, તો તેને માટે તું સંસારના સંગથી છૂટો પડીને જ્યાં શાંતિ ભરી છે એવા અંતર્‌તત્ત્વનો સંગ કરજે, વારંવાર તેનો પરિચય કરજે.

હે ભવ્ય! જે મહાન કાર્ય તીર્થંકરોએ સાધ્યું તે મહાન કાર્ય તારે સાધવાનું છે; તો હવે તું લૌકિક જનોની જેમ પ્રવર્તીશ નહિ, લોકોત્તર એવા અપૂર્વ ભાવે ભગવાનના માર્ગમાં આવજે.

હે ભાઈ! અત્યાર સુધી તું અશાંતિમાં જ રહ્યો છે; સાચી શાંતિ તે કદી જોઈ નથી; એટલે માર્ગને સાધતાં જરાક વાર લાગે તો તું થાકીશ નહિ, શિથિલ થઈશ નહિ, પણ મહાન ઉત્સાહપૂર્વક એમાં જ લાગ્યો રહેજે...માર્ગ જરૂર ખુલી જશે. માર્ગ તો ખુલ્લો જ છે. જરૂર છે તેની સાચી ભાવનાની.

ચૈતન્યભાવનો વારંવાર પરિચય કરતાં મુમુક્ષુ અંદર આત્મામાં ઊંડે-ઊંડે ઊતરે છે, ત્યારે તેને કંઈક એવું વેદન થાય છે કે—અરે! અમે આ સંસારના જીવ નથી, આવી અશાંતિ વચ્ચે અમે રહી શકીએ નહિ; અમે તો શાંતિથી ભરેલી કોઈ બીજી જ નગરીના છીએ; પંચપરમેષ્ઠી ભગવંતો જેમાં વસે છે એવી કોઈ અદ્‌ભુત નગરી તે જ અમારો દેશ છે. સંસારથી દૂરદૂર...અંદરમાં ઊંડેઊંડે અમારો ચૈતન્યદેશ છે.—આમ તે મુમુક્ષુના પરિણામ સંસારથી હટીને ચૈતન્યની શાંતિમાં પ્રવેશી જાય છે; અને તેમાં પ્રવેશીને પોતાના અદ્‌ભુત ચૈતન્યનિધાન દેખતાં તેને જે અપૂર્વ-આત્મિક આનંદ-શાંતિ ને તૃપ્તિ વેદાય છે તેની શી વાત!

❁

# પંચમકાળ પણ ધર્મકાળ છે

## સમ્યગ્દર્શન માટે અત્યારે પણ સુકાળ છે

પ્રશ્ન :–આ પંચમકાળને નિયમસાર (ગા. ૧૫૪) માં દગ્ધ અકાળ કહ્યો છે ને?–તો આવા અકાળમાં ધર્મ કેમ થાય?

ઉત્તર :–ભાઈ, ધર્મને માટે કાંઈ આ અકાળ નથી, પંચમઆરાના છેડા સુધી ધર્મ રહેવાનો છે એટલે ધર્મને માટે તો આ પંચમકાળ પણ સુકાળ છે.

પંચમકાળને અકાળ કહ્યો તે તો કેવળજ્ઞાનઅપેક્ષાએ તથા વિશેષ ચારિત્રદશાની અપેક્ષાએ અકાળ કહ્યો છે; પણ સમ્યગ્દર્શનનો કાંઈ પંચમકાળમાં અભાવ નથી કહ્યો, સમ્યગ્દર્શનાદિ ધર્મ તો અત્યારે થઈ શકે છે. ભાઈ, સમ્યગ્દર્શનને માટે તો અત્યારે સુકાળ છે, ઉત્તમ અવસર છે; માટે કાળનું બહાનું કાઢીને સમ્યગ્દર્શનમાં તું પ્રમાદી થઈશ મા.

રે જીવ! તું એટલો બધો શક્તિહીન નથી, તેમ જ આ પંચમકાળ એટલો બધો ખરાબ નથી કે સમ્યગ્દર્શન પણ થઈ ન શકે! અનેક જીવોને જેને આ પંચમકાળમાં સમ્યગ્દૃષ્ટિ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્રદશાના ધારક અનેક મુનિભગવંતો પણ (કુંદકુંદસ્વામી, સમંતભદ્રસ્વામી વગેરે) આ પંચમકાળમાં થયા, તેઓ પણ જન્મ્યા પછી આ પંચમકાળમાં જ સમ્યગ્દર્શન પામ્યા છે. પંચમકાળમાં ભરતક્ષેત્રમાં સમ્યક્ત્વસહિત આરાધક જીવો અવતરતા નથી પરંતુ અવતર્યા પછી નવું સમ્યગ્દર્શન તો પંચમકાળમાંય પામી શકાય છે, ને ઘણાય પામ્યા છે. માટે હે ભવ્ય! શ્રીગુરુનો ઉપદેશ પામીને સમ્યગ્દર્શનધર્મ તો તું જરૂર પ્રગટ કર. પછી વિશેષ શક્તિ હોય તો ચારિત્રધર્મનું પણ પાલન કરજે. કદાચિત્ ચારિત્ર માટે વિશેષ શક્તિ ન હોય તોપણ, ચારિત્રની ભાવના રાખીને સમ્યક્શ્રદ્ધા તો તું જરૂર કરજે. હીનશક્તિનું બહાનું કાઢીને સમ્યગ્દર્શનમાં તું શિથિલ થઈશ મા; તેમ જ ચારિત્રનું સ્વરૂપ વિપરીત માનીશ મા.

પંચમકાળ મોક્ષ માટે ભલે અકાળ હો–પણ કાંઈ સમ્યગ્દર્શનાદિ ધર્મને માટે તે અકાળ નથી; પંચમકાળ પણ ધર્મકાળ છે. જે જીવ સમ્યક્ત્વાદિ ધર્મ કરે તેને આ પંચમકાળમાં પણ થઈ શકે છે; એટલે સમ્યગ્દર્શન માટે અત્યારે પણ સુકાળ છે. સાતમા ગુણસ્થાન સુધીની દશા હજી સાડા અઢાર હજાર (૧૮૫૦૦) વર્ષ સુધી આ ભરતક્ષેત્રમાં વિદ્યમાન રહેશે. માટે આ કાળને યોગ્ય સમ્યક્ત્વાદિ ધર્મ તું આત્માની નિજશક્તિથી જરૂર કરજે. એટલી શક્તિ તો તારામાં છે. નિજશક્તિથી ધર્મ સાધતાં તને એમ થશે કે અહો! સંતોના પ્રતાપે મારે માટે તો આ ઉત્તમકાળ છે.

ધર્મકાળ અહો! વર્તે અદ્યપિ આ ભરતમાં.
આજ પણ ધર્મીજીવો છે પ્રભુ શ્રી વીરમાર્ગમાં.

## ❀ સર્વજ્ઞની ઉપાસના ❀

અતીન્દ્રિય જ્ઞાન–આનંદરૂપ થયેલા સર્વજ્ઞદેવ, તેમની ખરી ઉપાસના અતીન્દ્રિયજ્ઞાન વડે જ થાય છે; ઈન્દ્રિયજ્ઞાન વડે કે વિકલ્પ વડે થતી નથી. માટે સમ્યગ્દષ્ટિ જ સર્વજ્ઞના સાચો ઉપાસક છે.

# સમકિત સાવન આયો

## જ્ઞાનરૂપી મેઘવર્ષા થઈ...ભવદાવાનળ બુઝાઈ ગયો

સમ્યક્ત્વને શ્રાવણમાસની ઉપમા છે; શ્રાવણ માસમાં જેમ મેઘવર્ષા થાય છે ને સર્વત્ર શાંતિ પ્રસરે છે, તેમ સમ્યક્ત્વ થતાં આત્મામાં અપૂર્વ શાંતરસની મેઘવર્ષા થાય છે. છહઢાળામાં પં. દૌલતરામજી કહે છે કે સમ્યગ્જ્ઞાનરૂપી મેઘવર્ષા જ આ ભયાનક દુઃખ દાવાનળને બુઝાવવાનો ઉપાય છે—

"વિષય ચાહ-દવદાહ જગતજન-અરનિ દઝાવૈ;
તાસ ઉપાય ન આન જ્ઞાન-ઘનધાન બુઝાવે."

અહો, જ્ઞાન અને રાગની ભિન્નતાના ભાવભાસન વડે જ્યાં સમ્યગ્જ્ઞાન થયું ત્યાં આત્મામાં ચૈતન્યના શાંતરસની એવી મેઘવર્ષા થઈ કે અનાદિના વિષય-કષાયની ભયંકર આગ ક્ષણમાત્રમાં ઠરી ગઈ. જ્ઞાન થતાં જ કષાયોથી આત્મા જુદો પડી ગયો ને ચૈતન્યના પરમ શાંતરસમાં મગ્ન થયો. પછી જે અલ્પ રાગાદિ રહ્યા તે તો જ્ઞાનથી જુદાપણે રહ્યા છે, એકપણે રહ્યા નથી. કષાયના કોઈ અંશને ધર્મીજીવ જ્ઞાનમાં ભેળવતા નથી...આવું અપૂર્વ જ્ઞાન ને પરમ મહિમાવંત છે–એમ મુનિનાથે કહ્યું છે.

સમ્યગ્જ્ઞાન વડે આત્માના અનુભવથી અંતરમાં જ્યાં શાંત ચૈતન્યરસની ધારા ઉલ્લસી ત્યાં ધર્મી કહે છે કે—

અબ મેરે સમકિત-સાવન આયો....
અનુભવ-દામિની (વીજળી) દમકન લાગી,
સુરતિ ઘટા ઘન છાયો;....

સાધકભાવ–અંકુર ઊઠે બહુ,
જિત–તિત હરષ છવાયો....અબ મેરે૦

અમારા આત્મામાં સમ્યક્ત્વરૂપી શ્રાવણ માસ આવતાં હવે મોહની ગ્રીષ્મઋતુનો ઉકળાટ શમી ગયો છે ને શાંતરસની ઘનઘોર ધારા અસંખ્યપ્રદેશમાં સર્વત્ર વરસી રહી છે; મોહની ધૂળ હવે ઊડતી નથી; સ્વાનુભવરૂપી વીજળીના ઝબકારા થાય છે, ને ધર્મના નવીન આનંદમય અંકૂરા ફૂટ્યા છે—આમ ધર્મીને સમ્યગ્જ્ઞાનની મેઘવર્ષા વરસે છે ને પરમ આનંદ થાય છે. જેને પોતામાં આવી સમ્યગ્જ્ઞાનધારા વરસતી નથી એવો અજ્ઞાની મોહના ઊકળાટમાં બળે છે, તેને તો દુષ્કાળ છે. જ્ઞાનની મેઘવૃષ્ટિ વગર એને શાંતિ ક્યાંથી થાય? માટે હે જીવ! તું સમ્યગ્જ્ઞાન કર.

અરે, તારે તારું હિત સાધવાનો આ અવસર છે. તો તેમાં વિકારથી જ્ઞાનને ભિન્ન કરવાનો પ્રયત્ન નહીં કરે તો તને મોક્ષનો અવસર ક્યાંથી આવશે? સળગતા સૂકા વનની જેમ રાગની ચાહમાં સળગતો આ સંસાર, તેનાથી છૂટવા માટે તારા ચૈતન્યગગનમાંથી તું સમ્યગ્જ્ઞાનના શાંત જળની મેઘધારા વરસાવ.

આત્માને સમજાય અને આત્માથી થઈ શકે–એવી આ વાત છે. એકકોર વીતરાગી શાંતરસનો દરિયો, બીજીકોર સંસારના રાગરૂપી દાવાનળ,–તે બંનેને ભિન્ન જાણનારું સમ્યગ્જ્ઞાન રાગના દાવાનળને બુઝાવી નાંખે છે, ને આત્માને શાંતિમાં ઠારે છે.

જેમ ઠંડો બરફ, અને ઊનો અગ્નિ, એ બંનેનો સ્પર્શ જુદી જાતનો છે, તેમ શાંતરસરૂપ જ્ઞાન, અને આકુળતારૂપ રાગ, એ બંનેનો સ્વાદ તદ્દન જુદી જાતનો છે, તે જ્ઞાનથી ઓળખાય છે. રાગથી ભિન્ન જ્ઞાનના અચિંત્ય સુખનો સ્વાદ જેણે ચાખ્યો છે એવા જ્ઞાની જાણે છે કે—જ્ઞાનથી ભિન્ન એવા જે શુભાશુભ ઈન્દ્રિયવિષયો તેમાં ક્યાંય મારા સુખનો છાંટોય નથી; તેમાં સુખ માનવું તે મિથ્યાત્વ છે. જ્યાં સુખ ભર્યું છે એવા સ્વવિષયને ભૂલીને, પર વિષયોમાં સુખબુદ્ધિને લીધે મિથ્યાદૃષ્ટિ જીવ વિષય-કષાયની ભયંકર આગમાં નિરંતર બળી રહ્યો છે,–દુઃખી થઈ રહ્યો છે. તારા

આત્માને દુ:ખમાં બળતો બચાવવા માટે હે જીવ! તું શીઘ્રપણે વિષયોથી ભિન્ન એવા તારા ચૈતન્ય-અમૃતના સમુદ્રને દેખ. એક વહાલો ભાઈ કે બહેન બળતી હોય કે ઘર સળગતું હોય, તો તેને બચાવવા બીજા બધા કામ પડતા મૂકીને તાલાવેલી કરે છે! તો અહીં વહાલામાં વહાલો એવો પોતાનો આત્મા ભયંકર ભવદુ:ખના અગ્નિમાં બળી રહ્યો છે તેને બચાવવા હે જીવ! તું શીઘ્ર તાલાવેલી કર...ને સમ્યગ્જ્ઞાન કર. સમ્યગ્જ્ઞાન થતાં આત્મામાં શાંતરસની અતીન્દ્રિય મેઘધારા વરસશે. આ સમ્યગ્જ્ઞાન જ ભયંકર સંસાર–દાવાનળથી બચવાનો એકમાત્ર ઉપાય છે. તેથી મુનિવરોએ સમ્યગ્જ્ઞાનને અત્યંત પ્રશંસ્યું છે.

અહા, જુઓ તો ખરા સમ્યગ્જ્ઞાનનો મહિમા! સમ્યગ્જ્ઞાન થયું ત્યાં આત્મામાં ધર્મનું ચોમાસું બેઠું...ને શાંતિની અમીરસધારા વરસી. સમ્યગ્જ્ઞાન થતાં ચૈતન્યમાં શાંતિના શીતળ ફૂવારા ઊછળે છે, તે શાંતિની ધારા વિષયકષાયના અગ્નિને બુઝાવી દે છે. સમ્યગ્જ્ઞાન વિના બીજા કોઈ ઉપાયે જીવને વિષય-કષાય મટે નહિ ને સુખ-શાંતિ થાય નહીં. માટે હે જીવ! તું શીઘ્ર સમ્યગ્જ્ઞાનનું સેવન કર. ધર્મના અંકૂર ઊગાડવા માટે હવે આ ‘શ્રાવણ માસ આવ્યો છે.’

સહજ ચિદાનંદ.

❁

આનંદતત્ત્વ જગમાં અજોડ,
લક્ષને જોડ ભવને તોડ.
વાત નાની, પણ લાભ છે મોટો;
આત્મા છે એવો–કે જગમાં નથી જોટો.

# સર્વજ્ઞસ્વભાવી આત્મા

દિવ્ય જ્ઞાનસ્વભાવી આત્મા તે જૈનશાસનનું મહાન રત્ન છે. તેને જેણે જાણી લીધું તેણે સમસ્ત જૈનશાસનને જાણી લીધું.

ઉપયોગસ્વરૂપી આત્મા, સર્વને જાણનાર એવો સર્વજ્ઞસ્વભાવી છે. આવા પોતાના સર્વજ્ઞસ્વભાવને જે ન જાણે–ન અનુભવે, તે સર્વે પદાર્થોને પણ જાણી શકતો નથી.

આત્મા સર્વજ્ઞસ્વભાવી છે–એમ જે સ્વસંવેદનથી જાણે છે તે જીવ બધાય જીવોને જ્ઞાનસ્વરૂપી જાણે છે. જ્ઞાનઅપેક્ષાએ બધાય જીવો સાધર્મી–સમાનધર્મી છે.

સર્વ જીવ છે જ્ઞાનમય, એવો જે સમભાવ,
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાય.

જે જ્ઞાનસામાન્ય છે તે પોતાના અનંત જ્ઞાન વિશેષોમાં વ્યાપનારું છે; જ્ઞાનસામાન્ય પોતે અનંતવિશેષોરૂપ પરિણમે છે. કેવળજ્ઞાન અનંતવિશેષોરૂપ મહાન જ્ઞાન છે, તેમાં જ્ઞાનસ્વભાવ વ્યાપે છે. જોકે મતિ–શ્રુતજ્ઞાનમાં પણ અનંત વિશેષો છે, પણ કેવળજ્ઞાન સર્વોત્કૃષ્ટ છે; સમસ્ત પદાર્થોનો પ્રતિભાસ જેમાં એકસાથે ભર્યો છે એવું અદ્‌ભુત અનંત વિશેષોસ્વરૂપ કેવળજ્ઞાન, તેમાં સર્વજ્ઞસ્વભાવી મહાસામાન્યજ્ઞાન વ્યાપેલું છે; ને તે આત્માનો સ્વભાવ જ છે–આવા આત્માને જે સ્વાનુભવ–પ્રત્યક્ષ નથી કરતો તેને સર્વજ્ઞપણું હોતું નથી.

૮૦મી ગાથામાં કહ્યા પ્રમાણે અરિહંતદેવના ચૈતન્યરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તેમાં આવા સર્વજ્ઞસ્વભાવી આત્માનું જ્ઞાન ભેગું આવી જાય છે. અરે, સર્વજ્ઞતાની તાકાતની શી વાત! રાગ જેને ઝીલી શકે નહિ, ને

રાગનો કણ જેમાં સમાય નહિ,–એવા સર્વજ્ઞ-સ્વભાવને તો સ્વસન્મુખ અતીન્દ્રિયજ્ઞાન જ ઝીલી શકે છે. અરે, સર્વજ્ઞ અરિહંતને પોતાના જ્ઞાનમાં સમાડવા–એ તે કાંઈ સાધારણ વાત છે!

ભાઈ, તારી જ્ઞાનપર્યાયમાં તારા સ્વભાવને જ વ્યાપેલો દેખ.
તારી જ્ઞાનપર્યાયમાં પરવસ્તુને કે રાગને વ્યાપેલા ન દેખ.

✍ અહા, આવો જ્ઞાનસ્વભાવ નક્કી કરે ત્યાં તો પરથી ને રાગથી જ્ઞાન છૂટું પડી જાય, ભેદજ્ઞાન થઈને મોક્ષમાર્ગ ઊઘડી જાય. હે ભાઈ, જાણવારૂપે તારું જ્ઞાન છે, તે જ્ઞાનમાં કોણ વ્યાપ્યું છે?

✍ જ્ઞાનમાં જણાતાં શરીરાદિ બાહ્ય પદાર્થો જ્ઞાનમાં વ્યાપ્યા નથી, તે તો જ્ઞાનથી બહાર જ છે. જો અચેતન પદાર્થો જ્ઞાનમાં વ્યાપીને તન્મય થાય તો જ્ઞાન પણ અચેતન થઈ જાય.

✍ રાગ-દ્વેષાદિ ભાવો–કે જેઓ જ્ઞાનમાં અન્યજ્ઞેયપણે જણાય છે, તે રાગ-દ્વેષભાવો પણ જ્ઞાનમાં વ્યાપેલા નથી. જો જ્ઞાનમાં રાગ-દ્વેષ વ્યાપેલા હોય તો, તે રાગ-દ્વેષ છૂટી જતાં જ્ઞાન પણ છૂટી જાય. રાગ-દ્વેષ વગર જ્ઞાનનું અસ્તિત્વ રહી ન શકે.–પરંતુ રાગ–દ્વેષના અભાવમાંય જ્ઞાન તો પોતાના સર્વજ્ઞસ્વરૂપે શોભી રહે છે. માટે જ્ઞાનમાં રાગ-દ્વેષ વ્યાપેલા નથી; પછી પૂજા-ભક્તિનો શુભ રાગ હો, કે વિષય-કષાયોનો પાપરાગ હો, તે જ્ઞાનનું સ્વરૂપ નથી.

✍ હવે ત્રીજી વાત : પૂર્વની જે જ્ઞાનપર્યાય છે તે વ્યય થાય છે ને પછીની જ્ઞાનપર્યાય ઉત્પન્ન થાય છે, ત્યાં પૂર્વની પર્યાય તે પછીની પર્યાયમાં વ્યાપતી નથી; મતિશ્રુતજ્ઞાન છૂટીને કેવળજ્ઞાન થયું ત્યાં તે કેવળજ્ઞાનમાં મતિ–શ્રુતજ્ઞાનપર્યાય વ્યાપતિ નથી; એટલે પર્યાયના ખંડખંડ સામે જોવાનું રહેતું નથી. બે સમયની પર્યાયો કદી એક થતી નથી.

✍ તો હવે કોણ બાકી રહ્યું–કે જે આત્માની વિશેષ જ્ઞાનપર્યાયમાં વ્યાપે છે! અને તે વિશેષ જ્ઞાનપર્યાય જેને અવલંબીને પ્રવર્તે છે? વિશેષ

વખતે જ આત્માનો જ્ઞાનસામાન્યરૂપ મહાન સ્વભાવ છે તે જ વિશેષોમાં વ્યાપે છે. જ્યારે જુઓ ત્યારે તે પોતામાં વિદ્યમાન જ છે. અનાદિ અનંતકાળની જે વિશેષ જ્ઞાનપર્યાયો (–જેમાં ભવ્યજીવની અનંતકેવળજ્ઞાનપર્યાયો પણ આવી જાય છે–તે સમસ્ત પર્યાયો)માં વ્યાપે એવો એક જ્ઞાનસ્વભાવી આત્મા હું છું—એમ ધર્મીજીવ સ્વસંવેદન પ્રત્યક્ષ વડે પોતાના આત્માને જાણે છે. પોતાના સામાન્ય અને વિશેષ બંનેમાં તેને જ્ઞાન જ દેખાય છે.

✍ આવો જ્ઞાનસ્વભાવી આત્મા–એ જૈનશાસનનું મહાન રત્ન છે; તે જેણે જાણી લીધું તેણે સમસ્ત જૈનશાસનને જાણી લીધું. આત્માના સ્વભાવને જે જાણતો નથી તે સર્વજ્ઞદેવને કે ગુરુને કે શાસ્ત્રના તાત્પર્યને પણ જાણી શકતો નથી. પોતાના જ્ઞાનમાં જ્યાં પોતાનો સર્વજ્ઞસ્વભાવ જાણ્યો ત્યાં પંચપરમેષ્ઠીની કે નવતત્ત્વોની સાચી ઓળખાણ થઈ. આવા સ્વભાવને જાણનારી શ્રુતજ્ઞાનપર્યાયમાં પણ અતીન્દ્રિય શાંતિસહિતની કોઈ પરમ અદ્‌ભુત તાકાત ભરેલી છે અને ધર્મીને તે પર્યાયમાં પણ પોતાનો અખંડ સામાન્યજ્ઞાનસ્વભાવ વ્યાપેલો દેખાય છે.

✍ અરે, પોતાની પર્યાયની અંદર વ્યાપેલા પોતાના જ્ઞાનસ્વભાવને પણ જે ન જાણે, તે પોતાની પર્યાયથી બહાર એવા પરદ્રવ્યને ક્યાંથી (યથાર્થ) જાણશે? જે આંધળો પોતાના શરીરને નથી દેખતો તે બીજાને ક્યાંથી દેખશે? સમ્યગ્દૃષ્ટિ તો પોતાના સર્વજ્ઞસ્વભાવી આત્માને ઇન્દ્રિયાતીત મતિ–શ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષ કરે છે, પછી તેની વિશેષ ભાવનારૂપ એકાગ્રતા વડે શુદ્ધોપયોગી થઈ, રાગ-દ્વેષનો ક્ષય કરી, કેવળ–જ્ઞાનરૂપ પરિણમે છે. તે કેવળજ્ઞાન સંપૂર્ણ જ્ઞાન–વિશેષોવાળું પરિપૂર્ણ છે. ને કેવળજ્ઞાની પ્રભુ એવા અનંત વિશેષોરૂપે પરિણમેલા સર્વજ્ઞસ્વભાવી આત્માને કેવળજ્ઞાન વડે સાક્ષાત્–પ્રત્યક્ષ જાણે છે.

✍ ભગવાન મહાવીર આવા સર્વજ્ઞ છે.–એમ સર્વજ્ઞસ્વરૂપે તેમની ઓળખાણ તે જ 'સર્વજ્ઞમહાવીર'ની સાચી ઓળખાણ છે. આવી

ઓળખાણ કરનાર જીવ આત્માને જાણીને મહાવીરના માર્ગે મોક્ષમાં જાય છે.

**जय सर्वज्ञ महावीर**

## ❀ જિનમાર્ગ અત્યન્ત સરલ છે ❀

સર્વજ્ઞ જિનેન્દ્રોના માર્ગનું અનુસરણ કરવાથી જીવનો ઉદ્ધાર થાય છે, ને તે જન્મ-મરણ રહિત અમર પદ પામે છે. અને આ કાંઈ ક્લિષ્ટ માર્ગ નથી પરંતુ સ્વાભાવિક હોવાને કારણે વિવેકી પુરુષોને માટે અત્યન્ત સરલ છે. હે જીવ! અંતરાત્મા વડે આ ઉત્તમ આનંદકારી માર્ગનું ગ્રહણ કરીને તું સન્માર્ગી થા.

✣

હે જીવ! જેમ શરીરમાં તું પ્રેમ જોડે છે તેમ ઉત્તમ ચૈતન્યસ્વરૂપ એવા તારા શુદ્ધજીવાસ્તિકાયમાં પ્રેમ જોડ, તો જડ શરીરનો તારો મોહ છૂટી જશે ને તને ઉત્તમ સુખ થશે.

# જ્ઞાની શ્રાવકના ૨૧ ગુણો

અધ્યાત્મ–કવિ પં. બનારસીદાસજીએ નાટક સમયસારમાં છેલ્લે ૧૪ ગુણસ્થાનનું વર્ણન કર્યું છે; તેમાં અણુવ્રતરૂપ પંચમ ગુણસ્થાનના વર્ણનમાં શ્રાવકના ૨૧ ગુણો બતાવ્યા છે. તે સર્વે જિજ્ઞાસુઓને ઉપયોગી હોવાથી અહીં આપીએ છીએ. દરેક મુમુક્ષુએ આ ગુણોનું સ્વરૂપ વિચારીને જ્ઞાની શ્રાવકની મહિમા પોતાના આત્મામાં ધારણ કરવી; તેના વડે જીવન શોભી ઊઠશે :—

(સવૈયા)

લજ્જાવંત, દયાવંત, પ્રશાંત, પ્રતીતવંત,
પરદોષકો ઢકૈયા, પર–ઉપકારી હૈ;
સૌમ્યદૃષ્ટિ, ગુણગ્રાહી ગરિષ્ટ, સબકો ઇષ્ટ,
શિષ્ટ પક્ષી, મિષ્ટવાદી, દીરઘ વિચારી હૈ,
વિશેષજ્ઞ, રસજ્ઞ, કૃતજ્ઞ, તત્જ્ઞ, ધરમજ્ઞ,
ન દીન, ન અભિમાની, મધ્ય વ્યવહારી હૈં;
સહજ વિનિત, પાપક્રિયાસોં અતીત ઐસો,
શ્રાવક પુનીત ઇકવીસ ગુણધારી હૈ.

૧. **લજ્જાવંત** : કોઈપણ પાપકાર્ય, અન્યાય, અનીતિ વગેરેમાં તેને શરમ આવે કે અરે! હું જૈન, હું જિનવરદેવનો ભક્ત, હું આત્માનો જિજ્ઞાસુ, તો મને આવાં કાર્ય શોભે નહિ.

૨. **દયાવંત** : અરે, આ ઘોર દુઃખમય સંસાર, તેમાં જીવો કેવા દુઃખી છે!! મારા નિમિત્તે કોઈ જીવને દુઃખ ન હો, કોઈને દુઃખ દેવાનો ભાવ મને ન હો. મારો આત્મા દુઃખથી છૂટે, ને જગતના જીવો પણ દુઃખથી છૂટે,—એવી દયાભાવના હોય છે.

૩. **પ્રશાંત** : કષાય વગરના શાંત પરિણામ હોય; માન-અપમાનાદિના

નજીવા પ્રસંગોમાં વારંવાર ક્રોધ થઈ આવે, કે નજીવા પ્રસંગમાં હરખના હીલોળે ચડી જાય–એવું તેને ન હોય; ક્રોધ કે હરખ વગર શાંત–ગંભીર પરિણામવાળો હોય.

૪. **પ્રતીતવંત :** દેવ-ગુરુ-ધર્મ ઉપર તેમ જ સાધર્મી ઉપર તેને પ્રતીત હોય છે. વાત-વાતમાં સાધર્મી ઉપર સંદેહ કરવો તે શ્રાવકને શોભે નહિ. પોતાનું અપમાનાદિ થાય, પ્રતિકૂળતા આવે કે બીજાનાં માનાદિ વધી જાય તેથી ધર્મમાં સન્દેહ કરતો નથી, પ્રતીતિ રાખે છે.

૫. **પરદોષને ઢાંકનાર :** અરેરે, દોષમાં તો જગતના જીવો ડુબેલા જ છે, ત્યાં પારકા દોષ શું જોવા? મારે તો મારા દોષ મટાડવાના છે. કોઈ સાધર્મી કે અન્યજીવથી દોષ થાય તો તેની રક્ષા કરીને દોષ દૂર થાય તેમ કરવું ઉચિત છે; પણ દોષ દેખીને નિંદા કરવી ઉચિત નથી.

૬. **પર ઉપકારી :** ધર્મબુદ્ધિ વડે તેમજ તન-મન ધનાદિ વડે પણ પરજીવોનો ઉપકાર કરે છે. જગતના જીવોનું હિત થાય, સાધર્મીઓને દેવ-ગુરુ-ધર્મના સેવનમાં સર્વ પ્રકારે અનુકૂળતા આપું ને તેઓ નિરાકુળપણે ધર્મને આરાધે, એવી ઉપકારભાવના શ્રાવકને હોય છે.

૭. **સૌમ્યદ્રષ્ટિવંત :** એની દ્રષ્ટિમાં સૌમ્યતા હોય છે; જેમ માતા બાળકને મીઠી નજરે જુએ છે તેમ ધર્માત્મા બધા જીવોને મીઠી નજરે જુએ છે. એને જોઈને બીજા ભયભીત થાય એવી ક્રૂરતા હોય નહિ; પરિણામ ઘણા સૌમ્ય હોય છે–જેનો સંગ બીજા જીવોને શાંતિ પમાડે છે.

૮. **ગુણગ્રાહી :** ગુણનો ગ્રાહક હોય છે; સમ્યક્ત્વાદિ ગુણોને દેખીને તેની પ્રશંસા કરે છે; અલ્પ ક્રોધાદિ દોષ દેખીને સમ્યક્ત્વાદિ ગુણો પ્રત્યે અનાદર કરતા નથી, પણ ગુણોને ઓળખીને તેનો આદર કરે છે. પોતાનું કોઈ અપમાનાદિ કરે તેથી તેના ગુણોનો પણ અનાદર ન કરી નાંખે, પણ એમ વિચારે કે મારું ભલે અપમાન કર્યું પણ

એનામાં જૈનધર્મપ્રત્યેનો પ્રેમ આદર છે. જૈનધર્મના ભક્ત છે, દેવ -ગુરુનો આદર કરનારા છે, મારા સાધર્મી છે; એમ તેના ગુણનું ગ્રહણ કરે. આમ ગુણનું ગ્રહણ કરવાથી તે સાધર્મી પ્રત્યે દ્વેષભાવ ન આવે, પણ પ્રેમ અને વાત્સલ્ય આવે છે.

૯. **ગરિષ્ટ (સહનશીલ)** : સંસારમાં શુભાશુભકર્મ યોગે અનુકૂળતા-પ્રતિકૂળતા તો આવે, કંઈક પ્રતિકૂળતા આવી જાય કે અપમાનાદિ થાય, રોગ થાય ત્યાં ધૈર્યપૂર્વક સહન કરે ને ધર્મમાં દઢતા રાખે; પ્રતિકૂળતામાં ગભરાઈ ન જાય, આર્તધ્યાનથી ખેદખિન્ન ન થાય; પણ સહનશીલપણે વૈરાગ્ય વધારે.

૧૦. **સૌને પ્રિય** : બધા પ્રત્યે મધુર વ્યવહાર રાખે, કટુ વ્યવહાર ન રાખે; સાધર્મીના પ્રેમને લીધે, સજ્જનતાને લીધે, ન્યાય-નીતિ અને ધાર્મિકવૃત્તિને લીધે સજ્જનોને તો વહાલો લાગે, ને કોઈ વિરોધી હોય તો તેના પ્રત્યે પણ પ્રેમપૂર્ણ વ્યવહારથી તેનું દિલ જીતી લ્યે. ક્યાંય પણ ક્લેશ વધે એવો વ્યવહાર ન કરે.

૧૧. **શિષ્ટ-પક્ષી** : સત્ય અને સદાચારનો પક્ષ કરનાર હોય. લૌકિક પ્રયોજન ખાતર, માનથી કે ભયથી પણ સત્યધર્મને કે ન્યાયનીતિને છોડે નહિ. જ્યાં ધર્મ હોય, સત્ય હોય, ન્યાય હોય, તેનો પક્ષ કરે.

૧૨. **મિષ્ટભાષી** : જેમાં સ્વ-પરનું હિત હોય એવી મધુરી વાણી બોલે. પોતાને કષાય થાય ને સામાનું દિલ દુભાય એવી કડવી કઠોર ભાષા ન બોલે. શાંતિથી, મધુરતાથી, કોમળતાથી સત્ય અને હિતની વાત કરે. સત્યવાત પણ કઠોરતાથી ન કહે, 'દો દિન કે મહેમાન, બોલી બિગાડે કૌનસો?'

૧૩. **દીર્ઘવિચારી** : દેશ-કાળનો વિચાર કરીને, પોતાના પરિણામનો તથા શક્તિનો વિચાર કરીને, અને સ્વ-પરના હિતનો વિચાર કરીને યોગ્ય પ્રવૃત્તિ કરે. જગતની દેખાદેખીથી વગર વિચાર્યે જ્યાં ત્યાં ન ઝંપલાવે. જેનાથી વર્તમાનમાં ને ભવિષ્યમાં પોતાને શાંતિ રહે,

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તેમ જ ધર્મની શોભા વધે એવી પ્રવૃત્તિ વિચારપૂર્વક કરે.

૧૪. **વિશેષજ્ઞ** : સંઘની સ્થિતિ, દેશ-કાળની સ્થિતિ વગેરેનો જાણકાર હોય. ધર્મમાં કે ગૃહવ્યવહારમાં ક્યારે કેવી પરિસ્થિતિ થશે, કેવી જરૂર પડશે–તેનો જાણકાર હોય, ને તેનો યોગ્ય ઉપાય કરે.

૧૫. **રસજ્ઞ** : રસ એટલે તાત્પર્ય; શાસ્ત્રાભ્યાસ વગેરેમાં તેના શાંતરસરૂપ સાચા રહસ્યને જાણતો હોય; તેણે ધર્મનો મર્મ જાણીને શાંતરસને તો ચાખ્યો છે, તેથી તે પરમાર્થનો રસજ્ઞ છે; તેમ જ વ્યવહારમાં પણ કરુણારસ, રૌદ્રરસ વગેરેને યથાયોગ્ય જાણે છે.

૧૬. **કૃતજ્ઞ** : અહો, દેવ-ગુરુ-ધર્મના પરમઉપકારની તો શી વાત એનો તો બદલો વળે તેમ નથી; તેમના માટે જે કરું તે ઓછું–એમ મહાન ઉપકારબુદ્ધિથી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે વર્તે. તેમજ સાધર્મી-જનોના ઉપકારને કે અન્ય સજ્જનોના ઉપકારને પણ ભૂલે નહિ; ઉપકારને યાદ કરીને તેમની યોગ્ય સેવા-ચાકરી કરે. પોતે કરેલા ઉપકારને યાદ ન કરે, તેમ જ બદલાની આશા ન રાખે.

૧૭. **તત્ત્વજ્ઞ** : તત્ત્વનો જાણકાર હોય; જૈનધર્મનાં મુખ્ય તત્ત્વ શું છે? તેને બરાબર સમજીને તેના પ્રચારની ભાવના કરે. બુદ્ધિ અનુસાર કરણાનુયોગ વગેરે સૂક્ષ્મતત્ત્વોનો પણ અભ્યાસ કરે. ધર્મીશ્રાવક આત્મતત્ત્વને તો જાણે છે, તે ઉપરાંત જૈનશાસ્ત્રોના અગાધ ગંભીર શ્રુતજ્ઞાનમાં કહેલા તત્ત્વોને પણ વિશેષપણે જાણે છે. વિપરીત જીવોમાં ક્યાં તત્ત્વની વિપરીતતા છે તે પણ જાણીને તે દૂર કરવા પ્રયત્ન કરે છે.

૧૮. **ધર્મજ્ઞ** : ધર્મનો જાણનાર હોય; ક્યાં નિશ્ચયધર્મની પ્રધાનતા છે, ક્યાં વ્યવહારધર્મની પ્રધાનતાથી વર્તવું યોગ્ય છે! એમ ધર્મના બધા પડખાં જાણીને શાસનને શોભે તેવું વર્તન કરે, શ્રાવકનો ધર્મ શું? મુનિનો ધર્મ શું? ધર્મમાં, તીર્થોમાં, શાસ્ત્રાદિમાં કે સાધર્મીમાં ક્યારે શેની જરૂર છે? તે સંબંધી શ્રાવકને જાણકારી હોય.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

૧૯. **દીનતારહિત, તેમ જ અભિમાન રહિત એવો મધ્યસ્થ–વ્યવહારી :** ધર્મનું ગૌરવ સચવાય, તેમ જ પોતાને અભિમાનાદિ ન થાય–એ રીતે મધ્યસ્થ વ્યવહારથી વર્તે, વ્યવહારમાં જ્યાં ત્યાં દીન ન થઈ જાય; રોગાદિપ્રસંગ હોય, દરિદ્રતાદિ હોય તેથી ગભરાઈને એવો દીન ન થાય કે જેથી ધર્મની અવહેલના થાય! અરે, હું પંચપરમેષ્ઠિનો ભક્ત, મારે દુનિયામાં દીનતા કેવી? તેમ જ દેવ-ગુરુ-ધર્મના પ્રસંગમાં, સાધર્મીના પ્રસંગમાં અભિમાન રહિત નમ્રપણે પ્રેમથી વર્તે. સાધર્મીની સેવામાં કે નાના સાધર્મી સાથે હળવા–મળવામાં હીણપ ન માને. સંતો પાસે ગમે તેવા દીન થઈને પણ જો આત્મહિત થતું હોય તો તે કરવા તૈયાર છે; ત્યાં અભિમાન નથી રાખતો; અને આત્મહિત થતું ન હોય તો એવા પ્રસંગે તે દીન થતો નથી, અસત્ પ્રત્યે જરા પણ નમતો નથી, ત્યાં પોતાના ધર્મનું સ્વાભિમાન રાખે છે. એ રીતે દીન નહિ તેમ જ અભિમાની નહિ એવો મધ્યસ્થ–વ્યવહારી શ્રાવક હોય.

૨૦. **સહજ વિનયવંત :** વિનયનો પ્રસંગ હોય ત્યાં તેને સહેજે વિનય આવે. દેવ-ગુરુનો પ્રસંગ, સાધર્મીનો પ્રસંગ, વડીલોનો પ્રસંગ, તેમાં યોગ્ય વિનયથી વર્તે, સમ્યક્ત્વાદિ ગુણીજનોને દેખીને પ્રસન્નતાથી વિનય-બહુમાન-પ્રશંસા કરે. કોઈ પ્રત્યે ઈર્ષાભાવ ન આવે. શાસ્ત્ર પ્રત્યે, ધર્મસ્થાનો પ્રત્યે, તેમ જ લોકવ્યવહારમાં પણ વિનય–વિવેકથી યોગ્ય રીતે વર્તે; કોઈ પ્રત્યે અપમાન કે તિરસ્કારથી ન વર્તે.

૨૧. **પાપક્રિયાથી રહિત :** કુદેવ-કુધર્મના સેવનરૂપ મિથ્યાત્વાદિ પાપને તેમ જ માંસાદિ અભક્ષ્ય-ભક્ષણના તીવ્ર હિંસાદિ પાપોને તો સર્વથા છોડ્યા જ છે, તે ઉપરાંત આરંભ–પરિગ્રહ સંબંધી જે પાપક્રિયાઓ તેનાથી પણ જેટલો બને તેટલો છૂટવાનો ને નિર્દોષ શુદ્ધ જીવનનો અભિલાષી છે. અરે, આવો ઉત્તમ જૈનધર્મ ને આવું અદ્ભુત આત્મસ્વરૂપ તેને પામીને હવે કોઈ પાપ મને શોભતું નથી.–એમ

અવ્રતજન્ય પાપોથી અત્યંત ભયભીત વર્તે છે. મારા જીવનમાં કોઈ નાનું પાપ પણ ન હો, ને ઉજ્જ્વળ વીતરાગી જીવન હો–એવી ભાવના હોય છે.

આ પ્રમાણે શ્રાવક આ પુનિત ૨૧ ગુણના ધારક હોય છે. મુમુક્ષુએ પણ આ દરેક ગુણનું સ્વરૂપ વિચારીને, પોતામાં પણ તે ગુણનો મહિમા ધારણ કરવો. એના વડે જીવન શોભી ઊઠશે.

---

વીતરાગી મોક્ષમાર્ગનો પડકાર કરતાં સંતો કહે છે કે અરે, રાગને ધર્મ માનનારા કાયરો! તમે ચૈતન્યના વીતરાગમાર્ગે નહિ ચડી શકો...ચૈતન્યને સાધવાનો સ્વાધીન–પુરુષાર્થ તમે નહિ પ્રગટાવી શકો. સ્વાધીન ચૈતન્યનો તમારો પુરુષાર્થ ક્યાં ગયો? તમે ધર્મ કરવા નીકળ્યા છો, તો ચૈતન્યશક્તિની વીરતા તમારામાં પ્રગટ કરો. એ વીરતાગી વીરતા વડે જ મોક્ષમાર્ગ સધાશે.

—વીતરાગી સંતોની આવી હાક સાંભળીને કોણ ન જાગે?

સ્વાનુભૂતિપૂર્વક થતું સમ્યગ્દર્શન તો મોક્ષનું દ્વાર છે; તેના વડે જ મોક્ષનો માર્ગ ઊઘડે છે. એનો ઉદ્યમ એ જ દરેક મુમુક્ષુનું પહેલું કામ છે. અને દરેક મુમુક્ષુથી આ થઈ શકે તેવું છે.

# મૂંઝવણ અને શાંતિ

જગતમાં તારા પાપોદયે કોઈ પ્રતિકૂળ સ્થિતિ આવી પડે, ખોટા ને મોટા આક્ષેપ આવે, દેહમાં રોગાદિ થાય, અપમાનાદિ થાય. તને અસહ્ય મુંઝવણ થતી હોય, કષાયો થતા હોય, ને તું શાંતિ–સમાધાન માટે ઝંખતો હો—તો—

બીજા કોઈના આધારે, બીજા કોઈને પ્રસન્ન કરીને, બીજા કોઈની લાચારી કરીને, કોઈ સામે ખટપટ કે કષાય કરીને શાંતિ કે સમાધાન શોધવા કરતાં સૌથી પહેલાં તારા જ્ઞાનના જ શરણે જઈને તેને પૂછ કે 'હે જ્ઞાન! આટલી પ્રતિકૂળતાની ભીંસ વચ્ચે તું મને શાંતિ આપીશ? હું તારા શરણે આવું–તને રીઝવું–તો તું મને આ કષાય–પ્રસંગોમાંથી ઉગારીને મારી કષાયથી રક્ષા કરીશ?–ને મને શાંતિ આપીશ?'

બસ, આ પ્રમાણે સૌથી પહેલાં જ તારા જ્ઞાનને પૂછી જો. અને જો તારું જ્ઞાન તને શાંતિ આપવાની ના પાડે તો જ પછી બીજા પાસે જઈને તેની લાચારી કરજે...પહેલેથી જ જ્ઞાનનો વિશ્વાસ છોડીને બીજે લાચારી કરવા જઈશ મા. તારું જ્ઞાન તને શાંતિ આપવાની ના નહિ જ પાડે...કેમ કે જ્ઞાન તો મહાન, ઉદાર, ધીર અને ગંભીર છે. તે જરૂર તને સમાધાન આપીને શાંત કરશે....તારે બીજે ક્યાંય જવું નહીં પડે. જ્ઞાનનો સ્વભાવ શાંતિ દેવાનો છે. માટે જ્ઞાનથી ભિન્ન બહારમાં બીજા કોઈનું શરણું શોધ મા. જ્ઞાનનો જ વિશ્વાસ કરીને નિશ્ચિંત બની જા.

# દાન

એક રાજમાતાએ પોતાના પુત્રને કહ્યું—

બેટા! તારી સામે એક મોટા પર્વત જેવડો ધનનો ઢગલો રાખવામાં આવે તો, તું તે કેટલા દિવસમાં દાન કરી દઈશ?

ત્યારે પુત્રે માતાને તરત જ જવાબ આપ્યો–

મા, હું તો એક મિનિટમાં જ તે બધું દાન આપી દઈશ; પરંતુ લેનારાઓ તે કેટલા દિવસમાં લઈ જશે–તેની હું ખાતરી આપી શકતો નથી.

દાતાર કેટલો મહાન છે!

બધો પરિગ્રહ એક ક્ષણમાં છોડી શકાય છે...પણ તેનું ગ્રહણ એક ક્ષણમાં નથી થતું. ત્યાગ મહાન છે. સંસારનો ત્યાગ ગણી ગણીને શું કરવો?–એક સામટો જ ત્યાગ કરી દેવો.

પાની બઢે નાવમેં, ઘરમેં બાઢે દામ,<br>
દોનોં હાથસે ઉલેચીયે, યહી શયાનો કામ.

નાવમાં પાણી ભરાતું હોય ને ઘરમાં ધન વધતું હોય, તો બંને હાથે તેને ઉલેચવા માંડવું—એ સૂજ્ઞપુરુષોનું કર્તવ્ય છે.

લક્ષ્મી ભેગી કરીને ભંડારમાં ભરી રાખવી તે તેનો સદુપયોગ નથી, પણ ઉત્તમ કાર્યોમાં તે વાપરી નાંખવી તે જ તેનો સદુપયોગ છે. જેમ જીવનનો સદુપયોગ સ્વાનુભૂતિ છે તેમ લક્ષ્મીનો સદુપયોગ સુપાત્ર-દાન છે.

# પુણ્ય-પાપના સાચા ન્યાય અનુસાર કર્તા-કર્મના સ્વરૂપની સાચી સમજણ

સમ્યગ્જ્ઞાનના ન્યાયથી સાચા કારણ-કાર્યને જે જાણતો નથી, ને એકલા અધકચરા ઈન્દ્રિયજ્ઞાનથી જ કર્તા-કર્મની કે કારણ-કાર્યની મિથ્યાકલ્પના કરે છે, તે જીવ મિથ્યાકલ્પના વડે કેવી ગંભીર ભૂલ કરે છે? ને સાચું જ્ઞાન તેની મિથ્યાકલ્પનાને કેવી તોડી નાંખે છે! તે આપ આ દૃષ્ટાંત અને સિદ્ધાંત દ્વારા જોશો.

એક હતો બાદશાહ! તેના ગામમાં એક શેઠ રહેતો હતો, તે નાસ્તિક જેવો હતો. પરલોક કે પુણ્ય-પાપને માનતો ન હતો.

તે શેઠને ત્યાં એક સુંદર બાળકનો જન્મ થયો. બાળક ઘણો સુંદર, અત્યંત કોમળ શરીરવાળો હતો.

એકવાર શેઠે હોંશે હોંશે તે બાળકને લઈને બાદશાહ પાસે ગયો. બાદશાહે બાળકને દેખીને પ્રસન્નતા વ્યક્ત કરી; પણ બાળકનું અત્યંત કોમળ રૂપ દેખીને એકાએક બાદશાહની બુદ્ધિ ફરી ગઈ... માંસાહારી બાદશાહને તે બાળકનું માંસ ખાવાનું મન થયું; ને શેઠને કહ્યું : શેઠજી! મને અત્યારે ભૂખ લાગી છે ને આ બાળકનું માંસ રાંધીને ખાવાની ભાવના થઈ છે, માટે આ બાળક આપી દો.

બાદશાહની વાત સાંભળતાં જ શેઠ ધ્રુજી ઊઠ્યો! અરે, શું મારા આ એકના એક પુત્રને બાદશાહ ખાઈ જશે?—ના, ના! એ તો બહુ ખોટું થાય. એણે તરત જ બાદશાહને કહ્યું—

ના, ના, જહાંપનાહ! એ તો બહુ ખોટું થાય! એ કાર્ય તમને ન શોભે.

ત્યારે બાદશાહે કહ્યું-જુઓ શેઠ! પુણ્ય-પાપને કે પરભવને તો તમે માનતા નથી; ને હું આ બાળકને ખાઈશ તેથી મારી ભૂખ મટીને મને શાતા થશે : તે માટે તેમાં ખરાબ શું થયું? ખરાબ હોય તો તેનાથી દુઃખ થવું જોઈએ.—આમાં તો ઊલટું મારું ભૂખનું દુઃખ મટે છે!

બાદશાહની વાત સાંભળીને શેઠ તો ડઘાઈ જ ગયો! તે ઊંડા વિચારમાં પડી ગયો...ને તેની આંખ ઊઘડી ગઈ. એકાએક નાસ્તિકમાંથી આસ્તિક બની ગયો. જો પુત્રને બચાવવો હોય તો, પૂર્વજન્મને, અને પૂર્વ જન્મના પુણ્ય-પાપનાં ફળને સ્વીકાર્યા સિવાય બીજો કોઈ આરોવારો જ ન રહ્યો. અંતે જૈનસિદ્ધાંતઅનુસાર સાંભળેલા તત્ત્વનો સ્વીકાર કરવો પડ્યો, ને બાદશાહને કહ્યું-સાંભળો જહાંપનાહ! મારા પુત્રને ખાવાથી તમારું ભૂખનું દુઃખ મટશે-એ તમારી વાત સાચી નથી; જીવને સાતારૂપ સુખ, કે અસાતારૂપ દુઃખ, તેણે પૂર્વે કરેલા પુણ્ય-પાપ અનુસાર છે; તમે સાતા થવાનું કહો છો તે પુત્રના માંસભક્ષણથી નહિ, પણ પૂર્વના સાતાકર્મના ઉદયથી થશે અને વર્તમાન માંસભક્ષણના તીવ્ર કષાયભાવના ફળથી તો ભયંકર આકુળતા અને ભવિષ્યમાં નરકાદિની અનંતી અસાતા આવી પડશે.—માટે એવા તીવ્રપાપપરિણામને છોડો.

હે બાદશાહ! તમારી ક્ષુધા મટે છે તે કાંઈ માંસ ખાવાથી નથી મટતી, પણ તે પ્રકારના સાતાકર્મના ઉદયથી ભૂખ મટે છે, વર્તમાનમાં માંસ ખાવાના પરિણામ તો મહાન પાપરૂપ છે, તેના ફળમાં તો અશુભકર્મ બંધાશે ને મહાન દુઃખ મળશે. પૂર્વભવમાં પુણ્ય કર્યા તેનું ફળ અત્યારે દેખાય છે, કાંઈ વર્તમાન પાપનું તે ફળ નથી; વર્તમાન પાપનું ફળ ભવિષ્યમાં મહાન દુઃખરૂપ સંયોગ મળશે.—આ રીતે જીવ ભૂત-ભવિષ્યમાં ટકનાર છે ને પોતાના શુભ-અશુભ ફળ ભોગવનાર છે. માટે હે બાદશાહ! તમે દુઃખદાયક એવા પાપ ભાવોને છોડો. સાતારૂપ સુખનું કારણ-કાર્યપણું માંસ ભક્ષણની સાથે નથી પણ પૂર્વના પુણ્ય સાથે છે. પાપનું ફળ તો દુઃખ જ છે. પાપના ફળમાં કદી સુખ હોય નહિ. માટે વસ્તુના કારણ-કાર્ય જોવામાં તમારી ભૂલ છે.

ડાહ્યો બાદશાહ શેઠની ન્યાયયુક્ત વાત સમજી ગયો ને પાપના ફળથી ભયભીત થઈને તેણે માંસભક્ષણના દુષ્ટ વિચાર છોડી દીધા.

આ વાત વધુ સ્પષ્ટ સમજવા માટે બીજા હજી દાખલા વિચારીએ—

જેમ કોઈ ચોરને ચોરી કરતાં પૈસા મળે તે કંઈ ચોરીનું ફળ નથી, તે તો પૂર્વપુણ્યનું ફળ છે. જેમ કસાઈ ગાયો કાપે ને પૈસા મળે તે કાંઈ ગાયો કાપવાનું તો ફળ નથી; વર્તમાન ચોરી કે હિંસાદિના પાપભાવના ફળથી તો તે જીવને મહાન દુઃખ થશે. અત્યારે જે પૈસા મળે છે તે તો પૂર્વપુણ્યથી મળ્યા છે.

—ચોરી કરવી તે કારણ ને પૈસા મળ્યા તે કાર્ય,

—હિંસા કરવી તે કારણ ને પૈસા મળ્યા તે કાર્ય,

—એમ જો કોઈ માને તો તેને કારણ કાર્યની ભયંકર ભૂલ છે. સાચા કારણકાર્યને તે જાણતો નથી.

તેવી જ રીતે—

ભાષા બોલાય, હાથ ઊંચો થાય. પુસ્તક લેવાય-મુકાય, અક્ષર લખાય—એ બધી ક્રિયાઓ–કે જે આંખથી દેખાય, તે બધા જડના કાર્યો છે, અચેતન છે; તે અચેતન પદાર્થનાં કાર્યો, ને જીવ તેનો કર્તા,–એમ જે માને છે તે પણ ઉપરના દૃષ્ટાંતની જેમ જ, જીવ-અજીવના કારણ-કાર્યસંબંધમાં ભયંકર ભૂલ કરે છે.

ભાઈ, તે અચેતનકાર્યોમાં, કારણપણે જીવ હોય–એમ તને દેખાતું તો નથી. શું જીવને તે તે અચેતનકાર્યો કરતાં દેખ્યો? જીવને તેં દેખ્યો તો નથી. તેનું અસ્તિત્વ કેવું છે તેને પણ તું જાણતો નથી, તો જીવ કર્તા થયો–એ વાત તેં ક્યાંથી કાઢી?

જે વસ્તુને તે દેખી જ નથી તેના ઉપર મફતનો ખોટો આરોપ શા માટે નાંખે છે? જો જીવને તેં દેખ્યો હોત તો તે તને ચૈતન્યસ્વરૂપ જ દેખાત, ને તે જડની ક્રિયાનો કર્તા થાય–એમ તું માનત જ નહીં. માટે દેખ્યા વગર તું જીવ ઉપર અજીવના કર્તૃત્વનું મિથ્યા આળ ન નાંખ...જો ખોટું

આળ નાખીશ તો તને મોટું પાપ લાગશે. (–જેમ રાજાએ માંસ ખાવાથી સુખ થવાનું માન્યું તેમ.)

કોઈ રાજમહેલમાં ચોરી થઈ...એક સજ્જન માણસ રાજમહેલથી દૂર રહે છે, કદી રાજમહેલમાં આવ્યો પણ નથી. છતાં બીજો કોઈ માણસ તેના ઉપર કલંક નાંખે કે ચોરીનો કર્તા આ માણસ છે!

તે કલંક નાંખનારને પૂછીએ છીએ કે–હે ભાઈ!

❀ શું તે માણસને રાજમહેલમાં તેં ચોરી કરતાં જોયો હતો?—ના;

❀ શું તે માણસને તું ઓળખે છે?—ના;

❀ શું તે માણસની પાસે તેં ચોરીનો માલ જોયો છે?—ના.

અરે, દુષ્ટ! જે માણસને તે ચોરી કરતા જોયો નથી, જે માણસ રાજ-મહેલમાં આવ્યો નથી, જે માણસને તું ઓળખતો પણ નથી અને જે માણસ પાસે ચોરીનો માલ હોવાની કોઈ નિશાની પણ નથી, એવા સજ્જન માણસ ઉપર ચોરીનું મિથ્યા કલંક તું નાંખે છે તો તેથી તને મહાન પાપ લાગશે.

તેમ—જડ–અચેતન–પુદ્ગલના મહેલરૂપ આ શરીર, તેમાં કોઈ કાર્ય થયું-હાલવું-બોલવું-ખાવું વગેરે ક્રિયા થઈ; બીજું ચેતનતત્ત્વ તેનાથી દૂર એટલે કે જુદું રહે છે, તે કદી પુદ્ગલમાં જતું પણ નથી,–પુદ્ગલરૂપ થતું નથી, છતાં અજ્ઞાની તેના ઉપર કલંક–આરોપ નાંખે છે કે જડની આ ક્રિયાનો કર્તા જીવ છે.

તે કલંક નાખનારને જ્ઞાની પૂછે છે કે, હે ભાઈ!

❀ શું તે જીવને જડની ક્રિયા કરતો તેં જોયો છે?...ના.

❀ શું તે જીવને (અતીન્દ્રિય અરૂપી ચેતનતત્ત્વને) તું ઓળખે છે?....ના.

❀ શું જીવની અંદર તેં પુદ્ગલની કોઈ ક્રિયા જોઈ છે?...ના.

તો પછી અરે અજ્ઞાની! જે જીવતત્ત્વને જડનું કામ કરતાં તું દેખતો નથી, જે જીવતત્ત્વ શરીરના પુદ્ગલની અંદર આવ્યું નથી, જે જીવતત્ત્વને તું ઓળખતો પણ નથી, અને જે જીવતત્ત્વમાં અજીવની કોઈ નિશાની પણ

નથી–એવા નિર્દોષ સત્ ચૈતન્યતત્ત્વ ઉપર તું જડ પુદ્ગલ સાથેના સંબંધનો મિથ્યાઆરોપ નાંખે છે–તો તેથી તને મિથ્યાત્વનું પાપ લાગશે. ચૈતન્યતત્ત્વનો તું અવર્ણવાદ કરી રહ્યો છે, તે મોટો અપરાધ છે. માટે—

જેમ માંસ ખાવું ને સાતા થવી, તે બંને એક કાળે હોવા છતાં બંનેના કારણ–કાર્ય ભિન્ન-ભિન્ન છે.

જેમ ગાયો કાપવી ને પૈસા મળવા, તે બંનેના કાર્ય-કારણ ભિન્ન છે.

તેમ જડની ક્રિયા ને જ્ઞાનની ક્રિયા–બંને એકસાથે હોવા છતાં બંનેના કારણ-કાર્ય તદ્દન ભિન્ન-ભિન્ન છે. દરેક તત્ત્વના સાચા કારણ-કાર્યને જાણ, જીવના કારણ-કાર્યને જીવમાં જાણ ને અજીવના કારણ-કાર્ય અજીવના જાણ; આવું ભેદજ્ઞાન તે જૈનધર્મની ઉત્તમ નીતિ છે; તે જૈન-નીતિનું પાલન કરનાર જીવ મોક્ષને સાધે છે; ને જૈનનીતિનું ઉલ્લંઘન કરનાર (એટલે કે જડ-ચેતનના કારણ-કાર્યને એકબીજામાં ભેળવી દેનાર) સંસારની જેલમાં પુરાય છે. જડ-ચેતનનું સર્વથા ભેદજ્ઞાન કરો....ને ભવથી છૂટો.—

❁

## ❁ સ્વતંત્રતા બેસે તેની બલિહારી ❁

જેને પોતાની સ્વતંત્રતા બેઠી તેનું પરિણમન સ્વ તરફ વળ્યું...અરે, પોતાની સ્વતંત્રતા પણ જેને ન ગમે એને તો શું કહેવું? એનું તો અનાદિનું એ પ્રકારનું પરિણમન ચાલી જ રહ્યું છે. સ્વરૂપની અંતર્દષ્ટિથી અપૂર્વ દશા પ્રગટ કરે તેની બલિહારી છે.

✰

આપણા જીવનમાં સ્વાધ્યાય–મનન આપણે ખૂબ જ વધારવાની જરૂર છે, કેમ કે ઠેઠ સ્વાનુભૂતિ સુધી પહોંચવાનું છે. જે મહાન લક્ષને સાધવા આપણે નીકળ્યા છીએ તેને યોગ્ય પ્રયત્ન ઉપાડવાનો છે.

''સ્વ 'સત્ છે' તેને સત્રૂપે દેખવાનું છે.''

# આત્માના સર્વજ્ઞસ્વભાવની અદ્‌ભુતતા

આ વિશ્વમાં અનંત જીવો, અનંત અજીવ પુદ્‌ગલો, અને તે દરેકમાં અનંત ગુણ-પર્યાયોની વિચિત્રતાનો પાર નથી. આવા વિચિત્ર અનંતાનંત જ્ઞેયો, તે બધાયનો કેવળજ્ઞાન એક સાથે પાર પામી જાય છે; અનંત દ્રવ્યો છે, અનંત ક્ષેત્ર છે, અનંત કાળ છે ને અનંત ભાવો છે–તે સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જ્ઞાન પોતાની અચિંત્ય–અદ્‌ભુત પરમ તાકાત વડે એક સમયમાં રાગ-દ્વેષ વગર જાણે છે.—આવો જ્ઞાનસ્વભાવી આત્મા છે. એની પ્રતીત કરે તો જ સર્વજ્ઞ–અરિહંતદેવનો સાચો સ્વીકાર થઈ શકે છે, કેમ કે સર્વજ્ઞને એવો જ્ઞાનસ્વભાવ પ્રગટ છે.—આવા કેવળજ્ઞાનનો દિવ્યમહિમા લક્ષમાં આવતાં તેના ફળમાં જરૂર સમ્યગ્દર્શન થાય છે. કેવળજ્ઞાનનો આ મહિમા કાંઈ કેવળીભગવાનને નથી સમજાવતા, પણ જેને પોતાનું હિત કરવું છે, જેને આત્માનું સ્વરૂપ ઓળખવું છે–એવા ભવ્ય જીવને જ્ઞાનનું શુદ્ધ સ્વરૂપ બતાવે છે.—તે સ્વરૂપને ઓળખતાં જ રાગને ઓળંગીને તે જીવ જ્ઞાનસ્વભાવની સન્મુખતા વડે અદ્‌ભુત જ્ઞાન-શ્રદ્ધાનરૂપે પરિણમવા માંડે છે. એટલે આ સમ્યગ્દર્શન પામવાની રીત છે.

૧. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે

તેને રાગની અદ્‌ભુતતા લાગે નહિ.

૨. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે

તે જેમાંથી સર્વજ્ઞતા આવી તેમાં જાય.

૩. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે

તે રાગથી છૂટો પડીને જ્ઞાનરૂપ થઈ જાય.

૪. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે

તેને પોતાના ચૈતન્યનો ચમત્કાર ભાસે.

૫. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તેને,
જગતના કોઈ પદાર્થનું આશ્ચર્ય ન રહે.

૬. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે
તેને સમ્યગ્દર્શન ને જ્ઞાન થાય.

૭. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે
તેને પોતામાં ભવઅંતના ભણકારા આવી જાય.

૮. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે
તેને જ અરિહંત અને સિદ્ધની ભક્તિ હોય.

૯. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે
તેને પોતાનો પૂર્ણ આત્મા પ્રતીતમાં આવે.

૧૦. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે
તેણે જ સર્વજ્ઞની વાણીને જાણી છે.

૧૧. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે
તેને જ મોક્ષતત્ત્વની શ્રદ્ધા થાય છે.

૧૨. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે
તે જ સર્વજ્ઞના માર્ગમાં આવ્યો છે.

૧૩. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે
તે જ અતીન્દ્રિયસુખની શ્રદ્ધા કરી શકે.

૧૪. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે
તે જ જિતેન્દ્રિય–જૈન થઈ શકે.

૧૫. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગી
તે જીવ સર્વજ્ઞનો પુત્ર (સાધક) થયો.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



૧૬. અહો, સર્વજ્ઞતા સુંદર છે, કલ્યાણરૂપ છે,

આનંદકારી અનુપમ અને અદ્‌ભુત છે!

—આવી અદ્‌ભુત સર્વજ્ઞતા આત્માનો સ્વભાવ જ છે—એવો ઈષ્ટ ઉપદેશ આપીને ભગવાન મહાવીરે ભવ્યજીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેથી તેમના મોક્ષના અઢીહજાર વર્ષના આ ભવ્ય મહોત્સવની ઉજવણી પ્રસંગે ઘણી જ ભક્તિભાવભીની શ્રદ્ધાંજલિ આપણે અર્પણ કરીએ છીએ.

**जय महावीर**

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સમ્યક્ત્વ–જીવન

[મુમુક્ષુઓ દ્વારા લખાયેલ]

[સમ્યક્ત્વ–લેખમાળા લેખાંક–૯]

સમ્યક્ત્વ માટે મુમુક્ષુ જીવનું જીવન કેવું હોય? સમ્યક્ત્વની ભાવના વખતે અંદર કેવા ભાવો હોય? ને સમ્યક્ત્વ પછી કેવું સુંદર જીવન હોય? તે સંબંધી આ વિવિધ લેખોનું સમ્યક્ત્વલેખમાળામાં સંકલન કરવામાં આવ્યું છે. આ સંકલન દરેક જિજ્ઞાસુઓને ખૂબ જ ગમ્યું છે. પ્રથમના આઠ લેખો 'સમ્યગ્દર્શન'–પુસ્તકના પાંચમા ભાગમાં છપાઈ ગયા છે. ત્યાર પછીના બીજા આઠ લેખો અહીં આપવામાં આવે છે.

આત્મસન્મુખ થયેલ જીવને પહેલે જ ધડાકે રાગનાં પોષક એવા કુદેવ-કુગુરુનું સેવન અંતરથી છૂટી જાય છે, એટલે તેને ગૃહીત–મિથ્યાત્વ છૂટી ગયેલ હોય છે; અને સાચા દેવ-ગુરુ-ધર્મ કે જેઓ આત્માની સાચી શાંતિનો માર્ગ બતાવે છે તે તેને ગમી જાય છે, એટલે જ્ઞાનમાં તેમના સ્વરૂપનો બરાબર નિર્ણય કરીને તેમના પ્રત્યે અર્પણતા કરી હોય છે. નવ તત્ત્વના ભિન્ન ભિન્ન ભાવોને જેમ છે તેમ વિચારે છે; શુભરાગ વગેરે બંધભાવને નિર્જરામાં ખતવતો નથી, તેમ જ તેને સમ્યગ્દર્શનાદિ-સંવર-નિર્જરાનું કારણ માનતો નથી; એ રીતે નવતત્ત્વ જેમ છે તેમ બરાબર જ્ઞાનમાં જાણે છે.

તે જિજ્ઞાસુને પાંચે ઇન્દ્રિયોના વિષયોમાંથી સુખબુદ્ધિ ઘટી ગયેલ હોય છે, ને આત્માના સુખનો રંગ લાગેલ હોય છે. માંસ-મધ-ઈંડા કે દારૂને તો તે અડતો પણ નથી, ને જુગાર-સિનેમા-રાત્રિભોજન વગેરે

તીવ્ર પાપથી પણ તે દૂર રહે છે. અરે જેમાં શાંતિની ગંધ પણ નથી એવા નિષ્પ્રયોજન પાપકાર્યો તે શાંતિના ચાહક જીવને કેમ ગમે? સત્સમાગમ, વીતરાગની પૂજા-ભક્તિ, આત્મશાંતિના પોષક ગ્રંથોનું વાંચન, મનન તેને ખૂબ ગમે છે. તેમાં જે શુભપરિણામ થાય છે તેને અને તે વખતના જ્ઞાનરસના ઘોલનને તે જુદા-જુદા ઓળખે છે; તેમાંથી તે રાગના ભાગને ધર્મનું સાધન માનતો નથી; તે રાગ સિવાયનો જ્ઞાનરસ કેવો છે તે જ્ઞાની પાસેથી તથા શાસ્ત્રથી સમજીને પોતાના વેદનથી તેનો નિર્ણય કરે છે.

જ્ઞાનીની અનુભૂતિ-અનુસાર ભેદજ્ઞાનના અભ્યાસ વડે વારંવાર પોતાના નિર્ણયને ઘૂંટે છે, તેનો રસ વધતો જાય છે, અને બહારની બીજી વાતમાંથી રસ ઓછો થતો જાય છે.–આ રીતે મોહનું જોર તૂટતું જાય છે ને જ્ઞાનનું જોર વધતું જાય છે. આ પ્રકારે પરિણામને બીજા કાર્યોમાંથી નિવૃત્ત કરી કરીને અંતરમાં ભેદજ્ઞાનની સ્ફૂરણા કરતો જાય છે. જેમ કે, હું એક શુદ્ધજ્ઞાયક છું; મારા જ્ઞાયકતત્ત્વની પરિણતિ પણ જ્ઞાનરૂપ છે. તેમાં દ્રવ્યકર્મ-ભાવકર્મ કે નોકર્મ નથી. હું અસંખ્યપ્રદેશે મારા અનંતગુણથી ભરેલ સ્વતંત્ર છું; હું મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પૂરો છું અને પરવસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સાથે મારે કાંઈ સંબંધ નથી,—હું તથા પરદ્રવ્ય બધાય સ્વતંત્ર છીએ તેથી પરદ્રવ્યનું કાંઈ કરી શકું નહીં તેમ જ પરદ્રવ્ય મને કાંઈ લાભ કે નુકશાન કરી શકે નહીં.–આવી સમજણને લીધે તેને પરપ્રત્યે નિરપેક્ષવૃત્તિ હોય છે, એટલે પરમાં રાગ-દ્વેષ કે ક્રોધ-માનાદિ કષાયોનો રસ ઘણો જ ઘટી ગયેલ હોય છે, તેને બહારના કાર્યોમાં હઠાગ્રહ રહેતો નથી પણ સમાધાન કરતો હોય છે, તેથી તેને આકુળતા ઓછી થાય છે; પોતાના જોરને તે ચૈતન્ય તરફ જ કેન્દ્રિત કરવા મથે છે.

આ પ્રમાણે આત્માનું સ્વરૂપ જ્ઞાની પાસેથી જાણીને વારંવાર અભ્યાસ કરીને આત્માનો મહિમા દ્રઢ કરતો જાય છે અને પછી તેના જ ધ્યાનમાં એકાગ્રચિત્તે આત્માનો વારંવાર અભ્યાસ કરતાં–કરતાં

આત્મામાં લીન થવાની તલપ લાગે છે. અન્ય નિષ્પ્રયોજન વિચારોથી દૂર ખસીને એક આત્મા સંબંધી જ ચિંતનમાં તે ઊંડો ઊતરે છે. હજી ગુણ-ગુણીના ભેદના વિકલ્પ છે, પણ તે વિકલ્પથી જુદું જ્ઞાન લક્ષમાં લીધું છે એટલે વિકલ્પમાં અટકવા માંગતો નથી, પણ વિકલ્પથી પાર એવા જ્ઞાનનો સ્વાદ લેવા માંગે છે.—આ રીતે તે જીવ જ્ઞાનસ્વભાવને આંગણે આવ્યો છે. હજી નિર્વિકલ્પ સ્વસંવેદન થયેલ નથી, પણ સ્વભાવમાં જવા માટે પુરુષાર્થ તૈયાર થવા માંડ્યો છે. રાગ કરતાં જ્ઞાન તરફનું જોર વધતું જાય છે. આવો વારંવાર પુરુષાર્થ કરતા આત્મમહિમાનો ચૈતન્યરસ જ્યારે પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે તેનો ઉપયોગ સૂક્ષ્મ વિકલ્પથી પણ એકાએક જુદો પડીને, ઈન્દ્રિયાતીત અંતર્–સ્વભાવમાં અભેદ થાય છે એટલે કે નિર્વિકલ્પ થઈ જાય છે. આવી નિર્વિકલ્પ અનુભવદશાપૂર્વક ભગવાન આત્માનું સમ્યગ્દર્શન થાય ત્યારે તેની સાથે કોઈ અપૂર્વ આનંદ ને અપાર શાંતિ વેદાય છે. બસ, ત્યારથી તે જીવ મોક્ષમાર્ગમાં દાખલ થઈ જાય છે.

❒ ❋ ❒

અહા, એ દશા ધન્ય છે...કૃતકૃત્ય છે;
એ દશાવાળા આરાધક જીવો વંદનીય છે.

## હવે સમ્યગ્દર્શન થયા પછી તેની રહેણી-કરણી તથા વિચારધારા કેવા પ્રકારની હોય તે જોઈએ.

જ્યારે જીવને સમ્યગ્દર્શન થાય છે ત્યારે, તેને પૂર્વમાં કોઈ વખત ન આવ્યો હોય તેવો અપૂર્વ આનંદ પ્રગટે છે. આત્માનો અનુભવ થતાં પોતાને અને પરને બરાબર જુદા જાણે છે, અને પોતાના પરથી જુદાપણાની પ્રતીત તેને ચોવીસે કલાક રહે છે. તે જગતના પરજ્ઞેયોને પણ પહેલાં કરતાં અપૂર્વ રીતે દેખે છે, કેમ કે પરને ખરેખર પરરૂપે પહેલાં કદી જાણ્યું ન હતું; હવે પરમાં મારાપણાની ભ્રાન્તિ ટળી ગયેલ હોય છે, તેથી પરને જાણતાં છતાં તેનાથી વિરક્ત રહે છે; તે પરભાવનો કર્તા થતો નથી પણ તેનાથી ભિન્ન ચેતના વડે જ્ઞાતા જ રહે છે, ચૈતન્યસુખનો સ્વાદ ચાખી લીધો હોવાથી હવે પરમાં ક્યાંય સુખબુદ્ધિ કે ઈષ્ટપણાની બુદ્ધિ સ્વપ્નેય થતી નથી. તે સ્વસમય અને પરસમયને બરાબર અનુભવસહિત જુદા જાણે છે, તેને કેવળજ્ઞાનનું બીજ પ્રગટી ગયેલ છે, અતીન્દ્રિય આનંદના અંકુરા પણ ફૂટ્યા છે; તેની દૃષ્ટિમાં આખા આત્માનો સ્વીકાર થઈ ગયો છે; તેને અનંત ગુણોના નિર્મળ અંશથી ભરેલી અનુભૂતિ નિરંતર વર્તે છે. હજી જેટલી અધૂરાશ કે રાગ-દ્વેષ બાકી છે તેને પણ જ્ઞાની પોતાનો અપરાધ જાણે છે. રાગને જાણવા છતાં જ્ઞાન રાગથી જુદું જ રહે છે. બહારમાં તેની રહેણી-કરણી યથાપદવી હોય છે. જેમ કે વીતરાગ પરમાત્મા તથા નિર્ગ્રંથ ગુરુઓના સ્વરૂપની ઓળખાણ, તેમનું બહુમાન, જિનવાણીની સ્વાધ્યાય, ધર્માત્મા–સાધર્મીઓ પ્રત્યે પ્રેમ, વારંવાર આત્મસ્વરૂપનું મનન તેને હોય છે; તેમ જ ગૃહકાર્ય તથા વેપાર–ધંધા કે રાજપાટ વગેરે સંબંધી બહારના કાર્યોમાં પણ જોડાયેલ હોય છે, તે સંબંધી અશુભપરિણામો પણ થાય છે— પણ તેમાં અનંતરસ હોતો નથી. બહારનાં કાર્યો તો, અજ્ઞાનીના તથા સમ્યગ્દૃષ્ટિના સ્થૂળપણે સરખા લાગે, પણ અંતરના અભિપ્રાયમાં તથા પરિણામના રસમાં તે બંનેમાં ઘણો જ આંતરો હોય છે.

અજ્ઞાનીને ચૈતન્યસુખના સ્વાદની તો અનુભૂતિ થઈ નથી, એટલે ક્યાંક બીજે તે સુખ માને છે; અને જ્યાં સુખ માને ત્યાં આત્મબુદ્ધિ કરે જ; એટલે અજ્ઞાની દેહ તે હું, પરના કાર્ય હું કરું છું તથા પરમાંથી સુખ આવે છે—એમ ભ્રમથી સમજતો હોય છે. પણ જ્ઞાનીને તે ભ્રમણા સર્વથા છૂટી ગઈ હોવાથી તેના અંતરંગ આચરણમાં એક ઘણો મોટો ફેર પડી ગયો હોય છે—કે જે બાહ્યદૃષ્ટિથી દેખાય તેવો નથી. જ્ઞાનીને સ્વરૂપના અસ્તિત્વનું અને તેમાં પરની નાસ્તિનું બરાબર જ્ઞાન હોવાથી તે પોતાને પોતાપણે, અને પરને પરરૂપે બરાબર જાણે છે. તેથી પર સાથે એકત્વબુદ્ધિનું બંધન તો તેને થતું જ નથી. ચારિત્ર અપેક્ષાએ જેટલા રાગ-દ્વેષ છે તેટલું બંધન થાય છે, પણ તે અલ્પ છે, તેનાથી અનંત સંસાર વધતો નથી. જ્યારે અજ્ઞાનીને શુભભાવ હોય તોય તે રાગથી ભિન્ન ચૈતન્યને જ જાણતો હોવાથી તેને મિથ્યાત્વને લીધે અનંત સંસાર ઊભો છે.

ચોથા ગુણસ્થાને જીવને એકવાર શુદ્ધોપયોગપૂર્વક સ્વરૂપનું વેદન થઈ ગયેલ છે, તે તેને ભૂલાતું નથી; અને ફરીફરી તેવા નિર્વિકલ્પ ઉપયોગ માટે તેને ભાવના રહ્યા કરે છે, તથા ક્યારે સંસારથી વિરક્ત થઈને મુનિ થાઉં અને સ્વરૂપમાં લીન થઈને પૂર્ણ સુખમય બની જાઉં–એવી અંતરંગ ભાવના નિરંતર હોય છે. સર્વજ્ઞ–સ્વભાવનો અને વસ્તુમાં ક્રમબદ્ધ–પરિણમનનો પણ તેને બરાબર નિર્ણય વર્તે છે. જ્યાં સુધી પૂર્ણપદ ન પમાય ત્યાં સુધી ભેદજ્ઞાન ચાલુ છે, અને પૂર્ણતાના લક્ષે ઊપડ્યો છે તેની સાધના ચાલુ છે, તે થોડાક વખતમાં પૂર્ણપદને જરૂર પામશે જ.–સમ્યગ્દર્શનનો આ પ્રતાપ છે.

**जय सम्यग्दर्शन**

# આત્માને જાણ્યા વગર બધું નકામું છે

[સમ્યક્ત્વ–જીવન લેખમાળા : લેખાંક–૧૦]

આત્માના સમ્યક્ત્વ વગરનું બધું નકામું છે–એમ સમજીને જિજ્ઞાસુ જીવ આત્માની સમજણમાં રસ લ્યે છે. અંતરમાં પરમ સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા, તેની સન્મુખ થયે જ પરમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે, ને આનંદનો ભંડાર પોતામાં દેખાય છે.

જડ શરીરના અંગભૂત ઇન્દ્રિયો તે કાંઈ આત્માના જ્ઞાનની ઉત્પત્તિનું સાધન નથી. અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવને સાધન બનાવીને જે જ્ઞાન થાય, તે જ આત્માને જાણનારું છે,–આવા જ્ઞાનના અનુભૂતિથી સમ્યગ્દર્શન થયા પછી મુમુક્ષુને આત્મા સદાય ઉપયોગસ્વરૂપ જ જણાય છે.

સમ્યગ્દર્શન થતાં પહેલાં જિજ્ઞાસુને જિનમાર્ગના દેવ-ગુરુ-ધર્મ ઉપર શ્રદ્ધા હોય છે, એટલે વ્યવહારધર્મનું આરાધન પોતાની સમજ પ્રમાણે તે કરતો હોય છે; જિનપૂજા-દયા-દાન-સ્વાધ્યાય વગેરેમાં તે રસ લેતો હોય છે, પણ જ્યારે તેને જ્ઞાની-ગુરુનો ઉપદેશ પ્રાપ્ત થાય છે અને ખબર પડે છે કે આત્માના સમ્યગ્દર્શન વગરનું આ બધું મોક્ષને માટે કાંઈ કામનું નથી; ત્યારે તેને સમ્યગ્દર્શનની ભાવના જાગે છે, અને આત્માની સમજણમાં રસ લઈને તેને સાધવાનો તે પ્રયત્ન કરે છે. તેને દેવ-ગુરુ-ધર્મનું સાચું સ્વરૂપ જાણવામાં આવતું જાય છે; તેને વ્યવહારિક ધર્મની પ્રવૃત્તિનો રસ ધીમે ધીમે છૂટતો જાય છે અને તેનું મનનું વલણ નિશ્ચયધર્મ તરફ ઢળતું જાય છે; ત્યારે પંચપરમેષ્ઠીના સ્વરૂપને દ્રવ્ય-ગુણ-પર્યાયથી ઓળખીને તેમના જેવા પોતાના આત્મસ્વરૂપને જાણવાની જિજ્ઞાસા થાય છે. અને તેને જાણવા માટે

પોતાના બધા પ્રયાસને તે દિશામાં જોડે છે, કોઈપણ ઉપાયથી આત્મ-સ્વરૂપનું જ્ઞાન સંપાદન કરવું એવો જે જ્ઞાનીઓનો ઉપદેશ તેમાં તે રસ લેતો થાય છે.

"તાસ જ્ઞાનકો કારન સ્વ-પર વિવેક વખાણો,
કોટિ ઉપાય બનાય ભવ્ય, તાકો ઉર આણો."

મારો આત્મા કઈ રીતે પોતાના ધર્મસ્વરૂપ થાય, સમ્યક્જ્ઞાન-સમ્યગ્દર્શન અને આત્મશાંતિ કેમ પ્રાપ્ત થાય? એની જ વિચારણા ઘોળાતી હોય છે. સ્વસન્મુખ થઈને આત્માને પ્રત્યક્ષ કર્યા વગર જીવે બહારના જાણપણા અનંતવાર કરેલ છે, અને વ્યવહારધર્મમાં સંતોષ માની લીધેલ છે. પણ આત્માની પ્રત્યક્ષતા વગરનું જ્ઞાન તે ખરેખર જ્ઞાન જ નથી. એટલે જ્યાં સુધી મારો આત્મા મને પ્રત્યક્ષ વેદનમાં ન આવે ત્યાં સુધી મેં ખરેખર કાંઈ જ જાણ્યું નથી, આમ જ્યાં સુધી જીવને પોતાનું અજ્ઞાનપણું ન ભાસે અને બીજા પરલક્ષી જાણપણામાં પોતાની અધિકતા માનીને સંતોષાઈ જાય ત્યાં સુધી આત્માનો સાચો માર્ગ જીવને હાથમાં ન આવે.

અંતરમાં પરમસ્વભાવથી ભરેલો ભગવાન આત્મા તેની સન્મુખ થયે જ પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે, ને મોક્ષમાર્ગ હાથમાં આવે છે. આત્માની સન્મુખ જોયા વગર એટલે કે સ્વસંવેદન કર્યા વગર જીવે અજ્ઞાનદશામાં ઊંચામાં ઊંચા શુભભાવ પણ કર્યા, અનેક શાસ્ત્રનું જાણપણું પણ કર્યું, પણ એનાથી આત્માના કલ્યાણનો માર્ગ જરાપણ હાથમાં આવ્યો નહીં—

અબ ક્યોં ન વિચારત હૈ મનસે,
કછુ ઔર રહા ઉન સાધનસે,

જ્ઞાનને પર વિષયોથી ભિન્ન કરીને સ્વવિષયમાં જોડે ત્યારે માર્ગની સાચી આરાધના થાય છે, ઈન્દ્રિયજ્ઞાનના વેપારમાં એવી તાકાત નથી કે આત્માને સ્વવિષય બનાવીને જાણે. આત્મા પરમાત્મા છે, તેને પોતાનું જ્ઞાન કરવા માટે ઈન્દ્રિયની કે રાગની કંઈ અપેક્ષાની જરૂર નથી, તેથી સંતો કહે છે કે આત્મા પામર નથી, પણ પ્રભુ છે. ઈન્દ્રિયજ્ઞાનથી આ આત્મા

અનુમાનમાં આવી જાય એવો નથી, પણ જ્ઞાન ઈન્દ્રિયનું આલંબન છોડીને જ્યારે સ્વાવલંબી થાય છે–ત્યારે આનંદનો ભંડાર આત્મામાં દેખાય છે. તે પોતે પોતાના સ્વભાવને અવલંબીને જે જ્ઞાનરૂપે પરિણમે તે જ જ્ઞાન મોક્ષને સાધનારું છે. જડ શરીરના અંગભૂત ઈન્દ્રિયો તે કાંઈ આત્માના જ્ઞાનની ઉત્પત્તિનું સાધન નથી. અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવી આત્મા છે, તેને સાધન બનાવીને જે જ્ઞાન થાય, તે જ આત્માને જાણનારું છે. પુણ્ય-પાપ પણ એનું સ્વરૂપ નથી. રાગની રચના તે આત્માનું કાર્ય નથી. આત્માનું ખરું કાર્ય (એટલે કે પરમાર્થ લક્ષણ) તો જ્ઞાનચેતના છે, તે ચેતના-સ્વરૂપે અનુભવમાં લેતાં જ આત્મા સાચા સ્વરૂપે અનુભવમાં આવે છે. આવા આત્માને અનુભવમાં લ્યે ત્યારે જ જીવને સમ્યગ્દર્શન–ધર્મ થાય.

સમ્યગ્દર્શન થાય પછી મુમુક્ષુને આત્મા સદાય ઉપયોગસ્વરૂપ જ જણાય છે. તે પોતાના ઉપયોગને જડરૂપ કે રાગરૂપ માનતો નથી; બહારથી તે ઉપયોગ લવાતો નથી, પણ આત્મા સ્વયં ઉપયોગરૂપ છે;—આ રીતે રાગથી પાર જે ઉપયોગ કામ કરે છે તે જ આત્માનું પરમાર્થ લક્ષણ છે.

સમ્યગ્દ્રષ્ટિને રાગાદિભાવો ઉપયોગથી વિરુદ્ધ સ્વભાવવાળાં ભાસે છે. જડ-ચેતનનો સાચો વિવેક તેની સમજમાં આવે છે; અને પોતાનું સાચું સ્વરૂપ સદા ઉપયોગસ્વરૂપ જ ભાસે છે, તેને જ્ઞાન અને રાગની ભિન્નતાનો સાચો નિર્ણય થઈ જાય છે, ને તે નિર્ણયમાં નવતત્ત્વની પરમાર્થશ્રદ્ધા આવી જાય છે.

ચૈતન્યસ્વરૂપથી પરિપૂર્ણ પોતાના સ્વરૂપમાં તેને સાવધાની થાય છે; એની પરિણતિનો ઉત્સાહ નિજસ્વરૂપ તરફ વળે છે. હવે કોઈ રાગ કે પરદ્રવ્ય પોતાના સ્વરૂપ સાથે એકમેકપણે જરાપણ ભાસતાં નથી, આવું ભેદજ્ઞાન પણ સમ્યગ્દર્શનની સાથે જ થાય છે, અને આત્માના આનંદમય સ્વભાવનો અનુભવ પણ થઈ જાય છે. અહા, એ કોઈ અપૂર્વ કૃતકૃત્યદશા છે.

આવું અપૂર્વ સમ્યગ્દર્શન થયા પછી બાકીના અલ્પરાગને લીધે આ જીવને ભલે કોઈ એકાદ–બે ઉત્તમભવ ધારણ કરવા પડે, તોપણ દરેક

ભાવમાં તેને ચૈતન્યની આરાધનાનું અપૂર્વ સુખ વર્તતું હોય છે; તથા સંયોગરૂપે બહારમાં પણ તેને વિશિષ્ટ ઉત્તમ પુણ્યનો યોગ બને છે, છતાં તેનો તે સ્વામી થતો નથી. તે જાણે છે કે આ પુણ્યના ઠાઠ તે વિકલ્પનું ફળ છે. જ્ઞાનને અને વિકલ્પને કારણ-કાર્યપણું નથી. આત્માનો સ્વભાવ આનંદમય છે. આનંદની પર્યાય પુણ્યથી ન થાય; પર વસ્તુ કે રાગભાવો કારણ થઈને આત્માને આનંદ આપી શકે નહિ. મારો આત્મા પોતે સ્વાધીનપણે સાધન થઈને, બીજા કોઈની સહાય વગર જ પોતે પોતાનું કાર્ય જે અતીન્દ્રિયજ્ઞાન ને આનંદ તે કરવાની તાકાતવાળો છે; મારા સ્વાભાવિક કાર્યમાં મને પરના આલંબનની બિલકુલ જરૂર નથી–આમ સ્વશક્તિના ભરોસે સાવધાની પૂર્વક આત્મસાધના કરતાં કરતાં તે પરમાત્મા થઈ જાય છે. આ બધો સમ્યક્ત્વનો પ્રતાપ છે.

જે પૂર્વે શિવ ગયા, જાય વળી આગે જાશે;
તે મહિમા બધો જ્ઞાનતણો, મુનિ ભગવંત ભાસે.

સહજ ચિદાનંદ.

# સમ્યક્ત્વ–જીવન

[સમ્યક્ત્વ–લેખમાળા : લેખાંક–૧૧]

સમ્યક્ત્વ માટે મુમુક્ષુજીવનું જીવન કેવું હોય! સમ્યક્ત્વની ભાવના વખતે અંદર કેવા ભાવો હોય? ને સમ્યક્ત્વ પછી કેવું સુંદર જીવન હોય? તે સંબંધી આ લેખમાળામાં રજું થતું સ્વાનુભવરસઝરતું વર્ણન કોઈપણ જિજ્ઞાસુઓને ખૂબ જ ગમી જાય તેવું છે.

અહો! વીતરાગી સંતોએ બતાવેલ આત્મહિતનો વીતરાગી સત્ માર્ગ! અને તે માર્ગે જનારા સંતોની વિચારધારા તથા રહેણીકરણી તે તો કોઈ અદ્ભુત ને અલૌકિક છે! પરંતુ તે માર્ગ પામવાની જ્યાં ખરી જિજ્ઞાસા જાગે છે ત્યાં પણ જીવના ભાવોમાં કોઈ આશ્ચર્યકારી પલટો થવા માંડે છે, ને મુમુક્ષુજીવનમાં નવા જ ભાવો વેદાય છે.

સમ્યગ્દર્શનને લગતા પ્રયત્નની શરૂઆત કરતાં પહેલાં જિજ્ઞાસુને એ પ્રશ્ન ઊઠે છે કે—સમ્યગ્દર્શન એટલે શું?

પોતાના શુદ્ધઆત્મસ્વરૂપની અનુભૂતિસહિત પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે.

વળી, તરત જ એવો પ્રશ્ન ઊઠે છે કે આવું સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય?

પ્રથમ તો જે જીવના અંતરમાં સાચી મુમુક્ષુતા જાગે છે તે જીવ, જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનો અગાધ મહિમા જ્ઞાની પાસેથી જાણીને લક્ષગત કરે છે, ને વારંવાર અભ્યાસ વડે પરિણામને તેમાં જોડીને, અંતર્મુખ ઉપયોગ વડે તેના અનુભવ સહિત તેનું સાચું દર્શન કરે છે,–તે સમ્યગ્દર્શન છે.

આ સમ્યગ્દર્શન મોક્ષનગરીમાં જવા માટેનું ઝડપી વાહન છે,

કર્મરજના ગંજને ઊડાડી દેવા માટે તે મહા વાયરો છે, અને ભવના વનને બાળી નાખવા માટે તે અગ્નિસમાન છે; મુમુક્ષુનો તે એક મનોરથ છે.

અહા, સર્વજ્ઞ તીર્થંકરોએ જેનો મહિમા દિવ્યધ્વનિ વડે પ્રસિદ્ધ કર્યો છે, તે ભગવાન આત્મા શુદ્ધચિદ્રૂપ, સર્વ તીર્થોમાં ઉત્કૃષ્ટ તીર્થ, સુખનો ઉત્તમ ખજાનો અને સૌથી સુંદર તત્ત્વ છે.

—આવા અચિંત્ય અદ્ભુત આત્મતત્ત્વનું જ્ઞાન થતાં જ પરિણામ ઝડપથી તે તરફ વળી જાય છે,—ક્ષણભેદ પણ રહેતો નથી. જ્યાં જ્ઞાન અંતરમાં વળ્યું ત્યાં શ્રદ્ધા વગેરે અનંતગુણો પણ પોતે પોતાના નિર્મળ ભાવરૂપે ખીલી ઊઠ્યા! વાહ, આત્મબાગ ખીલી ઊઠ્યો...અને અનંતગુણોના શાંતરસનો એકીસાથે કોઈ અતીન્દ્રિય નિર્વિકલ્પ અત્યંત મધુર સ્વાદ અનુભૂતિમાં આવ્યો...તેનું નામ સમ્યગ્દર્શન!

આ રીતે પૂર્ણ સ્વરૂપના લક્ષે સમ્યગ્દર્શન થયું ત્યા મોક્ષમાર્ગની શરૂઆત થઈ. ''પૂર્ણતાના લક્ષે થયેલી શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.'' મોક્ષમહેલનું પ્રથમ પગથિયું આ સમ્યગ્દર્શન છે.

અહા, પરમાત્મપદ સાથે જેની સંધિ છે એવી જ્ઞાનદશા ને એવું સમ્યગ્દર્શન તે પ્રગટ થતાં પહેલાં મુમુક્ષુને આત્મા તરફની અદ્ભુત ધારા ઊપડે છે. અને આત્મા તરફની વિચારધારાના બળે તેની રહેણીકરણી પણ તેને અનુકૂળ જ હોય છે,—તેની બધી રહેણીકરણીમાં આત્મધૂનની ધારા સતત વહેતી હોય છે. તે ધારાનો પ્રવાહ આત્મા તરફ ઢળતો હોય છે. પરિસ્થિતિ–અનુસાર શુભ-અશુભ પરિણામો હોય તેની વચ્ચે પણ આત્માની ધૂન તૂટતી નથી. તેને આત્માની ખરેખરી જરૂર લાગી છે, એટલે વચ્ચે બીજા કોઈ ભાવોનો રસ મુખ્ય થવા દેતો નથી. બીજા બધા રસને ગૌણ કરીને આત્મરસને મુખ્ય કરતો જાય છે.

અનુભવદશા પહેલાં જીવને ઘણા પ્રકારથી આત્મસ્વરૂપનું જોર અને તેના મહિમા સંબંધી વિચારો આવતા હોય છે. તેમાં વિકલ્પની મુખ્યતા નથી હોતી; વિકલ્પથી તે આઘો ખસતો જાય છે ને આત્મામાં ઊંડો ઊતરતો જાય છે. જેમ જેમ જ્ઞાન ઊંડું ઊતરતું જાય છે તેમ તેમ ચૈતન્યભાવનો વધુ ને

વધુ મહિમા દેખાતો જાય છે ને તે પ્રકારની શાંતિ વેદાતી જાય છે. શાંતિ દેખાતી હોવાથી તેમાં તેને વધુ ને વધુ ગમતું જાય છે ને આ ગમવાની પરાકાષ્ટા તે જ નિર્વિકલ્પ અનુભૂતિરૂપ પરિણમે છે. તેથી જ્ઞાનીઓ આત્મસ્પર્શી ભાવથી કહે છે કે–

‘હે જીવ! તું આત્મામાં ગમાડ!’

હું બધાને દેખનારો છતાં બધાથી જુદો, વિકલ્પને જાણનાર છતાં પોતે નિર્વિકલ્પ—એવા ભાવ ઘૂંટાય છે.—

જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો, જે જાણે છે રૂપ,
અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવસ્વરૂપ.

આંખ વડે વસ્તુ જાણી, પછી આંખ ન હોય–તોપણ તે જ્ઞાન તો ટકી રહે છે, કેમ કે જાણનારો આંખથી જુદો છે. વિકલ્પો બાદ કરતાં-કરતાં પણ આત્માને બાધા નથી આવતી, વિકલ્પો છૂટી જવા છતાં આત્મા અબાધપણે ટકી રહે છે; આ રીતે વિકલ્પોથી પાર ચૈતન્યસ્વરૂપ જીવ હું છું–એમ તે પોતાના નિજરૂપને લક્ષમાં લ્યે છે.

આ રીતે પોતાનું શુદ્ધસ્વરૂપ જેવું છે તેવું દ્રષ્ટિમાં લીધું છે; તે પોતાના શુદ્ધસ્વરૂપને જાણતાં પોતામાં જ એકત્વરૂપ પરિણમન (અનુભૂતિ) કરે છે, તેને પર સાથે જરાય સંબંધ નથી; તે પરને જાણતો હોવા છતાં તેમાં એકત્વપણે નથી પરિણમતો; પોતાના આત્માને જાણતાં તેમાં એકત્વપણે પરિણમે છે. આ રીતે પરથી વિભક્ત અને સ્વમાં એકત્વ એવું તેનું ‘જ્ઞાયક જીવન’ છે.

જ્ઞાની થવા માટે પહેલાં મુમુક્ષુ જીવને આત્માના આદર્શરૂપ સિદ્ધભગવાન તથા અરિહંતભગવાન લક્ષમાં આવે છે; તેમના જેવો હું છું–એમ તે આત્માને શુદ્ધપણે ભાવે છે ને તેમના જેવી દશા પ્રાપ્ત કરવાની ભાવના તેને આવ્યા કરતી હોય છે. પૂર્ણતાના લક્ષે તે શરૂઆત કરે છે. સંપૂર્ણપણે પોતાની શુદ્ધ મોક્ષદશાની ભાવના, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે સર્વ રીતે પોતાને શુદ્ધરૂપ બનવાની ભાવના જ્ઞાની જીવને હોય છે. દ્રવ્ય-

ગુણ જેવા શુદ્ધ છે તેવી શુદ્ધતાનો અંશ પર્યાયમાં તેણે ચાખ્યો છે, ને તે ક્યારે પૂર્ણ પ્રગટે એવી ભાવના તેને હોય છે. ભલે પર્યાયના ભેદ-વિકલ્પોને હેય કહીએ, પણ પર્યાયમાં શુદ્ધતા થવી, આનંદ થવો તે તો ઉપાદેય છે. મુમુક્ષુને આત્માની ભાવનામાં, તેના મહિમામાં, તેની શુદ્ધિની ભાવનામાં જ્ઞાન અને રાગની ભિન્નતાનો અભ્યાસ થતો જાય છે. ચારે પડખેથી તે જ્ઞાન અને રાગની ભિન્નતા દેખતો જાય છે. રાગ અને જ્ઞાનની ભિન્નતા તેના વેદનમાં આવતી જાય છે ને અંદર એવી ચોટ તેને લાગી જાય છે કે રાગાદિભાવો જ્ઞાનથી વિરુદ્ધ ભાસે છે, તે રાગાદિમાં કયાંય તેને જરાય શાંતિ લાગતી નથી...રાગની અશાંતિમાંથી કોઈપણ પ્રકારે બહાર નીકળવા મથે છે...ને ચૈતન્યની શાંતિને ખૂબ ખૂબ ઝંખે છે. હજી વિકલ્પ રહેતા હોવા છતાં, વિકલ્પમાં તે નથી ઝૂલતો, તે તો જ્ઞાનરસના ઝૂલે ઝૂલે છે; ને સ્વવસ્તુને પકડીને, જ્ઞાનને નિર્વિકલ્પ કરી નાંખે છે; ત્યારે આખા જગતનો સંબંધ છૂટીને આત્મા વિશ્વની ઉપર તરે છે. જગતથી જુદો પોતે પોતામાં રહી જાય છે.—આનું નામ અનુભૂતિ; આનું નામ સમ્યગ્દર્શન!

પહેલેથી મુમુક્ષુજીવને વિચારધારામાં પણ રાગથી જુદા આત્માને એવો નિર્ણય હોય છે કે પરના લક્ષે થતા રાગાદિભાવો તે મારું સ્વરૂપ નથી; તેનાથી જુદી જાતનો જ્ઞાનસ્વભાવી હું છું.

જ્ઞાની જ્ઞાનભાવમાં રાગને વેદતા જ નથી, રાગથી જુદા જ્ઞાનભાવને જ વેદે છે, રાગ પોતે દુઃખ છે, તેમાંથી સુખ ક્યાંથી મળે? ને તેમાં એકત્વબુદ્ધિ જ્ઞાનીને કેમ હોય? જ્ઞાનીની રાગથી ભિન્નતા વેદતા હોવાથી જ્ઞાની રાગને કરતા નથી.—જ્ઞાનીની આવી ઓળખાણ દ્વારા જિજ્ઞાસુ પોતે પોતાના ભાવોમાં પણ જ્ઞાન અને રાગને જુદા પાડીને ભેદજ્ઞાન કરતો જાય છે, અને તેને આત્માનું સ્વરૂપ કેવળ (એકલું) જ્ઞાન અને આનંદમય જ ભાસે છે. ચૈતન્યવસ્તુના વેદનમાં રાગ ક્યાંથી હોય? આવો વાસ્તવિક નિર્ણય કર્યો ત્યાં હવે રાગ અને જ્ઞાનને ભિન્ન થતાં વાર કેટલી? અંદરમાં નિર્વિકલ્પ થઈને ચૈતન્યવસ્તુમાં ઉપયોગ

જોડતાં, રાગ વગરનું અતીન્દ્રિય આનંદમય પરિણમન થઈ જાય છે...અહા! આત્મા અપૂર્વભાવરૂપ થઈ જાય છે.

ચૈતન્યભાવ સાથે અનંતશક્તિના મંથન દ્વારા અગાધતામાં ઊંડે ઊતરીને મુમુક્ષુ ચૈતન્યતત્ત્વને પકડી લ્યે છે, ને પરભાવોથી છૂટો પડી જાય છે. જ્ઞાન-દર્શન-આનંદ-પ્રભુતા વગેરે અનંત શક્તિના પિંડરૂપ મારું શુદ્ધતત્ત્વ છે. મારા જ્ઞાન-દર્શન આદિ કોઈપણ ગુણમાં રાગ સાથે તન્મયતા નથી. એવી અનંતી શક્તિના અભેદ એક પિંડરૂપ ચૈતન્યમાત્ર સ્વતત્ત્વ હું છું–એમ ધર્મી શ્રદ્ધામાં લઈને અનુભૂતિ કરે છે.

અરે, જ્ઞાન ને આત્મા એવા ગુણ-ગુણી ભેદનું દ્વૈત પણ જે અનુભૂતિમાં નથી રહેતું, તે નિર્વિકલ્પ–અનુભૂતિની શાંતિની શી વાત? અનંતગુણની નિર્મળતા સહિત એકરૂપ વસ્તુ અનુભૂતિમાં પ્રકાશે છે.

આમ સર્વ પ્રકારે પોતાના સ્વરૂપની સન્મુખતાના પરિણામો મુમુક્ષુને હોય છે; અગાધ મહિમાથી ભરેલા આત્મસ્વરૂપની સન્મુખતા તરફના ઝુકાવ સિવાય, બહિર્મુખ બીજો કોઈ ઉપાય સમ્યગ્દર્શન માટે નથી–નથી–નથી.

જ્ઞાની થતા પહેલાં અભ્યાસની શરૂઆતમાં જિજ્ઞાસુ જીવને એમ લાગે છે કે અરે, આવા વિકલ્પો શા માટે! પણ પછી વિચારને અંદર લંબાવીને શોધતાં તેને ખ્યાલ આવે છે કે અહા, આ વિકલ્પ વખતે પણ વિકલ્પને જાણનારું મારું 'જ્ઞાન' વિકલ્પથી જુદું કામ કરી જ રહ્યું છે; તે જ્ઞાન, 'વિકલ્પ હું નથી, જ્ઞાન હું છું' એમ વહેંચણી કરે છે. એટલે તેને વિકલ્પો પણ જ્ઞાનસ્વભાવના રસના જોરે ધીમે ધીમે ઘસાતા જાય છે, અને છેવટે જ્ઞાનનો ઝણઝણાટ કરતી એવી ઘડી આવી જાય છે કે (સમય માત્રમાં) એક જ ઘડાકે વિકલ્પને ઓળંગી જઈને ઉપયોગનું પોતાના શુદ્ધસ્વરૂપમાં મિલન થઈ જાય છે. બસ! આ છે અનુભવ–દર્શન! આ છે સમ્યક્ત્વની અપૂર્વ ઘડી! આ છે મોક્ષસુખનો પ્રારંભ!

## આવો અનુભવ કોણ કરે?

–આત્મા પોતે જ કર્તાપણે પોતાની સમ્યક્ત્વાદિ પર્યાયને કરે છે, એવો તેનો કર્તાસ્વભાવ છે. અનુભવમાં વિકલ્પ વગરની નિર્મળ પર્યાય પણ સહજપણે પ્રગટી જાય છે–તેવો આત્માનો પર્યાયસ્વભાવ છે, એટલે તેનો કર્તા તો આત્મા પોતે જ છે.–હા, અનુભૂતિ કરવા ટાણે જીવને "હું નિર્મળ પર્યાય કરું કે નિર્મળપર્યાય મારું કાર્ય"—એવો કર્તા-કર્મભેદનો કોઈ વિકલ્પ કે વિચાર હોતો નથી; ત્યારે તો કર્તા-કર્મ-ક્રિયાના ભેદ છૂટીને આત્મા પોતાના એકત્વમાં જ ઝૂમે છે...સત્‌માત્ર અનુભૂતિ હોવા છતાં તેમાં અનંતગુણની ગંભીરતા ભરી છે; અનંતગુણોનો સ્વાદ એકીસાથે તેમાં વેદાય છે. આહા! કેવો કલ્પનાતીત સ્વાદ હશે તે!! વાહ! એ તો સ્વાનુભવી સંતો જ જાણે છે,–વાણીમાં આવી શકતો નથી. વેદનામાં સ્પષ્ટ આવે છે, પણ વાણીગમ્ય થતો નથી.—

"જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપનું અન્ય વાણી તો શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો..."

આવું આત્મસ્વરૂપ ધર્મીજીવને ચોથા ગુણસ્થાને જ્ઞાનમાં અનુભવગોચર (સ્વસંવેદન–પ્રત્યક્ષ) થઈ ગયું છે; વાણીમાં જે ન આવી શક્યું તે તેના વેદનમાં આવી ગયું છે. વાહ રે વાહ! ધન્ય એ દશા! ધન્ય એ જીવ!!! ચૈતન્યના અગાધ ચમત્કારનો તેણે સાક્ષાત્કાર કરી લીધો છે...એણે પોતાના અંતરમાં પરમાત્માનું દર્શન કરી લીધું છે.

"આત્મા કેવો હશે!–કે આવો હશે!" તેમ નહીં, પરંતુ "હું આવો જ છું" એમ પ્રત્યક્ષ અનુભૂતિપૂર્વક તેનું જ્ઞાન નિઃશંક થઈ જાય છે. તેનું સ્વાનુભવપ્રમાણ એવું બળવાન છે કે બીજા કોઈ પ્રમાણને શોધવા જવું પડતું નથી. સાધારણ જીવો જગતના કોઈ દેખે કે ન દેખે,–પોતે તો પોતાની અનુભૂતિને સાક્ષાત્ જાણે છે; માટે–

## સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત,
## તેથી છે નિર્ભય અહો!

✫ ✫ ✫

જેણે અનુભવજ્ઞાન વડે પોતાના શુદ્ધસ્વરૂપનો અપરંપાર મહિમા જાણ્યો તેનું ચિત્ત હવે જગતના કોઈ પદાર્થ પ્રત્યે લલચાતું નથી, અરે, આરાધકભાવમાં વચ્ચે કદાચિત્ સર્વોત્કૃષ્ટ પુણ્યના સંયોગો આવે તોપણ તેમાં તેને કાંઈ સુંદરતા લાગતી નથી કે તેને લીધે આત્માની કિંચિત્ મહત્તા લાગતી નથી. તેને પોતાના સ્વતત્ત્વનું જોર જ એવા પ્રકારનું હોય છે કે બીજે બધેથી તેને નિરંતર ઉદાસીનતા જ વર્તે છે. અહા, ચૈતન્યસ્વરૂપને ચેતનારી મારી જ્ઞાનચેતના રાગને કરવા કેમ જાય! અને જુદી પરવસ્તુને કરવાની તો વાત જ શી? પર પદાર્થ મારી નજીક હો યા દૂર હો, પણ મારું આ સ્વતત્ત્વ તો તેનાથી હંમેશા નિરાળું જ છે; તે પોતે પોતાથી જ શોભી રહ્યું છે. મારા સ્વતત્ત્વની અદ્ભુત સુંદરતા અન્ય કોઈ પદાર્થની અપેક્ષા નથી રાખતી.–આમ સ્વતત્ત્વની સુંદરતાને દેખતો સમ્યગ્દષ્ટિ પોતે પોતામાં તૃપ્ત વર્તે છે.

✽ કોઈ અજ્ઞાની જીવને જરૂર પ્રશ્ન ઊઠશે કે–તો શું તે જ્ઞાની જીવો રાજકારભાર નથી ચલાવતા? ગૃહસંસાર કે વેપાર–ધંધામાં નથી જોડાતા? શું ભરતચક્રવર્તી વગેરે તે બધું નહોતા કરતા?

✽ અરેરે, બાપુ! 'જ્ઞાનીની જ્ઞાનદશાને' તેં ન ઓળખી, તને જે કાર્યો દેખાયા તે બધા રાગપરિણતિનાં કાર્યો છે, જ્ઞાનપરિણતિનાં નહીં. જ્ઞાનપરિણતિ અને રાગપરિણતિ–બંનેનાં કામ સાવ નોખાં છે, જ્ઞાનપરિણતિમાં તન્મય જ્ઞાની સ્વદ્રવ્યની ચેતના સિવાય બીજા શેમાંય તન્મયપણે વર્તતા નથી તેના તે અકર્તા જ છે. બાકી અસ્થિરતા અપેક્ષાએ તેનેય જે રાગ-દ્વેષના પરિણામો છે તેટલો દોષ છે;–પણ જ્ઞાનચેતના તેનાથી જુદી છે,–એ ચેતનાને તું ઓળખ તો જ તને જ્ઞાનીની અંતરંગ દશા ઓળખાય, ને તારામાંય એવી દશા પ્રગટે.

એ જ રીતે, જ્ઞાની મંદિરમાં હોય, જિનદેવની પૂજા કરે, તે વખતેય જ્ઞાનચેતના તે શુભરાગથી જુદું જ વીતરાગી કામ કરતી થકી મોક્ષને સાધી રહી છે; એટલે રાગ વખતેય તેને મોક્ષમાર્ગ ચાલુ છે; રાગ પોતે ભલે મોક્ષમાર્ગ નથી, પણ તે વખતની જ્ઞાનચેતના અને સમ્યક્ત્વાદિ ભાવો જીવંત છે–તે મોક્ષમાર્ગ છે.–વાહ, ધન્ય મોક્ષનો પથિક! ધન્ય તેના અતીન્દ્રિયભાવો!

અહો, જ્ઞાનીની આવી દશાનો વિચાર કરતાં મુમુક્ષુની વિચારધારા રાગથી જુદી પડીને ચૈતન્ય તરફ ઝૂકવા માંડે છે...પછી શું થાય છે? કે તેનેય રાગ અને જ્ઞાનની ભિન્નતાનું વેદન થઈને, જ્ઞાનની અનુભૂતિ થાય છે; ને પછી તે જ અનુભૂતિ કરતાં કરતાં સંસારથી છૂટીને તે મુક્ત થાય છે. તત્ત્વજ્ઞ શ્રીમદ્‌રાજચંદ્રજી આ વાતની સાક્ષી આપે છે કે—

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન;
તે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.

❁

સહજ ચિદાનંદ.

❁ **‘કર વિચાર તો પામ’** ❁

મુમુક્ષુ જીવે આત્મસ્વરૂપનો વિચાર કરવો. વિચાર કરવામાં ડરવાનું નથી. વિચાર વખતે જે રાગાંશ છે તે ભલે દોષ છે, પણ તે વિચાર વખતે જે ‘જ્ઞાન’ તત્ત્વનિર્ણયનું કામ કરી રહ્યું છે–તે દોષ નથી. તે જ્ઞાનને વસ્તુના વિચારમાં ઊંડે ને ઊંડે લઈ જતાં, રાગથી છૂટું પડીને તે ચૈતન્યના સત્ય સ્વરૂપને રાગથી જુદું ઓળખી લેશે...ને પહેલાં જે વસ્તુનો વિચાર કરતો હતો તે વસ્તુને અનુભૂતિમાં સાક્ષાત્ પામી લેશે. માટે કહ્યું કે—‘કર વિચાર તો પામ.’

# જિજ્ઞાસુનું પ્રથમ કર્તવ્ય—આત્મતત્ત્વનો નિર્ણય

—[સમ્યક્ત્વ–જીવન લેખમાળા : લેખાંક–૧૨]

સુખ કહો કે સમ્યક્ત્વ કહો–તે જીવને વહાલું છે. જેમાં સુખ ભર્યું છે એવા પોતાના જ્ઞાનસ્વરૂપનો સાચો નિર્ણય જ્ઞાન વડે કરવો તે જ સમ્યક્ત્વની રીત છે. જેણે એવો નિર્ણય કર્યો તેને પાત્રતા થઈ ને તેને અંતરમાં અનુભવ થશે જ.

સમ્યગ્દર્શન થતાં પહેલાં સંસાર-દુ:ખોથી ત્રાસીને આત્માનો આનંદ પ્રગટ કરવા માટેની ભાવના જાગે છે.

હે ભાઈ! તારે સુખી થવું છે ને?–તો તું તારા સાચા સ્વરૂપને ઓળખ,–કે જેમાં ખરેખર સુખ ભર્યું છે. આત્માના સ્વરૂપનો પહેલો સાચો નિર્ણય કરવાની વાત છે. અરે, તું છો કોણ? શું ક્ષણિક પુણ્ય-પાપનો કરનાર તે જ તું છો? ના, ના, તું તો જ્ઞાન કરનાર જ્ઞાનસ્વભાવી છો. પરને ગ્રહનાર કે છોડનાર તું નથી, ચેતકભાવ જ તું છો. આત્માનો આવો નિર્ણય તે જ ધર્મની પહેલી શરૂઆતનો (સમ્યગ્દર્શનનો) ઉપાય છે. આવો નિર્ણય ન કરે ત્યાં સુધી સમ્યગ્દર્શનની પાત્રતામાં પણ નથી. મારો સહજ સ્વભાવ જાણવાનો છે–આવો જ્ઞાનસ્વભાવનો નિર્ણય શ્રુતજ્ઞાનના બળથી થાય છે, ને તે જ સમ્યક્ત્વની રીત છે. જેણે જ્ઞાનમાં સાચો નિર્ણય કર્યો તેને પાત્રતા થઈ, ને તેને અંતરમાં અનુભવ થવાનો જ છે. માટે તત્ત્વનિર્ણય તે જિજ્ઞાસુ જીવનું પ્રથમ કર્તવ્ય છે.

હું જ્ઞાનસ્વભાવી જાણનાર છું, જ્ઞેયમાં ક્યાંય રાગ-દ્વેષ કરીને અટકવું તેવો મારો જ્ઞાનસ્વભાવ નથી. પર ગમે તેમ હો, હું તો તેનો માત્ર જાણનાર છું, મારો જાણનાર સ્વભાવ પરનું કાંઈ કરનાર નથી; પણ જ્ઞાનસ્વભાવ સાથે મારામાં શ્રદ્ધા-શાંતિ-આનંદ વગેરે અનંત સ્વભાવો છે. હું જેમ જ્ઞાનસ્વભાવી છું તેમ જગતના બધા આત્માઓ જ્ઞાનસ્વભાવી છે; તેમાં

તેઓ પોતે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને જ્ઞાનભાવરૂપે પરિણમે–તો જ તેનું દુઃખ ટળે, ને તે સુખી થાય. પર જીવોનું દુઃખ કોઈ મટાડી શકે નહિ; કેમ કે દુઃખ તેઓએ પોતાની ભૂલથી ઊભું કર્યું છે, અને તેઓ પોતે પોતાની ભૂલ ટાળે તો તેમનું દુઃખ ટળે. કોઈ પરના લક્ષે અટકવાનો જ્ઞાનનો સ્વભાવ નથી.

અરે જીવ! અત્યાર સુધી પોતાના સુખને ભૂલીને તેં પરમાં સુખ માન્યું....તું ભ્રમણાથી ભૂલ્યો ને દુઃખી થયો. અરે, સ્વપદને દુર્ગમ ને પરપદને સુગમ માનીને તેં સ્વપદની અરુચિ કરી, ને પરપદને સારું માનીને તેને પોતાનું કરવાની વ્યર્થ ચેષ્ટા કરી કરીને તું દુઃખી થયો, પર ચીજ તો કદી આત્માની થતી નથી. ચૈતન્યમય સ્વપદ છે, તે સ્વપદનો વારંવાર પરિચય કરતાં તે સહજ–સુગમ ને સુંદર લાગે છે; વારંવાર તેની ભાવના કરતાં આનંદ થાય છે. ચૈતન્યપદ પોતે આનંદરૂપ છે એમ જાણીને વારંવાર તેની ભાવના કરે. શુદ્ધચૈતન્યમય મારું સ્વપદ છે–એવી ભાવનામાં વર્તતો મુમુક્ષુ જીવ જગતની કોઈપણ પ્રતિકૂળતાથી ભય પામતો નથી. બધાયથી આત્માને છૂટો પાડીને જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે છે. અહા, અનંતસુખનું ધામ મારું ચૈતન્યતત્ત્વ છે–એને હું કેમ કરીને વેદનમાં લઉં!–એવી તેને ધૂન જાગે છે. ચૈતન્યપદને જ ચાહતો થકો દિનરાત તેના અનુભવની ભાવના ભાવે છે, જગતમાં સુખનું ધામ કોઈ હોય તો મારું આ ચૈતન્યપદ જ છે–એમ પોતાનો વિશ્વાસ કરતો થકો સ્વસન્મુખ ઝૂકતો જાય છે. વિશ્વાસના જોરે જેમ જેમ અંતરમાં લગની વધતી જાય છે તેમ તેમ આનંદનું ધામ તેને પોતાની અંદર નજીક ને નજીક દેખાતું જાય છે.

તે પાત્ર જીવે શ્રુતજ્ઞાનના અવલંબનથી આત્માના જ્ઞાનસ્વભાવને અવ્યક્તપણે લક્ષમાં લીધો છે, એટલે સ્વભાવસન્મુખ ઝૂક્યો છે,—સમ્યક્ત્વસન્મુખ થયો છે; પરિણામના પ્રવાહની દિશા ફરી છે; તે અંતરમાં આગળ વધીને અનુભવ કરે છે એટલે આત્મસાક્ષાત્કાર અર્થાત્ સમ્યગ્દર્શન થાય છે. તે માટે તે જીવ શું કરે છે? આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે ઇન્દ્રિય અને મન દ્વારા પર તરફ પ્રવર્તતી બુદ્ધિઓને

પાછી વાળીને જ્ઞાનને આત્મામાં લઈ જાય છે, એટલે ઉપયોગને આત્મસન્મુખ કરે છે, ત્યાં સાક્ષાત્ નિર્વિકલ્પ અનુભૂતિમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે. જ્ઞાન વડે જે અપ્રગટરૂપ નિર્ણય કર્યો હતો તેનું આ ફળ આવ્યું એટલે કે પ્રગટરૂપ સ્વાનુભવ થયો. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે ત્યાં આવું ફળ આવે જ.

આ જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો તે અપૂર્વ ભાવ છે, તે દરેક મુમુક્ષુનું જરૂરી કર્તવ્ય છે. જુઓ, અમુક શુભરાગ કરવો તેને કર્તવ્ય ન કહ્યું, પણ જ્ઞાનમાં આત્માનો નિર્ણય કરવો તેને કર્તવ્ય કહ્યું, એટલે જ્ઞાનભાવ જ સાધન છે, વચ્ચેનો રાગ તે કાંઈ સાધન નથી. આ સાધનથી જે પોતાના આત્માનું હિત કરવા માંગે તે કરી શકે છે. પરંતુ જીવે અનાદિથી પોતાની દરકાર કરી નથી. ભાઈ રે! તું પોતે કોણ વસ્તુ છો? તે જાણ્યા વિના તું સુખ ક્યાંથી લાવીશ? ને સમ્યક્–દર્શન કોનું કરીશ? પહેલાં નક્કી કર કે જ્ઞાનસ્વભાવી જ હું છું; દેહ કે રાગસ્વરૂપ હું નથી.–આમ નક્કી કરતાં તારું લક્ષ તારા આત્મામાં વળશે, ને તારા નિધાન તને તારામાં દેખાશે. ભગવાન મહાવીરના સન્દેશરૂપ જે સમ્યગ્દર્શન–તે તને પ્રગટ થશે.

ઈન્દ્રિય અને મન સાથે જોડાયેલો ઉપયોગ આત્માને પ્રસિદ્ધ કરી શકતો નથી, તે તો પરને જ પ્રસિદ્ધ કરે છે. મન અને ઈન્દ્રિયોથી દૂર થયેલો ને અંતરમાં વળેલો ઉપયોગ જ ભગવાન આત્માને પ્રસિદ્ધ કરે છે...તેનું સાચા સ્વરૂપે દર્શન (સમ્યક્–દર્શન) કરી લ્યે છે, એ જ આત્મઅનુભૂતિ છે, એ જ ભગવાન મહાવીરનો સન્દેશ છે, તેના વડે ભવનો અંત આવે છે, ને મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. કોઈપણ શુભરાગ વડે તે થઈ શકતું નથી. સમ્યગ્દર્શન તો પોતાનો સ્વભાવ છે; તેમાં અન્ય કોઈનું અવલંબન નથી.

શુભ-અશુભભાવો તો અજ્ઞાની જીવ પણ અનાદિકાળથી કરતો આવે છે, તે કાંઈ ધર્મનો ઉપાય નથી, કે તેનાથી ભવનો અંત આવતો નથી. પણ તે શુભ-અશુભભાવોથી રહિત જ્ઞાનસ્વભાવી આત્માની

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ઓળખાણ કરવી તે જ ધર્મનો ઉપાય છે, ને તેનાથી જ ભવનો છેડો આવે છે.

✽ સમ્યગ્દર્શન થતાં શું થાય છે?

✽ સમ્યગ્દર્શન થતાં જ આત્માના સ્વરસની અપૂર્વ શાંતિ અનુભવાય છે, કષાય વગરની શાંતિમાં ઉપયોગ ઠરતાં આત્માનો સહજ આનંદ પ્રગટ થાય છે; અનાદિના ભવદુઃખની જે ભયંકર અશાંતિ તે વિરામ પામે છે, ને અપૂર્વ શાંતિમય ચૈતન્યજીવન શરૂ થાય છે. અંતરમાં આત્મા પોતાના સ્વરૂપની કોઈ પરમ તૃપ્તિનું સુખ વેદે છે, મારું સુખ મારા અંતરમાં ભર્યું છે એમ તેને સુખના અનુભવ સહિત પ્રતીત થઈ જાય છે. સમ્યગ્દષ્ટિજીવના પરિણામમાં કોઈ અચિંત્ય અપૂર્વ ગંભીરતા થઈ જાય છે. તે ગંભીરતાનું માપ ઉપલકદષ્ટિએ થઈ શકતું નથી. આવું સમ્યગ્દર્શન તે અભેદપણે આત્મા જ છે.

સમ્યગ્દર્શન અને આત્મા બંને અભેદ છે, આત્મા પોતે સમ્યગ્દર્શન સ્વરૂપ છે. આવા સમ્યગ્દર્શન વડે જ્ઞાનસ્વભાવી આત્માને અનુભવમાં લીધા પછી પણ અશુભ કે શુભ કષાયભાવો આવે ખરા, પરંતુ આત્મશાંતિ તો જ્ઞાનભાવમાં જ છે—એવો નિશ્ચય ચાલુ જ રહે છે. પછી જેમ જેમ જ્ઞાનભાવના વધતી જાય તેમ તેમ શુભાશુભ કષાયભાવો પણ ટળતા જાય છે, ને શાંતિનું વેદન વધતું જાય છે. અંદરમાં શાંતરસની જ મૂર્તિ આત્મા છે તેના લક્ષે જે વેદન થાય તે જ સુખ છે અને એવા સુખનું વેદન સમ્યગ્દર્શનમાં છે. એક અખંડ પ્રતિભાસમય આત્માનો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# દુઃખથી ત્રાસીને શાંતિ માટે ઘા નાખતો જિજ્ઞાસુ વેગપૂર્વક આનંદધામ તરફ દોડે છે.

[સમ્યક્ત્વજીવન–લેખમાળા : લેખાંક–૧૩]

સમ્યક્ત્વને ઝંખતો જીવ પ્રથમ એટલો વિશ્વાસ કરે છે કે જગતમાં સુખનું ધામ કોઈ હોય તો તે મારું ચૈતન્યપદ જ છે. આવા વિશ્વાસના જોરે જેમ-જેમ અંતરમાં તેની લગની વધતી જાય છે તેમ તેમ આનંદનું ધામ તેને પોતાની અંદર નજીક ને નજીક દેખાતું જાય છે...ને અંતે જેમ તરસ્યું હરણું પાણીના સરોવર તરફ દોડે તેમ તેની પરિણતિ વેગપૂર્વક આનંદમય સ્વધામમાં પ્રવેશીને સમ્યક્ત્વ વડે તે આનંદિત થાય છે.....

સમ્યગ્દર્શન થતાં પહેલાં આત્મસન્મુખ જીવની રહેણીકરણી તથા વિચારધારા કેવા પ્રકારની હોય? તથા સમ્યગ્દર્શન થયા પછી તેની રહેણી-કરણી અને વિચારધારા કેવા પ્રકારની હોય? એ જાણવાનું જિજ્ઞાસુને માટે ખૂબ જ ઉપયોગી અને જરૂરી છે. સમ્યગ્દષ્ટિના અંતરમાં વહેતા ભેદજ્ઞાનના ભાવોને બહુ વિરલ જીવો જ ઓળખે છે, પણ જે ઓળખે છે તે ન્યાલ થઈ જાય છે.

જેની અંતરંગ પરિણતિ ચૈતન્યની શાંતિને ઝંખી રહી છે, ચોવીસે કલાક સતત જેને આત્મસ્વરૂપની જ લગન છે, કષાયોની અશાંતિથી જે અત્યંત થાક્યો છે, જેનું વૈરાગી હૃદય ભવ-તન-ભોગોથી પાર એવા કોઈ પરમતત્ત્વને શોધી રહ્યું છે,–તે માટે સર્વ પર ભાવોથી દૂર...અતિદૂર એવી નિજ–ગૂફામાં પ્રવેશવા તત્પર બન્યું છે, સાચી શાંતિનો માર્ગ બતાવનારા દેવ-શાસ્ત્ર-ગુરુ ઉપર જેને પૂર્ણ વિશ્વાસ છે અને તેમની પાસે જઈ, બીજી

બધી અભિલાષા છોડી મહાન નિજવૈભવની પ્રાપ્તિ માટે જેનો પોકાર છે,—આવી અંતરંગ વિચારધારાવાળો જીવ આત્મસન્મુખધારા વડે થોડા જ વખતમાં જરૂર સમ્યગ્દર્શન પામે છે ને મહાન શાંતિ વેદે છે. અહો! સમ્યગ્દર્શન થતાં પહેલાં આવા આત્મસન્મુખ મુમુક્ષુ જીવની પણ રહેણી-કણી તથા વિચારધારામાં કોઈ અલૌકિક પરિવર્તન થઈ જાય છે.

તે જીવ વિચારે છે કે અરેરે! અજ્ઞાનભાવથી દેહને અર્થે તો અનંત જીવન મેં નકામા ગુમાવ્યા ને હું દુઃખી થયો. હવે તો આ ભવદુઃખથી છૂટવા આત્માના નિજકલ્યાણ અર્થે સર્વસ્વ અર્પણ કરીને આ એક જીવન તો એવુ વીતાવું કે અનંતકાળની મારી ભૂખ ભાંગી જાય ને મને અપૂર્વ શાંતિ મળે. આ દુર્લભ મનુષ્યભવ પામીને પણ જો મારું આત્મહિત નહીં કરું તો ક્યાંય દુઃખના આરા નથી, ને સંસારમાં ક્યાંય શાંતિ નથી. માટે આ જીવનની પ્રત્યેક ક્ષણ મારા આત્માના હિત માટે જ હું વીતાવીશ.

—આમ અંદરથી ધા નાખતો જિજ્ઞાસુ અતીન્દ્રિય આનંદનો તીવ્ર ચાહક બન્યો હોય, તેને બીજે ક્યાંય રસ આવે નહિ, ચૈતન્યનો જ પરમ રસ પોષાતો હોય; તેને સંસારનો કલબલાટ છોડી અંતરમાં આત્મપ્રાપ્તિનું એક જ ધ્યેય હોય; આત્માના અનુભવ માટે તેના અંદરમાં ઉથલપાથલ થતી હોય, અનાદિથી જે વિષયકષાયોમાં મગ્ન હતો તે હવે એકદમ રસહીન લાગે, અને અનાદિથી જે આત્મસ્વરૂપ એકદમ અપરિચિત હતું તે હવે પરિચિત લાગવા માંડે, વારંવાર તેના પરિચયનું મન થાય. દુનિયાના કોલાહલથી કંટાળેલું તેનું ચિત્ત આત્મશાંતિને નજીકમાં દેખીને એકદમ ઉલ્લસતું હોય, જેમ માતાને તલસતું બાળક માતાને દેખતાં આનંદથી ઉલ્લસે છે, ને દોડીને તેને ભેટી પડે છે; તેમ આત્મા માટે તલસતું મુમુક્ષુનું ચિત્ત આત્માને દેખીને આનંદથી ઉલ્લસે છે–ને જલદી અંદરમાં જઈને તેને ભેટે છે. જેમ તરસ્યું હરણું પાણીના તળાવ તરફ દોડે તેમ તેની પરિણતિ શાંતિના ધામ તરફ વેગપૂર્વક દોડે છે, તે મુમુક્ષુ બીજા જ્ઞાનીઓની અનુભૂતિની વાત પરમ પ્રીતિથી સાંભળે છે. અહો! આવી અદ્‌ભુત અનુભૂતિ! એમ તેનું ચિત્ત તેમાં જ તત્પર બને છે. બસ હવે અનુભવને

વાર નથી,–કામ ચાલુ થઈ ગયું છે, ઘણા જ ટૂંકા સમયમાં કાર્યસિદ્ધ થશે–સમ્યગ્દર્શન થશે,–આમ પરમ ઉત્સાહથી તે પોતાના કાર્યને સાધે છે.

મારો ચૈતન્યભગવાન આત્મા દેહથી ભિન્ન, રાગથી પાર–એમ જ્યાં આત્માની પ્રભુતા જ્ઞાનીના શ્રીમુખેથી સાંભળે ને અંતરમાં વિચારે ત્યાં તો પોતાની પ્રભુતા એને નજરે તરવરતી હોય! આહા, મારામાં આવી પ્રભુતા!–તો હવે તેમાં જ કેમ ન ઠરું! એકક્ષણ પણ હવે દુ:ખમાં કેમ રહું! એમ તેના અંતરમાં એકદમ ચોટ લાગી જાય. અત્યાર સુધી મારું આવું નિજસ્વરૂપ હોવા છતાં મેં તેને ન પીછાન્યું, પણ હવે તો મારે આત્મકલ્યાણનો ઉત્તમ અવસર આવી ગયો છે.–આ અવસર ચુકવાનો નથી, હવે સદાને માટે આ ભવથી છૂટીને આત્મામાં જ વિસામો લેવો છે, અને તેના શાંત નિર્વિકલ્પરસનું જ પાન કરવું છે. વાહ! જુઓ તો ખરા, મુમુક્ષુની આત્મજિજ્ઞાસા!!

“તે જિજ્ઞાસુ જીવને, થાયે સદ્ગુરુબોધ;
તે પામે સમકિતને વર્તે અંતરશોધ.”

તે સમ્યક્ત્વસન્મુખ જીવ ચૈતન્યમાં ઊતરીને અંતર્શોધ કરે છે કે મારું ચૈતન્ય-જ્ઞાયકતત્ત્વ બધાથી અસંગ કેવળ આનંદમૂર્તિ કેવું છે? રાગાદિ ક્ષણિક ભાવો તો નવા નવા આવે છે અને ચાલ્યા જાય છે, મારો ચૈતન્યભાવ તેનાથી જુદો છે, તે વિભાવરૂપ કદી થયો જ નથી, વિકલ્પોના કોલાહલો શાંત ચૈતન્યમાં પ્રવેશતા નથી, જેમ બરફમાં જ્યાં જુઓ ત્યાં શીતળતા જ ભરી છે તેમ મારા ચૈતન્યમાં પણ જ્યાં જોઉં ત્યાં સુખ–આનંદ–શાંતિની શીતળતા જ વેદાય છે,–આમ તે ચૈતન્યનું સ્વસંવેદન કરીને સમ્યગ્દૃષ્ટિ થાય છે; ચમકદાર હીરો ગમે ત્યાં હો પણ તેની કિંમત તો એકસરખી જ છે, તેમ ચૈતન્યહીરો ગમે તે શરીર વચ્ચે, સંયોગો વચ્ચે કે રાગ વચ્ચે હો–પણ તેના ચૈતન્યભાવની કિંમત એકસરખી જ છે; ચૈતન્યભાવ તો તે બધાથી છૂટેછૂટો ચૈતન્યભાવ જ રહે છે, તે અન્યથા થતો નથી, પરભાવથી લેપાતો નથી.

સમ્યગ્દર્શન પહેલાંની આત્મિક વિચારધારા અતિ ઉગ્ર હોય છે; જેમ રજપૂત કેસરિયા કરે તેમ આત્મા માટે તેણે કેસરિયા કર્યા છે,–કેસરિયા કરીને તે આત્મામાં ઝંપલાવે છે ને મોહને તોડીને સમ્યગ્દર્શન પામી વિજેતા 'જિન' બની જાય છે. ભલે નાનો–પણ તે 'જિન' છે. આવી સમ્યક્ત્વરૂપ જિનદશાને ઝંખતા મુમુક્ષુને સર્વથી અલિપ્ત રહેવાની વૃત્તિ હોય; જ્યાં ચૈતન્યભાવનાની પુષ્ટિ થાય એવો સંગ જ તેને હિતકર લાગે...મારે મારા શુદ્ધાત્માના દર્શન કરવા છે–તે એક જ લગની હોય; ગુરુને પણ વારંવાર આ જ પ્રશ્ન પૂછે ને આ જ વાત સાંભળે કે મને આત્મપ્રાપ્તિ કેમ થાય! 'બા' થી વિખૂટા પડેલા બાળકની જેમ 'મારી બા....મારી બા' તે એક જ રટણ હોય, એ સિવાય બીજે ક્યાંય તેને ચેન ન પડે; તેની નજર તેની બાને જ શોધતી હોય... અને તે મળતાં જ એકદમ વહાલથી તેને ભેટી પડે!—તેમ આત્માની સ્વાનુભૂતિરૂપી માતા, તેનાથી વિખૂટા પડેલા મુમુક્ષુને 'મારો આત્મા, મારો આત્મા'—એમ તેની એકની જ લગની હોય, તેને શોધવામાં જ તે સર્વપ્રયત્ન લગાવે, એના સિવાય બીજા શેમાંય એને ચેન ન પડે; સ્વાધ્યાય–વિચાર, શ્રવણ-પૂજા-ગુરુસેવા વગેરે સર્વ કાર્યની વચ્ચે તેની નજર પોતાના સ્વરૂપને જ શોધતી હોય, અને જ્યાં તે લક્ષગત થાય ત્યાં ઝડપથી ઉપયોગને તેમાં વાળી પરમ વહાલથી તેને ભેટીને તે–રૂપ થઈ જાય. બસ! આવી અનુભૂતિ તે જ સમ્યગ્દર્શન! તે જ મુમુક્ષુનું સાચું જીવન!!

અંતરમાં આવા અલૌકિક આત્મજીવનની સાથે તેનું લૌકિક જીવન પણ ખૂબ ઊંચું હોય છે. જેવી શાંતિ હું પામ્યો તેવી શાંતિ સર્વ જીવો પામે; મારા નિમિત્તે જગતમાં કોઈને દુ:ખ ન હો, ને મને ક્યાંય રાગ-દ્વેષ ન હો; અરે, જેનાથી મારે અત્યંત ભિન્નતા, જેની સાથે મારે કાંઈ સંબંધ નહીં—એવા આ બધા પરદ્રવ્યો તેમાં ગમો–અણગમો શું? વ્યર્થ રાગ-દ્વેષ કરીને હું શા માટે દુ:ખી થાઉં!–એમ ભેદજ્ઞાનના બળે તેને વીતરાગતાની ભાવના હોય છે, દેવ-શાસ્ત્ર-ગુરુ-સાધર્મીજનો તે બધા પ્રત્યે તેને પ્રમોદભાવ આવે છે. અહો! ભયંકર ભવદુ:ખોથી છોડાવીને જેમણે જીવનનું સર્વસ્વ આપ્યું, અપૂર્વ સમ્યક્ત્વ આપ્યું, તેમના ઉપકારની શી વાત! એમ દેવ-

ગુરુનો પરમ ઉપકાર માનતો, અને સર્વે જીવોનું હિત ઈચ્છતો તે મુમુક્ષુ પૂર્ણ શુદ્ધાત્મપ્રાપ્તિના ધ્યેય તરફ આગળ ને આગળ વધતો જાય છે, સ્વધ્યેયને ક્યારેય ચુકતો નથી.

અહો! સમ્યક્ત્વ-જીવનના અપાર મહિમાનું શું કહેવું! શાસ્ત્રોએ ઠેર-ઠેર એનાં ગાણાં ગાયા છે; પણ જડ-શબ્દો એ સ્વસંવેદ્ય વસ્તુનું કેટલુંક વર્ણન કરી શકે? જેણે કોઈ ધન્ય પળે ચૈતન્યહીરાને પારખી લીધો ને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તે જ્ઞાની ધર્માત્માની દશા આશ્ચર્યકારી છે! જગતમાં સર્વશ્રેષ્ઠ એવા સમ્યક્ત્વરત્નને પ્રાપ્ત કરનાર તે જ્ઞાનીને આત્મપ્રાપ્તિનો અપૂર્વ આનંદ હોવા છતાં તેટલાથી જ તે પૂરો સંતુષ્ટ થઈ જતો નથી, પણ પૂર્ણતાની ભાવનાપૂર્વક તેને માટે પ્રયત્નશીલ રહે છે. અહો! મારા ત્રિકાળી સ્વભાવમાં કેવળજ્ઞાન અને સિદ્ધપદના પૂર્ણાનંદથી ભરેલી અનંતી પર્યાયરૂપે થવાની તાકાત છે–તેને મેં જાણી છે,–તો હું આ અલ્પ પર્યાયમાં કેમ સંતોષ પામું! ક્યાં સર્વજ્ઞ ભગવંતો! ક્યાં મહા ઋદ્ધિધારી મુનિ ભગવંતો! હું તો તેમનો દાસાનુદાસ છું...મને એવી ધન્યદશા ક્યારે થાય તેની ભાવના ભાવું છું....આમ ધર્મીજીવને સમ્યક્ત્વ પછી ધર્મવૃદ્ધિની ઉત્તમ વિચારધારા હોય છે.

જીવ ચારે ગતિમાં સમ્યગ્દર્શન પામી શકે છે. ચારમાંથી કોઈ પણ ગતિમાં સમ્યગ્દૃષ્ટિ હો, તે બધા સમ્યગ્દૃષ્ટિની આત્મપ્રતીતિ તો સમાન જ છે. સમ્યક્ત્વનો અતીન્દ્રિય આનંદ પણ સરખો છે, તત્ત્વનિર્ણય પણ સરખો જ છે...સંયોગો ચાહે ગમે તે હો. બધા સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે—‘શુદ્ધોહં, ચિદ્રૂપોહં, નિર્વિકલ્પોહં.’–હું શુદ્ધ ચૈતન્યરૂપ છું, બહારની કોઈ પણ વસ્તુ મને સ્પર્શતી નથી; પર્યાય પહેલાં રાગાદિને સ્પર્શતી, તે હવે જુદી પડીને, જ્ઞાનરૂપ થઈને જ્ઞાનસ્વભાવી આત્માને સ્પર્શી; એટલે પરભાવોથી અલિપ્ત બની ગઈ જેમ પાણીની વચ્ચે પણ કમળપત્ર પાણીથી અલિપ્ત છે, તેમ રાગાદિની વચ્ચે તથા બાહ્ય સંયોગોની વચ્ચે પણ સમ્યગ્દૃષ્ટિનો ચૈતન્યભાવ તે બધાયથી અલિપ્ત છે, એટલે એને જ સાચો વૈરાગ્ય છે, ભલે ઉત્કૃષ્ટ શુભરાગ હોય તોપણ તેમાં તેની ચેતના તન્મય થતી નથી, જુદી જ રહે

છે, ચૈતન્યની શાંતિ પાસે તેને બધાય રાગાદિ કષાયભાવોનું વેદન આગસમાન લાગે છે, એટલે તેનાથી ભિન્ન એવા ચૈતન્યના સમરસને જ નિજરસપણે વેદે છે [राग आग दहे सदा....तातैं शमामृत सेइये ।]

અહા, એવા સાધકજીવોની શાંતિ દેખીને બીજા જીવોને પણ આત્મસાધનાની પ્રેરણા મળે છે. મહાભાગ્યથી આપણને અત્યારે પણ આવા શાંતરસમય સમ્યગ્દષ્ટિ જીવો સોનગઢમાં સાક્ષાત્ જોવા મળે છે,–તેમને વંદન હો!

હે જીવ! ધન-સમાજ, હાથી-ઘોડા કે રાજપાટ એ કાંઈ તને કામ આવનારાં નથી; તારું સાચું રૂપ તો જ્ઞાન છે; તે સમ્યગ્જ્ઞાન જ તને સુખદાતા છે. માટે કરોડો ઉપાય વડે પણ સ્વ-પરનો વિવેક કરીને તારા અંતરમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ કર.

# આત્મસન્મુખ જીવ

[સમ્યક્ત્વજીવન લેખમાળા : ક્રમાંક ૧૪]

દુઃખથી થાકેલો ને અંદરથી ધા નાંખતો જિજ્ઞાસુ જીવ અતીન્દ્રિય આનંદનો તીવ્ર ચાહક બન્યો છે. તેને સંસારનો કલબલાટ છોડી અંતરમાં આત્મપ્રાપ્તિનું એક જ ધ્યેય છે. દુનિયાના કોલાહલથી કંટાળેલું તેનું ચિત્ત આત્મશાંતિને નજીકમાં દેખીને તે તરફ એકદમ ઉલ્લસે છે. જેમ માતાને તલસતું બાળક માતાને દેખતાં આનંદથી ઉલ્લસે છે ને દોડીને તેને ભેટી પડે છે, તેમ આત્મા માટે તલસતું મુમુક્ષુનું ચિત્ત આત્માને દેખીને આનંદથી ઉલ્લસે છે ને જલ્દી અંદરમાં જઈને તેને ભેટે છે. તે મુમુક્ષુ બીજા જ્ઞાનીઓની અનુભૂતિની વાત પરમ પ્રીતિથી સાંભળે છે : અહો, આવી અદ્ભુત અનુભૂતિ!–આમ પરમ ઉત્સાહથી તે પોતાના સ્વકાર્યને સાધે છે.

અનાદિથી ચારગતિમાં રખડતો જીવ મોહથી–કષાયથી દુઃખી થઈ રહ્યો છે; દુઃખમાં રખડતાં–રખડતાં તેને થાક લાગ્યો અને તેને વિસામાની–શાંતિની ઝંખના જાગી; તે સુખ-શાંતિની શોધમાં ઉપડ્યો, ત્યાં મહાન પુણ્યયોગે તેને સાચા દેવ-ગુરુનો ભેટો થયો, ગુરુના ચરણમાં સર્વસ્વ અર્પણ કર્યું, એમની આજ્ઞા શિરોમાન્ય કરી; અને આત્માના હિતની જિજ્ઞાસાથી ગુરુને વિનયપૂર્નક પૂછ્યું–“હે પ્રભો! મારા આત્માને શાંતિ કેમ થાય? પુણ્ય-પાપ કરી કરીને ચારેગતિમાં રખડી-રખડીને થાક્યો પણ મને ક્યાંય જરાય શાંતિ ન મળી; તો તે શાંતિ ક્યાં છુપાયેલી છે?–એ મને બતાવો; કેમ કે આપનો આત્મા શાંતિને પામેલો છે તેથી આપ જ મને તેનો સાચો

રસ્તો બતાવશો.'' આ પ્રમાણે ગુરુ ઉપર વિશ્વાસપૂર્વક શિષ્યે પૂછ્યું. ત્યારે શ્રીગુરુ તે ખરા જિજ્ઞાસુને કંઈ પણ વાત ગોપવ્યા વિના એવું તત્ત્વ સમજાવે છે કે–જે સમજવાથી જીવને અપૂર્વ શાંતિ મળે.

શિષ્ય તે સાંભળીને ન્યાય અને યુક્તિથી આત્માનું સ્વરૂપ વિચારે છે ને ગુરુએ બતાવ્યા પ્રમાણે અંદરના વેદનમાં શાંતિ શોધે છે. તેને ગૃહીતમિથ્યાત્વ છૂટી ગયું છે, એટલે કે વિપરીત માર્ગે હવે તે જતો નથી; જિનમાર્ગઅનુસાર નવ તત્ત્વનું શ્રદ્ધાન કરે છે. જડ અને ચેતનનું ભેદજ્ઞાન કરે છે, ચૈતન્યભાવ અને રાગભાવની ભિન્નતાનો ઊંડો વિચાર કરે છે; દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરહિત એવા શુદ્ધચૈતન્યસ્વરૂપે આત્માને લક્ષમાં લ્યે છે; તેમાં તેને શાંતિ દેખાતી જાય છે એટલે તેને આત્માની જ ધૂન લાગી છે; ને બીજે બધેથી ઉદાસીનતા વધતી જાય છે; વારંવાર આત્માનું સ્મરણ ચિંતન કરીને પરિણામને શાંત કરતો જાય છે, દેવ-ગુરુને દેખતાં તેમની અતીન્દ્રિય શાંતિને લક્ષગત કરતો જાય છે; શાસ્ત્રમાંથી પણ શાંતરસને જ ઘૂંટતો જાય છે; આ રીતે તેને દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો ઉત્સાહ પણ વધતો જાય છે ને તેમનામાં વધુ ને વધુ ઊંડપ દેખાતી જાય છે, આત્મરસ એવો મીઠો લાગે છે કે સંસારનું મહાન પ્રલોભન પણ તેને આત્મરસથી છોડાવી શકતું નથી. ગમે તેવા પ્રતિકૂળ સંયોગ આવી પડે તોપણ કષાયનો રસ વધવા દીધા વગર તે સમાધાન કરી લ્યે છે; સંસારનાં મિથ્યા સુખો પાછળ હવે તે ગાંડો થતો નથી, અંદરથી તેનો રસ છૂટી ગયો છે; એટલે તેને માટે તીવ્ર આરંભ–સમારંભ કે અનીતિ-અન્યાય પણ તે કરતો નથી. નિવૃત્તિપૂર્વક તીર્થસ્થાનોમાં કે સત્સંગમાં રહીને આત્મસાધન કરવાનું તેને ગમે છે, ઉપયોગને નિર્વિકલ્પ કરવા ને આત્માને અનુભવવા તે વધુ ને વધુ આત્મા તરફ વળે છે, વિચારધારાને વધુને વધુ સૂક્ષ્મ કરીને આત્માને પરભાવોથી જુદો પાડે છે, અનેક પ્રકારે આત્માની સુંદરતા ને ગંભીરતા લક્ષમાં લ્યે છે. અહો,મારું આત્મતત્ત્વ કોઈ અગાધગંભીર અદ્ભુત ભાવોથી ભરેલું છે. તેનો અનુભવ કરવામાં વચ્ચે ક્યા પરિણામો નડે છે?–તે સંબંધી દંભ કર્યા વગર પોતાના પરિણામ કેવા છે તે જાણે છે; ને વિઘ્ન કરનારા પરિણામોને તોડીને સ્વરૂપમાં પહોંચી જાય છે. નવે તત્ત્વનું સ્વરૂપ સમજીને

તેમાંથી સારભૂત તત્ત્વને ગ્રહણ કરે છે, એ રીતે સ્વભાવને ગ્રહતો, ને પરભાવોને પૃથક્ કરતો-કરતો તે જીવ, અંતે સર્વ પરભાવોથી ભિન્ન ને નિજ સ્વભાવોથી પરિપૂર્ણ એવા આત્મતત્ત્વને શોધીને તેનું સમ્યક્ દર્શન કરી લ્યે છે; તેના મોક્ષના દરવાજા ખુલી જાય છે.

## ❀ સમ્યગ્દર્શન થયા પછી– ❀

અહો, આ આત્મપુરુષાર્થી જીવ પોતાના સ્વકાર્યને સાધવામાં સફળ થયો છે, તેનું જ્ઞાન વિકલ્પથી છૂટું પડી ગયું, આત્માનું સાક્ષાત્ દર્શન તેને થયું...પોતાના સત્ય સ્વરૂપનું જ્ઞાન થયું...પરિણામમાં કષાય વગરની અપૂર્વ શાંતિ થઈ, પ્રથમ અપૂર્વ ક્ષણના તે નિર્વિકલ્પ અનુભવકાળે 'મને સમ્યક્ત્વ પ્રગટ્યું છે અને મારો આત્મા શાંતિ વેદે છે'–એવો ભેદ પણ રહ્યો ન હતો; આત્મા સ્વયં અનંતગુણની અનુભૂતિસ્વરૂપ જ હતો. કદી ન અનુભવાયેલી શાંતિ ત્યાં વેદાતી હતી. પછી ઉપયોગ અનુભૂતિમાંથી બહાર આવતાં છતાં તે ઉપયોગ રાગાદિના પરિચયથી દૂર રહે છે, રાગની ભાઈબંધી તેણે સર્વથા છોડી દીધી છે એટલે રાગના કાળે પણ પોતે તો તેનાથી જુદો જ રહે છે.—આવા છૂટા (રાગ વગરના) ઉપયોગપણે ધર્મી સદા પોતાને અનુભવે છે–શ્રદ્ધે છે–જાણે છે, એટલે રાગના કાળેય તેના સમ્યક્ત્વાદિભાવો જીવંત રહે છે, બગડતા નથી. દેહથી જગતથી ને રાગથી,—બધાથી છૂટું ઉપયોગ-પરિણમન આત્માને મુક્તપણે અનુભવે છે. અહા, એ દશા કોઈ અનેરી અદ્‌ભુત છે.

આવી સ્વાનુભવદશા થતાં પોતાને પાકી ખાત્રી થઈ ચુકી કે હવે હું મોક્ષના માર્ગમાં છું, હવે સંસારના માર્ગે નથી; હવે મારા ભવનો છેડો આવી ગયો; સિદ્ધભગવાનની નાતમાં હું ભળી ગયો. ભલે નાનો છું,–મારો સાધકભાવ નાનો છે–પણ છું તો સિદ્ધભગવાનની જ જાતનો! અનુભવમાંથી બહાર આવ્યા પછી જે વિકલ્પ ઊઠે તેનાથી જ્ઞાનને જુદું જ જાણે છે, એટલે જ્ઞાન પોતે તો નિર્વિકલ્પ જ રહે છે; તે જ્ઞાન અને વિકલ્પની એકતા કરતો નથી, આવો તેનો અકર્તાભાવ છે. જ્ઞાનભાવને જ કરતો થકો તે સદા તૃપ્ત અને પ્રસન્ન-પ્રશાંત રહે છે. જ્ઞાનના પ્રતાપે તેનું

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ચિત્ત એકદમ શાંત થઈને, કષાયવગરનું શીતળ ચંદનસમાન શોભી રહ્યું છે ને જિનદેવના મોક્ષમાર્ગમાં તે આનંદસહિત કેલિ કરે છે–તે સમ્યગ્દૃષ્ટિ વંદનીય છે.

ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ શીતલ ચિત્ત ભયો જિમ ચંદન;
કેલિ કરે શિવમારગમેં જગમાંહિ જિનેશ્વરકે લઘુનન્દન;
સત્યસ્વરૂપ સદા જિનકે પ્રગટ્યો અવદાત મિથ્યાત–નિકંદન;
શાંતદશા તિનકી પહચાનિ કરે કરજોડ બનારસી વન્દન.

પોતાના અચિંત્ય આત્મવૈભવને પોતામાં દેખીને ધર્મી પરમ તૃપ્તિ અનુભવે છે. અહા, આત્માનો પૂર્ણ વૈભવ હાથમાં આવ્યો (અનુભવમાં આવ્યો) તેના આનંદ પાસે જગતના બીજા બધા વૈભવો સાવ તુચ્છ લાગે છે. તે સમ્યગ્દૃષ્ટિ–ધર્માત્મા ભવે ગૃહસ્થપણે હોય, પરિવારસહિત હોય અને વેપાર–રોજગાર પણ કરતો હોય, છતાં તેની ચેતના તે બધાથી જળકમળવત્ અલિપ્ત રહે છે, એટલે તે લેપાતા નથી પણ છૂટતા જ જાય છે.–એ બધો સમ્યક્ત્વનો પ્રતાપ છે–એમ જાણીને હે ભવ્ય જીવો! તમે પરમ આદરથી સમ્યક્ત્વની આરાધના કરો.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સમ્યક્ત્વની અપૂર્વ ક્ષણ

[સમ્યક્ત્વ–લેખમાળા : લેખાંક ૧૫]

—અને પછી તો એક એવી ક્ષણ આવે છે કે આત્મા કષાયોથી છૂટીને ચૈતન્યના પરમ ગંભીર શાંતરસમાં ઠરી જાય છે...પોતાનું અત્યંત સુંદર મહાન અસ્તિત્વ આખેઆખું સ્વસંવેદનપૂર્વક પ્રતીતમાં આવી જાય છે.—એ જ છે સમ્યગ્દર્શન! એ જ છે મંગલ ચૈતન્યપ્રભાત! અને એ જ છે મહાવીરનો માર્ગ!

અહા, એ અપૂર્વદશાની શી વાત! વહાલા સાધર્મીઓ! આનંદથી પ્રભુના આ માર્ગમાં આવો.

अज्ञानतिमिरांधानां ज्ञानांजनशलाकया।
चक्षुरुन्मिलितं येन तस्मैं श्रीगुरुवे नमः॥

આ જીવ સંસારમાં અનાદિથી રખડ્યો છે–તે માત્ર એક આત્માના ભાન વિના. જીવે અનંતવાર પુણ્ય-પાપના પરિણામ કર્યા છે, તેમાં કંઈ આશ્ચર્ય કે નવાઈ પામવા જેવું લાગતું નથી. અને તે પુણ્ય-પાપની વાત પણ વારંવાર સાંભળવા મળે છે, એટલે તેની કંઈ જ મહત્તા નથી, તેમાં કંઈ હિત નથી.

હવે કોઈ મહાન પુણ્યોદયે જીવને પોતાના શુદ્ધસ્વરૂપની એટલે કે પુણ્ય-પાપથી પાર ચૈતન્ય-સ્વરૂપ આત્માની વાત સાંભળવા મળી.

જ્ઞાની–ગુરુ પાસેથી આત્માનું સ્વરૂપ સાંભળતાં અપૂર્વ ભાવ જાગ્યો કે–અહો! આવું મારું સ્વરૂપ છે! આવો મહાન સુખ-શાંતિ-આનંદ-પ્રભુતા તથા ચૈતન્યખજાનો મારા પોતામાં જ ભર્યો છે–એમ જાણીને તેને બહુ આશ્ચર્ય થાય છે, આત્માનો અપૂર્વ પ્રેમ જાગે છે, ને

આવું મજાનું અદ્ભુત સ્વરૂપ બતાવનારા દેવ-ગુરુનો તે અપાર ઉપકાર માને છે. તેને આત્માની ધૂન લાગે છે કે–બસ, મારું આવું આત્મસ્વરૂપ છે તેને હવે કોઈ પણ પ્રકારે હું જાણું ને અનુભવમાં લઉં. એ સિવાય મને બીજે ક્યાંય શાંતિ થવાની નથી. અત્યાર સુધી હું પોતે પોતાને ભૂલીને હેરાન થઈ ગયો, પણ હવે ભવકટ્ટી કરીને મોક્ષને સાધવાનો અવસર આવ્યો છે.

—આમ આત્માની ખરી જિજ્ઞાસાપૂર્વક તે જીવ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે. હું કોણ? પર કોણ? હિત શું? અહિત શું? એમ તે ભેદ કરતાં શીખે છે; આત્માને દેહાદિથી ભિન્ન લક્ષમાં લઈને પોતાના પરિણામને વારંવાર આત્મસન્મુખ વાળવા પ્રયત્ન કરે છે. આમ સમ્યગ્દર્શન પામવા માટે તે મુમુક્ષુની રહેણી-કરણી તથા વિચારધારા સતત એક આત્મવસ્તુ તરફ જ કેન્દ્રિત થવા માંડે છે; એટલે તેની રહેણી-કરણી બીજા જીવો કરતાં જુદી જાતની હોય છે. તેને આત્મા સિવાય બીજે બધેય નીરસતા લાગે છે; તેને તો બસ એક આત્મસન્મુખ જ થવાનું ગમે છે, તેના પરિણામમાં એક પ્રકારનો ફેરફાર થઈ જાય છે; તે ભગવાનના દર્શન-પૂજન, સ્વાધ્યાય-ચિંતન, મુનિસેવા-દાન વગેરે કાર્યોમાં પ્રવર્તે છે, પણ તેમાંય આત્મા કેમ સમજાય–તે ધ્યેય મુખ્ય રાખે છે, એટલે સતત આત્મજાગૃતિ વડે તે તરફ આગળ વધે છે. કોઈ કોઈ વાર આત્મામાં નવીન ભાવોની સ્ફૂરણા થતાં તેને અંતરનો ઉમળકો ઊછળી જાય છે, તેમાંથી ચૈતન્ય-ચિનગારી ઝબકી ઊઠે છે.

અનાદિથી નહિ જાણેલા આત્માને જાણતાં તેને પરમ ઉલ્લાસ અને અપૂર્વ તૃપ્તિ થાય છે કે અહો! મારું આવું અદ્ભુત નિજપદ મને પ્રાપ્ત થયું.

આત્માનો સાચો જિજ્ઞાસુ થઈને તેને માટે જે ઉદ્યમ કરે છે તેનો ઉદ્યમ જરૂર સફળ થાય છે, ને તેને આત્માની પ્રાપ્તિ થાય છે, મહાન સુખ થાય છે. માટે–જેમ ધનનો અભિલાષી રાજાને ઓળખીને શ્રદ્ધાપૂર્વક તેની સેવા કરે છે તેમ મુમુક્ષુએ જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખીને

શ્રદ્ધાપૂર્વક સર્વ ઉદ્યમથી તેનું સેવન કરવું.–એના વડે આત્મા જરૂર સધાય છે.

સૌથી પહેલાં તો તે પદ પ્રાપ્ત કરવા માટે તેનો અપાર મહિમા ભાસે છે; પૂર્વે નહિ થયેલો એવો અપૂર્વ આનંદ અનુભવવા માટેની તેને ખુમારી જાગે છે. જ્ઞાનીની અદ્ભુત આત્મખુમારી જ્ઞાની જ જાણે છે, જેને એનો સ્વાનુભવ થાય તેને જ તેની ખબર પડે. બાકી તો વાણીથી, બાહ્યચિહ્નોથી કે રાગથી તેની ઓળખાણ થતી નથી. જ્ઞાનીની સ્વાનુભૂતિના પંથ જગતથી ન્યારા છે, એની ગંભીરતા તો એના અંતરમાં જ સમાય છે. તે એકલો-એકલો અંતરમાં આનંદ કરતો-કરતો મોક્ષપંથે જઈ રહ્યો છે; તેને જગતની દરકાર રહેતી નથી, ધર્મના પ્રસંગે કે ધર્માત્માના સંગે તેને અનેરો ઉલ્લાસ આવે છે.

જિનમાર્ગના પ્રતાપે મને મારું સ્વરૂપ પ્રાપ્ત થયું, આત્મામાં અપૂર્વભાવો જાગ્યા, હવે આ સ્વરૂપને પૂર્ણ પ્રગટ કરીને અલ્પકાળમાં જ હું પરમાત્મા થઈશ, ને આ સંસારચક્રથી છૂટીને મોક્ષપુરીમાં જઈશ અને સદાને માટે સિદ્ધાલયમાં અનંત સિદ્ધોની સાથે બિરાજીશ! વાહ...ધન્ય એ દશા! તેનો મંગલપ્રારંભ થઈ ચુક્યો છે!

જ્ઞાનીની સેવા રાગ વડે થતી નથી.
જ્ઞાનીની સેવા જ્ઞાનભાવ વડે જ થાય છે.
રાગથી ભિન્ન જ્ઞાનભાવરૂપે પરિણમવું
—તે જ જ્ઞાનીની સેવા.

# અફર મુમુક્ષુ દશા

## –તે પ્રગટ કરો ને મહાવીરના માર્ગમાં આવી જાઓ

[સમ્યક્ત્વ–જીવન લેખમાળા : લેખાંક–૧૬]

અહા, મુમુક્ષુની વિચારધારા એવા કોઈ અપૂર્વ ભાવે ઊપડી છે કે તેમાં રાગનો રસ તૂટતો જાય છે. પૂર્વે ૧૧ અંગ ભણ્યો ને તે નિષ્ફળ ગયું તેના કરતાં આનું જ્ઞાન કોઈક જુદી જાતનું કામ કરે છે, ને આ જ્ઞાનના સંસ્કાર નિષ્ફળ જવાના નથી; તે તો રાગથી જુદું પડીને ચૈતન્યનું સ્વસંવેદન કરશે જ;–અને તે પણ અલ્પકાળમાં જ! વાહ, આ મુમુક્ષુદશા પણ ધન્ય છે! તે એવી અફર છે કે આગળ વધીને સમ્યક્ત્વ લેશે જ. સાધર્મીઓ! વીરનિર્વાણના આ ૨૫૦૦ વર્ષીય મહાન ઉત્સવમાં આવી મંગલમય જ્ઞાનદશા શીઘ્ર પ્રગટ કરો ને મહાવીરપ્રભુના માર્ગમાં આવી જાઓ. *(બ્ર. હ. જૈન)*

સમ્યક્ત્વસન્મુખ જીવની ભાવના એવી ઉત્કૃષ્ટ હોય છે કે મારે જ્ઞાની ગુરુ પાસે જવું છે, મારે એવા સંતોના ધામમાં રહેવું છે કે જ્યાં મને મારા આત્માનું જ્ઞાન થાય, ને હું ભવદુઃખથી છૂટું.–આમ પોતાના હિત માટે આત્મા વિષે નવું નવું જાણવાની ઉત્કંઠા રહે છે. અને ગુરુનો ઉપદેશ ઝીલતાં તેને અંતર્વિચારનાં દ્વાર ખુલી જાય છે. તેને ખ્યાલ આવે છે કે આત્મઅનુભૂતિ માટે મારે હવે મારા અંતરમાં શું કરવાનું છે! આવું લક્ષ થયા પછી તો અનુભૂતિ માટે તે એવો ઝંખતો હોય છે કે જેવો ખેડૂત વરસાદને માટે ઝંખે, ને બાળક પોતાની વહાલી માને ઝંખે. આવી ઝંખનાને લીધે તેના વિચાર-વિવેક વધતા જાય, આત્માનો રસ વધતો જાય, ને આત્મામાં ઊંડો...ઊંડો ઊતરતો જાય. બસ, હવે હમણાં આત્માનું સમ્યક્દર્શન પામું–એ જ કામ મારે કરવાનું છે. આવી તેની વિચારધારા હોય છે.

–તેને ભેદજ્ઞાનના વિચારના બળથી અંતરમાં શાંતિ આવતી જાય છે,–કે જે શાંતિ રાગમાંથી આવેલી નથી, અંતરના કોઈક ઊંડાણમાંથી આવેલી છે.–આમ પોતાના વેદનથી તેને અંતરનો માર્ગ ઊઘડતો જાય છે; તે માર્ગ જેમ જેમ વધુ ને વધુ સ્પષ્ટ થતો જાય છે તેમ તેમ તેનો ઉત્સાહ પણ વધતો જાય છે.–હવે તેને માર્ગમાં સંદેહ નથી પડતો, કે પંથ અજાણ્યો નથી લાગતો.

અને પછી તો એક એવી ક્ષણ આવે છે કે આત્મા કષાયોથી છૂટીને ચૈતન્યના પરમ ગંભીર શાંતરસમાં ઠરી જાય છે...પોતાનું અત્યંત સુંદર મહાન અસ્તિત્વ આખેઆખું સ્વસંવેદનપૂર્વક પ્રતીતમાં આવી જાય છે.–એ જ છે સમ્યગ્દર્શન! એ જ છે સાધ્યની સિદ્ધિ! એ જ છે મંગલ ચૈતન્યપ્રભાત! અને એ જ છે મહાવીરનો માર્ગ!

✯ ✯ ✯

અહો, એ અપૂર્વ દશાની શાંતિની શી વાત! વહાલા સાધર્મી ભાઈ-બહેનો! વિચારો તો ખરા, કે જૈનશાસનના સર્વે સંતોએ જેની ખૂબખૂબ પ્રશંસા કરી છે–તે અનુભૂતિ કેવી હશે! એ વસ્તુનો મહિમા લક્ષમાં લઈને તેનો નિર્ણય કરો. એના નિર્ણયથી તમને અપાર આત્મબળ મળશે ને શીઘ્ર તમારું કાર્ય સિદ્ધ થશે. બસ બંધુઓ!—

☞ શીઘ્ર આત્મનિર્ણય કરો......
☞ આનંદમય અનુભૂતિ કરો......
☞ અપૂર્વ શાંતિનું વેદન કરો.......
☞ ને મોક્ષના માર્ગમાં આવી જાઓ.

—આ ભગવાન મહાવીરનો સન્દેશ છે;

ને આ જ તેમના નિર્વાણમહોત્સવની સાચી અંજલિ છે.

**જય મહાવીર**

[સ્વાનુભવરસઝરતી સમ્યક્ત્વ લેખમાળા સમાપ્ત થઈ.]

[વીર સં. ૨૫૦૧ પોષ સુદ ૧૫]

# આનંદમય સ્વાનુભૂતિ–પ્રકાશ

અચિંત્ય આતમ દેખ્યો સમ્યક્ ભાવથી...
અતિશય આનંદ ઉલ્લસી શાંતરસ ધાર જો,
જીવન ધન્ય બન્યું છે આતમ સાધતાં,
ઝડપે ચાલ્યા મોક્ષસન્મુખી વહેણ જો...

શાંત...શાંત રસ ઉલ્લસ્યો ગુણના ધામમાં...
અનંતગુણના રસમાં ડૂબ્યા રામ જો;
દરિયો કેવો ઊંડો ચૈતન્યરસનો,
સ્વયંભૂથી પણ નહીં માપ મપાય જો....

અરિહંતો આવ્યા છે અહો! મુજ અંતરે...
સિદ્ધ પ્રભુ પણ બિરાજે સાક્ષાત્ જો...
સાક્ષી સર્વે સાધક–સંતો આપતા,
એવી અનુભૂતિ 'છે' ઇન્દ્રિયતીત જો...

ચેતનપ્રભુ પકડાયે ચેતન ભાવથી,
કદી ન થાયે ચેતન રાગ આધીન જો;
બંનેની જ્યાં જાત જ ભિન્નભિન્ન વર્તતી,
ઊંડા ઊતર્યે એ તો ભિન્ન જણાય જો...

મુમુક્ષુતા જ્યાં જાગી સાચી આત્મની,
પરમ ઘોલન જ્ઞાન જ રસ ઘૂંટાય જો...
જ્ઞાન...જ્ઞાન બસ! જ્ઞાન...જ્ઞાન હું એક છું,
અનંતભાવો જ્ઞાનમહીં ઘોળાય જો...

જ્ઞાન સ્વાદને ફરી ફરીને ઘૂંટતાં,
રાગતણા સૌ રસડા છૂટી જાય જો...
જ્ઞાન મગ્ન થતાં જે શાંતિ જાગતી,
વિકલ્પો ત્યાં સર્વે ભાગી જાય જો...

અદ્‌ભુત અદ્‌ભુત અદ્‌ભુત વૈભવજ્ઞાનમાં,
અનંત ખોલ્યા સ્વાનુભૂતિના દ્વાર જો;
ચેતન જાતિ સાચી આત્મની જાત છે,
કેવળીમાં ને મુજમાં કો નહિ ફેર જો...

અદ્‌ભુત કેવો ચૈતન્યરસ આ આત્મનો!
સર્વે ક્લેશો એનાથી અતિ દૂર જો...
ભવભ્રમણ છૂટ્યા ને ડંકા વાગીયા,
મોક્ષપુરીના સુખડા દીસે નજીક જો...

ઊથલ પાથલ આત્મ–અસંખ્ય દેશમાં,
આનંદનો જાણે મોટો ધરતીકંપ જો...
ચૈતન્ય-પાતાળ ઊંડેથી ઊલ્લસી રહ્યું,
મોહ પર્વતના ફૂરચા ઊડ્યા દૂર જો...

ચેતનવંતા જીવો સાધક દેખીને,
જાગી, જાગી, ચેતનાદેવી અપૂર્વ જો...
ચેતનાએ તો છોડ્યા બાહિરભાવને,
લીધો–લીધો એક જ શાંતરસ-પિંડ જો...

('સ્વાનુભૂતિ-પ્રકાશ'કાવ્યના ૪૭ પદોમાંથી)